Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ આફ્રિકામાં

કાકા કાલેલકર

૪૪ ગ
૬

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

maj Foundation Ch

ગુરુકુલ કાંગડી — હરદ્વાર

in. Gurukul Kangr

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આફ્રિકાનો પ્રવાસ આદરવા પાછળ મારો હેતુ શો હતો ? એ સવાલ મને અનેક લોકોએ પૂછેલો છે. યાત્રાએ નીકળતા પહેલાં, યાત્રા દરમિયાન, અને યાત્રાને અંતે પણ, આ સવાલનો જવાબ મારે આપવો જ પડ્યો છે.

કથનની સત્યતા જાળવવા માટે મેં હંમેશાં કહ્યું છે કે મારો પ્રથમ ઉદ્દેશ — પછી ભલે એ મુખ્ય ન હોય — કેવળ દેશદર્શનનો જ છે. જૂના ભાવિક લોકો જેમ મંદિરે દેવદર્શન માટે જાય છે, તે જ રીતે અને તે જ ભક્તિથી હું દેશદર્શને જાઉં છું.

*

હિંદુ સંસ્કૃતિનું રહસ્ય ધ્યાનમાં આવ્યા પછી અને બધા ધર્મો પ્રત્યે સમભાવ અને આદરભાવ કેળવ્યા પછી જેમ મને હવે બધા જ ધર્મો સાચા, સારા અને મારા લાગે છે, તે જ પ્રમાણે દુનિયાના તમામ દેશો મને ભારતભૂમિ જેટલા જ પવિત્ર અને પૂજ્ય લાગે છે. તેથી જે ભક્તિભાવથી હું આસેતુહિમાચલ યાત્રા કરી શકયો એ જ ભક્તિભાવથી આફ્રિકા જોવાનું મને મન થયું. દુનિયાની તમામ નદીઓ મારાં જ ભાઈબાંડુઓની લોકમાતાઓ છે. દરેક સરોવર માનસ સરોવર જેટલું જ પવિત્ર છે. દરેક પહાડ હિમાલય જેવો જ દેવાત્મા છે. દરેક નદીનો ઉગમ ઈશ્વરના આશીર્વાદ સમો શુભ છે. એવી દૃઢ થયેલી ભાવના સાથે લઈને હું આફ્રિકા જોવા ઊપડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ત્રિપુટી

શ્રી કાકાસાહેબ, શ્રી અપ્પાસાહેબ અને શ્રી કમલનયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पूर्व आफ्रिकामां

काका कालेलकर

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

સર્વ હક પ્રકાશક સંસ્થાને આધીન

પહેલી આવૃત્તિ, પ્રત ૨૦૦૦

ત્રણ રૂપિયા

જૂન, ૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતી કાલનો ખંડ

ચોપડી લખવાનો મેં કદી પ્રયત્ન કર્યો ન હોવાથી તે લખતાં કેવી ઉત્તેજના થાય છે તેનો મને અનુભવ નથી. પણ પ્રસ્તાવના લખવાના આ પ્રયત્નને કારણે મારે કેટલાયે ઉજાગરા થયા છે ખરા ! આ કામ કાકાસાહેબે મને સોંપ્યું ત્યારે સાથે કહેલું કે, 'મારા પુસ્તકને પ્રસ્તાવના લખનાર મહાત્મા ગાંધી બાદ કરતાં તમે જ એક છો.'

પણ તેથી કંઈ મારું કામ સહેલું બનતું નથી.

મારે માટે આ એક અનેરું માન છે; એક વિશેષ અધિકાર છે. ઉપરાંત મારે માટે આ એક અદ્વિતીય પ્રસંગ પણ છે, કારણ કે હું મૂળ પુસ્તક વાંચવાનો પ્રયત્ન સરખો કર્યા વિના આ પ્રસ્તાવના લખવા બેઠો છું ! ! ખરી વાત કહું તો, મારો ગુજરાતીનો પરિચય એટલો 'ગહન' છે કે આ લગભગ ત્રણસો પાનાંનું પુસ્તક હું નક્કી ૨૯૯ દિવસમાં પૂરું કરી શકીશ !

તેમ છતાં એક વાર આફ્રિકાનો પરિચય થયા પછી એ ખંડ અને એના લોકો વિષે વાત કરવાનો કોઈ પણ પ્રસંગ જવા ન જ દેવાય. અને કાકાસાહેબ સમર્થન કરવા પડખે હોય અને કહેવાની તક મળે એ તો એક મોટો લહાવો જ ગણાય.

આફ્રિકાના કેટલાક ભાગમાં કાકાસાહેબની સાથે પ્રવાસ કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું — હું તેમને બધે ફેરવીને આ પ્રદેશ બતાવવા મથતો હતો ! અને હંમેશ બને છે તેમ એ સોદામાંથી ઊલટો મને જ લાભ થયો. આ 'આવતી કાલના ખંડ'ની ભૂમિ પર જે માનવસમૂહનું વિશાળ નાટક ભજવાઈ રહ્યું છે તેનાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને ઊંડામાં ઊંડાં રહસ્યોનું ઝપાટાભેર અને ભારે બુદ્ધિમત્તાથી તેમને આકલન કરતા જોઈને હું મંત્રમુગ્ધ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહરાની દક્ષિણે અને દક્ષિણ આફ્રિકાની ઉત્તરે આવેલો આફ્રિકા ખંડનો પ્રદેશ યુરોપથી લગભગ ત્રણ ગણો મોટો છે અને ત્યાં અખૂટ સંપત્તિ સુપ્તાવસ્થામાં પડેલી છે એની ઘણા ઓછા લોકોને ખબર હશે. ઘણા થોડા લોકો જાણે છે કે, એ પ્રદેશમાં લગભગ દસ કરોડ માનવીઓ એવા પડ્યા છે કે જેઓ છેક હમણાં સુધી પોતાની પ્રતિહાસ-પૂર્વકાલીન સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક જુનવાણી પરંપરામાં જ રહેતા આવ્યા છે અને તેમાંથી બહારના સંઘર્ષને પરિણામે હમણાં જ જરા અસ્વસ્થ થવા માંડ્યા છે.

કોઈ પણ પ્રજાએ છેક પ્રાગૈતિહાસિક કાળમાંથી એકદમ અણુયુગ સુધીનો આ હનુમાનકૂદકો મારવો બહુ જ અઘરો છે. અને તેથી એ કામમાં આફ્રિકાના વતનીઓને મદદ કરવી, અને આફ્રિકા અને તેના વતનીઓ જગતના પ્રતિહાસના પ્રવાહમાં આવીને તેને વધારે શાંતિ અને સુલેહવાળો, પ્રગતિ પરાયણ, અને (સૌથી મહત્ત્વનું તો) માણસાઈવાળો બનાવે એવી રીતે તેમને મદદ કરવી એ આપણી બધાની ફરજ છે.

કાકાસાહેબ કહે છે તેમ, આફ્રિકાનિવાસી અસાધારણ પ્રાણવાન માણસ છે. માનવ જીવનના દરેક ક્ષેત્રમાં પુરુષાર્થ કરીને દુનિયાની પ્રગતિ અને સ્થિરતામાં ઘણો જ અસરકારક ફાળો આપવાની યોગ્યતા તેનામાં છે એ વિષે મને જરાય શંકા નથી. પૂર્વ અને પશ્ચિમનાં આપણે તેને આ ફાળો આપવા દઈશું કે સ્વાર્થી અને સંકુચિત દૃષ્ટિથી નવી મુશ્કેલીઓ અને ઝઘડાઓ ઊભા કરીને દુનિયામાં ફેલાયેલી અંધાધૂંધીમાં ઉમેરો કરીશું એ જ મોટો પ્રશ્ન છે.

હિંદવાસીઓએ આફ્રિકામાં મોટી જવાબદારી અને ફરજ પાર પાડવાની છે. ઈશ્વરનો જ એવો સંકેત છે. મારી ધારણા છે કે કાકાસાહેબ જેવા 'દ્રષ્ટા'ઓની મુલાકાતો અને સંપર્કથી આપણને આ ખંડ અને તેના વતનીઓ પ્રત્યેની આપણી જવાબદારીઓ અને ફરજોનું ભાન થશે તેમ જ તે અદા કરતાં આપણે શીખીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક ઘણા વાંચશે એ વિષે મને શંકા નથી. કેટલાકને તે પ્રેરણા આપીને કાર્યપરાયણ કરશે એવી પણ મને આશા છે. કારણ કે આ દીવાની દુનિયામાં સમ્યગ્ વિચારથી પ્રેરાયેલા સમ્યગ્ આચાર વડે જ આપણે શાંતિ અને સંતોષ પ્રાપ્ત કરી શકીશું.

આ પુસ્તકનો હિંદીમાં તરજુમો થાય અને આખું હિંદુસ્તાન તે વાંચે એવી આશા સેવું છું. આપણા આ 'નજીકના કિનારાના પડોશીઓ'નો આપણને સારો પરિચય થાય એ જરૂરનું છે. આપણે હવે બહુ નાની દુનિયામાં વસીએ છીએ; અને દુનિયાના બીજા ભાગમાં — ખાસ કરીને આવતી કાલના આ મહાન ખંડમાં એટલે કે આફ્રિકામાં જે કંઈ થશે તેનાં સારાં કે માઠાં પરિણામ આપણને સારી પેઠે ભોગવવાં પડવાનાં છે.

અપ્પા પંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલી પારના પાડોશીઓ

મુંબઈ, માર્માગોવાનો કિનારો છોડ્યા પછી આઠ દિવસ સુધી ન દેખાયો જમીનનો કકડો કે કોઈ પહાડની ટોચ. અમે સીધા મોમ્બાસા પહોંચી ગયા. તરત મનમાં વિચાર આવ્યો કે અહીંના લોકો આપણા સામા કાંઠાના પાડોશીઓ જ છે. અહીંનાં મોજાંઓ ત્યાં અથડાય છે, ત્યાંનાં અહીં અથડાય છે. તરત આત્મીયતા બંધાઈ ગઈ. અને એ પણ ખ્યાલ આવ્યો કે આ આત્મીયતા આજની નથી, આજના જમાનાની નથી, આપણો પાડોશ હજારો વરસનો જૂનો છે. આફ્રિકામાં મેં જે જે જોયું, જે જે વિચાર્યું, અને જે જે કહ્યું તે બધું આ પાડોશીધર્મથી પ્રેરાઈને જ.

પ્રારંભમાં જ જો કંઈક કહ્યું હોય તો જે કંપનીના જહાજમાં અમે ગયાં એ કંપનીનું નામ. હિંદુસ્તાન સ્વતંત્ર થયા પછી પણ આ કંપની પોતાને માટે 'બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપની'નું નામ શા માટે ધારણ કરે? આપણી સરકારને લખીને આ નામ બદલાવવું જ જોઈએ. જરાક સરખો ફેરફાર કરે તો બસ છે. 'બ્રિટન-ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપની' કહે તો આપણો વાંધો નથી. પણ હવે આપણે આપણી પોતાની ઇન્ડો-એફ્રિકન સ્ટીમ નેવિગેશન કંપની ઊભી કેમ ન કરીએ? જૂની કંપનીને અમુક વરસની બાંયધરી આપી હોય તો બાજામાં ઓછું એટલું તો કરવું જ જોઈએ કે આપણા લોકો પ્રત્યે એ કંપનીના અમલદારો તુમાખીભર્યું વર્તન રાખે નહીં. કરારનું પાલન બરાબર ન થાય તો કરાર રદ કરવો જોઈએ.

પૂર્વ આફ્રિકા ગયો તે 'દેશ જોવાના' કુતૂહલથી અને ગાંધી સ્મારક કૉલેજની બાબતમાં સલાહ આપવા માટે. પણ ત્યાંથી પાછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો પાડોશીધર્મથી બંધાઈને. આફ્રિકન લોકો સાથેનો પાડોશીધર્મ, આફ્રિકામાં વસતા હિંદીઓ સાથેની આત્મીયતા અને ત્યાંના અંગ્રેજો સાથેનો કૉમનવેલ્થનો સંબંધ — ત્રણે મનમાં મજબૂત થયાં છે. 'આપણે સ્વતંત્ર થયા, હવે અંગ્રેજો સાથે શું લાગેવળગે' એ જાતની વૃત્તિ મનમાં જાગી હતી તે આફ્રિકા જઈને મટી ગઈ. એ જાતિનો આપણો સંબંધ હજી તૂટ્યો નથી. આપણને જરૂર એકબીજાનું લાગે છે અને વળગે છે એની ખાતરી થઈ.

અંગ્રેજ લોકો — અદ્દકે યુરોપનાં બધાં જ રાષ્ટ્રો એક વખત આખી દુનિયામાં મિશનરીઓને મોકલીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતાં હતાં. એ પ્રવૃત્તિ હજી બંધ નથી થઈ પણ મોળી પડી છે. ખ્રિસ્તી સંસ્કૃતિની એકતા કચારની મટી ગઈ છે. પશ્ચિમનાં રાષ્ટ્રો હવે જુદાં પડ્યાં છે. તેથી અંગ્રેજ લોકો અત્યાર સુધી જેવું કામ મિશનરીઓ મારફતે, ધર્મને નામે કરતા હતા, તેવું જ કામ બ્રિટનના સાહિત્ય, સંગીત, કળા વગેરેના પ્રચાર દ્વારા, પોતાની સંસ્કૃતિની ભૂમિકા પર રહી કરવા મથે છે. એને માટે એ લોકોએ 'બ્રિટિશ કાઉન્સિલ' કરીને એક જબરદસ્ત સંસ્થા સ્થાપી છે અને એને અઢળક ધન પણ સોંપ્યું છે. બંધારણની કડકાઈ પણ એમાં નથી. એના કાર્યકર્તાને જેમ સૂઝે તેમ કામ કરી શકે છે. અનેક દેશોના યુવાનો વચ્ચે અને પ્રતિષ્ઠિત, સંસ્કારી અને પ્રભાવશાળી લોકો વચ્ચે કામ કરી કરીને તે તે દેશના લોકોનાં મન અને હૃદય બ્રિટિશ સંસ્કૃતિ પ્રત્યે અનુકૂળ કરી લેવાં અને બ્રિટન તથા તે તે દેશ વચ્ચે સૌમનસ્ય સ્થાપવું એ એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. પશ્ચિમના અનેક દેશોએ હવે આવી સંસ્થાઓ સ્થાપન કરી છે. આવી સંસ્થાઓને તે તે દેશની સરકારની મદદ હોવા છતાં એ સંસ્થાઓ સરકારી નથી હોતી. એની પ્રવૃત્તિને પરિણામે રાજદ્વારી મીઠાશ પણ સધાય છે, છતાં એ સંસ્થાઓ રાજદ્વારી નથી હોતી. ધર્મપ્રચારનો ઉદ્દેશ તો એમાં છે જ નહીં.

આ જ જાતની એક સંસ્થા આપણા દેશ તરફથી પણ સ્થપાઈ છે. એનું નામ છે I. C. C. R.—(Indian Council of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cultural Relations). આપણી તમામ યુનિવર્સિટીના અને સાંસ્કૃતિક કામ કરનારી સંસ્થાઓના પ્રતિનિધિઓ એમાં છે. અત્યારે એ સંસ્થાએ અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, ઇજિપ્ત વગેરે દેશોમાં કામ શરૂ કર્યું છે. અરબી ભાષામાં આપણે એક નિયતકાલિક પણ ચલાવીએ છીએ. એ બધા દેશોના અમુક વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીઓમાં, આપણી સ્કૉલરશિપ મેળવીને ભણે છે. આપણા દેશની સંસ્કૃતિ, આપણી રાજકીય દૃષ્ટિ અને બીજાં રાષ્ટ્રોમાં રહેલો આપણો રસ સમજાવવા માટે આપણા કેટલાક આગેવાનો, તે તે દેશમાં ફરી આવે છે.

દક્ષિણ પૂર્વ તરફના બ્રહ્મદેશ, સિયામ, થાઈલૅન્ડ, ઇન્ડોનેશિયા વગેરે દેશો માટે પણ એક વિભાગ ખોલવાની તૈયારી ચાલે છે.

મને થયું કે આફ્રિકા માટે પણ આપણે એક એવો જ વિભાગ ખોલવો જોઈએ. એ દિશામાં મારા પ્રયત્નો ચાલુ છે અને એમને સારો આવકાર પણ મળ્યો છે. દુનિયાની પરિસ્થિતિ જાણનાર અને આપણી સંસ્કૃતિને દુનિયા આગળ રજૂ કરી શકે એવા લોકો અહીંથી ત્યાં જાય, આફ્રિકન લોકોના નેતાઓ આપણે ત્યાં આવી આપણા મહેમાન બને, આપણી રહેણીકરણી પ્રત્યક્ષ જુએ; એમના પ્રત્યેના આપણા સદ્‌ભાવના તેઓ સાક્ષી થાય, એ માટેના પ્રયત્નો શરૂ થઈ ગયા છે. શ્રી અપ્પાસાહેબ પંતે, હિંદુસ્તાનના કમિશનર તરીકે ત્યાં આવું ઘણું જ સારું કામ કર્યું છે.

પોરબંદરવાળા શેઠ શ્રી નાનજીભાઈ કાલિદાસે મને આફ્રિકા મોકલી ત્યાંની સ્થિતિ સમજવાની અને સેવા કરવાની તક આપી એટલે હવે એ એક જવાબદારી મને વળગી છે.

આફ્રિકાના ઉત્સાહી જુવાનો, અને વિદ્યાર્થિનીઓ પણ, આપણા દેશમાં આવે ત્યારે, રજાના દિવસોમાં કે તહેવારોના પ્રસંગે આપણે એમને આપણાં ઘરોમાં મહેમાન તરીકે બોલાવીએ, આપણા લોકોના હાડમાં રંગભેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ધર્મદ્વેષ નથી એનો એમને અનુભવ કરાવીએ એ જરૂરી છે. એ લોકોનું દૃષ્ટિબિંદુ, એમની સંસ્કૃતિ અને એમની આકાંક્ષાઓ સહાનુભૂતિપૂર્વક સમજવાની તક આપણને ઘર બેઠાં મળે એ લાભ આપણે ખોઈએ નહીં. એમની રહેણીથી પરિચિત થતાં આપણને જે સર્વસમાજિતા અને ઉદારતા કેળવવાં પડશે તે લાભ પણ ઓછો ન ગણાય. સ્વતંત્ર દેશની સંસ્કારી અને સમર્થ પ્રજા કોઈ પણ દેશની પ્રજા સાથે અતડાપણું રાખી જ ન શકે.

काका कालेलकर

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

આવતી કાલનો ખંડ શ્રી. અરપા પંત ૩
પેલી પારના પાડોશીઓ ૭
૧. આફ્રિકાની અગત્ય ૩
૨. તૈયારીમાં ૯
૩. સમુદ્રના સહવાસમાં ૧૩
૪. પ્રવેશદ્વાર ૧૯
૫. નૈરોબી ૩૪
૬. થીકા ૬૦
૭. નૈરોબીનું અમારું ઘર ૬૨
૮. બે વ્યોમકાવ્યનો કાટખૂણો ૬૪
૯. ટાંગા ૬૭
૧૦. શાંતિધામ દારેસ્સલામ ૬૯
૧૧. પ્રાર્થના પ્રવચનો ૮૫
૧૨. કિટુંડા ૯૧
૧૩. દુનિયા માટે મગફળી ૯૫
૧૪. જંગબારના વિવિધ અનુભવો ૧૦૧
૧૫. મોરોગોરો ૧૧૭
૧૬. ડોડોમા ૧૨૦
૧૭. હ્ગોરોંગોરો ૧૨૯
૧૮. બે પર્વતરાજ ૧૩૫
૧૯. બ્રહ્મક્ષત્રી સાહસ ૧૪૧
૨૦. અભયારણ્યમાં પ્રવેશ ૧૪૨
૨૧. ફરી નૈરોબીમાં ૧૫૩
૨૨. સરોવર પરનો વ્યોમવિહાર ૧૬૩
૨૩. નવ ટેકરીની નગરી ૧૬૫
૨૪. આફ્રિકાનાં ગામડાંઓમાં ૧૮૪
૨૫. નીલોત્રી ૧૮૯
૨૬. નીલ મૈયાની છાયામાં ૧૯૭
૨૭. ઇતિ અને અથ ૨૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮. ભ્રૂમધ્ય રેખા ચોળંગી ૨૦૩
૨૯. કબાલે ૨૦૬
૩૦. નવા મુલકમાં ૨૧૩
૩૧. ભોગો અને કિબોકોનું અભયારણ્ય ૨૧૮
૩૨. કીવૂસરની અહધી પ્રદક્ષિણા ૨૨૫
૩૩. બચ્ચું શહેર અને પ્રવાહી દીકરી ૨૨૯
૩૪. ઉસુંબરા અને પછી ૨૩૫
૩૫. કબાલેથી કંપાલા ૨૪૩
૩૬. માગી લીધેલી ભીડી કેદ ૨૪૯
૩૭. ઉકટ અને સમસ્ત ૨૫૫
૩૮. બૂડા કેસરીના દેશમાં ૨૭૮
૩૯. ચેગંબર સાહેબના દેશમાં ૨૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠા અને આત્મીય સત્કારથી
અમારી મુસાફરી આનંદભરી કરી મૂકનાર
પૂર્વ આફ્રિકાનાં ત્રણે રંગનાં
અસંખ્ય ભાઈબહેનોને
કૃતજ્ઞતાપૂર્વક અર્પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ આફ્રિકામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

આફ્રિકાની અગત્ય

પૃથ્વીની ભૂમધ્ય રેષા પર મોટે ભાગે સમુદ્ર જ આવેલો છે. એશિયા, યુરોપ, ઉત્તર અમેરિકા એ બધા વિશાળ ખંડો ઉત્તર ગોલાર્ધમાં પથરાયેલા છે. ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકાનો મોટો ભાગ દક્ષિણ ગોલાર્ધમાં આવેલો છે. એક આફ્રિકા જ એવો ખંડ છે કે જે પૃથ્વીની મધ્ય રેષાની બન્ને બાજુ સરખા અંતર સુધી ફેલાયો છે. આ મધ્ય રેષા જમીન પર આવેલી છે તે થોડીક દક્ષિણ અમેરિકામાં અને એથી સહેજ વધારે આફ્રિકામાં. (સુમાત્રા, બોર્નિયો વગેરે મોટા ભૂમધ્ય રેષા પર છે ખરા પણ તે નાના છે. એ હિસાબમાં ન લઈએ તો ચાલે.) ભૂમધ્ય પ્રદેશની આસપાસની આફ્રિકાની ભૂમિમાં બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને બેલ્જિયન કોંગો એ બે પ્રદેશ આવેલા છે. આબોહવાની દૃષ્ટિએ, માનવી સંસ્કૃતિની દૃષ્ટિએ અને હિંદુસ્તાનના પ્રાચીન, આધુનિક અને ભાવી ઇતિહાસની દૃષ્ટિએ આફ્રિકાનો આ પ્રદેશ ઘણો જ મહત્ત્વનો છે.

બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં એક યા બીજી રીતે અંગ્રેજોનું રાજ્ય ચાલે છે. હિંદુસ્તાન ઉપરનો પોતાનો કબજો અંગ્રેજોએ છોડ્યો એ કારણે જ હવે તેઓ ઈસ્ટ આફ્રિકામાં પોતાનું રાજ્ય વધારે મજબૂત કરવા માગે છે અને તેથી તેઓ આફ્રિકન પ્રજાનો સવાલ અને ત્યાં વસતી હિંદુસ્તાનની પ્રજાનો સવાલ બન્ને તરફ વધુ ધ્યાન આપવા લાગ્યા છે. આપણા લોકોએ આ પૂર્વ આફ્રિકામાં સારું સરખું સ્થાન મેળવ્યું છે. જ્યારે આફ્રિકન પ્રજા હવે જાગ્રત થઈ વધુ કેળવણી અને વધુ અધિકાર માગતી થઈ છે.

આ પ્રદેશની દક્ષિણે આવેલા દક્ષિણ આફ્રિકાના મુલકમાં ગોરી અને રંગીન પ્રજાનો સવાલ જેમ જેમ આકરો થતો જાય છે તેમ તેમ એની અસર પૂર્વ આફ્રિકા ઉપર પણ પડવા લાગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની સાથે આખી દુનિયાનું રાજકારણ વધુ ને વધુ સંકળાયેલું થતું જતું હોવાથી યુનાઇટેડ નેશન્સ ઑર્ગેનિઝેશન પણ આફ્રિકાના વિવિધ સવાલો તરફ વધુ ને વધુ ધ્યાન આપતી જાય છે.

હિંદુસ્તાન સ્વતંત્ર થયા પછી એને બ્રિટિશ પ્રજાએ પોતાના કૉમનવેલ્થમાં દાખલ થવાનું આમંત્રણ આપ્યું અને હિંદુસ્તાને તે કબૂલ રાખ્યું. દુનિયાના રાજકારણમાં આ પગલું અત્યંત મહત્ત્વનું છે. હિંદુસ્તાન અને પૂર્વ આફ્રિકા બન્ને દેશ કૉમનવેલ્થના સદસ્ય હોવાથી ત્યાંના સવાલોનો ઉકેલ અમુક ખાસ ઢબે જ આવી શકે એવી સંભાવના ઉત્પન્ન થઈ છે.

આવી સ્થિતિમાં આફ્રિકન, યુરોપિયન અને એશિયન એ ત્રણે મહા પ્રજાનો જે વિશાળ અને અસમ સહકાર પૂર્વ આફ્રિકામાં ચાલી રહ્યો છે તે માનવજાતિના ભાવિની દૃષ્ટિએ ઘણો જ મહત્ત્વનો છે. એ પ્રદેશમાં બે અઢી મહિના ગાળવાનો સુઅવસર પ્રાપ્ત થયો એનું અછડતું પ્રવાસવર્ણન આપવાનો અહીં વિચાર છે. હિંદુસ્તાનના હિતનો વ્યાપક વિચાર કરતાં આફ્રિકા વિષે આપણી ભાષાઓમાં સેંકડો ગ્રંથ લખાવા જોઈએ. એની પાછળ સંગીન અભ્યાસ, માનવહિતની વિશાળ દૃષ્ટિ, અર્થકારણ અને રાજકારણનું યથાર્થ આકલન, અને માનવવંશના વિકાસ ('એન્થ્રોપોલોજી')માં ઊંડો રસ, એટલું જ નહીં પણ પૃથ્વીનું પડ કઈ રીતે બંધાયું એ સમજાવનાર ભૂસ્તરશાસ્ત્રનું સંગીન જ્ઞાન પણ જોઈએ છે. આપણે જાણીએ છીએ એના કરતાં આફ્રિકા ખંડ સાથેનો આપણો સંબંધ વધારે પ્રાચીન, વધારે ઊંડો અને વધારે મહત્ત્વનો છે. હિંદુસ્તાનનું આજનું કલેવર બંધાયું એને લાખો વરસ થઈ ગયાં. તે પહેલાં આજનો અરબી સમુદ્ર ન હતો. ગુજરાત, રાજસ્થાન, ગંગા-યમુનાનો પ્રદેશ, બિહાર અને બંગાલ એ આખો પ્રદેશ સમુદ્ર તળે હતો. આજના લકદીવ માદીલવ બેટો મોટા મોટા પહાડનાં શિખરો હશે. અને એ પ્રદેશ દ્વારા આજનું દક્ષિણ હિંદુસ્તાન આફ્રિકાને કિનારે આવેલા માડાગાસ્કર બેટ સાથે જોડાયેલું હતું. જે પ્રાચીન જનવરોનાં હાડકાં આફ્રિકામાં મળે છે તે જ દક્ષિણ હિંદુસ્તાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મળે છે. આફ્રિકાની કેટલીક જાતિઓ હિંદુસ્તાનમાંથી જ ત્યાં ગયેલી હોવી જોઈએ એવું અનુમાન કેટલાક તદ્વિદો કરે છે. આજનું હિંદુસ્તાન તેમ જ આફ્રિકા બંધાયા પછી વૈદિક અને પૌરાણિક કાળમાં આપણા લોકો મિસર (ઇજિપ્ત) દેશ થઈને નીલ નદીના ઉગમ સુધી અને ત્યાંના ચંદ્રગિરિ સુધી ગયા હતા એવા ઉલ્લેખો આપણાં પ્રાચીન પુરાણોમાં મળે છે. ઇજિપ્તની અતિ પ્રાચીન સંસ્કૃતિ, ગ્રીસ દેશની યુનાની સંસ્કૃતિ, સિંધુને કિનારે ખોદેલી સિંધવી સંસ્કૃતિ અને એ ત્રણે વચ્ચે આવેલી, અનેક શાખાવાળી બાબિલિયન સંસ્કૃતિ એ બધાનો પરસ્પર પરિચય અને સંબંધ હતો. તે વખતનો ઇતિહાસ જોકે મળતો નથી પણ અત્યંત પ્રાચીન કાળનો ઇતિહાસ, જૂના અવશેષોમાંથી જોડી કાઢવાના પ્રયત્નો સફળ થતા જાય છે. અને એ રીતે પ્રાચીનતમ ઇતિહાસનો પ્રકાશ મનુષ્યના સ્વભાવ પર અને એની રહેણીકરણી પર પડતો જાય છે.

એ બધું જ્ઞાન અત્યાર સુધી કેવળ કુતૂહલનો વિષય હતું પણ હવે માણસજાતને વિનાશમાંથી બચાવી એનું એક વિશ્વકુટુંબ સ્થાપવાના મહા પ્રયત્નમાં એ જ્ઞાનનો ઘણો ઉપયોગ થઈ શકે એમ હોવાથી, આ પ્રાચીન ઇતિહાસ તમામ દેશોના સામાન્ય માણસ સુધી પહોંચે એ જરૂરી બન્યું છે. દુનિયાના ઇતિહાસકારો અને માનવહિતચિંતકો આ નવી દૃષ્ટિ ખીલવતા જાય છે. આપણી પ્રજાને એ દિશામાં પછાત રહ્યે પાલવે નહીં.

મારા આ ટૂંકા પ્રવાસવર્ણનમાં એવું બધું આવી શકે નહીં. બે મહિનામાં જે જોયું, અનુભવ્યું અને વિચાર્યું તે ફક્ત નોંધી રાખવાનો વિચાર છે. એમાં કોઈ વાચકને રસ પડે અને તે વધુ ઊંડો અભ્યાસ કરવા પ્રેરાય તો મને સંતોષ થશે. કાંઈ નહીં તો પ્રવાસ-વર્ણનો લખવાની હોંશ કેળવાય અને ભાષામાં એ જાતનું સાહિત્ય ખીલે તોયે મને પૂરતો સંતોષ થશે. આપણા લોકોએ અત્યાર સુધી પ્રવાસો ઓછા કર્યા નથી. જાણવાની, શીખવાની અને વિચાર કરવાની તકો આપણા લોકોને ઓછી નથી મળી. અને હવે પછી તો એ તકો વધતી જ જવાની. એનો લાભ સમસ્ત પ્રજાને મળવો જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેવને અભાવે અત્યાર સુધી કશું લખવાનું આપણા લોકોને સૂઝયું નથી એટલું જ. એક વાર દૃષ્ટિ કેળવાય અને લખવાનો રસ જામે એટલે સહેજે વિશાળ, વિવિધ અને કીમતી સાહિત્ય તૈયાર થવા માંડશે. હિંદુસ્તાનની કઈ ભાષામાં તે તૈયાર થાય છે એ ગૌણ પ્રશ્ન છે. એક ભાષામાં કોઈ સારી સંગીન ચોપડી તૈયાર થઈ તો એનાં ભાષાંતરો હવે પછી સહેજે થઈ શકશે. મુખ્ય સવાલ વિશાળ, વ્યાપક રસનો છે. એ જ્યારે જાગે છે ત્યારે પ્રજા જાગે જ છે. અને જાગેલી પ્રજા પોતાના મિશનને ઓળખીને એ સિદ્ધ કરવા મથ્યા વગર રહી શકતી જ નથી. ભવિષ્ય વિષેનાં આવાં સ્વપ્નાં પણ મને આનંદ આપે છે.

પણ આફ્રિકાનો પ્રવાસ આદરવા પાછળ મારો હેતુ શો હતો? એ સવાલ મને અનેક લોકોએ પૂછેલો છે. યાત્રાએ નીકળતા પહેલાં, યાત્રા દરમિયાન, અને યાત્રાને અંતે પણ, આ સવાલનો જવાબ મારે આપવો જ પડ્યો છે.

કથનની સત્યતા જાળવવા માટે મેં હંમેશાં કહ્યું છે કે મારો પ્રથમ ઉદ્દેશ — પછી ભલે એ મુખ્ય ન હોય — કેવળ દેશદર્શનનો જ છે. જૂના ભાવિક લોકો જેમ મંદિરે દેવદર્શન માટે જાય છે, તે જ રીતે અને તે જ ભક્તિથી હું દેશદર્શને જાઉં છું. જ્યાં સુધી કેવળ ભારતભૂમિને જ પુણ્યભૂમિ માનતો હતો ત્યાં સુધી ભગવાને મને પરદેશ જવાની તક ન આપી. ચિત્તવૃત્તિ કંઈક ઉદાર થઈ, માનવતાનો ખ્યાલ જાગ્યો અને બુદ્ધ ભગવાનના ઉપદેશ પ્રત્યે ભક્તિ જાગી, ત્યાર પછી જ મને બ્રહ્મદેશ જવાનો અવકાશ મળ્યો હતો. અને પૂજ્ય ગાંધીજી જ્યારે સિલોન (લંકા) ગયો હતો ત્યારે પણ બૌદ્ધ ધર્મના આકર્ષણને કારણે સિલોન કોઈ પરાયો દેશ છે એવું લાગ્યું જ ન હતું.

હિંદુ સંસ્કૃતિનું રહસ્ય ધ્યાનમાં આવ્યા પછી અને બધા ધર્મો પ્રત્યે સમભાવ અને આદરભાવ કેળવ્યા પછી જેમ મને હવે બધા જ ધર્મો સાચા, સારા અને મારા લાગે છે, તે જ પ્રમાણે દુનિયાના તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશો મને ભારતભૂમિ જેટલા જ પવિત્ર અને પૂજ્ય લાગે છે. તેથી જે ભક્તિભાવથી હું આસેતુહિમાચલ યાત્રા કરી શકયો એ જ ભક્તિભાવથી આફ્રિકા જોવાનું મને મન થયું. દુનિયાની તમામ નદીઓ મારાં જ ભાઈભાંડુઓની લોકમાતાઓ છે. દરેક સરોવર માનસ સરોવર જેટલું જ પવિત્ર છે. દરેક પહાડ હિમાલય જેવો જ દેવતાત્મા છે. દરેક નદીનો ઉગમ ઈશ્વરના આશીર્વાદ સમો શુભ છે. એવી દૃઢ થયેલી ભાવના સાથે લઈને હું આફ્રિકા જોવા ઊપડ્યો.

જાપાનમાં તેમ જ આસામમાં ભૂકંપ થામ છે, જ્વાલામુખી ફાટે છે, વગેરે વિગતો જાણ્યા પછી ભૂકંપનું શાસ્ત્ર – સિસમોગ્રાફીમાં રસ જાગ્યો. એને માટેનાં જાતજાતનાં યંત્રો અલીગઢની વેધશાળામાં જોયાં ત્યારથી આફ્રિકા ખંડની ભૂમિ કેવી રીતે બની હશે એ જાણવાનું કુતૂહલ જાગ્યું હતું.

ગુલામીના વેપારને કારણે ગવાયેલું અને છતાં લવિંગના વેપારથી સુગંધી બનેલું ઝાંઝીબાર આપણા કચ્છ કાઠિયાવાડના હિંદુ-મુસલમાનોના પુરુષાર્થની ભૂમિ છે એટલું જાણતો હોવાથી પણ જંગબારની યાત્રા કરવી જોઈએ એવો સંકલ્પ મનમાં ઊઠ્યો હતો.

પૂર્વ આફ્રિકાનાં ખારાં અને મીઠાં સરોવરોની વિશેષતાઓ પણ મને આકર્ષતી હતી. ઉત્તરવાહિની સરોજા નીલ નદીનું ઉગમસ્થાન જોવાની ઇચ્છા ગંગોત્રીના દર્શન જેટલી જ ઉત્કટ હતી અને તેથી જ એ સ્થાનને ગંગોત્રીની પેઠે નીલોત્રીનું નામ મેં આપ્યું.

રાજરત્ન ભાઈશ્રી નાનજી કાલીદાસ પાસેથી, એમના અને આફ્રિકામાં વસતા આપણા બીજા લોકોના પુરુષાર્થ અને પરાક્રમની વાતો સાંભળીને એ દેશ કેવો હશે અને આપણા લોકોએ એનું રૂપ ફેરવવામાં કેવો ફાળો આપ્યો છે એ જોવાની ઇચ્છા વધી હતી.

આફ્રિકાના વતનીઓ પોતાની સ્વતંત્રતા પાછી મેળવવા માટે કેમ મથે છે, ગોરાઓ એમના ઉપર કેમ રાજ્ય ભોગવે છે, વર્ણભેદ પરત્વે પ્રદેશભેદ રચવાની લીલા ત્યાં કેમ ચાલે છે એ બધું છાપાંઓ દ્વારા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસાફરો દ્વારા જાણેલું હોવાથી માનવીવ્યાપારની આ વિશાળ રંગભૂમિ એક વાર જોવી જ જોઈએ એમ મનમાં થયું હતું.

દસબાર વરસ પહેલાં શ્રી શિવાભાઈ અમીન પૂર્વ આફ્રિકાથી આવેલા. એમણે આફ્રિકન લોકો પ્રત્યેની હિંદની ફરજ વિષે મહત્ત્વની વાતો કરેલી અને ફેસિંગ માઉન્ટ કેનિયા નામની ચોપડી વાંચવા મોકલેલી અને મને એક વાર પૂર્વ આફ્રિકા જોઈ જવાની ભલામણ કરેલી. જોકે તે વખતે તેનો મેં સ્વીકાર કર્યો ન હતો, પણ મનમાં સંસ્કાર પડેલા હતા જ. આવાં બધાં કારણોને લીધે જ દક્ષિણ આફ્રિકા જવાનો પ્રસંગ સાધી પૂર્વ આફ્રિકા જોવાનું મન થયું હતું. તેમાં શ્રી અપ્પાસાહેબ પંત અને શ્રી નાનજી કાલીદાસ બંનેએ આફ્રિકામાં ગાંધી સ્મારક તરીકે એક કૉલેજ સ્થાપવાની અને તે કાળા, ધોળા અને ધઉંવર્ણા ત્રણે વંશના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી રાખવાની યોજના મને સમજાવી અને કહ્યું કે, આ કલ્પનાને પાકી કરવામાં અને લોકોને સમજાવવામાં તમારી મદદ ઇષ્ટ છે. એ યોજના માટે જોઈતાં નાણાં ભેગાં કરવાની જવાબદારી સ્વાભાવિક રીતે મારી ન હતી. પણ લોકહિતની દૃષ્ટિએ અને કેળવણીના વિકાસની દૃષ્ટિએ એ યોજના તપાસી, તેને વિષે અભિપ્રાય આપવાનું અને લોકોને એ યોજના પ્રત્યે અનુકૂળ કરવાનું કામ હું કરી શકું એમ હતું. આ કામ જાહેર વ્યાખ્યાનો મારફતે થાય તે કરતાંયે વિશેષ સારી રીતે ખાનગી વાતચીત અને ચર્ચા મારફતે થઈ શકે એ જાણતો હોવાથી મેં તે પ્રમાણે કરવાનું વિચાર્યું અને પૂર્વ આફ્રિકાની અનેક શિક્ષણ સંસ્થાઓ જોઈ લેવાનું નક્કી કર્યું. આ જ બાબતમાં સલાહ આપવા માટે હિંદુસ્તાન સરકારે બે નિષ્ણાતો મોકલ્યા હતા. તેમનો રિપોર્ટ પણ મંગાવીને મેં વાંચ્યો હતો.

આપણા દેશના કેટલાક ધર્મોપદેશકો અવારનવાર પૂર્વ આફ્રિકા જાય છે. એમના પ્રચારને પરિણામે હિંદી લોકોની સામાજિક સ્થિતિ કેટલી સુધરી છે એ જોવાની પણ ઇચ્છા હતી, કેમ કે કેટલાક લોકોને મોઢે મેં ચિંતાજનક વાતો સાંભળી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં અનેક કારણોને લીધે આફ્રિકાની યાત્રા કરવાનું મેં નક્કી કર્યું. ત્રણ મહિનાને અંતે આજે કહી શકું કે આ ત્રણ મહિનામાં મને ઘણું જોવાનું મળ્યું; એથીયે વધારે જાણવાનું મળ્યું. ગાંધીજીની દૃષ્ટિએ આફ્રિકાની સ્થિતિ તપાસી શકયો. અને મને લાગે છે કે દુનિયાની વર્તમાન સ્થિતિ સમજવાની મારી શક્તિમાં ઘણો ઉમેરો થયો છે. સામાન્ય રીતે કરેલી એત્રણ મહિનાની મુસાફરીમાં જેટલું મેળવી શકાય તેથીય વધારે હું મેળવી શકયો. કેમ કે આ મુસાફરી દરમ્યાન મને અનેક લોકો તરફથી અનેક પ્રકારનો જેટલો સહકાર મળ્યો છે તેટલો ભાગ્યે જ કોઈને મળી શકે છે. ગુજરાતી ભાષાની અત્યાર સુધી મેં જે યત્કિંચિત્ સેવા કરી હશે તેના ફળસ્વરૂપ મને પૂર્વ આફ્રિકામાં અસંખ્ય ગુજરાતી હિંદુ-મુસ્લિમ ઘરોમાં પ્રેમનું સ્થાન મળ્યું છે અને ગુજરાતી ભાષાની શક્તિનું અહીં હું વિશેષ દર્શન કરી શકયો છું.

૨

તૈયારીમાં

આ વખતે પૂર્વ આફ્રિકા જોવાનું બહુ વિચિત્ર રીતે બન્યું. નવી દિલ્હીમાં ગાંધી સ્મારક સંગ્રહ (મ્યૂઝિયમ) તૈયાર કરી આપવાનું કામ સ્મારક નિધિએ મને સોંપ્યું. એટલે મહાત્મા ગાંધીના જીવન સાથે સંબંધ ધરાવતી વસ્તુઓ, એમના જીવનપ્રસંગનાં ચિત્રો ઇત્યાદિ એકત્ર કરવાની જવાબદારી મારે માથે આવી. એ બધો મસાલો કાલક્રમ પ્રમાણે એકત્ર કરવા જતાં પ્રથમ સૌરાષ્ટ્ર અને ત્યાર પછી દક્ષિણ આફ્રિકા, એવો પ્રવાસ કરવાનું સ્વાભાવિક હતું. દક્ષિણ આફ્રિકા જવું હોય તો પૂર્વ આફ્રિકા થઈને જવું સગવડભર્યું છે એમ લાગ્યું. આ આખા પ્રવાસની યોજના શ્રી મણિલાલભાઈ ગાંધી સાથે ચર્ચવાનો અવસર વિશ્વશાંતિ પરિષદને કારણે મળ્યો. એમણે મારો એ વિચાર હિંદુસ્તાન સરકારના કમિશનર અને મારા જૂના મિત્ર શ્રી અપ્પાસાહેબ પંત આગળ નૈરોબીમાં વ્યક્ત કર્યો. એમણે એ વધાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધો. માનવહિતચિંતક, રાજદ્વારી પુરુષની યોગ્યતાથી પૂર્વ આફ્રિકાના સવાલનો તેઓ ઉકેલ શોધતા હોવાથી, અને તેને અંગે અનેક યોજનાઓ તેઓ ઘડતા હોવાથી તેમણે મારો વિચાર તુરત વધાવી લીધો એટલું જ નહીં પણ 'દક્ષિણ આફ્રિકા જવાય ત્યારે જવાય, તમારે તુરત પૂર્વ આફ્રિકા આવવું જ' એવો આગ્રહ શરૂ કર્યો.

પૂર્વ આફ્રિકામાં પચાસ કરતાં વધુ વર્ષ રહી, કેવળ પોતાની આહોશીથી કરોડાધિપતિ થયેલા અને સાર્વજનિક કામો માટે લક્ષાવધિ રૂપિયા દાનમાં આપનારા શ્રી નાનજીભાઈ કાલીદાસ સાથે મારા આ સંકલ્પ વિષે અપ્પાસાહેબે વાત કરી હશે. તેમણે હિંદુસ્તાન આવતાંવેંત મને પૂર્વ આફ્રિકાનું આમંત્રણ આપ્યું. અને આર્થિક દૃષ્ટિએ મને નચિંત કર્યો.

મારાં અનેક કામોને લીધે એ આમંત્રણ હું આગળ ને આગળ ઠેલતો ગયો. પણ જ્યારે પોરબંદરમાં ગાંધીજીના જન્મસ્થાને નાનજીભાઈએ જે કીર્તિમંદિર ઊભું કર્યું છે તે જોવા માટે હું ત્યાં ગયો હતો ત્યારે નાનજીભાઈએ પરમિટ માટેના કાગળો તૈયાર કરાવી એના પર અમારી સહીઓ લીધી અને અમને — મને અને ચિ. સરોજિની નાણાવટીને — પૂર્વ આફ્રિકા મોકલી જ દીધાં!

શાંતિનિકેતન અને સેવાગ્રામમાં થતી વિશ્વશાંતિ પરિષદમાં ડિસેમ્બર મહિનો રોકાયો હતો. જાન્યુઆરી મહિનો બિહારના પ્રવાસમાં ગાળવો પડ્યો. ૨૬ જાન્યુઆરીના સ્વાતંત્ર્ય ઉત્સવ માટે દિલ્હીમાં ન રહેતાં મધ્ય પ્રાંતના પચાસ હજાર આદિવાસીઓના એક વિરાટ સંમેલનમાં હાજર રહ્યો. હિંદુસ્તાનની ઈશાન્ય સરહદ ઉપર સદિયાની આસપાસ ત્યાંના આબોર મિશમી વગેરે વન્ય લોકો વચ્ચે ફેબ્રુઆરી મહિનો ગાળ્યો. આટલું કર્યા પછી જ હું પોરબંદર જઈ શક્યો હતો. ત્યાં પૂર્વ આફ્રિકા જવાનું નક્કી કર્યું છતાં રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન અનુગુલ (ઓરિસ્સા)માં જે અખિલ ભારતીય સર્વોદય સંમેલન થવાનું હતું તે ટાળી શકાય એમ ન હતું. તે એપ્રિલમાં પૂરું કરીને પ્રવાસની તૈયારી આરંભી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે દેશમાં જવાના હોઈએ ત્યાંના લોકોને નિર્ભય કરવા માટે આજકાલ અમુક રોગોનાં ઇન્જેક્શન લેવાનાં હોય છે. અને ત્યાં ગયા પછી પાછા વળતાં ત્યાંના રોગો આપણે ન લઈ આવીએ એ ઉદ્દેશથી, એટલે કે સ્વદેશી લોકોને પરદેશી રોગોના ચેપથી બચાવવા માટે પણ અમુક ઇન્જેક્શનો લેવાનાં હોય છે. એ હિસાબે અમે કૉલેરા, શીતળા અને યેલો ફિવર — આ ત્રણે સામે ઇન્જેક્શનોની ઉપાધિ વહોરી લીધી. આપણી સરકાર થર્ડ છે એટલે પાસપોર્ટ મેળવવાની કશી મુશ્કેલી પડી નહીં.

ચોક્કસ કયારે નીકળાશે એ વખતસર નક્કી ન થઈ શકયું. તેથી કંપાલા બોટમાં અમારે સેકન્ડ ક્લાસની સગવડોથી સંતોષ માનવો પડ્યો. (એ સગવડો બધી રીતે સારી હતી.) અને ૮ મી મે (૧૯૫૦)ને દિવસે અમે સ્વદેશ છોડ્યો. ના, સ્ટીમરમાં બેઠા આદમીએ, પણ સ્વદેશ છોડ્યો ત્યારે જ ગણાય જ્યારે અમે હમીએ મુરગાંવ (માર્માગોવા)નું બંદર છોડ્યું.

આના પહેલાં મેં સમુદ્રની મુસાફરી કરી ન હતી એમ નથી. સ્વદેશ છોડ્યો ન હતો એમ પણ ન કહી શકું. કલકત્તાથી ત્રણ દિવસની મુસાફરી કરી રંગૂન પહોંચ્યો હતો અને એ જ વાટે પાછો પણ આવ્યો હતો. એક વાર મુંબઈથી કરાંચી અને કરાંચીથી મુંબઈ પણ જહાજ વાટે ગયો હતો. અને એક વાર તો મુંબઈથી કોલંબોની દરિયાઈ મુસાફરી પણ પૂ. બાપુજી સાથે કરી હતી. પણ કોઈ વખતે સ્વદેશ છોડીને દૂર જાઉં છું એવી ભાવના મનમાં ઊઠી ન હતી. બ્રહ્મદેશ શું અને લંકા શું, સ્વદેશનાં જ બે સુંદર અંગો છે એ જાતની માન્યતા નાનપણથી બંધાયેલી હોવાથી ત્યાંના લોકોની રહેણીકરણીમાં ઘણો તફાવત જોયા છતાં હું પરદેશ જાઉં છું અથવા ગયો છું એવો વિચાર તે વખતે આવ્યો નહોતો.

આ વખતે આપણે ત્યાંનો પાસપોર્ટ વગેરે લેવો પડવાથી અને પૂર્વ આફ્રિકાની સરકાર પાસેથી પરમિટ લેવી પડવાથી, હું પરદેશ જાઉં છું એ ભાવના મન ઉપર બરાબર ઠોકી બેસાડવામાં આવી હતી.

મહેતા બ્રધર્સના કર્મચારીઓએ અમારી સુખસગવડ તરફ બધું ધ્યાન આપેલું હોવાથી અમારે ફક્ત સ્ટીમરમાં જઈને બેસવાનું જ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપડાંનો સવાલ મૂંઝવનારો હતો. શ્રી નાનજીભાઈએ કહ્યું કે, જેવાં કપડાં અહીં પહેરો છો એવાં જ ત્યાં પહેરશો તો ચાલશે. ચિ. બાળનો આગ્રહ હતો કે ધોતિયું આદિ પરદેશમાં બિલકુલ નહીં ચાલે. ત્યાં તમારે પાયજામા, પેન્ટ વગેરે પહેરવાં જ જોઈએ. ચિ. સતીશે એને ટેકો આપ્યો. શ્રી દેવદાસ ગાંધીએ સૂચવ્યું કે આપણું ધોતિયું પરદેશમાં ન ચાલી શકે કેમ કે પગની પિંડીઓ ઉઘાડી પડે એ શિષ્ટમાન્ય નથી. એના કરતાં મદ્રાસી ઢબે લુંગી જેવું ધોતિયું પહેરો તો આપણી વિશિષ્ટતા પણ જળવાય અને પરદેશનો શિષ્ટાચાર પણ સચવાય. આ મારી મૂંઝવણ જોઈ આપણી પાર્લમેન્ટના સ્પીકર શ્રી દાદાસાહેબ માવળંકરે તોડ કાઢ્યો કે જ્યાં ફક્ત ભારતીયોનો જ મેળાપ હોય અથવા ખાનગી પ્રસંગ હોય ત્યાં ધોતિમાથી ચલાવવું. પણ જ્યારે પરદેશના લોકોને મળવાનું હોય અથવા કોઈ મહત્ત્વની સભામાં કે પાર્ટીમાં જવાનું હોય ત્યારે, હવે સર્વમાન્ય થતો આપણો રાષ્ટ્રીય પોશાક જ પહેરવો જોઈએ અને તે હોય છે ચૂડીદાર પાયજામો, ઊભી અને બંધ કૉલરવાળી અચકન અને માથે ગાંધી ટોપી.

મને દાદાસાહેબની સૂચના બધી રીતે વાજબી લાગી. અમારી વચ્ચેનો મતભેદ ટળ્યો અને ચૂડીદાર પાયજામો પહેરવાની કળામાં જેત-જેતામાં હું પાવરધો થયો!

ખોરાકની બાબતમાં મેં નક્કી કર્યું કે પરદેશમાં ગયા પછી, બાંડ ન બાવાનો મારો વરસો સુધીનો આગ્રહ છોડી દેવો. પરદેશમાં દૂધ તો ગાયનું જ મળે છે એટલે એ સવાલ ઊઠતો જ ન હતો. છતાં મન સાથે નક્કી કર્યું કે પરદેશમાં દૂધ ઘી વગેરે જેવું મળે તેવું લેવું. સાંજે સાત વાગ્યા પછી ન જમવાનો મારો નિયમ પણ મેં છોડી દીધો. ફક્ત એક નિશ્ચય સ્વાભાવિકપણે કાયમ રાખ્યો કે પરદેશમાં હોવા છતાં માંસ, મરઘાં, માછલી, ઈંડાં વગેરે કશું ન લઉં. શરાબનો તો સવાલ જ ન ઊઠી શકે. મદ્યમાંસથી સુરક્ષિત રહીએ એટલે બસ છે. બાકી નિયમો પરદેશમાં ન રાખવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સમુદ્રના સહવાસમાં

મુંબઈથી માર્માગોવા જતા સુધી નજરને હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનો સાથ હતો. માતા દૃષ્ટિઆડ થાય નહીં ત્યાં સુધી જેમ બાળકને વિશ્વાસ હોય છે કે આપણે માતા સાથે જ છીએ, તેવી જ રીતે કિનારો દેખાતો હતો ત્યાં સુધી હિંદુસ્તાન છોડ્યું એમ લાગતું ન હતું. માર્માગોવા છોડ્યું અને અમારી આગબોટ કંપાલાએ સ્વદેશ સાથે કાટખૂણો કરી, સીધો ભરદરિયામાં પ્રવેશ કર્યો. જોતજોતામાં હિંદુસ્તાનનો કિનારો અલોપ થયો અને ચારે કોર ફક્ત પાણી અને પાણી જ ફેલાયું. રાત પડી અને આકાશની વસ્તી વધી. પરિણામે એકલવાયા-પણું ઘણું ઓછું થયું. પણ જેમ જેમ ભૂમધ્ય રેષા તરફ જવા લાગ્યા તેમ તેમ હવાની અને વાદળાંઓની ચંચળતા વધી. મોસમ સારી હોવાથી સમુદ્ર શાન્ત હતો. મોજાંઓ જરાક જરાક હસીને વિરામ પામતાં હતાં. કેટલાંક મોજાંઓ કાચી છીંકની પેઠે ઊઠતાં ઊઠતાં જ શમી જતાં હતાં. સમુદ્રનો રંગ કોક વખતે ભૂરી શાહી જેટલો નીળો થતો; કોક વખતે કાળો મેંશ, અને જહાજ પાણી કાપતું જાય ત્યારે બે બાજુ એનું જે ધોળું ફીણ ફેલાય, તેની અનેક અમરી ભાત બની જતી. નીળા સાથે એની એક શોભા, જ્યારે કાળા સાથે બીજી. પ્રથમ પ્રથમ સમુદ્રના મોઢા ઉપર મોજાંઓ ઉપરાંત, ચામડા પર હોય છે એવો કરચલીઓનો 'દાણો' દેખાતો હતો. કોક વાર એ બધી કરચલીઓ અલોપ થઈ પાણી ચળકતાં વાસણોની પેઠે સુંવાળું દેખાતું હતું. જહાજ ધીમે ધીમે ડોલતું જતું હતું. જહાજો કદમાં નાનાં હોય છે ત્યારે વધારે ડોલે છે. મોટાં જહાજો પોતાની ધીરગતિ સહેજે છોડતાં નથી. સામેથી મોજાંઓ આવે તો જહાજ ડોલવા ઉપરાંત ઘોડેસવારની પેઠે આગળ પાછળ ડોલે છે, જેને અંગ્રેજીમાં 'પિચિંગ' કહે છે. પિચિંગ લાંબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત સુધી ચાલે તો માણસને એ ગમતું નથી. પણ એને બંધ શી રીતે કરાય ? હીંચકા ખાઈને કંટાળ્યા હોઈએ તો હીંચકો બંધ કરી એના પરથી ઊતરી જવાય છે. પણ અહીં તો એક વાર જહાજમાં બેઠા કે આઠ દિવસ સુધી એનું ડોલવું અને હીંડોલવું માન્ય રાખ્યે જ છૂટકો. કોક વખતે શંકા આવતી કે બન્ને ગતિના મિશ્રણથી ચક્કર આવશે કે કેમ ? મનમાં એવી પણ બીક પેસતી કે ચક્કરની શંકા મનમાં ઊઠી એટલા માટે જ ચક્કર આવશે. ખાતી વખતે પણ સ્વાદ-પૂર્વક ખાતા હોઈએ તોયે મનમાં શંકા રહે જ કે ખાધેલું પેટમાં ટકશે ખરું ? એ શંકા મારવી સહેલી નથી હોતી. ગમે તેમ હો, અમે અમારા આઠે દિવસ ખૂબ આનંદમાં પસાર કર્યા. લોકોએ બીક બતાવી હતી કે છેલ્લા ચાર દિવસ ભારે જશે. પણ એવું કશું થયું નહીં. ભૂમધ્ય રેષા જે દિવસે અમે ઓળંગી તે દિવસે અમુક વખત સુધી પવન સુસવાટભર્યો વહેતો હતો પણ તેથી અમે કાંઈ ગમગીન થયા નહીં.

ચારે કોર જ્યારે પાણી જ હોય છે ત્યારે થોડો વખત એની મજા પડે છે. પછી આખું વાતાવરણ ગંભીર બની જાય છે. એ ગંભીરતા ઓસર્યા પછી આંખોને અકળામણ થાય છે. આપણી આખી સૃષ્ટિ આ જહાજ પૂરતી. વિશાળ દરિયા આગળ એ કેટલી નાનકડી અને તુચ્છ ! દરિયાની દયાથી જીવનારી. અને બાકી બધું પાણી, પાણી અને પાણી. આટલા પાણીનો ઉદ્દેશ શો ? જમીન પર ગમે તેટલો વિશાળ પટ જોતા હોઈએ તોપણ એમ નથી લાગતું કે આટલી જમીન શા માટે સર્જાઈ હશે ? વિશાળ અને અનંત આકાશ જોઈને પણ એમ નથી લાગતું કે આટલું આકાશ શા કાજે નિર્માયું હશે ? પણ સમુદ્રનાં પાણી જોઈને એ વિચાર મનમાં અચૂક ઊઠે છે. જમીનથી ટેવાયેલી આંખો પાણીનો વિસ્તાર અખંડ જોવો પડવાથી અકળાય છે અને અંતે થાકીને ક્ષિતિજ પરનાં વાદળાં જોઈને વિસામો મેળવે છે. પણ ઘણી વાર એ વાદળાં આકાર વિનાનાં અને અર્થહીન હોય છે. આકાશ જ્યારે મેદુર બને છે ત્યારે તો એની ગમગીની અસહ્ય થઈ ઊઠે છે. ઈશ્વરની કૃપા છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકળામણનો પણ અંતે અંત આવે છે અને ખુલ્લી આંખો પણ અંતર્મુખ થઈને ઊંડા વિચારમાં મહાલે છે.

રાત્રે અને ખાસ કરીને વહેલી સવારે તારાઓ જોવાની મજા હતી. પણ 'આખું આકાશ એકસામટું જોવા ન જ દઈએ' એમ કહી વાદળાંઓ બાળકોની પેઠે આકાશના મોઢા ઉપર પોતાના હાથ ફેરવતાં હતાં. એમની દયાથી જે વખતે જેટલો ભાગ દેખાય તેટલો જ વાંચી લેવાનું અમારું કામ રહેતું. ગુરુવારની સવાર હશે. જહાજ સીધું ચાલતું હતું અને એના મુખ્ય થાંભલા પાછળ છેક પાછળની બાજુ શર્મિષ્ઠા હતી. થાંભલા આડે ભાદ્રપદાનું ચોરસ જેમતેમ ગોઠવાઈ જતું હતું. ઊતરતા ધ્રુવની પડખે દેવયાની ઊગતી હતી. પોણા પાંચ વાગ્યા અને શ્રવણ માથા પરના ખસ્વસ્તિકને ઠેકાણે લટકવા લાગ્યો. હંસ, અભિજિત અને પારિજાત ત્રણે મળીને એક સુંદર ચંદરવો થયો હતો. ડાબી બાજુ ગુરુ, ચંદ્ર અને શુક્ર એક લીટીમાં આવ્યા હતા. ચંદ્રનું ચાંદરણું એટલું આછું હતું કે એને છાશની ઉપમા પણ ન અપાય. સામી બાજુ જોતાં ડાબે વૃશ્ચિક એનાં અનુરાધા, જ્યેષ્ઠા અને મૂળ સાથે લટકતો હતો, જ્યારે જમણી બાજુ સ્વાતિ આથમતી હતી. બિચારો ધ્રુવમત્સ્ય લગભગ ક્ષિતિજભેગો થયો હતો. બીજે દિવસે ચંદ્રનો પક્ષપાત શુક્ર તરફ વળ્યો. રાત્રે સપ્તર્ષિનાં દર્શન કરી અમે સૂતા હતા તે વખતે આકાશમાં પુનર્વસુનું હોડકું અમારી સાથે દક્ષિણની મુસાફરીએ ઊપડેલું જોઈ ઘણો આનંદ આવતો. પુનર્વસુના વહાણમાં બેસવાના ચિત્રાના કોડ હજી અતૃપ્ત જ રહ્યા છે. વખતે મઘા નક્ષત્રની અદેખાઈ એને આડે આવતી હશે! શનિવારે ચંદ્ર અને શુક્રની યુતિ શોભતી હતી. છેલ્લે છેલ્લે એ બન્નેએ નીલો રંગ ધારણ કર્યો હતો. ભાદ્રપદાનું પહોળું નાળચું અહીં ઘણું ઊંચે ચઢેલું દેખાતું હતું. ગઈ કાલથી જ ધ્રુવ અલોપ થયો હતો.

સવારે જ્યારે ઉષા સ્વાગત કરવા સ્મિત કરે છે તે વખતે આખા ક્ષિતિજ આગળ રૂપા જેવી ચળકતી કિનારી બને છે. ત્યાર પછી સમુદ્ર પ્રસન્નપણે હસે છે અને ઉષાને પ્રગટ થવાને અવકાશ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શનિવારે સામી બાજુથી આવતું એક વહાણ દેખાયું. દીવાનો પ્રકાશ મિચમિચાવી એણે અમારા જહાજ સાથે વિવેક કર્યો. અમારા જહાજે સામે વિવેક કર્યો હશે જ. એ જહાજને બહુ પાસે આવ્યાં હોત તો બન્ને ભાંભરત; પણ જ્યાં અવાજ પહોંચતો નથી ત્યાં પ્રકાશથી કામ લેવું પડે છે. ચાર દિવસને અંતે અમારા જહાજ જેવી જ બીજી એક સૃષ્ટિ જીવનના પટ ઉપર વિહરતી જોઈ ખૂબ જ આનંદ થયો. અમારા જહાજ પરના લોકો આફ્રિકાનાં સ્વપ્નાં સેવતા હતા. સામા જહાજ પરના ઉતારુઓ હિંદુસ્તાનનાં સ્વપ્નાં સેવતા હશે. દરેક વહાણના ઉતારુઓના મનોવ્યાપારનો સરવાળો કર્યો હોય તો કેવી મજા પડે!

જહાજ પર ઉતારુઓની ત્રણ જ્ઞાતો હોય છે. પ્રતિષ્ઠાની અસ્પૃશ્યતા ભોગવનારા તે પહેલા વર્ગના ઉતારુઓ. એમને વધારે સગવડ મળે એનું કાંઈ નહીં, પણ એમના રાજ્યમાં બીજા કોઈ જઈ ન શકે એ એમની મોટાઈ. ઉપરના તૂતકનો મોટો ભાગ એમના આરામ અને રમતો માટે રાખેલો હોય છે. બીજા વર્ગના ઉતારુઓ પણ સારી સરખી સગવડ ભોગવે છે. ત્રીજા વર્ગના ઉતારુઓ માણસમાં ગણાય જ નહીં. એમનાં ધણ ગમે ત્યાં ગોઠવાયેલાં હોય. આઠ દિવસ સુધી માણસને પશુજીવન ગાળવું પડે એ હાડમારી નાનીસૂની નથી.

અને હવે બીજા ત્રીજા વચ્ચે એક ઇન્ટરનો વર્ગ ઉપજાવેલો છે. પશુ અને માણસ વચ્ચેનો એ વાનરવર્ગ કહેવાય. એમાં ઘણી ભીડ હોવા છતાં માણસની પેઠે સૂઈ શકાય છે એ જ ગનીમત.

અમે જહાજ પર છીએ એની જાણ કેટલાક લોકોને થઈ એટલે અનેક લોકો અમારી સાથે વાતો કરવા આવતા. એમાંયે અમે સવાર-સાંજ પ્રાર્થના કરીએ છીએ એ સમાચાર જ્યારે જહાજના ખલાસીઓ સુધી પહોંચ્યા ત્યારે એમણે અમને નીચેના ડેક ઉપર સાંજે પ્રાર્થના માટે બોલાવ્યા. લગભગ બધા ખલાસીઓ સુરત જિલ્લાના હતા. ભજનના રસિયા. અનેક ભજનો જાણે અને રાગ સાથે ગાઈ શકે. એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજનમંડળી જામતી ત્યારે આખા દિવસનો થાક અને જન્મારાની ચિંતા તેઓ ભૂલી જતા. નીલા રંગના પોશાક પહેરી આખો દિવસ યંત્રની પેઠે કામ કરનારા લોકો આ જ છે એમ જાણતાં છતાં એ સાચું લાગતું નહીં. એ લોકો આગળ મેં અનેક પ્રવચનો કર્યાં. એમનું જીવન એક જાતની સાધના જ છે એ સમજાવવાનો પ્રયત્ન કર્યો. મેં એમ પણ કહ્યું કે જમીન પર જ દીવાલો ચણી શકાય, દરિયા પર નહીં. માટે ખલાસીઓએ નાતજાતના વાડા રચવા નહીં. દરિયાદિલ થવું ઘટે છે.

અમે લોકો આ રીતે ભજનમાં તલ્લીન રહેતાં ત્યાં જહાજ પરના ચણા ગોવાનીઝ લોકોએ એક રાત્રે સ્ત્રીપુરુષનો એક નાચ ગોઠવ્યો. એમણે એને માટે જે ફાળો કર્યો તેમાં અમને એમણે બાતલ રાખ્યાં નહીં. એટલે અમે હકપૂર્વકનાં પ્રેક્ષકો બન્યાં !

ગોવાના ખ્રિસ્તી લોકોમાં યુરેશિયન લગભગ નહીં જેવા છે. ધર્મે ખ્રિસ્તી પણ રક્તે શુદ્ધ હિંદી એવા લોકોએ પશ્ચિમના જે સંસ્કારો અપનાવ્યા છે તેની અસર જોવા લાયક હોય છે. કેટલીક જોડીઓ સંયમપૂર્વક નૃત્યકળાનો આનંદ લેતી હતી. કેટલીક જોડીઓ જાણે કોઈ સામાજિક વિધિમાંથી પસાર થતી હોય એવી ગંભીર, અલિપ્ત અને યાંત્રિક ઢબે નાચતી હતી. જ્યારે કેટલીક જોડીઓ નૃત્યના નિયમો મંજૂર રાખે તેટલી છૂટથી નૃત્યમાં અને એકબીજામાં લીન થતી હતી. એક બે જોડીઓમાં ઉંમર અને ઊંચાઈનું પ્રમાણ એટલું બધું વિસદૃશ હતું કે આટલી બધી વિટંબણા સહન કરવાનું એમને માથે શી રીતે આવ્યું એમ જ લાગતું હતું. સાંકડી જગામાં આટલા બધા લોકોનું નૃત્ય જેમતેમ પૂરું થયું. આખર સુધી ઉજાગરો કરવાની દાનત ન હોવાથી અગિયાર થાય તે પહેલાં જ અમે સૂઈ ગયાં.

અમારું જહાજ પશ્ચિમ તરફ એટલે કે પૃથ્વીની ગતિથી ઊલટી દિશાએ ચાલતું હોવાથી અમારે લગભગ દરરોજ ઘડિયાળના કાંટા ફેરવવા પડતા. જહાજ તરફથી સૂચના મળતી કે 'મધરાતે અડધો કલાક ઓછો કરો' અથવા 'એક કલાક ઓછો કરો.' સૃષ્ટિનો નિયમ સમજી અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું નુકસાન વેઠવા તૈયાર થતાં. આફ્રિકા પહોંચતાં સુધી અમે કુલ અઠી કલાક ખોયા. (બેલ્જિયન કોંગો જતાં હજી એક વધારે કલાકનો ભોગ આપવો પડેલો તેનું બમાન યથાસ્થાને આવશે.)

ભૂગોળની વિગતો ન જાણનાર વાચકો માટે એટલું કહી દેવું જરૂરનું છે કે રેખાંશની દર ૧૫ ડિગ્રીએ એક કલાક ઉમેરવો અથવા ખોવો પડે છે. અને પ્રશાન્ત મહાસાગરમાં એશિયા ને અમેરિકા વચ્ચે જ્યારે ૧૮૦ રેખાંશ ઉપર જહાજો હોય છે ત્યારે એમને આવતાં કે જતાં એક આખો દિવસ વધારવો અથવા ઘટાડવો પડે છે. એ રેખાંશને અંગ્રેજીમાં 'ડેટ લાઈન' કહે છે. જેમ આપણે ત્યાં અધિક માસ આવે છે તેમ 'ડેટ લાઈન' ઉપર જતાં એક અધિક વાર આવે છે, જ્યારે આવતાં એક વારનો ક્ષય થાય છે.

આઠ દિવસથી નથી છાપું, નથી ડાક, નથી મુલાકાતીઓ અને નથી કોઈ શહેર કે ગામડું — અરે સોગન ખાવા કોઈ ડુંગર કે બેટ નથી. આવી સ્થિતિમાં કલાકો ને કલાકો ને દિવસો ના દિવસો મૂંગા મૂંગા પસાર થાય ત્યારે વાર અને તારીખનું પણ ઠેકાણું નથી રહેતું. અમારા જહાજની ઊંચાઈનો હિસાબ કરતાં અમારી આસપાસ ક્ષિતિજ સુધી કેટલો સમુદ્ર પથરાયેલો છે એની જહાજવાળાઓ આગળ તપાસ કરી ત્યારે ખબર પડી કે અમારી આંખો ૨૫૦ ચોરસ માઈલનો સમુદ્ર એક ચક્કરમાં પી શકતી હતી. કેટલી બધી શાન્તિ! અને તે પણ ડોલતી, હીંડોલતી, વહેતી અને છતાં સ્થિર એવી શાન્તિ, આકાશના આશીર્વાદ તળે, ઊભરાતી હતી. Swelling and rolling peace — abiding and abounding.

કોણ જાણે શી રીતે આ શાન્તિના સેવન સાથે મારામાં માનવ-પ્રેમ ઊભરાતો હતો અને તમામ માણસજાતને સ્વસ્તિ, સ્વસ્તિ, સ્વસ્તિ કહેતો હતો. માનવજાતિનો ઇતિહાસ હજીયે સરવાળે રૂપાળો નથી બન્યો. આ જ સમુદ્રે કેટલાયે અન્યાય અને અત્યાચાર જોયા હશે, કેટલાયે ગુલામોના નિસાસા અહીંની હવામાં ભળ્યા હશે અને કેટલીયે પ્રાર્થનાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્ય, ચંદ્ર અને તારાઓ સુધી પહોંચ્યા છતાં વિફળ ગઈ હશે. અને છતાં જો મનુષ્યરક્તને કારણે સમુદ્રમાં લાલાશ આવી નથી, દુઃખીઓના નિસાસાથી અહીંની હવા કલુષિત થઈ નથી અને લોકોની નિરાશાથી આકાશની જ્યોતિઓ ઝાંખી પડી નથી તો માણસજાતનો જરા સરખો ઇતિહાસ વાંચીને મારો માનવપ્રેમ શા માટે સંકુચિત કે પાતળો થાય ? જો મારા અસંખ્ય દોષો વીસરી જઈને હું મારા પર પ્રેમ કરી શકું છું અને પોતાને વિષે અનેક જાતની આશાઓ સેવી શકું છું, તો મારા જ અનંત પ્રતિબિંબરૂપી માનવજાતને મારો પ્રેમ ઓછો કેમ મળે ?

આવી ભાવના સાથે આફ્રિકાની ભૂમિ ઉપર ભજવાતો મનુષ્યજાતનો ત્રિખંડ સહકાર નિહાળવા હું મોમ્બાસા પહોંચી ગયો.

આ આઠ દિવસમાં ઘણું વંચાશે, ઘણું લખાશે એવી જે આશા રાખેલી તે સફળ ન થઈ. પણ એ આઠ દિવસ જીવનના દર્શન, ચિંતન અને મનનથી પૂરેપૂરા ભરેલા હતા.

૪

પ્રવેશદ્વાર

મેં માન્યું હતું કે મોમ્બાસા ઊતરીને સીધું નૈરોબી જવાનું હશે. મોમ્બાસામાં ચારપાંચ દિવસ રહેવાનું શ્રી અપ્પાસાહેબે શા માટે નક્કી કર્યું તે મારા ધ્યાનમાં આવ્યું ન હતું. પૂર્વ આફ્રિકાનું એક પ્રધાન બંદર અને વ્યાપારનું એક મથક એટલી જ મારી મોમ્બાસા વિષેની કલ્પના હતી. તેથી જ્યારે ૧૬મી મેને દિવસે સુપ્રભાતે અમે મોમ્બાસા પહોંચ્યાં અને એનો લીલોછમ રૂપાળો કિનારો જોયો ત્યારે અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. અમે કુલ આઠ જણ હતાં. મારી સાથે ચિ. સરોજ હશે એ પ્રથમથી નક્કી હતું. છેલ્લી ઘડીએ શ્રી શરદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડ્યાએ સાથે આવવાની ઇચ્છા વ્યક્ત કરી. પાસપોર્ટ પરમિટ વગેરેની વ્યવસ્થા પણ તાર મારફતે થઈ શકી એટલે અમે ત્રણ જણ થયાં. શ્રી અપ્પાસાહેબના આમંત્રણથી અને હિંદુસ્તાન સરકારની અનુજ્ઞાથી શ્રી કમલનયન બજાજ પણ પૂર્વ આફ્રિકા જોવા ઊપડેલા. તેમણે જહાજમાં અમારો સાથ સાધવાને અર્થે પોતાનો કાર્યક્રમ ફેરવ્યો અને કંઈક અગવડ વેઠી અમારી સ્ટીમરમાં જ જગા મેળવી. પોતાનાં બાળકોને દેશાટન દ્વારા અપાતી કેળવણીનું મહત્ત્વ પૂરેપૂરું જાણતા હોવાથી શ્રી કમલનયને ચિ. રાહુલને અને છોટી સુમનને સાથે લીધાં હતાં. એ ઉપરાંત ખાવાપીવાની સગવડ સચવાય એ વિચારે એમણે બે નોકરો પણ સાથે લીધા હતા. આમ અમારો આઠ જણનો કાફલો આફ્રિકા ઊતરવાને અક્ષરશઃ ઉત્કંઠ થયો હતો. અમે તો શું, લગભગ બધા જ ઉતારુઓ આફ્રિકાના જિરાફની પેઠે આફ્રિકાનાં દર્શન માટે ઉત્-કંઠ થઈ જહાજના કઠેરા પાસે ભેગા થયા હતા. છેલ્લે છેલ્લે એક વિઘ્ન ઉત્પન્ન થયું. જહાજ પર કોઈ બાળકને ઓરી નીકળ્યાં હોવાથી જહાજને ક્વૉરેન્ટાઈનમાં રાખવાની વાત ઊપડી હતી. પહેલા અને બીજા વર્ગના ઉતારુઓ દરેક બાબતમાં સુરક્ષિત હોય છે; અને અમે તો હિંદુસ્તાન સરકારના કમિશનરના મહેમાનો! અમારે માટે બધી સગવડો વખતસર સહેલાઈથી મળી શકી. અમારે જે થોભવું પડ્યું તે બીજાઓના પ્રમાણમાં કાંઈ જ નહીં. તેટલામાં અમે નાહી ધોઈને નાસ્તો પણ કરી લીધો. શ્રી અપ્પાસાહેબ વતી એમના રહસ્યમંત્રી શ્રી તાલ્યારખાન ઇનામદાર સવારથી બંદર ઉપર પહોંચ્યા હતા. ઊતરવાનો વખત થયો અને શ્રી અપ્પાસાહેબ પંત પોતે જહાજ ઉપર આવી પહોંચ્યા અને હેતપૂર્વક ભેટ્યા. બીજા લોકોને જહાજ પર ચડવાની રજા મળે તે પહેલાં છાપાના એક પ્રતિનિધિ બંદરના ડૉક્ટર સાથે જહાજ પર આવી પહોંચ્યા અને પોતાના ધર્મને વફાદાર રહી એમણે મારી પાસેથી એક સંદેશો માગ્યો. મેં એમને નીચે પ્રમાણે સંદેશો લખી આપ્યો જે એમણે તે જ દિવસે અનેક છાપાંઓમાં પ્રગટ કર્યો હતો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

४४ ग/६ २६.१
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આફ્રિકાના કિનારા પર આજે પહેલી જ વાર પગ મૂકું છું. મારે મન આ ભૂમિ હિંદુસ્તાન જેટલી જ પવિત્ર છે. આ આફ્રિકામાં જ દુનિયાને મહાત્મા ગાંધીનો પ્રથમ પરિચય થયો. આ આફ્રિકા ખંડમાં ત્રણ ખંડના માનવીઓ પરસ્પર સહકાર માટે એકત્ર આવ્યા છે અને માનવજાતની અંતિમ નિયતિરૂપ વિશ્વબંધુત્વને સિદ્ધ કરવા મથી રહ્યા છે. આવી ભૂમિ ઉપર પગ મૂકતી વખતે આ ભૂમિ જેમની માતૃભૂમિ છે તેવા આફ્રિકન લોકોને હું વંદન કરું છું."

ઊતરતાંવેંત અમે શ્રી નાનજીભાઈના સુંદર અને વિશાળ મકાનમાં જઈ પહોંચ્યાં. તે દિવસે અમને આરામ આપવામાં આવ્યો. સાંજે તૈલ-વાહનની મદદથી આખું શહેર ફરી જોઈ લીધું, ખાસ કરીને બંદરનો ભાગ, કિલ્લાનો ભાગ, અને બજાર વગેરે. દરિયાકિનારે ચાલતાં ચાલતાં દીવાદાંડી જોઈ. સરકારી મકાનો જોયાં, પ્રવાળના કીડાઓએ બનાવેલા પોલા પથ્થરો જોયા અને બીજા દિવસથી શરૂ થતા ભરચક કાર્યક્રમ માટે તૈયાર થયાં.

પ્રથમ દર્શને હું જોઈ શક્યો કે મોમ્બાસામાં જેમ યુરોપિયનો છે તેમ હિંદવાસીઓ પણ છે. તેમણે અહીં ઠીકઠીક ધીકતું જાહેર જીવન ખીલવ્યું છે અને એમની ઓથે અહીંના મૂળ વતની આફ્રિકન લોકો, નવા સંસ્કારો ગ્રહણ કરી, સુધારાનાં સારાંનરસાં બધાં પાસાંઓ કેળવી રહ્યા છે.

મોમ્બાસા એ એક બેટ જ કહેવાય. બે બાજુએ જે બે બખાતો છે એમાંથી ઉત્તરની બાજુના બખાતમાં અરબસ્તાન તેમ જ હિંદુસ્તાન તરફથી આવેલાં નાનાં નાનાં જહાજો લંગર નાખે છે. એ જહાજોને અહીં 'ઢાઉ' કહે છે. દક્ષિણ તરફના બખાતમાં મોટી મોટી સ્ટીમરો અંદર આવે છે. આ બાજુના બંદરનું નામ કિલિન્ડિની છે. ગમે તે બાજુએથી જુઓ, સમુદ્રની શોભા ફીકી પડતી જ નથી. શહેરમાં જૂના અને નવા બન્ને પ્રકારો છે.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોમ્બાસા બહુ પ્રાચીન બંદર છે. લગભગ બે હજાર વરસ થયાં લોકોએ શોધી કાઢયું કે વરસના અમુક મહિનાઓમાં ઈશાન્ય તરફથી નૈર્ઋત્ય તરફ પવનો વાય છે અને એ મોસમ પૂરી થયા પછી બીજા અમુક મહિના એથી ઊલટા વાય છે. આટલી શોધ થઈ એટલે અરબસ્તાનના તેમ જ હિંદુસ્તાનના બહાદુર ખલાસીઓ ડિસેમ્બરથી એપ્રિલ સુધીના મહિનામાં પોતપોતાના દેશથી આફ્રિકાને કિનારે સીધા આવવા લાગ્યા અને, અહીંનો વેપાર પૂરો કરી, ઑગસ્ટની આસપાસ તેઓ પાછા જવા નીકળતા. આમ અવરજવર શરૂ થવાથી ધીકતો વેપાર ચાલ્યો. વસ્તુઓની તેમ જ સંસ્કારોની આપલેનું ઉત્તમ સાધન ઉત્પન્ન થયું અને દુનિયાનો ઇતિહાસ બદલાયો. વહાણો માટે મોમ્બાસા ઉત્તમ બંદર હોવાથી એનો કબજો લેવા માટે અરબો અને પોર્ટુગીઝો વચ્ચે સૈકાઓ સુધી ઘણી ઝપાઝપી ચાલી. પોર્ટુગીઝ લોકોએ ઈ. સ. ૧૬૦૦ પહેલાં અહીં એક કિલ્લો બાંધ્યો અને એનું નામ રાખ્યું ફ્રેાર્ટ જીસસ. શાંતિના પયગમ્બર ઈસુને કેવું લાગ્યું હશે કે પોતાનું નામ એક લડાયક કિલ્લાને આપવામાં આવ્યું છે! આ કિલ્લામાં હાલ જેલ રાખવામાં આવી છે અને ઝાંઝીબારના સુલતાનની બજ્જ આજે પણ એના ઉપર ફરકે છે.

અહીંનાં ઘણાં મકાનો પ્રવાળના કીડાના બનાવેલા પથ્થરનાં હોય છે. એક વાર, છેલ્લી લડાઈ દરમ્યાન, કેટલાંક વહાણો હિંદુસ્તાનથી અહીં આવેલાં. એમની પાસે બીજો માલ ન હોવાથી જહાજો માટે જરૂરી ભાર તરીકે હિંદુસ્તાનથી પથરા ભરીને આણેલા. એ પથરાથી એક શેરીનાં અનેક મકાનોનો પાયો ચણેલો છે. આમ હિંદુસ્તાનના પથરા ઉપર ઊભેલાં મકાનો આફ્રિકામાં જોઈ મારા મનમાં અનેક વિચારો આવ્યા. જો સોએક વરસ સુધી દુનિયામાં શાંતિ સ્થિર થશે તો મોમ્બાસાનું બંદર આપણા મુંબઈ જેટલું જ ખીલશે.

મોમ્બાસામાં અમે છ દિવસ ગાળ્યા. એ દરમ્યાન અમારું મુખ્ય કામ અહીંની શિક્ષણસંસ્થાઓ જોવાનું હતું. તમામ આફ્રિકામાં શિક્ષણ સંસ્થાની ત્રણ જાત તો છે જ. ગોરાઓ અલગ ભણે છે, આફ્રિકન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો અલગ ભણે છે અને હિંદીઓ અલગ ભણે છે. હિંદી લોકોમાં પણ ધર્મભેદ અને જ્ઞાતભેદ હોવાનો જ. મુસલમાનોમાં પણ આગાખાની (ઇસ્માઇલી), ઈશનાસરી વગેરે ભેદો છે. હિંદુઓમાં લુહાણા, વીસા ઓસવાળ, જૈન, પાટીદાર, વગેરે ભેદો હોવાના જ. આ થઈ ગુજરાતીઓની વાત. એ ઉપરાંત પંજાબીઓની શીખ નિશાળો પણ છે. એ લોકોમાં પણ એ પંથ જોવામાં આવે છે.

અને ગોવાના ક્રિશ્ચિતાંવ લોકો પોતાને અલગ બનાવી પોતાની નોખી સંસ્થા ચલાવે છે એ વળી જુદું. કન્યાકેળવણીની નોખી સંસ્થાઓ ઓછી છે, પણ છે ખરી. અને તેમાં પણ જ્ઞાતજાત તો હોય જ. આ સંસ્થાઓમાં જ્ઞાત પરત્વે કે ધર્મ પરત્વે કેળવણીનો ભેદ છે જ નહીં. પ્રાર્થના કે ધર્મોપદેશમાં અમુક આગ્રહો દેખાય છે. એમાંથી ધાર્મિકતા કેળવવા કરતાં પંથાભિમાન અને ફિરકાબાજી કેળવાયેલી જ જોવામાં આવે છે. 'પેલા લોકો આમ આમ માને છે, આપણે એ પ્રમાણે નથી માનતા, આપણી માન્યતાઓ આ પ્રમાણે છે. તેથી આપણે એ લોકોથી જુદા,' એટલું બાળકોના મન ઉપર ઠસાવી દીધું એટલે ધર્મની રક્ષા થઈ ગઈ! અને ખૂબી એ કે એ બધી માન્યતાઓ પાળવા માટે નહીં પણ માનવા માટે જ હોય છે! બીજી કોમના છોકરાઓ આપણી કોમના છોકરાઓ સાથે ભણે તો આપણી કોમના છોકરાઓના સંસ્કારો બગડી જશે અને તેઓ વટલાશે એવી દલીલો કરવામાં આવે છે. પણ તે સંસ્કારો કયા એ કોઈ કહી શકતું નથી. ખરું જોતાં આ બધા પંથો, એમની જ્ઞાતો અને પેટાજ્ઞાતો અલગ અલગ કુટુંબસમૂહ છે. અને સંકુચિતપણે પોતપોતાના સમૂહના સ્વાર્થને પોષવાને ઇંતેજાર હોય છે. જે લોકો અંદર અંદર વિવાહ કરી શકે છે તેમની એક જ્ઞાત થાય છે. એ જ્ઞાતના પૈસાદાર લોકો પોતાના દાનધર્મનો લાભ પોતાના સમૂહને જ મળે એની ચીવટ રાખે છે. અને તે માટે ધર્મ, સંસ્કૃતિ અને અધ્યાત્મની વાતો આગળ કરે છે.

આ જ્ઞાતજાતના ભેદને કારણે હિંદુ જેવો કોઈ એક સમાજ રહ્યો જ નથી. અનેક સમાજોની અમુક સંખ્યાને હિંદુ નામ આપવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એટલું જ. વિવિધતામાં એકતા એ હિંદુ ધર્મનું લક્ષણ છે એમ આપણે અભિમાનપૂર્વક કહીએ છીએ, પણ પ્રત્યક્ષ વહેવારમાં વિવિધતા ઉપર જ બધો ભાર મુકાય છે. એકતા ટકી હોય તો તે એકસરખી અજ્ઞાનતા, અદૂરદૃષ્ટિ અને જક્કીપણામાં રહેલી છે.

કેટલાક લોકો જ્ઞાતજાત તોડીને ચાર વર્ણ ટકાવવાના પક્ષના હોય છે. આજે એ ચાર વર્ણ નામમાત્ર રહ્યા છે — નામો નહીં, વિશેષણો જ છે. વર્ણોની આજની કલ્પના જોતાં માણસનું જીવન એકાંગી બનાવવા પૂરતો જ એનો ઉપયોગ છે. જ્યાં સુધી જાતિ અને વર્ણ બન્ને આપણે ફગાવી દીધાં નથી ત્યાં સુધી આપણી માણસાઈ પૂર્ણ રીતે પ્રગટ થવાની નથી. અનેક ઠેકાણે લોકોને મેં કહ્યું કે આપણા ધર્મશાસ્ત્ર પ્રમાણે ઉત્તમ સ્થિતિ સત્યયુગની હોય છે. એ યુગમાં એક જ ઈશ્વર અને એક જ વર્ણ હોઈ શકે છે, એમ આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. લોકો બગડ્યા, યુગનો હ્રાસ થયો એટલે લાચારીથી અનેક વર્ણો અને જ્ઞાત-જાતના ભેદો પેદા કરવા પડ્યા. લોકો આગળ હું રાજા ભર્તૃહરિનું વચન પણ ટાંકતો — જ્ઞાતિશ્રેદ્ અનલેન કિમ્ ? — જો તમારી પાસે જાતિના ઝઘડા હોય તો સમાજને બાળીને ભસ્મ કરવા માટે બીજો કોઈ અગ્નિ આણવાની જરૂર નહીં રહે; જ્ઞાત હોય તો અગ્નિની શી જરૂર ?

અને આફ્રિકા જેવા દૂર મુલકમાં રહેણીકરણીની બાબતમાં જ્ઞાત-જાત કોઈ પાળતુંયે નથી. ઘેર ઘેર આફ્રિકન નોકરો રખાય છે જે કપડાં ધુએ છે, ઘરમાં પાણી ભરે છે, રસોઈ તૈયાર કરી આપે છે અને બાળકોને સાચવે છે. ઉચ્ચ એટલે કે ખર્ચાળ રહેણીવાળા લોકોને ત્યાં ઈંડાં, માંસ અને મદિરાનો વહેવાર ઓછેવત્તે અંશે પહોંચી ગયો છે. એમાં અપવાદ નથી એમ નથી. પણ અપવાદનું પ્રમાણ કેટલું એ શોધવા ન બેસીએ એમાં જ ડહાપણ છે. મારો ઉદ્દેશ અહીં સામાજિક જીવન ઉપર ટીકા કરવાનો નથી પણ આવું જીવન જીવનારા લોકો જ્ઞાત-જાતના ભેદ અને એના અલગ અલગ સંસ્કારોની વાત શી રીતે કરતા હશે એ શંકા ઉઠાવવા પૂરતો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલગ અલગ શિક્ષણસંસ્થા થવાથી નાણાં નાહક વેડફાય છે અને કેળવણી રવડે છે. કેળવણીના સંસ્કારો કોઈ જોઈ શકતું નથી, જ્યારે ભવ્ય મકાનો સહેજે નજરે ચડે છે. તેથી દાનશૂર લોકો મકાનો બાંધવા પાછળ છૂટથી પૈસા આપે છે. પૂર્વ આફ્રિકાનાં ઘણાંખરાં વિદ્યાલયોની ઇમારતો અદેખાઈ ઉત્પન્ન કરે એવી છે. પણ એ સુંદર મકાનોમાં વસતી કેળવણીની દીન અવસ્થા જોઈ દુઃખ થયા વગર રહેતું નથી. કેટલીક સંસ્થાઓની વ્યવસ્થા સારી હોય છે પણ બધે એક જ તકરાર સંભળાય છે કે શિક્ષકો મળતા નથી; મળેલા ટકતા નથી. અને શિક્ષકો કહે છે કે માબાપોની અને સંસ્થાના વ્યવસ્થાપકોની દરમ્યાનગીરી એટલી બધી હોય છે કે બાળકોમાં કોઈ જાતની શિસ્ત કે ખંત પેદા કરાતી જ નથી.

જ્યાં જ્યાં સારા શિક્ષકો છે ત્યાં ત્યાં કેળવણીનું વાતાવરણ તરત વરતી શકાય છે. પણ સરવાળે પૂર્વ આફ્રિકાના આપણા લોકોની કેળવણી સારી હાલતમાં નથી એમ જ કહેવું પડે છે.

ખરું જોતાં આપણા લોકોએ આખા પૂર્વ આફ્રિકા માટે એક સ્વતંત્ર કેળવણી મંડળ સ્થાપવું જોઈએ. એમાં ઉત્તમ કેળવણીકારો, પીઢ સમાજનેતાઓ અને દૂરંદેશીથી સલાહ આપનારા રાષ્ટ્રપુરુષો જ હોય. ન્યાતજાત કે ધર્મના ભેદ વગર બધી જ કેળવણીની સંસ્થાઓ આવા મંડળને હસ્તક સોંપી દેવી જોઈએ. દરેક સંસ્થાનું બજેટ ભલે હાલ અલગ અલગ રહે. દરેક સંસ્થાના કોઈ ખાસ આગ્રહનાં તત્ત્વો હોય તો તે સાચવવાની બોળાધરી પણ આવું મંડળ આપી દે. પણ બધી સંસ્થાઓ એક મંડળ તળે આવે તો જ કેળવણીની સ્થિતિ સુધરે એમ છે. આવા મંડળની પ્રેરણા તળે શિક્ષકોમાં પણ દૈવત આવશે અને કેળવણી પગભર થશે.

એક વસ્તુ જોઈને મને વિશેષ સંતોષ થયો. અને તે એ કે હિંદુ તેમ જ મુસલમાન બન્ને સંસ્થાઓમાં કેળવણીનું વાહન ગુજરાતી જ છે. કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતથી આવેલા હિંદુ મુસલમાનો ખરું જોતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ સમાજ છે. વેપારમાં તો તેઓ એકબીજા સાથે સંકળાયેલા છે જ. સામાજિક દૃષ્ટિએ પણ કેટલાંક હિંદુમુસ્લિમ કુટુંબોમાં એક જ કુટુંબના હોય એવો મીઠો સંબંધ છે. હિંદુસ્તાનના ભાગલા પડ્યા એટલે આપણે પણ અહીં આપણા જીવનના ભાગલા પાડવા જ જોઈએ એમ સમજી અનેક ઠેકાણે હિંદુ-મુસ્લિમ અંટસ ઉત્પન્ન કરવામાં આવ્યો છે. આમાં પ્રારંભ કોણે કર્યો અને જવાબ કોણે આપ્યો એ સવાલને કારણે પણ મતભેદ અને ઝઘડા ચાલે છે કેમ કે બન્ને પક્ષ માને છે કે આવો ભેદ ઉત્પન્ન કરવાની ખરેખર જરૂર ન હતી અને આવા ભેદથી બન્નેને વારાવાર નુકસાન થઈ રહ્યું છે.

મેં એ લોકોને અનેક ઠેકાણે કહ્યું કે હિંદુસ્તાનથી આવ્યો ત્યારે અનેક રોગો સામે મારે ઇન્જેક્શનો લેવાં પડ્યાં હતાં. ખરેખર આપણા લોકોએ હિંદુસ્તાનમાંથી આવતા હિંદુ-મુસ્લિમ ઝઘડારૂપી ત્યાંના રોગ સામે ઇન્જેક્શન લઈ ને જ અહીં આવવું જોઈએ ! કેટલેક ઠેકાણે જેમ તમામ માલ ધુમાડાની ઓરડીમાં મૂકીને 'ડિસ-ઇન્ફેક્ટ' કરે છે તેવી જ રીતે હિંદુસ્તાનથી આવતાં છાપાંઓ પણ ડિસઇન્ફેક્ટ કરીને જ વાંચવાં જોઈએ. તો જ એ ઝેરથી આપણે બચી શકીશું.

આપણા લોકોએ પૂર્વ આફ્રિકામાં પોતાના રાજદ્વારી હકોનું રક્ષણ કરવા માટે ઠેકઠેકાણે ઇન્ડિયન એસોસિયેશનોની સ્થાપના કરેલી છે. હવે કેટલાક લોકોને એ ઇન્ડિયન શબ્દ સામે વાંધો જણાય છે. જેમ હિંદુસ્તાનના ભાગલા થયા તેમ ઇન્ડિયન એસોસિયેશનના પણ ભાગલા થવા જોઈએ અને ફંડની વહેંચણી કરવી જોઈએ એટલે સુધી આંધળાપણું પહોંચી ગયું છે.

જ્યાં હિંદુ-મુસ્લિમ બાળકો એકત્ર ભણે છે ત્યાં શિક્ષકો નીમવામાં હિંદુ-મુસ્લિમ પ્રમાણ જળવાવું જોઈએ એવો આગ્રહ કોક કોક ઠેકાણે કરવામાં આવે છે ! વ્યવસ્થામંડળમાં પણ કોમી પ્રમાણનો સવાલ ઊઠે જ છે. દરેક ઠેકાણે બન્ને સમાજના નેતાઓ અચૂક કહે છે કે, "અમારા મનમાં અત્યાર સુધી એવો ભેદભાવ હતો જ નહીં. સામા પક્ષની નિયત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગડી એટલે અમારે આત્મરક્ષાને અર્થે જાગરૂક થવું પડયું અને ચાંપતા ઇલાજો લેવા પડયા."

ભાષાની બાબતમાં ગુજરાતીને લીધે જે એકતા કાયમ છે ત્યાં પણ મુઠ્ઠીભર પંજાબીઓ રાષ્ટ્રભાષાને નામે ઝઘડો પેદા કરી રહ્યા છે. પંજાબી મુસ્લિમો ઉર્દૂનો પક્ષ તાણે છે. જ્યારે પંજાબના શીખો હિંદીનો આગ્રહ રાખે છે. શીખ લોકોએ કેળવણી ખાતા સાથે વાટાઘાટ કરી ગુરુમુખી (પંજાબી) ભાષાનો કેળવણીના માધ્યમ તરીકે સ્વીકાર કરાવ્યો છે.

પૂર્વ આફ્રિકામાં મહારાષ્ટ્રીઓ એટલા થોડા છે કે તેઓ ભાષાના ઝઘડામાં ભાગ લઈ શકતા નથી. તેઓ બધા પોતાનાં બાળકોને ગુજરાતી નિશાળોમાં મોકલે છે. તેમને ગુજરાતી મારફતે કેળવણી અપાય છે. અને એથી એમને કશું નુકસાન થયું નથી. મરાઠી ભાષાના સંસ્કારો જાળવવાનું કામ તેઓ સહેજે ઘરમાં કરી શકે છે. પંજાબી પણ જો એ જ નીતિ ધારણ કરે તો અહીંની કેળવણીનો સવાલ સહેજે હળવો થાય. લગભગ ૯૦ ટકા લોકો આજે ગુજરાતી જાણે જ છે. હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા હિન્દી છે, પાકિસ્તાનની ઉર્દૂ છે તો પૂર્વ આફ્રિકાના હિંદી લોકોની સગવડની ભાષા ગુજરાતી છે. ધર્મને નામે જેમ આપણા ઝઘડા ચાલે છે તેમ ભાષાને નામે પણ આંધળા ઝઘડા ચલાવીશું તો આપણો સમાજ બધી રીતે છિન્નભિન્ન થશે.

પ્રવાસવર્ણનના પ્રારંભમાં જ બે મહિનાના અનુભવનો નિચોડ મેં આપી દીધો છે કેમ કે દરેક ઠેકાણે એની કટકે કટકે ચર્ચા કરી લેવી એ સગવડભરેલું નથી.

મોમ્બાસામાં ખાસ ધ્યાન ખેંચે એવી વ્યક્તિ તે ડૉ. કર્વે છે. મહર્ષિ અણ્ણાસાહેબ કર્વેના એ દીકરા થાય છે. વાતો કરે ત્યારે સાવ વ્યવહારવાદી દેખાય છે પણ આજે કેટલાંયે વરસ થયાં પંડયા ક્લિનિક કરીને એક સારામાં સારી હસ્પિતાલ સેવાભાવથી ચલાવી રહ્યા છે. પંડયા બાનદાન સમાજસેવા ને દાન માટે પ્રખ્યાત છે. એમના ઉદાર ફાળાને કારણે આ હસ્પિતાલને 'પંડયા ક્લિનિક'નું નામ અપાયું છે. ડૉ. કર્વે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંસ્થાના સર્વેસર્વા છે. મહાયુદ્ધના દિવસોમાં બ્રિટિશ સૈનિકોના આરામ-ગાહને માટે બાંધેલી એક વિશાળ ઇમારત ભાડે લઈને તેમાં આ ઇસ્પિતાલ રાખવામાં આવી છે. ડૉ. કર્વેએ બહુ હેતપૂર્વક આખી સંસ્થા અમને વિગતવાર બતાવી. એમને મોઢે એમના પિતાના અનેક જીવનપ્રસંગો સાંભળતાં મને બહુ રસ પડ્યો. અણ્ણાસાહેબના જીવનની કેટલીક વિશેષતાઓ ડૉ. કર્વે પાસેથી જ હું જાણી શકયો. અણ્ણા-સાહેબ અહીં એક વાર આવ્યા હતા અને ઘણા દિવસ સુધી એમણે અહીં આરામ લીધો હતો.

બીજા એક જાણવા જેવા ડૉક્ટર તે ડૉક્ટર શેઠ. એમનાં પત્ની મારાં બહુ જૂનાં મિત્ર અને પ્રકાશક કાશીનાથ રઘુનાથ મિત્રનાં દીકરી છે.

શ્રી અપ્પાસાહેબ પંતના મિલનસાર સ્વભાવને કારણે અને એમના અધિકારને કારણે પૂર્વ આફ્રિકાના બધા જ હિંદીઓ એમની તરફ આકર્ષાયા છે. અમારો આખો કાર્યક્રમ એમણે ગોઠવેલો હોવાથી દરેક સ્થાનના તમામ પ્રતિષ્ઠિત લોકો અમારા સ્વાગતમાં ભાગ લેતા હતા. સારા સારા સ્થાનિક કાર્યકર્તાઓ કોણ છે એ અમારે શોધવું પડતું ન હતું. કેટલાક લોકો પાસેથી મેં સાંભળ્યું કે 'અપ્પાસાહેબ પંત હિંદુ છે, એમને અમે શા માટે મળીએ' એવો વિચાર રાખી આ દેશના ઘણાખરા મુસલમાન આગેવાનો શરૂઆતમાં એમનાથી દૂર દૂર રહેતા હતા. પાછળથી જ્યારે એમને જણાયું કે અપ્પાસાહેબના મનમાં હિંદુ-મુસ્લિમ એવો ભેદ છે જ નહીં, તેઓ બધાના છે, બધાને અપનાવે છે, બધાની જ સેવા કરવા તત્પર છે અને ગાંધીજી તેમ જ જવાહરલાલ નેહરુની ઉદાર નીતિ ચલાવનારા ઉચ્ચ કોટિના રાષ્ટ્રપુરુષ છે ત્યારે તેઓ ધીરે ધીરે અપ્પાસાહેબ પ્રત્યે આકર્ષાયા. આજે તેઓ જેટલા હિંદુઓને વહાલા છે એથી મુસલમાનોને જરાય ઊતરતા વહાલા નથી. એમને પોતાને ત્યાં મહેમાન તરીકે બોલાવવામાં દરેક માણસને પોતાનું મોટું ગૌરવ જણાય છે. તેઓ જ્યારે મુસાફરીએ ઊપડે છે ત્યારે કેટલાય લોકો પોતપોતાની મોટરો લઈને નીકળે છે કે જેથી એમનો કંઈક સહવાસ મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો એક રમૂજી દાખલો અહીં ટાંકવા જેવો છે. એક વાર અપ્પાસાહેબ યુગાન્ડામાં મુસાફરી કરતા હતા. એમની સાથે તે વખતે આવી રીતે અગિયાર મોટરકારો ભેગી થઈ હતી. તે જોઈને અહીંના આફ્રિકન લોકો કહે, "યુગાન્ડાના અમારા કબાકા (રાજા) જ્યારે સફારી પર ઊપડે છે ત્યારે એમની સાથે ચારેક મોટરો હોય છે. આ હિંદના કબાકા બહુ મોટા હોવા જોઈએ. જુઓ એની સફારી અગિયાર મોટરથી ચાલે છે!"

અપ્પાસાહેબ જેમ મીઠાબોલા છે તેમ આબાબોલા પણ છે અને તેથી જ પૂર્વ આફ્રિકાના તમામ ગોરા લોકો ઉપર એમની સારી છાપ છે. દરેક વસ્તુ કઈ રીતે મૂકવાથી લોકોનું મન અનુકૂળ થઈ શકશે એની કળ એમની પાસે હોવાથી તેઓ કોઈ પણ માણસ પાસે સાચી વસ્તુનો સ્વીકાર કરાવવામાં ફાવી જાય છે. એક જણે એક વાક્યમાં અપ્પાસાહેબનું શબ્દચિત્ર આપ્યું હતું – It is impossible for anyone to be mean in his presence.

અપ્પાસાહેબ એટલે અખંડ પ્રવૃત્તિ. અહીં આવીને ત્રણેક વરસ થયાં હશે એટલામાં એમણે ચાળીસ હજાર માઈલની મુસાફરી કરી છે. આ મુલકના નાનામોટા દરેક માણસને તેઓ ઓળખે છે. અંગ્રેજ લોકો એમના પર ખુશ છે. આફ્રિકન લોકો એમના પ્રત્યે આદરથી તેમ જ ઘણી આશાથી જુએ છે. અને હિંદી લોકો તો કહેતાં થાકતા જ નથી કે, "અપ્પાસાહેબ આવ્યા અને આ પ્રદેશમાં અમારી ઇજ્જત વધી. એમણે અમને નવી દૃષ્ટિ આપી છે. અહીંના લોકો હિંદુસ્તાનની મોટાઈ હવે સમજતા થયા છે. અમને એક જ બીક છે કે હિંદુસ્તાન સરકાર જ્યારે એમને અહીંથી બીજા કોઈ મોટા કામ ઉપર મોકલી દેશે ત્યારે અમારું શું થશે!" અપ્પાસાહેબ પાસે પોતાની પ્રતિષ્ઠાનો જરા સરખોય ખ્યાલ નથી. એમની નમ્રતા, એમનો મનુષ્યપ્રેમ અને દરેક માણસની ખામીઓ દરગુજર કરવાની ઉદારતા એમને લોકોના હૃદયમાં એક કાયમનું સ્થાન અપાવે છે. ચોપડીઓ વાંચીને જેટલું જ્ઞાન મેળવી શકાય છે એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં અધિક અને ઊંડું જ્ઞાન તેઓ અનેક જાતના અધિકારી પુરુષોના પરિચયમાંથી મેળવે છે. તેમની દૃષ્ટિ તુરતના લાભ તરફ નથી હોતી. પણ માનવહિતનાં સત્કાર્યો પેઢી દર પેઢી કેવી અસર કરતાં જાય છે એનો એમને બરાબર ખ્યાલ હોવાથી, કુશળ અને દૂરદર્શી જમીનદારની પેઠે તેઓ જાતજાતનાં મહાવૃક્ષનાં બીજ વાવતા જાય છે અને કાળજીપૂર્વક તેનું સિંચન કરતા જાય છે.

મોમ્બાસાની એક અત્યંત નાની અને નજીવી લાગતી શિક્ષણ સંસ્થા તરફ મારું વિશેષ ધ્યાન ગયું. પૂર્વ આફ્રિકામાં કેળવણીની તંગી એટલી બધી છે કે કેળવણીનું અત્યારે રેશનિંગ ચાલે છે. અઠવાડિયામાં ત્રણ દિવસ અમુક છોકરાઓ ભણે, અને બીજા ત્રણ દિવસ અમુક છોકરાઓ ભણે. સવારે અમુક છોકરાઓના વર્ગ ચાલે, જ્યારે સાંજે બીજા છોકરાઓનો વારો આવે. આવું અનેક ઠેકાણે કરવું પડે છે. આવી તંગીની હાલતમાં જે છોકરાઓ લાગલાગટ બે વાર નાપાસ થાય તેમને શાળામાંથી કાઢી મૂકવામાં આવે તો તેમાં આશ્ચર્ય શું?

આવા દુર્દૈવી છોકરાઓને ભેગા કરી તેમને બનતી કેળવણી આપવા માટે ડૉ. શેઠના પ્રયત્નથી એક સંસ્થા ખોલવામાં આવી છે. તેમાં હિંદી છોકરાઓ સાથે ત્રણ આફ્રિકન છોકરાઓ પણ ભણે છે. પછાત, ઠોઠ અને હારેલા છોકરાઓમાં પણ કેળવણી પામવાનું દૈવત હોય છે. સામાન્ય સંસ્થામાં તેઓ ફાવતા નથી એનો દોષ ઘણી વાર એમનો નથી હોતો પણ પરિસ્થિતિનો અને પદ્ધતિનો હોય છે. ઇટાલીના આવા જ છોકરાઓને ભણાવતાં ભણાવતાં માદામ મૉન્ટેસોરીએ પોતાની વિશ્વવિખ્યાત શિક્ષણ પદ્ધતિ ખીલવી છે એ સહુ કોઈ જાણે છે. મોમ્બાસાની એ 'ઇન્ડિયન રીપબ્લિક સ્કૂલ' સમાજને સિદ્ધ કરી આપી શકે છે કે સમાજે તજી દીધેલા માનવીઓમાં પણ ઉત્તમ તત્ત્વ હોઈ શકે છે. ડૉ. શેઠ આ સંસ્થામાંથી શું ઉપજાવી શકે છે એ જોવાનું છે.

ડૉ. કર્વેએ બીજી એક સ્વાવલંબી સહકારી પ્રવૃત્તિ આદરી છે. તે છે ગરીબ હિંદીઓ માટે સારાં સારાં મકાનો બાંધવાની અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તે ભાડે આપવાની. આ રીતે કેટલાંય ગરીબ કુટુંબો સ્વચ્છ અને માનભર્યું જીવન ગાળી શકયાં છે. અમે એ ઘરો જોઈ આવ્યા. જે સ્વચ્છતા અને પ્રસન્નતા ઘરની ઓરડીઓમાં દેખાતી હતી તે જ એ ઓરડીઓમાં વસતી બહેનો અને એમનાં બાળકોના મોઢા ઉપર અમે જોઈ શકયા. સ્વચ્છ અને સુઘડ ઘરો આત્મગૌરવ અને સ્વમાનનું વાતાવરણ પેદા કરે છે. નીરોગી શરીરમાં નીરોગી મન રહે છે એ કહેવતને વ્યાપક કરીને આપણે કહી શકીએ કે સુઘડ ઘર હોય તો અંદર વસતા માનવીઓનાં મન અને જીવન પણ સુઘડ બને છે.

મોમ્બાસામાં બે ત્રણ લાઇબ્રેરીઓ પણ આપણને ગમે એવી હતી. એક પુસ્તકાલયમાં પારસીઓની અવેસ્તા ગાથા ઉપર કવિ ખબરદારે જે વિદ્વત્તાપૂર્ણ ચોપડી હાલમાં જ લખી છે તે પણ હતી.

નમ્રભાવે સાત્ત્વિક વાતાવરણ ઉત્પન્ન કરનાર અને ગાંધીજીના વિચારો થિયોસોફી સાથે વણીને લોકો આગળ મૂકનાર શ્રી માસ્ટરનું વ્યક્તિત્વ મોમ્બાસામાં સહેજે તરી આવે છે. એમના ધાર્મિક વર્ગોની અસર આસપાસના સમાજ ઉપર સારી પડી છે.

જાતપાતનો કશો ભેદ રાખ્યા વગર સમાજની સેવા કરનાર અહીંનું એક જૂનું મંડળ તે સોશિયલ સર્વિસ લીગ છે. મોમ્બાસાના એક ધનિક અરબી વેપારીએ આ સંસ્થાની કદર કરી એમને પોતાનું રહેવાનું મકાન આપી દીધું છે.

મોમ્બાસા આવતાંવેંત બીજી એક પ્રવૃત્તિ તરફ મારું ધ્યાન ગયું તે અહીંનાં બાલમંદિરો. મેં સાંભળ્યું છે કે સ્વ. ગિજુભાઈ બધેકાના ચાળીસેક વિદ્યાર્થીઓ પૂર્વ આફ્રિકામાં ઠેકઠેકાણે બાળકેળવણીનું કામ કરી રહ્યા છે. એ લોકોને વખતે ખબર નહીં હોય કે સ્વ. ગિજુભાઈએ પોતાનું કેળવણીનું મિશન ઓળખ્યું તે પહેલાં તેઓ પૂર્વ આફ્રિકામાં વકીલાત કરવા આવ્યા હતા અને સ્વાહિલી ભાષા પણ શીખ્યા હતા. અહીં જ એમને લાગ્યું કે બાળકોને કેળવવાં અને એમના સ્વાતંત્ર્યની વકીલાત કરવી એમાં જ પોતાના જીવનનું સાર્થકય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠના એક જૂના વિદ્યાર્થી કવિ સોમાભાઈ ભાવસાર અને એમનાં પત્ની મોમ્બાસાની બાળકેળવણીમાં ઓતપ્રોત થયાં છે. ગિજુભાઈની શૈલીથી એમણે અમર ગાંધી કરીને એક નાનકડી પુસ્તિકા લખી છે. એ જ ચોપડીનો એક સ્વાહિલી ભાષામાં અને એક લુગાન્ડી ભાષામાં એવા બે અનુવાદ થવાથી એ ચોપડી અમર થઈ છે.

આગાખાની બાળમંદિર પણ ઘણું સુંદર રીતે ચાલે છે. ત્યાંનાં બાળકોની ટાપટીપ અને પ્રસન્નતા ખાસ ધ્યાન ખેંચે એવાં હતાં. આગાખાની પ્રવૃત્તિ વિષે મારે આગળ લખવું છે એટલે અહીંની ટેકનિકલ કૉલેજ જેવી મહત્ત્વની શિક્ષણ સંસ્થાનો પણ અહીં ઉલ્લેખ નહીં કરું.

મુસલમાન કાર્યકર્તાઓમાં વિશેષ આકર્ષક લાગ્યા શ્રી કાદરભાઈ. ઘણી પ્રવૃત્તિ કરતાં કરતાં તેઓ ઘરડા થયા છે. એક વખતે એમને નામદાર આગાખાનનો બહુ મોટો ટેકો હતો. સંસ્થા ચલાવવાની કળામાં કાદરભાઈ એક્કા છે. એમનો ઉત્સાહ હજી ઘરડો થયો નથી.

આફ્રિકન લોકોને મળવા માટે હું પ્રથમથી ઇંતેજાર હતો પણ કચાંય એમનાં દર્શન થતાં નહીં. યુનાઇટેડ કેનિયા કલબમાં એ તક મને મળી. ત્યાં ગોરાઓ પણ આવ્યા હતા અને આફ્રિકન લોકો પણ હતા. બીજી વસ્તુઓ સાથે મેં એમને વંશવ્યવસ્થાના સવાલ — 'રેશિયલ એડજસ્ટમેન્ટ' — વિષે બે શબ્દ કહ્યા જેની અસર ઘણી અને સારી થઈ જણાઈ.

મેં કહ્યું કે, 'આર્ય, અનાર્ય, દ્રાવિડ, આદિવાસી, શક, હૂણ, ચીના, પઠાણ, મોગલ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, અંગ્રેજ, યહૂદી, પારસી વગેરે અનેક જાતિઓ હિંદુસ્તાનમાં આવીને વસી છે. જાણે તમામ માનવવંશો હિંદુસ્તાનમાં એકત્ર આણવાની ભગવાનની યોજના ન હોય. એ બધા લોકો સંપથી અને સહકારથી એકત્ર કેમ રહે એના અનેક અખતરાઓ અમે અમારા દેશમાં હજારો વરસથી કર્યા છે. એ અંગે અમે કેટલીક ગંભીર ભૂલો પણ કરી છે અને એને માટે અમારે ઓછું સોસવું નથી પડયું. અમે ટેડવાડાઓ ઊભા કર્યા. ઊંચનીચ ભાવ કેળવ્યો. અહિંસકારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શસ્ત્ર અજમાવ્યું અને અંતે જોયું કે મૂળ રોગ કરતાં કોક વાર અજમાવેલો ઇલાજ જ વધારે જીવલેણ નીવડે છે. પણ અમારા ઋષિમુનિઓએ શરૂઆતમાં અમને એક સંજીવની મંત્ર આપ્યો હતો કે ગમે તેટલા પ્રયોગો કરો પણ હિંસાનો આશ્રય ન લેતા. સર્પસત્ર જેવા ઘાતક પ્રયોગો અમારી આસ્તિકતાએ તરત રોકચા. આજે અમારે ત્યાં ચામડીના ભેદને કારણે અલગ ન્યાતો નથી ચલાવવામાં આવતી. સ્વતંત્ર થતાંવેંત અમે અસ્પૃશ્યતાને દફનાવી દીધી છે. હરિજનો માટે અમારા કૂવાઓ અને અમારી વીશીઓ, અમારી નિશાળો અને અમારાં મંદિરો પૂર્ણ રીતે ખુલ્લાં થયાં છે. અમારા અનુભવ પરથી આફ્રિકામાં વસતા ત્રણે ખંડના લોકો ઘણો બોધ લઈ શકે એમ છે.'

ગોવાના ક્રિસ્તાંવ લોકો બધાથી અળગા રહે છે. એમને ત્યાં જઈ ને પણ મેં એમને સંભળાવ્યું કે, 'તમે તમારી માતૃભાષા કોંકણીની ઉપેક્ષા કરો છો એ શાપ તમને નડે છે. બધા હિંદીઓ સાથે તમારે ભળવું જોઈએ.' ગોવાનો રાજનૈતિક સવાલ મેં જાણી જોઈ ને છેડચો નહીં કેમ કે હું જાણતો હતો કે એ લોકોમાં તીવ્ર મતભેદ છે. કેટલાક લોકો પોર્ટુગલની ધૂંસરી ફેંકી દઈ ભારતના યુનિયનમાં જોડાવા માગે છે જ્યારે કેટલાક પોર્ટુગલ સાથેનો સંબંધ કાયમ રાખવા માગે છે અને પોતાની સંસ્કૃતિ નોખી હોવાનો દાવો કરે છે.

પરદેશમાં વસતી આપણી બહેનો સંગઠિત થઈ ને કામ ન કરે તો તે એક આશ્ચર્ય જ ગણાય. કેમ કે સ્વદેશમાં પણ બહેનોએ ન્યાતજાતના અને ધર્મના ભેદ વટાવી શુદ્ધ રાષ્ટ્રીય વૃત્તિથી અને માનવતાના ખ્યાલથી અનેક સંગઠનો કરી બતાવ્યાં છે. અધિકાર-વહેંચણીના લોભમાં સપડાઈ જ્યારે હિંદુ-મુસલમાનો એકબીજાના વેરી થવા તૈયાર થયા હતા ત્યારે પણ બન્ને કોમની બહેનોએ ઘણી માણસાઈ બતાવી હતી. મોમ્બાસામાં સ્ત્રીઓની એક સારી સરખી સંસ્થા ચાલે છે અને શ્રીમતી સોંઘી એનું સુંદર નેતૃત્વ કરે છે. અહીંની બહેનો આગળ મેં મારો સંદેશો પહેલવહેલો સંભળાવ્યો કે બહેનોએ માનવતાને ખીલવવાની દૃષ્ટિએ આફ્રિકન બહેનોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બાળકોને અપનાવવાં જોઈએ અને એમની સેવા કરવી જોઈએ. આવાં નવાં પગલાં ભરતાં બહેનોને પ્રથમ પ્રથમ સંકોચ થાય એ સ્વાભાવિક છે પણ બહેનો પ્રધાનતયા હૃદયધર્મી હોવાને કારણે તેઓ આવાં પગલાં સ્વાભાવિક રીતે ઝીલી શકે છે અને એ પ્રવૃત્તિને આગળ ધપાવતાં એમને મુશ્કેલી નથી આવતી. પરણ્યાંવેંત પતિના ઘરના અજાણ્યા લોકોને જે બહેનો તરત અપનાવી શકે છે એમને માટે આ દેશની બહેનોને અને બાળકોને અપનાવવાની વાત મુશ્કેલ ન હોવી જોઈએ.

આમ મોમ્બાસામાં જે દિવસો ગાળ્યા તે કીમતી નીવડ્યા.

ટૂંકામાં કહી શકાય કે પૂર્વ આફ્રિકાના આ પ્રવેશદ્વારમાં જ અહીંના ઘણાખરા સવાલોનું અને એની પાછળનાં બળોનું દર્શન થયું અને તેથી જ ઉઘાડી આંખે અને જાગરૂક મને અમે બધે પ્રવાસ કરી શકયાં.

૫

નૈરોબી

નૈરોબી કેવળ કેનિયાની જ નહીં પણ એક રીતે આખા પૂર્વ આફ્રિકાની રાજધાની ગણાય.

મોમ્બાસા, ટાંગા, ઝાંઝીબાર, દારેસ્સલામ, લિંડી વગેરે સ્થાનો સમુદ્રકિનારે હોઈ ત્યાંની હવા પ્રમાણમાં ગરમ રહે છે. ગોરા લોકોને એ માફક નથી આવતી. આપણા લોકો પણ ઠંડા પ્રદેશમાં વગર થાકચે જેટલું કામ કરી શકે છે તેટલું ગરમ પ્રદેશમાં નથી કરી શકતા. આફ્રિકામાં જ્યાં જ્યાં સારી ઠંડી હવા છે ત્યાં ત્યાં ગોરા લોકોએ ગમે તેવા ઉપાયો યોજીને એવી જમીન પોતાને કબજે કરી છે. હિંદુસ્તાનમાં પણ મહાબળેશ્વર, શિલોંગ સિમલા, દાર્જિલિંગ ચેરાપુંજી વગેરે સ્થાનો અંગ્રેજોએ કેવી યુક્તિથી કે ચાલબાજીથી કબજે કર્યાં હતાં એનો ઇતિહાસ ભૂલી શકાય એવો નથી.

કેનિયા એટલે આફ્રિકા ખંડમાં વસતા ગોરાઓનું સ્કોટલેન્ડ. અહીંના ગોરાઓની તુમાખીના દાખલાઓ એટલા બધા ગવાયા છે કે એની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ફરી છેડવાની જરૂર નથી. અહીંના આફ્રિકન વતનીઓને પણ એ ઠંડો પ્રદેશ બહુ વહાલો હોવાથી તેઓ અંગ્રેજોને આ પગલા માટે કોઈ કાળે ક્ષમા કરી શકતા નથી. આફ્રિકામાં બધી સત્તા જેમ અને તેમ ગોરાઓના જ હાથમાં રાખવી જોઈએ એ એ બાબતમાં વધુમાં વધુ પ્રયત્ન કરનારા ગોરાઓ આ કેનિયામાં જ છે. અને તેથી દક્ષિણ આફ્રિકાની માલનની નીતિ પ્રત્યે એમને ઘણી સહાનુભૂતિ છે.

મેં જોયું કે અહીં જમીન લઈને વસવાટ કરેલા ગોરાઓની જબરદસ્ત અસર તળે હોવા છતાં કેનિયાના ગોરા સરકારી અમલદારો એટલા ઝનૂની નથી. તેમનામાં ડહાપણ વધારે હોં કે માણસાઈ, તેઓ કંઈક જુદી રીતે બોલે છે. અંગ્રેજ રાષ્ટ્રપુરુષો પણ અવારનવાર કેનિયાના ગોરા જમીનદારોને સંભળાવે છે કે છેલ્લા મહાયુદ્ધ પછીની નવી દુનિયામાં એમની તુમાખી હવે ચાલે એમ નથી. છતાં કેનિયાના ગોરા જમીનદારો અસાધારણ શક્તિ તેમ જ લાગવગ ધરાવે છે એ આપણે ભૂલી નથી શકતા.

અંગ્રેજો જ્યાં જાય ત્યાં આખી ભૂમિ સુઘડ અને રૂપાળી કરવાના જ. મકાનો, રસ્તાઓ, પાણીની સગવડ, વીજળી, ફળફૂલના બગીચાઓ બધી સગવડો તેઓ ઘણી ખંતથી ઊભી કરે છે અને જીવન દરેક રીતે સુખકર કરે છે.

આપણા લોકો એ ઢબે રહેવાને ટેવાયેલા નથી. સારા સારા પૈસાદાર લોકોમાં પણ કેટલાક પૈસાને જોરે અને પ્રતિષ્ઠાને લોભે એવી જ સગવડો અને એશઆરામનાં સાધનો ઊભાં તો કરે છે પણ એ વ્યવસ્થા તેઓ ટકાવી શકતા નથી. આવી સ્થિતિમાં અંગ્રેજો જો આપણી સાથે રહે તો કઈ નીતિ અખત્યાર કરે? મ્યુનિસિપાલિટીના કડક કાયદાઓ કરી કોર્ટની મદદથી તેનો અમલ કરાવે? અથવા 'અમને નોખા રહેવા દો. તમને ફાવે તેવી વ્યવસ્થા તમારા હિંદી વિભાગમાં કરી લો,' એમ કહી વસ્તીના બે વિભાગ કરી લે? વર્ણ અભિમાન જે લોકોમાં નથી તેઓ પહેલી નીતિ પસંદ કરે છે અને એમાંથી ઉત્પન્ન થતી બધી મુશ્કેલીઓ અને કડવાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહોરી લે છે, જ્યારે જેમના મનમાં હિંદીઓ પ્રત્યે અને આફ્રિકન લોકો પ્રત્યે હડહડતો તિરસ્કાર હોય છે અને જેઓ રોજ ઊઠીને નવીનવી કડવાશ વહોરી લેવામાં માનતા નથી તેઓ બીજી નીતિ પસંદ કરે છે. અને અંદર અંદર વાત કરતાં હમેશાં કહે છે — 'Let these wretches stew themselves in their own juice.' વર્ણદ્વેષ એક વાર જાગ્યો એટલે રેલવેના અલગ ડબા, ટ્રામની અલગ સીટો વગેરે વ્યવસ્થા સુધી એ પહોંચી જવાનો.

એક વાત આપણે કબૂલ કરવી જોઈએ કે આપણા લોકો સ્વચ્છતા કે શુદ્ધિને નામે પાણી અનહદ વાપરે છે અને જ્યાંત્યાં કાદવ કરી મૂકે છે અને ઉઘાડે પગે ચાલતા હોવાથી જ્યાંત્યાં એ ગંદવાડ ફેલાવે છે. આપણાં રસોડાં, આપણાં જાજરૂ અને આપણી નાહવાની ઓરડીઓ જેવાં હોવાં જોઈએ તેવાં નથી હોતાં. બાળકોને કઈ રીતે સાચવવાં અને સ્વચ્છ રાખવાં, એમને જાજરૂ કયાં બેસાડવાં, એ વિષે મધ્યમ વર્ગની બહેનો પણ ઘણી બેદરકાર હોય છે. સમાજના નેતાઓ આવી ટેવોને માટે પોતાના લોકોની ખાનગી રીતે નિંદા ઘણી કરે છે પણ લોકો વચ્ચે જઈને એમને ધીરજથી સમજાવવાનું કામ કોઈ કરતું નથી. અમુક રિવાજ ખોટો છે એટલું કહેવું બસ નથી. જૂની ટેવોને ઠેકાણે સારી કઈ ટેવો પાડવી જોઈએ અને નવી ઢબે સુઘડતા સાચવવા શું શું કરવું જોઈએ અને કઈ કઈ સગવડો વસાવવી જોઈએ એ બધું એમને વિગતવાર અને અનેક વાર સમજાવવું જોઈએ. એટલું જ નહીં પણ સારા દાખલાઓનો વસ્તુપાઠ પણ એમની આગળ રજૂ કરવો જોઈએ. માણસ સવારે ઊઠીને રસ્તા ઉપર દાતણ કરે અને જોશભેર અવાજ કરીને ગળું સાફ કરે એ રિવાજ અસામાજિક છે એટલું સમજાવતાં મુશ્કેલી નહીં જ પડે.

આવા બધા જરૂરી સુધારા આખી કોમમાં દાખલ કરવાને બદલે આપણા લોકોએ અંગ્રેજોનો પહેરવેશ, એમના ખાનપાનના પ્રકારો અને એમની સામાજિક વિવેકની ભાષા અપનાવી લીધી. પરિણામે આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોમાં અંગ્રેજોનું અનુકરણ કરનારી એક નવી જ્યાત ઉત્પન્ન થઈ છે અને પૈસેટકે સમર્થ હોવાથી બાકીના સમાજથી એ જોખી રહી શકે છે. એમાંથી અનેક સામાજિક અને આંતર-સામાજિક ગૂંચવણો ઊભી થઈ છે જેનો ઉકેલ કોઈએ હજી શોધ્યો નથી.

તા. ૨૧મીએ સાંજે અમે મોમ્બાસા છોડ્યું. રાત્રે ટ્રેનમાં ડાઇનિંગ કારમાં અમે જમ્યા. ગોરાઓ વચ્ચે ખાણું લેતાં અમને કશી મુશ્કેલી નડી નહીં. અમારામાંના ઘણાખરા શાકાહારી હતા પણ તેને વિષે પહેલેથી જ રીતસરની સૂચનાઓ અપાઈ હતી.

સવાર પડતા પહેલાં અમે કેનિયાની ઊંચી ભૂમિ ('હાઈલેન્ડ્ઝ') પર પહોંચી ગયા હતા. ઠંડી હવા મીઠી ચૂંટી ખણતી હતી અને આસપાસનો ફળદ્રુપ પ્રદેશ આંખોને સંતોષ આપતો હતો. મોમ્બાસા અને નૈરોબી વચ્ચે એકે મોટું સ્ટેશન નથી. અમે જ્યારે આથી નદી ઓળંગી ત્યારે મને આશ્ચર્ય થયું કે આટલા નાનકડા પ્રવાહને નદી કેમ કહેતા હશે. હું તો એને વહેણ કે નાળું કહેતાં પણ સંકોચ કરું.

નૈરોબી પહોંચતાં પહેલાં જ અમારી ટ્રેન ત્યાંના અભયારણ્યમાંથી — નેશનલ પાર્કમાંથી — પસાર થઈ. અમારા ડબ્બાની બારીમાંથી અમે કેટલાંયે જનવરો જોઈ શકયાં. અપ્પાસાહેબની દૃષ્ટિ બહુ તીણી હોવાથી તેઓ ગમે તેટલાં દૂરનાં જનવરો ઝટ પકડી પાડતા અને અમને બતાવતા. એમાં 'એન્ટી-એર-ક્રાફ્ટ ગન' જેવી લાંબી ડોકવાળાં જિરાફ, ઊંટ અથવા હંસ પાસેથી ઉછીની ડોક લઈને ઊડવાનું ભૂલી ગયેલાં શાહમૃગ, પોતાનાં શીંગડાંનું અભિમાન ધરાવનારાં હરણો – એવાં અનેક શ્વાપદો અમે જોયાં.

સ્ટેશન ઉપર પહોંચતાં જ વરસાદે અમારું શુભ સ્વાગત કર્યું. અમારે શ્રી તાત્યાસાહેબ દોનામદારને ત્યાં રહેવાનું હોવાથી અને તેઓ પોતે અમારી સાથે હોવાથી એમનાં પત્ની શકુંતલાબાઈ અને એમની દીકરીઓ સ્ટેશન પર અમને તેડવા આવ્યાં હતાં. ચિ. સરોજનો એક બાલમિત્ર જાલ કૉન્ટ્રેક્ટર એને મળવા કચારનો તલસતો હતો. એ પણ સ્ટેશને આવ્યો હતો. સ્થાનિક નેતાઓ તો બધા જ હતા. સ્ટેશન પરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાણ ગમે તેટલી જરૂરી હોય પણ ઉપયોગી નીવડતી નથી. પાંચ પચાસ લોકોનાં નામો ઉતાવળે બોલેલાં સાંભળો અને એમના ચહેરાના સ્નેપ્સ એક પછી એક આંખ દ્વારા લેતા જાઓ, એ બધું કશા કામનું નથી હોતું. એ ઓળખાણ મહેમાનોને છોડીને બાકીના બધા માટે ઘણા કામની હોય છે.

નૈરોબીમાં આ વખતે અમે કુલ સાત દિવસ રહ્યાં. એ સાત દિવસોમાં એટલો બધો ભરચક કાર્યક્રમ હતો કે એ બધું યાદ રાખવું સહેલું નથી. મન ઉપર જે સંસ્કારો પડ્યા તે બધાની ભેજામાં માખણ જેવી ખીચડી થઈ ગઈ છે. એ સંસ્મરણો ઘણાં સ્વાદિષ્ટ તો છે પણ અલગ અલગ કરવાં અશકય છે.

રાજધાનીના આ શહેરમાં ઘણા યુરોપિયનો મળ્યા. અહીંના ગવર્નર સર ફ્રિલિપ મીચેલ બાહોશ માણસ છે. સામ્રાજ્યના પ્રખર રાજનીતિજ્ઞોમાં એમની ગણના થાય છે, પણ તેઓ આ વખતે રજા પર ગયા હતા. એમનું કામ એમના ચીફ સેક્રેટરી સાચવતા હતા. એમની મુલાકાત દરમ્યાન મને ખાસ વસ્તુ જાણવાને મળી તે આફ્રિકાની પ્રાકૃતિક મૂંઝવણ વિષે. એમણે કહ્યું, "આફ્રિકાની ભૂમિ ઘણી ફળદ્રુપ છે પણ અહીં પાણીની તંગી હંમેશાં ભોગવવી પડે છે. એ તંગી ન હોત તો આજે છે એના કરતાં અનેક ગણી મનુષ્યવસ્તી અહીં નભી શકત." મેં કહ્યું કે, "તમારે ત્યાં વરસાદ ઓછો નથી પડતો. એ વરસાદનું પાણી જગા જગાએ તળાવમાં રોકી રાખ્યું હોય તો ઘણી હાડમારી દૂર થાય. હિંદુસ્તાનના જૂના રાજા એમ જ કરતા. નહેરો ખોદવા કરતાં તળાવો બાંધવા પાછળ એમણે વધારે ધ્યાન આપ્યું હતું." મારી આ સૂચનાનો વિચાર કરતાં એમણે જે મુશ્કેલીઓ જણાવી તે હું બરાબર સાંભળી ન શકયો. પેલા ભાઈસાહેબ બહુ જ ઝીણે અવાજે બોલતા હતા અને મારી કાનની મુશ્કેલી નાનીસૂની નથી. ઘણાં વરસો થયાં જમણે કાને હું સાંભળી શકતો જ નથી અને ડાબે કાને સહેજ ઓછું સંભળાય છે. પરિણામે મારે જ્યાં ઘણા લોકો ભેગા થયા હોય ત્યાં ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવીને બેસવું પડે છે. જમણી બાજુ કોઈ મહત્ત્વનો માણસ ન બેસે એ મારી ઇંતેજારી હોય છે; જ્યારે સભાના કે જમણવારના વ્યવસ્થાપકો ખાસ અગત્યના લોકોને મારી જમણી બાજુએ બેસાડે છે. પરિણામે મારે કેડને વળાંક આપી ડાબો કાન આગળ આણવો પડે છે. આથી ડાબી બાજુ પર બેસનાર માણસને તરછોડ્યા જેવું થાય છે. કોઈ ઓળખીતું હોય ત્યારે ચિંતા નહીં, નહીં તો ભારે મૂંઝવણ પેદા થાય છે. દર પ્રસંગે કેટલા લોકોને સમજાવવા બેસું કે સાંભળવાનો કાન મારી પાસે એક જ છે! સંભાષણમાં પણ વ્યાખ્યાનની પેઠે જોર જોરથી બોલનાર લોકો બીજા લોકોને ભલે અળખામણા લાગતા હોય, મારે માટે એમનું દાક્ષિણ્ય ઘણું સગવડભરેલું હોય છે.

એક અમલદારે — ઘણું કરીને એ અહીંના ન્યાયાધીશ હશે — મધ્ય એશિયાના અને અફઘાનિસ્તાન તરફના પોતાના અનુભવો કહ્યા. એક વાર ત્યાંના ચોરોની ટોળીએ એમને લૂંટ્યા. પોતે એકલા અને સામે ઘણા લૂંટારુઓ, એટલે એમણે ગાંધીજીની અહિંસક નીતિ આદરી. એમણે ચોરોને કહ્યું, "મારું બધું લઈ લેજો પણ મને કનડશો નહીં." પછી એમણે ઉમેર્યું, "મારી પાટલૂન તો મને વાપરવા દેશોને?" ચોરોએ હા પાડી. પછી કહે, "અને મારી હૅટ મારે માથે ન હોય તો મને ચક્કર આવે. આકરા તડકામાં હું માંદો પડું; એટલે મરજી હોય તો તે પણ મને આપો." આટલું નક્કી થયા પછી ચોરો ભાઈસાહેબને સાથે લઈ ગયા. એમની સજ્જનતાથી તેઓ એટલા તો ખુશ થયા કે એમણે એ ગોરા મહેમાનને પોતાને ઘેર જમવા રાખી લીધા અને બીજે દિવસે એમને પોતાના પ્રદેશની સીમા સુધી સહીસલામત પહોંચાડી દીધા.

હિંદી લોકોની કેળવણી જેના હાથમાં છે એવા એક ગોરા અમલદાર જોડે મારે ઘણી વાતો થઈ. વર્ધા કેળવણીના સ્વરૂપ વિષે મેં વિગતવાર વાતો કરી.

અરબાસાહેબની ચીવટને કારણે અનેક પ્રસંગે ગોરાઓ, થોડાક આફ્રિકનો અને આપણા હિંદવાસીઓ એવું સંમિશ્ર શ્રોતૃમંડળ અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતું હતું. આફ્રિકાની ભૂમિ ઉપર ત્રણ ખંડના સહકાર વિષે જ્યારે હું બોલતો ત્યારે ત્રણેયને મારી વાત આવકારલાયક લાગતી. પણ એ સહકાર ખરી રીતે ત્યારે જ સિદ્ધ થાય જ્યારે ગોરાઓ રાજ્યકર્તા તરીકેનું અભિમાન છોડી દે અને ગૌર વર્ણની મહત્તા ભૂલી જાય, હિંદના લોકો એ સહકાર માટે ત્યારે જ યોગ્ય થાય જ્યારે તેઓ પોતાને કેવળ હિંદના નહીં પણ આફ્રિકાના પણ કાયમી વતની ગણે અને આફ્રિકન લોકોની મિત્રતા કેળવે અને આફ્રિકનો આળસ તજી કેળવણીમાં ઝપાટાભેર આગળ વધે અને અહિંસક શક્તિ કેળવી બતાવે. ત્રણ કોમના સહકારની શક્યતા બતાવતાં હું કહેતો કે અંગ્રેજ રાષ્ટ્રે એ દિશામાં પહેલું પગલું માંડયું છે. હિંદુસ્તાનની પૂર્ણ સ્વતંત્રતા સ્વીકાર્યા બાદ બ્રિટિશ લોકોએ હિંદુસ્તાનને (તેમ જ સિલોન અને પાકિસ્તાનને) પોતાના કોમનવેલ્થમાં સમાન હક સાથે એક સદસ્ય તરીકે દાખલ થવાનું આમંત્રણ આપ્યું. ગાંધીજીએ આપણા દેશને સલાહ આપી કે એ આમંત્રણ સ્વીકારવા જેવું છે. અત્યાર સુધી બ્રિટિશ સામ્રાજ્ય અથવા બ્રિટિશ કોમનવેલ્થ એ ફક્ત બ્રિટિશરોનું — ગોરા લોકોનું — એક કૌટુંબિક સહિયારું ખાતું હતું. કેનેડા, દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, ન્યૂઝીલેંડ, ઓસ્ટ્રેલિયા બધે બ્રિટિશરોનું જ રાજ્ય હતું. ભિન્ન જાતિ, ભિન્ન વર્ણ, ભિન્ન દેશ અને ભિન્ન સંસ્કૃતિવાળા લંકાના, પાકિસ્તાનના અને હિંદુસ્તાનના લોકોને પોતાના કોમનવેલ્થમાં સમાન હક્ક આપીને એમણે એક ભારે પગલું ભર્યું છે જેનો જોટો આજકાલના ઇતિહાસમાં કયાંય મળે તેમ નથી. હવે કોમનવેલ્થનું બંધન એ 'રેસ' કે વંશનું બંધન નથી પણ એક પ્રજાસત્તાક આદર્શનું બંધન છે. ગોરી પ્રજાનું આ પગલું છેલ્લું નથી પણ નવા સંગઠનનું પહેલું પગલું છે. કાળે કરીને એમાં નવી પ્રજાઓ અને નવાં રાજ્યો શામિલ થવાની ગુંજાશ છે. આવું સંગઠન હિંદુસ્તાનના ઇતિહાસને અનુકૂળ છે. હવે જ્યારે આપણે સ્વેચ્છાપૂર્વક, પૂરતો વિચાર કરીને એ કોમનવેલ્થમાં દાખલ થયા છીએ, ત્યારે આપણે એ કોમનવેલ્થને વફાદાર રહેવું જોઈએ. વફાદારીનો એ અર્થ નથી કે એમનાં કાળાં ધોળાં બધાં જ કામોમાં આપણે એમને સાથ આપવો. વફાદારીનો સાચો અર્થ એ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આપણે એ કોમનવેલ્થ પ્રત્યે હમેશાં મિત્રભાવે વર્તીએ, સાચા અર્થમાં અને સાચે રસ્તે એની ઉન્નતિ ઇચ્છીએ અને સારાં કામોમાં એમને મદદ આપીએ અને એમની મદદ લઈએ.

રાજકર્તા સાથે સદ્‌ભાવવાળું વર્તન રાખવાની જેમ આપણી ફરજ છે તેમ જ અને તેથીય વિશેષ અહીંના મૂળ વતની આફ્રિકન લોકો જોડે પ્રેમપૂર્વક સેવક તરીકે વર્તવાની આપણી ફરજ છે. એ લોકોની ભાષા, ઘરના નોકરોને હુકમ આપવા પૂરતી આપણે શીખીએ છીએ એ બસ નથી. એમનાં સુખદુઃખ સાથે આપણે એકરૂપ થઈ શકીએ, એમનાં દુઃખમાં એમને દિલાસો આપી શકીએ, એમના સુખમાં એમને વધામણી આપીએ અને આત્મોન્નતિના એમના બધા પ્રયત્નોમાં આપણે એમને મદદગાર થઈ શકીએ એટલી એમની ભાષા આપણે શીખવી જોઈએ. કેળવણીની બાબતમાં આપણે એમને બધી રીતે મદદગાર થવું જોઇએ. આપણી દાનવૃત્તિ હવે હિંદુસ્તાન તરફ ન વહેવડાવતાં આપણાં બાળકોની અને આ દેશનાં બાળકોની અર્થાત્, આફ્રિકનોની કેળવણી પાછળ એ પ્રવાહને વાળવો જોઈએ જેથી આપણું જીવન અહીંના લોકોને આશીર્વાદરૂપ લાગે અને આપણાં મૂળિયાં અહીંની ભૂમિમાં મજબૂત થઈ જાય. આપણે નથી અહીંના ભૂમિજન, નથી અહીંના રાજ્યકર્તા, સેવા દ્વારા જ અહીંના વતની થવાનો આપણો અધિકાર આપણે સિદ્ધ કરી શકીએ. સંખ્યાબળે નહીં, સત્તાબળે નહીં, પણ ઉપયોગિતાબળે જ આપણે આપણી શક્તિ કેળવી શકીએ.

સ્વતંત્ર હિંદુસ્તાને મિત્રતાની નિશાની તરીકે અને પડોશીધર્મના એક અંગ તરીકે આફ્રિકન વિદ્યાર્થીઓને હિંદુસ્તાનમાં જઈ ભણવા માટે ચાર સ્કૉલરશિપ આપી છે. અહીં વસતા હિંદી લોકોએ એ જ પ્રમાણે બીજી બાર સ્કૉલરશિપો આફ્રિકનો માટે આપી છે. શ્રી અપ્પા સાહેબના પ્રયત્નથી આ બધું થયું છે એ આફ્રિકન લોકો જાણે છે. હવે જેઓ ખાદીવિદ્યા શીખવા માગે એમને માટે વર્ધાના ચરખા સંઘે છ સ્કૉલરશિપ આપવાનું નક્કી કર્યું છે. અને હિંદુસ્તાન જઈને ત્યાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રભાષા જેઓ શીખવા માગે તેમને માટે હિંદુસ્તાની પ્રચાર સભા વતી ત્રણ સ્કૉલરશિપ આપવાનુ મેં જાહેર કર્યું છે. આવા સક્રિય પગલાને કારણે જ અહીંના આફ્રિકન લોકો હિંદુસ્તાન પ્રત્યે સદ્‌ભાવ અને આશાની નજરે જોતા થયા છે. કેટલાક અંગ્રેજોએ અહીંના આફ્રિકન લોકોને ઘણું સમજાવી જોયું કે, 'આ હિંદી લોકો તમારી પાસેથી મનમાં આવે તેટલો નફો લે છે અને એ બધો નફો સ્વદેશ લઈ જાય છે. આ જળો જ્યાં સુધી છે ત્યાં સુધી તમે માથું ઊંચું કરી શકવાના નથી.' આપણા લોકો રળવા માટે જ અહીં આવેલા એટલે ખેંચાય તેટલો નફો લેતા હતા એ વાત સાચી છે. અંગ્રેજો જેમ હિંદુસ્તાનનો પૈસો વિલાયત લઈ જતા હતા તેમ, ભલે નાના પ્રમાણ પર, પણ આપણા લોકો અહીંનો પૈસો સ્વદેશ લઈ જતા હતા એ વાત પણ સાચી છે. દર વરસે હિંદુસ્તાનમાંથી કેટલાયે સાધુઓ અને ત્યાંની સંસ્થાઓના પ્રતિનિધિઓ અહીં આવીને અહીંથી મદદ લઈ ગયા છે.

પણ આપણા લોકોના સહવાસમાં અહીંના લોકો ઘણું શીખ્યા પણ છે. સુથારીકામ, દરજીકામ વગેરે નાનામોટા ધંધા તેઓ શીખ્યા. રૂનું વાવેતર તેમણે સફળતાપૂર્વક વધાર્યું. જ્યાં અંગ્રેજ પણ પહોંચી ન શકે એવા દૂર દૂરના જંગલી પ્રદેશમાં આપણા લોકોએ હિંમતપૂર્વક જઈ દુકાનો ખોલી છે અને પોતાનાં બાલબચ્ચાંને લઈને જંગલના આફ્રિકનો વચ્ચે વસવાટ કર્યો છે. કેટલાક જંગલી લોકોને એક એક શિલિંગમાં એક એક પાયજામો આપીને એમને પોતાની નગ્નતા ઢાંકવાનું આપણા લોકોએ શીખવ્યું છે. અને હવે તો કેટલાક આફ્રિકનો આપણા લોકો સાથે રહીને દુકાનો પણ ચલાવતા થયા છે. આપણા લોકો એમને પોતાના મુનીમ તરીકે વિશ્વાસપૂર્વક રાખે છે અને એવી રીતે એમની અને પોતાની આવક વધારે છે. જો આપણા લોકો બદલાયેલી પરિસ્થિતિ ઓળખી આફ્રિકનોની જાગૃતિમાં મદદગાર થાય, પોતાનો લોભ થોડો ઓછો કરે, આફ્રિકનોને અનેક રીતે કેળવે, તો આપણી અહીંની હસ્તી લેખે લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક લોકોએ મને ખાનગીમાં કહ્યું કે, "તમારી વાત અમે માથે ચડાવવા તૈયાર છીએ. અહીંના લોકો માટે અમારાથી બનતું કરી છૂટીશું. પણ અમારો અનુભવ કહે છે કે અહીંના લોકો તદ્દન નગુણા છે. એમને માટે ગમે તેટલું કરો તોય વખત આવે ફરી જતાં એમને વાર નથી લાગવાની." હું એમને કહું છું કે એ વાત સાચી હોય તો મને એમાં જરાય આશ્ચર્ય નહીં લાગે. જેમનો દેશ લૂંટાયો છે, જેમને પરાવલંબી અને ભયભીત દશામાં હંમેશાં રહેવું પડે છે, મધ્ય યુગમાં જેમને પકડીને ગુલામ તરીકે વેચતા હતા, તેમને માટે કૃતજ્ઞતા પણ ઘણી વાર આત્મઘાતી નીવડે છે. આપણે ત્યાં મુસલમાનો માટે અને હરિજનો માટે એવી જ તકરાર આપણે સાંભળતા હતા. મરાઠીમાં લુચ્ચો અથવા ધૂર્ત એ અર્થમાં 'ગુલામ' શબ્દ વપરાતો — કોક વાર નિંદા તરીકે અને કોક વાર કદર તરીકે. એ બતાવે છે કે ગુલામોને લુચ્ચાઈ કેળવ્યા વગર છૂટકો જ નથી હોતો. એક વાર એ લોકોને પગભર થવા દો, પછી જોશો કે ધીમે ધીમે માણસાઈનાં બધાં લક્ષણો એમનામાં પ્રગટ થાય છે.

પણ હું માનવા તૈયાર નથી કે એ લોકો નગુણા છે. કેટલી ધીરજથી તેઓ ગોરાઓના અનેક જાતના અન્યાયો સહન કરતા આવ્યા છે. આપણે એરણ લઈ ને સોયનું દાન કરીએ અને તેટલા માટે અપેક્ષા રાખીએ કે તેઓ આપણી પ્રત્યે ઉપકારબદ્ધ થાય તો તે શી રીતે વાજબી ગણાય?

અત્યાર સુધીની એમની રહેણીકરણી બિલકુલ સાદી હતી. સંતોષ એ એમની જીવનપદ્ધતિનો પ્રધાન ગુણ છે. માટી અને ઘાસનાં ઝૂંપડાંમાં તેઓ રહે છે. આટલા વિશાળ દેશમાં તેમણે એક પણ મોટું મકાન, મંદિર કે રાજપ્રાસાદ બાંધ્યો નથી. મજૂરી લઈ ને કામ કરવું એ એમના લોહીમાં નથી. એવા લોકોને આપણા જેવા કરી મૂકવા માટે સરકારે એમના ઉપર માથાવેરો નાખ્યો છે. કમાય તો જ તેઓ સરકારના સકંજામાંથી બચી શકે. એમની સંતોષપ્રધાન સંસ્કૃતિમાંથી એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચળાવવા માટે જ્યાં આટલા પ્રયત્નો ચાલે છે ત્યાં એ લોકોનું જીવન સ્વાભાવિક ન જ રહી શકે.

આટલા બધા મિશનરીઓ એમની સેવા કરતા કરતા મરી ફીટે છે. તેમણે કોઈ કાળે તકરાર નથી કરી કે આ લોકો નગુણા છે. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ બન્નેનો સ્વીકાર કર્યા છતાં આ લોકોમાં કોઈ જાતનું ઝનૂન આવ્યું નથી. એમને સમજવા માટે આપણે સમાજશાસ્ત્રની ઊંડી દૃષ્ટિ કેળવવી જોઈએ અને એમને માટે જે કરીએ તે સાચા ધર્મનિષ્ઠ બનીને નિષ્કામ ભાવે કરવું જોઈએ. જ્યાં ઋણ ચૂકવવા માટે સેવા કરવાની વાત છે ત્યાં સામો પક્ષ નગુણો છે કે સગુણો એ જોવાપણું હોમ નહીં; સદ્‌ગુણો એ કોઈ પણ જાતિનો ઇજારો નથી. જ્યાં આત્મા છે ત્યાં તમામ સદ્‌ગુણોનો ઉત્કર્ષ થવાનો જ. અર્થાત્ યથાકાળે.

નૈરોબી પાસે ત્રીસેક માઈલ દૂર એક આફ્રિકન નેતા પીટર કોર્નાંગે રહે છે. એ ભાઈ હમણાં હમણાં હિંદુસ્તાનમાં બધે ફરી આવ્યા છે. હિંદુસ્તાન સરકારે એમને બધી સગવડો કરી આપી હતી. અમે એમને મળવા એમને ત્યાં ગયા હતા. માણસ ભારે પિતૃભક્ત છે. એમણે પોતાના પિતાની ઓળખાણ કરાવી. પોતાની છ માતાઓ પોતપોતાના બાળકો સાથે અલગ અલગ ઝૂંપડીઓમાં કેવી રીતે રહે છે એ બધું અમને બતાવ્યું. પીટર કોર્નાંગેએ પોતાની કિકુયૂ કોમ માટે બસો જેટલી નિશાળો ચલાવી છે. સરકાર પાસેથી તેઓ ગ્રાન્ટ લેતા નથી. ગોરાઓની નોકરી કરવાનો અથવા સરકારી નોકરીમાં સ્થાન મેળવવાનો ઉદ્દેશ ન રાખતાં, પોતાની કોમની સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય એ જાતની કેળવણી આ શાળાઓમાં અપાય છે. એ જ સ્થાનમાં અમને એક આફ્રિકન બહેન મળ્યાં હતાં – વાન્જીકુ. એમણે કાંતવાવણવાનું શીખી પોતાનાં કપડાં તૈયાર કર્યાં છે. અમે એમને સ્થાને ગયા ત્યારે એમણે એક હિંદી પાઠ વાંચી બતાવ્યો અને પોતે લખેલું થોડુંક હિંદી પણ બતાવ્યું.

પૂર્વ આફ્રિકામાં આપણા લોકોનો સૌથી મોટો સવાલ છે આંતરિક એકતાનો. હિંદુ-મુસ્લિમ એકતા જે પહેલેથી સિદ્ધ હતી તે વગર કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે તોડી અને પારકા લોકો આગળ હાંસીપાત્ર બન્યા. મેં એમને કહ્યું કે હિંદુસ્તાનનું ગાંડપણ હિંદુસ્તાનમાં જ રહેવા દો. ત્યાં લડી લેવાનું કારણ હતું એમ માનીએ તોયે એ કારણ અહીં નથી. દાખલા તરીકે મેં કહ્યું કે, હિંદુસ્તાન ઉત્તર ગોળાર્ધમાં છે. પૂર્વ આફ્રિકાનો મોટો ભાગ દક્ષિણ ગોળાર્ધમાં છે. હિંદુસ્તાનમાં જ્યારે શિયાળો હોય છે ત્યારે આ તરફ ઉનાળો હોય છે. ત્યાં ઉનાળો હોય ત્યારે અહીં શિયાળો હોય છે. આવી સ્થિતિમાં હિંદુસ્તાનમાં શિયાળો છે એટલા માટે અહીં ગરમી છતાં આપણે ગરમ કપડાં ઓઢીને બેસીશું અને ત્યાં ઉનાળો છે એમ ખબર પડતાવેંત અહીં આપણે પંખો ચલાવીશું અને ટાઢે ધ્રૂજી મરીશું, એમાં કાંઈ અર્થ છે? અહીં અંદર અંદર લઢીને આપણે શું મેળવવાના છીએ? સંપીને રહીશું તો હિંદુસ્તાન માટે દાખલારૂપ બનીશું. સંપીને રહીશું તો જ ત્રણ ખંડના લોકો વચ્ચે ભાઈચારો ઉત્પન્ન કરવાની કળા આપણા હાથમાં આવશે.

યુરોપિયન લોકો સાથે વાતો કરતાં એક સવાલ અમને ઘણી વાર પુછાતો.

હિંદુસ્તાનમાં કમ્યુનિઝમનું – સામ્યવાદનું જોર વધવાનો સંભવ કેટલો?

હું એમને કહેતો કે સામ્યવાદને હિંદુસ્તાનમાં જરાય અવકાશ નથી, પણ એનાં ખાસ કારણો છે. તમે અંગ્રેજ લોકોએ સમય વર્તીને હિંદુસ્તાન છોડવાનું નક્કી ન કર્યું હોત તો અમારે ત્યાં સામ્યવાદ જરૂર ફાટી નીકળત. ગાંધીજીએ ફેલાવેલી અમારા દેશની અહિંસક શક્તિ તમે પારખી શકયા, તમે એમની કદર કરી અને અમારી સ્વતંત્રતા તમે મંજૂર રાખી, એની હિંદુસ્તાન પર ભારે અસર થઈ છે. તમારા પ્રત્યેનો અણગમો તો ઊતરી ગયો જ, પણ ગાંધીજીને માર્ગે જ દેશની ઉન્નતિ છે એની લોકોને ખાતરી થઈ.

બીજું પણ કારણો છે. જ્યાં સામાજિક, વાંશિક કે આર્થિક અન્યાય છે અને એમાંથી મુકત થવાની આશા ગરીબોમાંથી નષ્ટ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ત્યાં જ સામ્યવાદ ફાટી નીકળે છે. અમારે ત્યાં અમે હજારો વર્ષની જૂની અસ્પૃશ્યતા ઝપાટાભેર નષ્ટ કરી અને સામાજિક ન્યાય સિદ્ધ કર્યો. નાનામોટા અસંખ્ય રાજાઓએ માથા પરનો મુગટ ઉતારી પ્રજાને ચરણે ધર્યો. જમીનદારી પદ્ધતિનો પણ અંત આણવા અમે તૈયાર થયા છીએ અને જમીનદારો પણ યોગ્ય 'કૉમ્પેન્સેશન' — વળતર લઈ જમીનો છોડી દેવા તૈયાર થયા છે અને દરેક પુખ્ત ઉંમરના માણસને મતાધિકાર આપી અમે દુનિયામાં અજોડ એવું વિશાળ મતદાર મંડળ તૈયાર કર્યું છે. એવાં એવાં જબરદસ્ત પગલાંને કારણે લોકોને વિશ્વાસ બેસી ગયો છે કે નેહરુ સરકારને હાથે ન્યાય મળવાનો જ છે. એટલે અમારે ત્યાં સામ્યવાદને અવકાશ નથી. જે જે ઠેકાણે સરકારી તંત્ર શિથિલ હતું તે તે ઠેકાણે સામ્યવાદી લોકો તોફાન કરી શકયા. લોકોમાં સીધો પ્રચાર કરી આવતી ચૂંટણીમાં જીતી જવાની હિંમત સામ્યાવાદ પાસે હોત તો તેઓ તોફાન ધાંધલના પ્રકારોમાં ન જ ઊતરત. જ્યાં સામાજિક, વાંશિક અને આર્થિક ન્યાય પ્રવર્તે છે ત્યાં સામ્યવાદની બીક હોતી નથી. સામ્યવાદ એ સમૂહ-જીવનના રોગની જ એક નિશાની છે.

એક દિવસ અમે કમેટે જઈ ને ત્યાંની સરકારી ઉદ્યોગશાળા જોઈ. એ ઉદ્યોગશાળામાં આફ્રિકન છોકરાઓને સુથારી, લુહારી, ટિનનું કામ કડિયાકામ, વીજળીનું કામ, દરજીકામ, મોચીકામ વગેરે અનેક ધંધાઓ શીખવવામાં આવે છે. અભ્યાસક્રમ એકથી ત્રણ વરસનો રાખેલો છે. બધા જ વિદ્યાર્થીઓ ખંતથી કામ કરતા દેખાયા. કામની સફાઈ પણ સારી હતી. શિક્ષકો બધા ગોરા કારીગરો હતા. કેટલાક સારા કેળવણીકારો હોય એમ લાગતું હતું. મેં એક જણને બાનગીમાં પૂછયું કે, " આફ્રિકન છોકરાઓ બીજી કોમના વિદ્યાર્થીઓ કરતાં બુદ્ધિમાં ઊતરતા હોય છે એવી માન્યતા સાચી છે?" એમણે જરાક વિચાર કરીને કહ્યું કે, "સામાન્યપણે એ વાત સાચી છે, પણ જેઓ હોશિયાર હોય છે તેઓ અસાધારણ હોશિયાર હોય છે. ત્રણ વરસની કેળવણીને અંતે બધા જ પાવરધા થાય છે અને સારાં સારાં કામો મેળવી લે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંજાબથી આવેલા શીખ લોકોને મેં કહ્યું કે, કમ્પેટે જેવી સંસ્થાઓ અહીં વધશે એટલે તમારું કામ અહીં રહે નહીં. અત્યારથી આ લોકોને તમારાં કારખાનાંઓમાં કામ આપતા જાઓ કે જેથી એમની વચ્ચે અને આપણી વચ્ચે પ્રેમસંબંધ કાયમ રહી શકે. જો આ દેશ આપણને છોડવો જ પડે તો એ સમાધાન લઈને આપણે જઈએ કે આ લોકોને પાવરધા કરીને જ આપણે જઈએ છીએ. એમનો આશીર્વાદ લઈને જ આપણે જઈએ છીએ.

નૈરોબીનું એક મોટું આકર્ષણ તે અહીંનાં વન્ય શ્વાપદોનું અભયારણ્ય છે. આ ભાગ ખાસ્સો ચાળીસ ચોરસ માઈલનો છે. જ્યાં જ્યાં ખીણ છે ત્યાં ત્યાં થોડાંક ઝાડો છે. બાકી બધો ભાગ બીડવાળો ઉઘાડો છે. આ પ્રદેશમાં જનવરોને મારવાની, છેડવાની કે કનડવાની સખત મનાઈ છે. આ નિયમ ફક્ત માણસોને જ લાગુ છે. જનવરો અંદર અંદર જંગલના કાનૂનની રૂએ ગમે તેમ વર્તી શકે છે. એક જનવર સામે બીજા જનવરને રક્ષણ આપવા માટે પણ માણસજાત વચ્ચે ન પડી શકે. આ અરણ્યમાં સિંહ છે પણ તેઓ પેટપૂરતો જ શિકાર કરે છે. સિંહને ભૂખ ન હોય તો તે નજીક આવેલા જનવરને પણ નહીં મારે. આ અભયારણ્યમાં અનેક જાતિનાં શ્વાપદો, સર્પ જેવા અનેક સરીસૃપો અને અનેક જાતનાં પક્ષીઓ રહે છે. ઘણો પ્રયત્ન કર્યા છતાં અમને આ વખતે અહીં સિંહ જોવા ન મળ્યો. બાકી હરણો, હરણ અને ગાયનાં લક્ષણો જેનામાં છે એવાં બુદ્દુ નામનાં જનવરો, 'જિરાફ'ને નામે ઓળખાતા ચિત્રાશ્વો, જિરાફો વગેરે અનેક જનવરો અમને જોવા મળ્યાં. એક હિપ્પો કાદવમાં આળોટતો અમે જોયો. હરણના અસંખ્ય પ્રકારો અહીં ફરતા હતા. સિંહ છે એટલા માટે તેઓ ગમગીન ન હતાં. શાહમૃગો નીચે માથું ઘાલી ચરતાં હોય ત્યારે ઓળખવાં મુશ્કેલ પણ માથું ઊંચું કરી તેઓ આમ તેમ જોવા માંડે ત્યારે તેમનો તોર જોઈ લેવો. પોતાની પાંખ તળે જાણે ભારે કીમતી માલ સંતાડ્યો હોય એવી રીતે તેઓ દોડે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૅશનલ પાર્કમાં મોટરમાં બેસીને દોડવામાં અમને અમારી કુતૂહલવૃત્તિ પ્રેરતી હતી. પણ ભાઈ સૂર્યકાન્ત જેવા અમારા મેજબાનો જેઓ અસંખ્ય વાર આખો પાર્ક ફેંદી વળ્યા છે, તેમને તો અમારા સંતોષનો જ સંતોષ હતો. એમની પાસેથી આ જંગલી જનવરોના સ્વભાવની ખાસિયતો સાંભળતાં અને જૂના પ્રસંગોનું રસપૂર્ણ વર્ણન પી જતાં અમારો આનંદ દ્વિગુણિત થતો હતો. મને લાગે છે કે આવાં વર્ણનો વગરનું પશુદર્શન ઘણે ભાગે અલૂણું જ થાત.

પાછા વળતાં અમને જે વાંદરાઓ દેખાયા તેમની હસ્તી તમામ જનવરોમાં જુદી તરી આવતી. માણસને નજીક જોઈને બધાં જ જનવરો બસી જાય છે પણ વાંદરાઓ જાણે આપણને જોઈને ટીકા કરતા હોય અને આપણને તુચ્છ ગણતા હોય એવું મોઢું કર્યા પછી જ દૂર જાય છે.

આપણને અનેક જાતનાં જનવરોને વન્ય દશામાં જોવાનો આનંદ આવે છે. દેશદેશાંતરના અને જાતજાતના માનવીઓને આમ ચાલીને આવતા અને પોતાનું દર્શન આપતા જોઈને શ્વાપદોને શું થતું હશે? અભયારણ્યમાં આવનારા બધા જ માનવીઓ સજ્જન અને તૃપ્ત હોય છે. કોઈ આપણને મારતું નથી એ જોઈને પણ એમને આશ્ચર્ય થતું હશે.

અરણ્યવાસી શ્વાપદોનું જીવન જોઈ મારા મનમાં એક વિચાર આવ્યો. સલામતી અને શાન્તિ મેળવવા માટે માણસે સમૂહ જીવનનું સંગઠન કર્યું. રાજ્ય-વ્યવસ્થાની સ્થાપના કરી. રાજાઓ, ન્યાયાધીશો, સેનાપતિઓ, સેનાઓ અને પોલીસો ઊભા કર્યા, લોકો ઉપર જબરદસ્ત કર નાખ્યા, અનેક કાયદાઓ કરી, વ્યક્તિની સ્વતંત્રતા ઉપર તરાપ મારી, અને છતાં આપણે કેટલી હિંસા ટાળી શકયા છીએ? કેટલી શાન્તિ સ્થાપિત કરી શકયા છીએ? આ પશુઓની પેઠે માણસો પણ જો વન્ય અરાજક દશામાં રહ્યા હોત તો શું આજના કરતાં વધારે ભયભીત દશામાં આપણે રહ્યા હોત? આજે જેટલી ખુનામરકી થાય છે, મારામારી અને લૂંટ થાય છે, તે અરાજક દશા કરતાં ઘણી ઓછી છે એમ આપણને સમજાવવામાં આવે છે. પણ વખતોવખત જે ભીષણ અને અતિ ભીષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધો વહોરી લેવાં પડે છે અને તેની અંદર જે મનુષ્યહત્યા, લૂંટફાટ, અને ધૂંધાણી કરવામાં આવે છે તેનો હિસાબ કરીએ તો રાજ્યતંત્ર સ્થાપીને મનુષ્યહત્યા વધારે જ થઈ છે એમ કહેવું પડશે. અને ન્યાયના તંત્રનો વિચાર કરતાં પણ અરાજક દશા ઓછી સમાધાનકારક છે એમ પણ ન કહી શકાય. માણસના હૃદયમાં જે સ્વાભાવિક ન્યાય-બુદ્ધિ છે તેના કરતાં પોલીસો અને ન્યાયમંદિરો દ્વારા માણસજાતને વધારે ન્યાય મળે છે એમ માનવું પણ મુશ્કેલ છે. અભયારણ્યમાં પશુપક્ષીઓને વિશ્વાસપૂર્વક રહેતાં, ચરતાં અને ફરતાં જોઈને મારી તો ખાતરી થઈ કે માણસ-સમાજ કરતાં આ ઠેકાણે જ નિર્ભયતા વધારે છે. અને કોઈ પણ જાતિની સંખ્યા વધી પડે તો એનો ઇલાજ પણ વન્ય જીવનમાં એની મેળે ગોઠવાયેલો હોય છે. ડાર્વિનનો જીવનકલહનો સિદ્ધાન્ત અને પ્રિન્સ ક્રોપોટકિનનો પરસ્પર સહાયવૃત્તિનો સિદ્ધાન્ત, બન્ને જાણ્યા પછી માણસે ફરી એક વાર વન્ય જીવન અને માનવી રાજ્ય-જીવનનો વિચાર કરવો જોઈએ.

* * *

દેવોનો જન્મ કયારે થયો અને કઈ રીતે થયો એનો વિચાર કરનારા આપણા પૂર્વજોની માનસિક બહાદુરીથી જેમ આપણે વિસ્મિત થઈએ છીએ તેમ જ આ પૃથ્વીના ધડતરની અથવા મહાસમુદ્ર તેમ જ વિશાળ ભૂમિખંડોની રચનાની કલ્પના કરનારા અને એને માટે વિજ્ઞાનનો પુરાવો રજૂ કરનારા વિદ્વાનોની કલ્પનાશક્તિ અને હિંમત આપણને આશ્ચર્ય-ચકિત કરી નાખે છે.

આફ્રિકા ખંડ નાનોસૂનો દેશ નથી. એનું માથું લગભગ પાંચ હજાર માઈલ પહોળું છે અને એનો ઉત્તર દક્ષિણ વિસ્તાર એથી સહેજ વધારે છે. આ ખંડનું ધડતર કઈ રીતે થયું હશે એનો વિચાર કરતાં જેમ સહરા અને કલાહારી આ બે રણોનો વિચાર કરવો પડે છે, તે જ પ્રમાણે પૂર્વ આફ્રિકાની જમીનમાં જે પ્રચંડ ફાટો પડી છે તેનો પણ વિચાર કરવો પડે છે. સેંકડો માઈલ લાંબી, ચાળીસથી સાઠ માઈલ સુધી પહોળી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોઢથી અઢી હજાર ફૂટ ઊંડી એવી બે ફાટો 'રિફ્ટસ' કઈ રીતે પેદા થઈ હશે એની કલ્પના અનેક ભૂસ્તરશાસ્ત્રીઓ કરે છે. કોકનું માનવું છે કે હિંદી મહાસાગરનું પૂર્વ કિનારા પરનું દબાણ કોઈ પણ કારણે ઓછું થવાથી આ ફાટો પેદા થઈ છે. બીજા લોકો કહે છે કે જ્વાળામુખીના ફાટવાથી અને પૃથ્વીના પડમાં કઈ ગડબડ થવાથી આ ફાટો ઉત્પન્ન થવા પામી છે. તે ગમે તે હો, આ ફાટો આજે અસલી રૂપમાં નથી. વખતોવખત જ્વાળામુખીઓ ફાટવાથી દરેક ફાટના કકડા થઈ ગયા છે. આલબર્ટ એડવર્ડ, કીવૂ, ટાંગાનિકા, રુકવા, ન્યાંઝા — આ બધાં સરોવરો મળીને એક ફાટ હતી. જ્યારે બીજી બાજુની પૂર્વી ફાટ બ્યાસી, નેટ્રન, માગડી, નૈવાશા, હેનિંગટન, એરિંગો, રુડોલ્ફ વગેરે સરોવરોને લઈને, લાલ સમુદ્રમાં થઈને પેલેસ્ટાઈનના મૃત સમુદ્ર સુધી જાય છે. અને આ બે ફાટના ચીપિયા વચ્ચે પકડાયું હોય તેવું વિક્ટોરિયા (અમૃત) સરોવર યુગાન્ડા કેનિયા વચ્ચે બિરાજમાન છે.

આ પૂર્વી ફાટનો અમુક ભાગ કોરો હોવાથી એમાં મનુષ્ય અને પ્રાણીઓની ઘણી વસ્તી સમાઈ છે. એ જોવાની તક કેમ છોડાય? છેલ્લા યુદ્ધના ઇટાલિયન કેદીઓ પાસે નૈરોબીની આસપાસ ઘણા રસ્તા તૈયાર કરાવ્યા હતા. એ રસ્તે ફાટની એક કિનારી અમે ઊતરી ગયા અને ત્યાંથી ત્રીસેક માઈલ ઉપર આવેલી સામેની કિનારી અને વચલા તળિયામાં ઊપસી આવેલી કેટલીક મૃત જ્વાળામુખીની ટેકરીઓ અમે જોઈ શકયા. અમુક લાખ વરસ પહેલાં જ્યારે આ ફાટ પ્રથમ પડી ત્યારે કેવડો મોટો અવાજ થયો હશે એની કલ્પના કરવા જતાં કાલ-બુદ્ધિએ કહ્યું કે, તે વખતનો અવાજ સાંભળવા માટે ન કોઈ મનુષ્ય હતું કે ન કોઈ જાનવર. ભયાનક અવાજ થયો હશે પણ બીવા માટે ત્યાં કોઈ હતું જ નહીં! અવાજ થયો અને તે અનંત આકાશમાં વિલીન થયો. આસપાસની જડસૃષ્ટિએ મૂળ અવાજના પડઘા ઝીલ્યા હશે અને તે પણ અનંત આકાશમાં વિલીન થયા હશે. આજે ફકત એ ફાટના અવશેષો જ રહ્યા છે અને તેની અંદર વનસ્પતિસૃષ્ટિ, પશુસૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મનુષ્યસૃષ્ટિ પોતપોતાનું જીવન માણતી થઈ છે. આ 'રિફ્ટ'નું દૃશ્ય ખરેખર ભવ્ય છે. ભૂગર્ભશાસ્ત્રનો જેને થોડો પણ ખ્યાલ અને રસ છે તેની કલ્પનાને આ દૃશ્ય ભારે ઉત્તેજક છે.

બીજે દિવસે આ ફાટના બીજા પ્રદેશમાં અમે જૂનું ઉત્ખનન જોવા ગયા. એ સ્થાનને 'ઓરલેગેસાઈલી' કહે છે. ત્યાં એક પ્રાચીન સરોવરનું તળિયું દસ દસ હજાર વરસે કેમ ભરાતું ગયું અને તે તે વખતનાં જનવરોનાં હાડકાંઓ કેમ નાનાંમોટાં થતાં ગયાં એ બધું અમે જાણી લીધું.

માટીનાં, જ્વાળામુખીની રાખનાં, રેતીનાં, અને હાડકાંનાં જે જુદાં જુદાં પડો એક ઉપર એક બાઝે છે તેનો હિસાબ કરી પ્રાગ્-ઐતિહાસિક વિગતોનો કાલક્રમ નક્કી કરવામાં આવે છે. અમને બધું સમજાવનાર ભાઈ કહે કે વચમાં દસ હજાર વરસ સુધી વરસાદનું એક ટીપું પણ પડ્યું નહીં. પરિણામે બધી પ્રાણીસૃષ્ટિ મરી ગઈ. ત્યાર પછી જ્યારે નવી સૃષ્ટિ પેદા થઈ ત્યારે જનવરો ફરીથી પેદા થયાં. અને જેમ જેમ ખોરાકની અછત દૂર થતી ગઈ તેમ તેમ એ પ્રાણીઓ મોટાં પણ થતાં ગયાં.

આવે ઠેકાણે જે પ્રાચીન અવશેષો અથવા એનાં 'ફોસિલ' મળી આવે છે તે ઊંચકીને લઈ જવામાં ગુનો છે કે નહીં? સામાન્ય માણસો એ અવશેષોનો કશો જ ઉપયોગ કરી શકતા નથી. અર્થવગરનું કુતૂહલ તૃપ્ત કરવા માટે આવો પ્રાગ્-ઐતિહાસિક મહત્ત્વનો મસાલો ઊંચકીને લઈ જવો એ માનવી જ્ઞાન પ્રત્યે મહાદ્રોહ છે. તે તે દેશની સરકારે આવો બધો મસાલો સાચવી રાખવો જોઈએ અને દુનિયાના સમર્થ વિદ્વાનોની આંતર-રાષ્ટ્રીય ન્યાતને તે મસાલો વાપરવાની છૂટ આપવી જોઈએ.

આ પ્રદેશમાં જતાં અને આવતાં અમે જાતજાતનાં અનેક શ્વાપદો જોયાં. એમાંય ખાસ કરીને જે જિરાફો બિલકુલ નજીક જોવાને મળ્યાં તેમની પ્રતિષ્ઠા ભુલાય એમ નથી. એમના માથા પરનાં શિંગડાં એટલાં નાનાં હોય છે કે જાણે બાયનોકયુલર ચશ્માંની પેઠે આંખ ઉપરથી માથે ચડાવ્યાં હોય! જિરાફ પ્રાણી આટલું ઊંચું અને લાંબગ્રીવ હોય છે પણ એને પોતાને એ અડવું લાગતું હોય એમ એના ચહેરા પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી લાગતું. આ જનવરોને એમના પૂર્વજોનો હજારો વરસનો ઇતિહાસ ખબર હોય ખરો? કાલ ભગવાનના ઉદરમાં પ્રવેશ કરી કલ્પનાની નજરે નિહાળવાની શક્તિ માણસજાત પાસે જ છે. બાકીનાં પ્રાણીઓ માટે વર્તમાનકાળ જ સત્ય હોય છે. ભૂત અને ભવિષ્ય કાળ એમને માટે માયારૂપ જ ગણાય. અને તેથી જ તેઓ નચિંતપણે પ્રાચીન અવશેષો વચ્ચે વિચરી શકે છે.

'રિફ્ટ' વૅલી અને ઑરલેગેસાઇલી એ બે ઠેકાણેના દર્શનથી તાજી થયેલી જિજ્ઞાસા લઈને અમે નૈરોબીનું 'કૉરિંડન' મ્યૂઝિયમ જોવા, અને ખાસ કરીને એને અનેક રીતે શણગારીને ઉપયુક્ત બનાવનાર વિદ્વાન ડૉ. લેકીને મળવા ગયા.

એ જ મ્યૂઝિયમમાં એક ગાંધી વિભાગ ખોલવાના છે એમ મેં સાંભળ્યું પણ એમાં શું શું રાખવાના છે, એની વ્યવસ્થા કેવી હશે એ હજી મેં પૂછ્યું નથી. ગાંધી મ્યૂઝિયમ એ મારું ક્ષેત્ર હોવાથી એ કલ્પનાના પ્રેરકોને મળીને એની વિગતો જાણી લઈશ.

નૈરોબીનું કૉરિંડન મ્યૂઝિયમ સામાન્ય મ્યૂઝિયમ નથી. એની અંદર આખા આફ્રિકા ખંડનું રહસ્ય પ્રગટ થયેલું છે. ડૉ. લેકી એક પ્રખર ભૂસ્તરશાસ્ત્રી છે. એમણે ઘણી ઘણી શોધો કરી છે. આફ્રિકા ખંડનો લાખો અને કરોડો વરસનો ઇતિહાસ એમણે અનેક ઉત્ખનનોમાંથી ઉપજાવી કાઢ્યો છે. કેવળ માણસનો જ નહીં પણ નાનામોટાં અસંખ્ય પ્રાણીઓનો ઇતિહાસ આજે એમને આભારી છે. ખોદકામ કરતાં કરતાં એમને કેટલીક ખોપરીઓ એવી મળી છે કે જે વાનર અને માણસ વચ્ચેના અંકોડા પૂરા પાડે છે. ખૂબ અભિમાનથી એમણે એ ખોપરી કબાટમાંથી કાઢીને અમારા હાથમાં મૂકી અને અમને બતાવવા લાગ્યા કે, "જુઓ આ આંખ ઉપરની ભમરનું ઊપસી આવેલું હાડકું . . . આ જુઓ માણસનું મસ્તિષ્ક માય એવું આ ખોપરીનું મોટું પોલાણ." વાતવાતમાં એક ચિત્ર તરફ આંગળી કરીને એમણે કહ્યું કે, "આ જે વંશવૃક્ષ મેં તૈયાર કર્યું છે એને માટે કેટલીક માહિતી હિંદુસ્તાનમાંથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી આવે એમ છે. તમારા હિંદુસ્તાનના ભૂસ્તરશાસ્ત્રીઓને કહો કે આમાં મને મદદ કરે. કેમ કે આ કામ આખી માનવજાતિનું છે."

મેં એમને કહ્યું, "તમે માગો છો એ વાતની શોધખોળ હિમાલય પહેલાંની શિવાલિક ટેકરીઓમાં જ થઈ શકે." "હું પણ એમ જ માનું છું" એમણે અનુમોદન આપ્યું. એ જ ચર્ચા આગળ ચાલતાં મેં કહ્યું, "મારા જન્મ પહેલાં બ્રૂસ ફુટ કરીને એક ભૂસ્તરશાસ્ત્રી દક્ષિણ હિંદુસ્તાનમાં ફરતો હતો. એને એક રાક્ષસી માણસનું જડબું મળ્યું હતું. મારા પિતાશ્રીએ એ જડબાનો ફોટો લાધેલો તે મેં જોયો હતો."

"બ્રૂસ ફુટનું નામ મેં સાંભળ્યું છે. એને જડેલું એ જડબું હાલ કયાં હશે?" એમણે મને પૂછ્યું. મેં કહ્યું કે, "મારો જન્મ પણ તે વખતે થયો ન હતો. કદાચ મદ્રાસ મ્યૂઝિયમમાં એ પડ્યું હોય તો હોય. નાનપણમાં એ ફોટો મારી પાસે હતો. ઘણા લોકોએ એ જોયો છે."

ડૉ. લેકીએ કહ્યું કે, "માણસ શરીરે મોટો થાય કે નાનો થાય એ બધું ખોરાક ઉપર આધાર રાખે છે. ગેંડા કે હિપ્પો જેવું પ્રાણી પણ ખોરાકની તંગીને કારણે, દસવીસ હજાર વરસની અંદર, ઉંદર જેટલું નાનું થઈ જાય છે."

એમેક કલાક અમારી વાતો ચાલી. એ દરમ્યાન અરણ્યોને લગતું વનસ્પતિશાસ્ત્ર, પતંગિયાંનું શાસ્ત્ર, કુદરતમાં ચાલતી 'મિમિક્રી', પશુપક્ષીઓના પ્રકારો વગેરે કેટલાય વિષયો એમાં આવી ગયા. ભાઈ સાહેબની કામ કરવાની ઓરડી જોવા લાયક હતી. ચોપડીઓ, રિપોર્ટો, નોંધો, છબીઓ આદિ અનેક વસ્તુના ઢગલા જ્યાં ત્યાં ખડકેલા હતા! એનાં કપડાંનું પણ ઠેકાણું નહીં. આખો વખત પોતાના કામમાં જ મસ્ત, બીજું કશું એને સૂઝે જ નહીં. પોતાના શાસ્ત્રમાં અખંડ રચ્યાપચ્યા રહેતા. જે જાતિમાં આવા મસ્ત લોકો પેદા થાય છે તે જાતિનું મુખ હમેશ ઉજ્જવળ જ રહેવાનું.

મ્યૂઝિયમની રચના વિચારપૂર્વક કરેલી હતી. જાતજાતનાં જાનવરો, એમના સ્વાભાવિક વાતાવરણમાં ગોઠવાયેલાં હતાં. એ જોઈને મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈનું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ યાદ આવ્યું. હું માનું છું કે દરેક દેશના મુખ્ય મુખ્ય મ્યૂઝિયમના વસ્તુપાલોને, સરકારી ખર્ચે, બીજાં મોટાં મોટાં મ્યૂઝિયમો જોવા મોકલવા જોઈએ અને એમની પાસેથી સામાન્ય માણસ સમજી શકે એવું સાહિત્ય તૈયાર કરાવવું જોઈએ.

એક દિવસ ભાઈ સૂર્યકાન્તે આવીને મને પૂછ્યું, "કાકાસાહેબ, તમે અહીંનું કિકુયુ સરોવર જોયું છે?" મેં કહ્યું, "ના, એની કોઈ એ વાતેય મારી આગળ કરી નથી." "તમારે એ ખાસ જોવું જોઈએ. ઉપર જમીન છે અને નીચે સરોવર છે. એના પર તમે ચાલી શકો છો. પણ એ જમીન રબરની બનાવી હોય તેમ ઝૂલે છે."

મને મુંબઈની મલબારહિલ ઉપરનો હેંગિંગ ગાર્ડન યાદ આવ્યો. કિકુયુ સરોવરમાં એના કરતાં ઘણી વિશેષતા હશે એટલું તો હું કલ્પી જ શકચો, પણ એનો સ્પષ્ટ ખ્યાલ ન આવ્યો. સૂર્યકાન્તભાઈ અમને એક સવારે ત્યાં લઈ ગયા. કિકુયુ સ્ટેશન પરથી એક ફર્લાંગ જેટલું પણ દૂર નહીં હોય; પણ નૈરોબીથી એ એગિયાર માઈલ દૂર છે. ત્યાં જતાં રસ્તામાં અમને કિલિમાંજરોના રૂપાળા શિખરનાં સ્પષ્ટ દર્શન થયાં. બે ત્રણ દિવસ પહેલાં યુનાઈટેડ કેનિયા ક્લબમાં પ્રવેશ કરતા પહેલાં શ્રી અપ્પાસાહેબ પોતાની મોટરમાં મને ઉતાવળે લઈ ગયા હતા અને એમણે મને સૂર્યાસ્તના ગેરુવા રંગથી રંગાયેલું કિલિમાંજરોનું શિખર બતાવ્યું હતું. બે ત્રણ મિનિટ જોયું હશે એટલામાં સૂર્યનારાયણે પોતાની કિરણકૃપા ખેંચી લીધી અને તે જ ક્ષણે શિખરની શોભા અલોપ થઈ.

આજે વધતા જતા પ્રકાશમાં કિલિમાંજરોના શિખરનાં દર્શન અમે ધરાઈને કરી શકચાં. મોટા હાથીની પીઠ હોય અથવા કોઈ ઓલિયાનું કમંડળ ઊંધું મૂકયું હોય એવું તે શિખર શોભતું હતું. આપણા દેશમાં પર્વત–શિખરોની અછત નથી. અને કેટલાંક શિખરો તો ઘણાં રૂપાળાં હોય છે. પણ કિલિમાંજરો તે કિલિમાંજરો.

અમે કિકુયુ પહોંચ્યાં અને સરોવરને કિનારે મોટરમાંથી ઊતર્યાં. કોઈ મોટા વિશાળ તળાવનું પાણી સુકાઈ ગયું હોય અને તળિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાદવમાં લીલ અને ઘાસ ઊગ્યાં હોય એવું એ દૃશ્ય હતું. શ્રી સૂર્યકાન્તભાઈએ કહ્યું કે, "આ જમીન તળે પાણી છે. પેલે ખૂણે પંપ દેખાય છે એની મદદથી આ તળાવનું પાણી ખેંચીને નરોત્તમીના અમુક ભાગને પાણી પૂરું પાડવામાં આવે છે. આટલું પાણી ખેંચાય છે છતાં તળાવનાં પાણી ખૂટતાં નથી."

બીતાં બીતાં અમે તળાવ પરની જમીન પર પગ મૂક્યો અને આગળ ચાલ્યાં. જમીન લપ લપ લપ હાલવા લગી. એમ લાગતું કે પગ તળેની જમીન હમણાં ફાટી જશે અને પગ પાણીમાં જશે. ક્યાંક ક્યાંક ઠેકાણે પગ કાદવમાં પડ્યા હોય તેમ એકેક ઇંચ અંદર પણ જતા. અમે ચાલતાં ચાલતાં સરોવરના મધ્ય સુધી ગયાં. અને ડાબી બાજુ વળી પાછાં આવ્યાં. વચમાં વચમાં વેંતિયા કૂવા જેવા ખાડા હતા એમાંથી નીચેનું પાણી દેખાતું હતું. પાણી ઉપરનું જમીનનું પડ આહનવ ઇંચ કરતાં વધારે જાડું નહીં હોય. સૂર્યકાન્તભાઈએ એક લોકવાયકા કહી કે જૂના વખતમાં કેટલાક આફ્રિકન છોકરાઓ બક્ષિસને લોભે એક છેડે પાણીમાં ડૂબકી મારીને સરોવરની અંદરથી તરતાં તરતાં બીજે છેડે ઉપર આવતા. આટલો વખત શ્વાસ રોકીને તરવું એ સહેલી વાત ન હતી. એક વાર એક છોકરો આમ જ ડૂબકી મારીને ગયો તે અંદરના જાળામાં સપડાયો હશે અથવા એનો શ્વાસ ખૂટ્યો હશે. એ ઉપર આવ્યો જ નહીં. ત્યારથી સરોવરમાં આમ ડૂબકી મારવાની મનાઈ કરવામાં આવી છે.

સરોવરનો આકાર વાંકોચૂકો ત્રિકોણી છે. કુદરતના એક ચમત્કાર તરીકે આને જોઈ શકાય. સરોવરોનો સ્વભાવ પોતાનું મોઢું ઊજળું અને શાન્ત રાખી આકાશના અનંત તારાઓને પ્રતિબિંબિત કરવાનો હોય છે. એ સ્વભાવ છોડી દઈને માટી–ઘાસની લાજ કાઢવાનું આ સરોવરને ક્યાંથી સૂઝ્યું હશે? અથવા આસપાસની ટેકરીઓએ સાસુપણું ચલાવી આ બિચારી બાળાને આમ લાજ કાઢવાની ફરજ પાડી હશે? શું એ બાળા એટલી બધી ઉચ્છૃંખલ હતી કે બીજા કોઈ સરોવરને નહીં ને એને જ લાજ કાઢવી પડી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બપોરે લંચ અને રાત્રે ડિનર અને વચમાં વચમાં નાસ્તાપાણીનો મારો રોજનો ચાલુ જ હતો. અમે હિંદુસ્તાનમાંથી આવેલા 'મોટા માણસ' છીએ એ રખેને ભૂલી જઈએ એ માટે આ બધી વ્યવસ્થા હતી. દર વખતે અમારે કાંઈ ને કાંઈ બોલવું પડતું. શ્રી અબ્બાસાહેબે કહી રાખ્યું હતું કે દર ઠેકાણે નવા નવા લોકો આવે છે એટલે એમને તમારો સંદેશો પહોંચાડવા માટે એક ને એક જ રેકૉર્ડ ચલાવશો તોયે વાંધો નથી. પણ મને તે આવડે નહીં. વસ્તુ ભલે એક જ હોય પણ નવા લોકોને જોઈને એ વસ્તુ નવી રીતે મૂકવાનું મન થાય અને કેટલાક લોકો તો બધે ઠેકાણે અમારી સાથે હોય જ. એમને એકની એક વસ્તુ, એની એ જ ભાષામાં, ફરી ફરી સાંભળવી પડે એ પણ મને વસમું લાગતું. પણ પ્રચારકને આ બાબતમાં રીઢા થવું જ પડે છે. કશા શોભા શણગાર વગર પોતાની વાત લોકો આગળ સીધી મૂકવાની કળા ગાંધીજીએ કેળવી બતાવી છે. પણ આવી સાદાઈમાં પણ એમનું અનુકરણ કરવું સહેલું નથી. મેં નક્કી કર્યું કે પોતાના વિચારો વિષેની પોતાની ઉત્કટતા ઉપર વિશ્વાસ રાખી, તે તે ક્ષણે જે સૂઝે તે બોલી નાખવું.

એક વખતે મને ખાસ વિષય આપવામાં આવ્યો — Non-violence in Peace and War – શાંતિકાળમાં તેમ જ યુદ્ધકાળમાં અહિંસાનું પાલન.

વિષય જરા વિચિત્ર ખરો. કેટલાક લોકોને થાય છે કે યુદ્ધ શરૂ કર્યા પછી અહિંસાને અવકાશ જ કયાં છે? Non-violence in War – યુદ્ધમાં અહિંસા – એ વદતોવ્યાઘાત છે.

જ્યારે બીજા કેટલાક કહે છે, જ્યાં હિંસા ચાલતી હોય ત્યાં જ અહિંસાના પ્રચારને અવકાશ છે. શાન્તિના દિવસોમાં બધા જ લોકો અહિંસક હોય છે. શાન્તિનો અર્થ જ એ છે. ત્યારે શાન્તિના દિવસોમાં અહિંસાના પાલન કે પ્રચારનો અર્થ શો?

ખરું જોતાં મનુષ્યજીવન આજે એટલું કૃત્રિમ થયું છે કે યુદ્ધના દિવસ હો કે શાન્તિના દિવસ હો, શાન્તિની સાધના ઉગ્રપણે અથવા ઉત્કટપણે કરવાની હોય જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીની અહિંસા કાયરની અહિંસા નથી. ખરું જોતાં ગાંધીજીએ કોઈ ખાસ વસ્તુ શીખવી હોય તો તે પૂર્ણ અહિંસાવાળો, તેજસ્વી પ્રતિકાર છે. યુદ્ધની અવેજીમાં સફળતાપૂર્વક વાપરી શકાય એવી અહિંસા તે ગાંધીજીનો સત્યાગ્રહ. લડાઈમાં ભાગ લેનારા શૂર લોકો પોતે મરવા તૈયાર હોય છે અને સામા માણસને મારવા મથે છે. મરવાની તૈયારી રાખવી એ સત્યાગ્રહીનું કામ છે. મારવાની તૈયારી કરવી એ જલ્લાદનું કામ છે. સત્યાગ્રહી અને જલ્લાદ એકત્ર થઈને ક્ષત્રિય વીર બને છે. એ ક્ષાત્રધર્મનું ગાંધીજીએ શુદ્ધીકરણ કર્યું. જલ્લાદને કાઢી નાખ્યો અને શુદ્ધ સત્યાગ્રહીને રાખ્યો. એનું જ નામ Non-violence in War.

પણ રોજ ઊઠીને સત્યાગ્રહનું શસ્ત્ર વાપરવાનું નથી હોતું. સત્યાગ્રહ કે હઠયાગ્રહ બન્નેનો પ્રસંગ જ ન આવે એવું નિષ્પાપ જીવન જીવવું તેનું નામ છે Non-violence in Peace. એને માટે આખો જીવનક્રમ બદલવાની આવશ્યકતા છે.

આજે આપણું જીવન અન્યાય, અત્યાચાર અને દ્રોહ ઉપર રચાયેલું છે. સામાજિક ઊંચ-નીચતા અને સ્વ-પર ભાવ, આર્થિક વહેંચણીમાં અસમાનતા, રાજકીય જોહુકમી અને વાંશિક તિરસ્કાર — 'રેસ હેટ્રેડ' — એ માનવી જીવનના મુખ્ય દોષો છે. એ દોષો નભે છે ત્યાં સુધી હિંસાને અવકાશ રહેવાનો જ.

એક વાર પરદેશના કેટલાક લોકો સાબરમતીમાં ગાંધીજીને મળવા આવ્યા હતા. ઘણું કરીને યુદ્ધવિરોધી શાંતતાવાદી હશે. ગાંધીજીએ એમને કહ્યું કે યુદ્ધોથી હું અકળાતો નથી. યુદ્ધોમાં કરવી પડતી ખુના-મરકી એ મુખ્ય હિંસા નથી. યુરોપ અમેરિકાનું રોજનું જીવન જ હિંસા પર રચાયેલું છે. સામાજિક અને આર્થિક અન્યાય વધી પડે છે ત્યારે યુદ્ધો ફાટી નીકળે છે. જેમ માણસને તાવ આવે છે એમાં તાવ એ રોગ નથી, પણ હોજરી અને લોહી બગડ્યાની એ નિશાની છે, તેમ જ સામાજિક ન્યાય અને સામંજસ્ય જ્યારે બગડે છે ત્યારે એની નિશાની તરીકે યુદ્ધો ફાટી નીકળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ માણસજાતને ચૂસે છે, નિચોવે છે, જબરદસ્ત માણસ ગરીબ માણસ ઉપર પોતાનો દોર ચલાવે છે, એ ખરી હિંસા છે. એ જો આપણે ટાળી શકીએ, આપણું જીવન સ્વાશ્રયી અને નિષ્પાપ બનાવીએ તો યુદ્ધો કરવાં જ ન પડે. જ્યાં કોઈ કોઈને નિચોવતું નથી ત્યાં જબરદસ્ત અને જેરદસ્ત એવો ભેદ મટી જાય છે. અત્યંત ગરીબાઈ અને અત્યંત શ્રીમંતાઈ એકસાથે જ ચાલે છે. સમાજમાંથી જો ગરીબાઈનો છેદ ઉડાડી દઈશું તો અમર્યાદ શ્રીમંતાઈ એની મેળે ઓગળી જશે. મારી શિખામણ એ છે કે અન્યાયનો પ્રતિકાર કરી ન્યાયની સ્થાપના કરવા માટે આપણે હિંસા વાપરવાનું છોડી દઈ એ અને અહિંસક સત્યાગ્રહ આદરીએ. અને સાથે સાથે આપણે આપણા જીવનમાં એવો ફેરફાર કરીએ કે આપણે કોઈને લૂંટીએ નહીં અને કોઈ આપણને લૂંટે નહીં. આવું જીવન ગાળવા માટે આપણે ભોગતૃષ્ણાનો સંયમ કરવો જોઈએ. વિલાસની વસ્તુઓ પાછળ પડવાનું છોડી દેવું જોઈએ. કોઈ પણ વસ્તુ વાપરતા પહેલાં આપણે વિચાર કરવો જોઈએ કે એ વસ્તુ તૈયાર કરવા પાછળ માણસની કેટલી મહેનત ખરચાઈ છે અને એ પણ વિચાર કરવો જોઈએ કે એ વસ્તુ તૈયાર કરવામાં અને મેળવવામાં કેટલું પાપ ભેગું થયું છે.

દુનિયાના લોકો જીવનનું ધોરણ — 'સ્ટૅન્ડર્ડ ઑફ લાઈફ' ઊંચું કરવા મથે છે. પણ ભૌતિક ધોરણ ઊંચું કરવા જતાં તેઓ નૈતિક ધોરણ — 'મૉરલ સ્ટૅન્ડર્ડ' — નીચું પાડે છે અને માણસાઈ ખોઈ બેસે છે. હિંદુસ્તાનના ઋષિમુનિઓએ જ નહીં પણ રાજાઓએ અને સમ્રાટોએ પણ જોયું કે ભોગવિલાસને અંત નથી. રાજા યયાતિએ પોતાની આખી જિંદગી ભોગવિલાસમાં ગાળી — અરે, પોતાના દીકરાની જુવાની ઉછીની લઈને પણ એણે મોજ માણી. છતાં એની તૃપ્તિ ન થઈ. અંતે અંતર્મુખ થઈને એ બોલ્યો, "આ દુનિયામાં જેટલા તલ અને તાંદુલ છે, ધનધાન્ય અને પશુપક્ષી છે, તેમ જ જેટલાં દાસદાસી અને યુવતીઓ છે — બધાંને ભેગાં કરીએ તોયે એક માણસની તૃપ્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા માટે એ પૂરતાં નથી. માટે વાસના-નિવૃત્તિ એ જ સાચો ઉપાય છે, એ જ જીવનનું રહસ્ય છે." આ થઈ પૌરાણિક વાર્તા. ઇતિહાસકાળમાં સમ્રાટ અશોકે પણ એવો જ અનુભવ કર્યો અને એણે રાજ્યવિસ્તારનું કામ છોડી દઈ ધર્મવિસ્તારનું કામ હાથમાં લીધું.

ભોગવિલાસમાં માણસ ત્યારે જ રાચી શકે જ્યારે એ બીજાનાં સુખદુઃખ પ્રત્યે બેદરકાર થાય. અહિંસાના મૂળમાં વિશ્વબંધુત્વનો આદર્શ છે, રાષ્ટ્રપૂજનો નહીં.

આજકાલનાં રાષ્ટ્રો શાંતિ જાળવવા માટે 'બૅલન્સ ઑફ પાવર' ઉત્પન્ન કરવા માગે છે. એકના સ્વાર્થ સામે બીજાનો સ્વાર્થ, એકના સામર્થ્ય સામે બીજાનું સામર્થ્ય તોળીને શાંતિ ન જ સ્થપાય. ત્રાજવું એ બજારુ વસ્તુ છે. એમાંથી શાંતિ નિર્માણ નહીં થાય. પ્રેમ અને બંધુતા જ કેળવવી જોઈએ. જે કાયદો આપણે કુટુંબની અંદર વાપરીએ છીએ તે જ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે વાપરવો જોઈએ.

હિંદુસ્તાન માટે અહિંસાનો સંદેશો જગજૂનો છે. ગાંધીજીએ એ સિદ્ધાંત રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે લાગુ કરી બતાવ્યો.

દુનિયામાં બંધુતાની વાત ઘણી ચાલે છે. પણ દરેક રાષ્ટ્ર કહે છે કે અમને બંધુતા ત્યારે જ માન્ય થાય જ્યારે મોટાભાઈનું સ્થાન અમને મળે

ખરું જોતાં મોટાભાઈપણું ત્યાં સુધી જ નભે છે જ્યાં સુધી મોટો ભાઈ નાના ભાઈઓ માટે ઘસાવા તૈયાર હોય છે. નાનો ભાઈ મોટાભાઈની આમન્યામાં રહે ત્યાં સુધી મોટો ભાઈ નાનાભાઈ નો કાન પકડી શકે છે. પણ એ જ નાનો ભાઈ જ્યારે વીફરે છે અને ઘરમાંથી નીકળીને રસ્તા પર જઈને ઊભો રહે છે ત્યારે મોટો ભાઈ એનો કાન છોડીને પગ પકડે છે અને એની ક્ષમા માગીને એને ઘરમાં આણે છે. આ છે પ્રેમનો માર્ગ, અહિંસાનો માર્ગ. ગાંધીજીએ આ રસ્તો રાષ્ટ્રીય હિલચાલમાં વાપરી બતાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજની દુનિયા વિજ્ઞાનને જોરે અનેક રીતે સમર્થ બની છે. પણ એ જો ગાંધીનો રસ્તો ન લે તો એનો નાશ જ થવાનો છે. એણે માણસાઈ ખોઈ છે. ગાંધીજીને માર્ગે દુનિયા સુધરે નહીં, અમર્યાદ સહિષ્ણુતા અને અમર્યાદ ધીરજ કેળવે નહીં, તો દુનિયા આત્મહત્યા જ કરવાની.

એક જણે પૂછ્યું કે, "જો કોઈ સિંહ એક ગાય ઉપર તરાપ મારે તો ગાય અહિંસા શી રીતે વાપરી શકે?" આવા સવાલો હમેશાં પુછાય છે. મેં એટલું જ કહ્યું: "પશુઓ પશુધર્મ પ્રમાણે વર્તશે. માણસે પોતાનો જીવનધર્મ પશુઓ પાસેથી શીખવાનો ન હોય. આપણે શા માટે પશુઓને આપણા ગુરુ બનાવીએ?"

૬

થીકા

શ્રી મેઘજીભાઈ શાહ પૂર્વ આફ્રિકાના એક બાહોશ વેપારી છે. પોતાનું એક કારખાનું બતાવવા તેઓ અમને થીકા લઈ ગયા હતા. આ સ્થાન નૈરોબીથી ચોત્રીસ માઈલ દૂર છે. ત્યાં મેઘજીભાઈનું વૉટલની છાલમાંથી અર્ક કાઢવાનું કારખાનું છે. રસ્તો બહુ સારો છે. બન્ને બાજુ સાયસલ એટલે કે રેડિઅનસની ખેતી છે. આપણે ત્યાં ખેતરોની વાડમાં અનેનાસ કે કેતકીનાં પાંદડાં જેવાં લાંબાં લાંબાં અણિયાળાં પાંદડાના છોડ ઊગે છે. તલવાર જેવાં આ લાંબાં પાંદડાં પાકટ થઈ જાય એટલે એમને તોડીને પાણીમાં સડાવે છે. સડેલો ભાગ સૂકવીને ઝૂડી કાઢ્યા પછી જે રેસાઓ રહે છે તેનાં મોટાં મોટાં દોરડાં અને રાંઢવાં બનાવે છે. આ દોરડાં પાણીમાં કહોવાઈ નથી જતાં અને ઘણાં મજબૂત હોય છે તેથી આ રેસાની આટલી કિંમત છે. આ છોડને દક્ષિણ મહારાષ્ટ્રમાં રેડિઅનસ કહે છે. અંગ્રેજીમાં એને સાયસલ કહે છે. પૂર્વ આફ્રિકામાં અનેક ઠેકાણે આ સાયસલનું વાવેતર બહુ મોટા પ્રમાણમાં થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૉટલબાર્ક એ બાવળના છાલ જેવી એક છાલ છે. ચામડાં કેળવવામાં એનો અર્ક ઘણો ઉપયોગી હોય છે. વૉટલની છાલ ભેગી કરી, એના કકડા ઉકાળી એનો અર્ક કાઢવામાં આવે છે અને એ અર્ક સૂકવી એની કેરી કાંડીઓ તૈયાર કરવામાં આવે છે. થીકામાં એક ટેકરીની કેડ ઉપર કાવ્યમય જગાએ વૉટલબાર્કનું અર્ક કાઢવાનું કારખાનું છે. અમે એ બધું વિગતવાર જોયું. પોતાના કારખાનાના લોકો માટે મેઘજીભાઈ એ જે સંતોષકારક સગવડો ઊભી કરી છે તે પણ અમે જોઈ.

પાછા વળતાં થીકા પાસેના બે ધોધ જોવા અમે ગયા. એમાંનો એક ધોધ જ્યાંથી સારામાં સારી રીતે દેખાય એમ હતું ત્યાં ગોરા લોકોએ એક હોટેલ બાંધી છે. આવે ઠેકાણે પશ્ચિમના લોકોને જીવનનો આનંદ માણવાનું સૂઝે છે જ્યારે આપણા લોકો આવા સ્થાનને તીર્થનું ધામ બનાવી ત્યાં ઈશ્વરનું ચિંતન કરવાનું પસંદ કરે છે. યાત્રાનું ધામ નક્કી થયું એટલે ત્યાં મંદિરો અને ધર્મશાળાઓ આવવાની જ. એની સાથે લોકોનાં ટોળાં, બજાર અને જાતજાતની ગંદકી આવવાની જ — ભૌતિક તેમ જ સામાજિક. અહીં સારામાં સારી જગા હોટેલને કબજે ગયેલી હોવાથી ત્યાં સુંદર બગીચો બનાવેલો છે. નાહવા માટે એક મોટું કૃત્રિમ તળાવ બાંધ્યું છે. એની આસપાસ કપડાં બદલવાની અને ગરમ પાણીએ નાહવાની ઓરડીઓ પણ કરી છે. ભોગવિલાસનાં બધાં સાધનો ભેગાં કર્યાં છે. પણ સામાન્ય માણસ ત્યાં જઈ ન શકે. ફક્ત પૈસાદાર અને તેમાંયે ગોરા લોકો જ એ બધો આનંદ માણી શકે. બન્ને પ્રકારની સારી બાજુઓ ભેગી કરી આને એક આદર્શ સ્થાન નહીં બનાવી શકાય ?

જરૂરી રજા મેળવી અમે એ બન્ને ધોધ જોઈ આવ્યા. એકનું નામ થીકા અને બીજાનું ચાનિયા.

પાણીનો ધોધ એટલે કુદરતની વસ્તુ. જેમ વધારે ઊભા રહો તેમ ત્યાં જ રહી જવાનું મન થાય. બન્ને ધોધ હીક હીક મસ્તીમાં હતા. કાદવને કારણે પાણીમાં લાલાશ આવી હતી. પણ જ્યાં ધોધ પડે છે ત્યાં જાણે સોનાનો જ ધોધ પડતો હોય એવી ચળકતી પીળાશ દેખાતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

નૈરોબીનું અમારું ઘર

નૈરોબી છોડ્યું નહીં ત્યાં સુધી અમને લાગ્યું નહીં કે અમારી આફ્રિકાની મુસાફરી શરૂ થઈ છે. મોમ્બાસા ફક્ત પ્રવેશદ્વાર હતું. નૈરોબી આવ્યાં ત્યારે જ આફ્રિકામાં આવ્યાં છીએ એમ લાગ્યું. નૈરોબી છોડ્યું ત્યારે થયું કે આપણે આફ્રિકાની મુસાફરીએ ઊપડ્યાં છીએ. ત્યાં સુધી જાણે ઘરમાં જ હતાં.

એનું મુખ્ય કારણ હતા અમારા મેજબાન શ્રી તાત્યાસાહેબ ઇનામદાર અપ્પાસાહેબ પંતના રહસ્યમંત્રી. શ્રી ઇનામદારની સાથેની મારી ઓળખાણ બહુ જૂની છે. સન ૧૯૩૬ માં અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ થઈ હતી અને પૂ. ગાંધીજી એ પરિષદના અધ્યક્ષ હતા ત્યારે હું હતો કલાવિભાગનો અધ્યક્ષ. તે વખતે શ્રી ઇનામદાર ઈડર સ્ટેટમાં કેળવણી ખાતાના ઉપરી હશે. એમણે ત્યાંની સ્થાપત્યકળા ઉપર એક સુંદર નિબંધ લખીને છપાવ્યો હતો. મને એ ખૂબ ગમેલો. એ રીતે અમે પાસે આવ્યા. ત્યાર પછી હરિપુરા કૉંગ્રેસમાં અમે ફરી મળ્યા. ઇનામદારે દેશદેશાન્તરની કેળવણીની પદ્ધતિનું અધ્યયન કરવા માટે જાપાનની અને યુરોપની મુસાફરી કરી હતી. ઔંધના રાજકુટુંબ સાથે એમનો સંબંધ હતો. એટલે શ્રી અપ્પાસાહેબ પંત જ્યારે હિન્દુસ્તાન સરકાર તરફથી પૂર્વ આફ્રિકાના કમિશનર નિમાયા ત્યારે સ્વાભાવિક રીતે શ્રી ઇનામદાર એમના રહસ્યમંત્રી તરીકે એમની સાથે આવ્યા. હું માનું છું કે અપ્પાસાહેબના બાળપણમાં શ્રી ઇનામદારે કેળવણીકાર તરીકે એમના પર દેખરેખ રાખેલી હોવી જોઈએ.

નૈરોબીમાં શ્રી કમલનયન બજાજ સહકુટુંબ અપ્પાસાહેબને ત્યાં રહ્યા. સ્વરાજની હિલચાલને અંતે દેશી રાજ્યોના ઉકેલને અંગે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને એકબીજાના ઠીક ઠીક પ્રસંગમાં આવ્યા હતા. એટલે તેઓ સાથે રહે એ જ યથાયોગ્ય હતું. અને હું શ્રી ઇનામદારને ત્યાં રહું એ એટલું જ બંધબેસતું હતું. એમનાં ઘરમાં પેસતાંવેંત સૌ. શકુંતલા તાઈ એ અમને ઘરનાં કરી દીધાં. જાણે પ્રથમથી જ અમે એમનાં કુટુંબીજન હતાં. 'અમે' એટલે મારાં દીકરી સમાં મંત્રી ચિ. સરોજિની નાણાવટી અને મારી સાથે આવેલા શ્રી શરદ પંડ્યા. શ્રી ઇનામદારની દીકરીઓએ પણ કશો સંકોચ રાખ્યા વગર અમને પોતાનાં ઘરમાં સ્થાપી દીધાં. કંઈક શરમાયા હોય તો એમના ભાઈ વિનયકુમાર. આજકાલ બધે એમ જ દેખાય છે કે છોકરીઓ કરતાં યુવાન છોકરાઓ જ વધારે શરમાય છે! ધીરે ધીરે વિનયકુમાર પણ અમારી સાથે ભળી ગયા. એનું મુખ્ય કારણ એમની સેવાવૃત્તિ. વિનયકુમાર તો ખરા જ પણ જાતજાતની સેવા કરતાં વિનય કયાં સુધી ટકે? તેમણે પ્રથમ શરદ સાથે દોસ્તી કરી, પછી અમારી સાથે વાતો કરવા લાગ્યા. ચિ. ઉષા તો પહેલે જ દિવસે અમારી લાડકી બની ગઈ. પ્રાર્થનામાં ભજનો ગાય. જમતી વખતે અમારા પર દેખરેખ રાખે. ચિ. રજની થોડા જ દિવસોમાં ઉચ્ચ કેળવણીને અર્થે હિંદુસ્તાન ચાલી ગઈ. નૈરોબીથી મોમ્બાસા રેલવેમાં અને ત્યાંથી મુંબઈ સુધી સ્ટીમરમાં એણે એકલીએ જ પ્રવાસ કર્યો. જૂની ઢબની સ્ત્રીઓ આવી હિંમત ન કરે. આજકાલની છોકરીઓને પ્રવાસ માટે કોઈ સથવારો માગતાં શરમ ઊપજે છે.

તાત્માની મોટી દીકરી ચિ. લતાએ સમાજસેવાની વિદ્યાની કેળવણી લીધેલી હોવાથી આજે તે નૈરોબીમાં સંગીન કામ કરવાની તૈયારી કરી રહી છે.

ઇનામદારને ત્યાં બે બિલાડીઓ, એક મોટો કૂતરો અને એક નીલો પોપટ છે. પોપટનું કામ ઘરમાં આવનારનું સ્વાગત કરવાનું છે અને કૂતરાનું કામ ઘરની રખેવાળી કરવાનું. કૂતરો નામ પ્રમાણે ખરેખર વાઘ્યા છે. ઘરના લોકો કહે કે 'અમુક માણસ ઉપર ભુરકાય નહીં. એ ઘરના થઈ ગયા છે.' એટલે પછી તરત એ દોસ્તી કરવા માંડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલાડીઓએ બે છેડાના બે રંગ પસંદ કરેલા છે. એટલે એકનું નામ મેં રાખ્યું અમાવાસ્યા અને બીજીનું પૂર્ણિમા. બિલાડીઓ સ્વભાવે માશુક હોય છે. બંધા પાસેથી લાડ ઉઘરાવતી જ જાય છે.

આવા ઘરમાંથી મુસાફરીએ ઊપડતાં જીવ ભારે થાય એ સ્વાભાવિક હતું. પણ તાત્યા પોતે અમારી સાથે આવવાના હોવાથી વિશેષ ન લાગ્યું.

૮

બે વ્યોમકાવ્યનો કાટખૂણો

નૈરોબીથી અમે ઊપડવાં ટાંગા જવા. પણ મોમ્બાસામાં અમારે હવાઈ જહાજ બદલવાનું હતું તેથી નૈરોબીથી પ્રથમ સીધાં સમુદ્ર ભણી અમે ઊડવાં.

વિમાનની મુસાફરી એટલે વ્યોમકાવ્યની ઉજાણી. અમે ઊપડવાં ત્યારે માંડ સૂરજ ઊગ્યો હતો. નીચે ગોરાઓની નાની મોટી રૂપાળી વાડીઓ અને આફ્રિકન લોકોના નેસડા દેખાતા હતા. બન્ને ખુલ્લા જીવનના રસિયા; પણ આફ્રિકનો ઓછામાં ઓછી સગવડોથી સંતુષ્ટ; જ્યારે ગોરાઓ જાતજાતની સગવડો ઊભી કરવામાં શૂરા. ટેકરીઓના માથા પરથી દોડતા રસ્તાઓ અને માથાથી નીચે ઊતરતા પાણીના પ્રવાહો — બધું જ રૂપાળું લાગતું હતું. આફ્રિકાની બધી જ જમીન જ્વાળામુખીના ઉત્પાતથી બનેલી હોય છે. આ બાજુની જમીન સિંદૂર જેવી લાલ અને એના ઉપર લીલી લીલી વનશ્રી — જાણે ઇન્દ્રલોકના રસિયાઓ માટે ખાસ ગોઠવેલી વિશાળ રંગભૂમિ.

કેવળ ભૂગોળવિદ્યાનો જ જેને રસ છે એને પણ વિમાનની મુસાફરી એ એક અપૂર્વ લહાવો હોય છે. જમીનનું ઘડતર, પાણીનો વિસ્તાર, નદીઓના વળાંક અને જંગલોની સમૃદ્ધિ પ્રત્યક્ષ નજરે જોવાને મળ્યા વગર ભૂગોળવેત્તાનો આત્મા તૃપ્ત થાય નહીં. પણ જે માણસ નાનપણથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરતની ઉપાસના કરવા આવ્યો છે, કુદરતના દર્શનથી જ જેનો આત્મા ખીલે છે અને કુદરત દ્વારા જ જે ભગવાનનું દર્શન કરવા મથે છે તેને માટે વિમાનની મુસાફરી એ એક મહોત્સવ જ છે.

વિમાનમાં ચડતાંવેંત સારામાં સારી જગા શોધીને હું મારી આંખો બીડકીના કાચને ચોડી દઉં છું અને ભૂખ્યા-તરસ્યાથી પેઠે આખી દૃશ્ય-સૃષ્ટિ પીતો જાઉં છું.

ડાબી બાજુ પ્રથમ આ પ્રદેશના દેશનાયક માઉન્ટ કેનિયા દેખાયા. એના પર અમુક હદ સુધી વૃક્ષ વનસ્પતિની સમૃદ્ધિ ઊછળાતી દેખાય છે. ત્યાર પછી જ્યાં ટાઢ વધે છે અને સૂસવતો પવન કોઈ પણ વનસ્પતિને ટકવા દેતો નથી ત્યાં બધું કોરું ને કોરું. એને પ્રણામ કરી નજર દક્ષિણે ફેરવી. ત્યાં પ્રથમ શિખરીઓમાં સર્વોત્તમ ગણાતો પર્વત મેરુ દેખાયો. (ભગવાન પોતે જ એકરાર કરે છે મેરુઃ શિખરિણામ્ અહમ્.) એના પર નજર કંઈક ઠરે છે એટલામાં દૂર સુદૂર આફ્રિકાના ગૌરવ સમો અદ્વિતીય કિલિમાંજરો દેખાયો. નરી આંખે ધરાઈને જોયા પછી મેં એને બાયનોકયુલરને જોરે વધારે પાસે ખેંચ્યો. કિલિમાંજરોને પડખે એનો એક અંતેવાસી છે — જાણે સેવા માટે તત્પર ઊભેલો કોઈ કિંકર. કિલિમાંજરોને માથે શ્વેત મુકુટ હોવાથી આખા આફ્રિકાખંડનું રાજ્યપદ એને જ છે એમ સહેજે વર્તી શકાય છે. દૂરથી એનું શિખર સફેદ ગુંબજ જેવું અંડાકાર દેખાય છે. પણ વસ્તુતઃ એને માથે જ્વાળામુખીનો દ્રોણ (ક્રેટર) છે. કોઈ કોઈ બાજુએ વિરુદ્ધ દિશાની કિનારનો છેડો દેખાય છે ત્યારે વિશ્વાસ બેસે છે કે ઉપર દ્રોણ હશે ખરો. ડૉ. લેકીએ અમને કહ્યું હતું કે, 'કિલિમાંજરોના દ્રોણની અંદરની ઉષ્ણતા ધીરે ધીરે વધતી જણાય છે અને તેથી અંદરની બાજુનો બરફ ક્રમે ક્રમે ઓછો થતો જાય છે. જો એમ જ ચાલે તો કોક વખતે એ જ્વાળામુખી ફરી વાર જીવતો થાય પણ ખરો.'

'એ કયારે થશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તે કહેવાય નહીં. વીસ પચીસ વરસની અંદર પણ એ ફાટે અથવા બસો ચારસો વરસ પછી પણ ફાટે.' ભૂસ્તરશાસ્ત્રીઓ પાસે સંખ્યાની કંજૂસાઈ નથી હોતી. જૈન પુરાણોની પેઠે, હજારોની સંખ્યા એમને વિસાતમાં નહીં.

અમારું વિમાન આગળ ચાલ્યું અને જોતજોતામાં ડાબી બાજુ વાદળાંના ગોટેગોટા ઊભરાયા. સૂર્યનાં કિરણોને લીધે જમણી બાજુના ધુમ્મસમાં ઇન્દ્રધનુષ્યનું એક પૂર્ણ વર્તુળ ઊમટ્યું અને એના કેન્દ્રમાં અમારા એરોપ્લેનની છાયા! જાણે કોઈ દેવદૂત આકાશમાર્ગે અમારા જેવા માનવીઓને ઇન્દ્રલોકમાં પહોંચાડવા માટે તૈયાર થયો છે.

થોડા જ વખતમાં દૂર, સામી બાજુ હિંદી મહાસાગર દેખાવા લાગ્યો. દર્શન થતાંવેંત એ મહાપુરુષને પ્રણામ કર્યા. કેમ કે એનાં મોજાંઓ મારી જન્મભૂમિને સ્પર્શે છે. અમે સહેજ નીચે ઊતર્યાં અને મોમ્બાસાનો બેટ સ્પષ્ટ દેખાવા લાગ્યો. એક મોટી પ્રદક્ષિણા કર્યા વગર જમીનને સ્પર્શ કરાય નહીં એ એરોપ્લેનનો નિયમ હોય છે. તેથી નીચે ઊતરતાં ઊતરતાં આસપાસની બધી શોભા બધી બાજુએથી જોવાને મળે છે. ત્યાં થોડોક આરામ કરીને અમે નવું નાનકડું પ્લેન લીધું. એમાં દસ જણાં જ બેસી શકે એમ હતું. એમાંનાં પાંચ તો અમે જ હતાં. નૈરોબીથી મોમ્બાસાનો રસ્તો પશ્ચિમથી પૂર્વ હતો. મોમ્બાસાથી ટાંગાનો રસ્તો એનાથી કાટખૂણો કરી ઉત્તરથી દક્ષિણે જતો હતો. હવે એક નવું જ દૃશ્યકાવ્ય નજર આગળ ભજવાયું. ડાબી બાજુ સમુદ્રના અદ્‌ભુત રંગો — ઘડીકમાં ઘેરો નીળો રંગ તો ઘડીકમાં લીલો! દૂર દૂર પેમ્બા બેટ દેખાયો. એમાં આસપાસના સમુદ્રનો મોરથૂથા જેવો લીલો રંગ, ત્યાર પછી નારિયેળીના માથાનો શ્યામલ લીલો રંગ, અને કોઈ ઊંચી ટેકરી આવે ત્યારે એનો સિંદૂરી રંગ — એની શોભા આકર્ષતી હતી. જમણી બાજુ કિનારાના ફીણની ધોળી ચંચળ રેખા નાચતી હતી. ટાંગાની આસપાસ જમીનમાં ઘૂસેલા સમુદ્રના હાથ સમાં 'ક્રીક' ચળકે છે.

જોતજોતામાં જર્મન નિર્મિત ચોરસ શહેર ટાંગા દેખાયું અને ફરી વાર ગોળ ફરી, અમે એની નક્કર જમીન ઉપર પગ મૂકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ટાંગા

હવાઈ જહાજના અંદર પર એટલે કે વિમાનના અડ્ડા પર શ્રી આદમભાઈ કરીમજી પોતાના બાળક લતીફ સાથે આવ્યા હતા. ટાંગાથી થોડે દૂર લિસોટો કરીને એક હંડું શહેર છે. ત્યાં મારા એક સ્નેહીના સગા ડૉ. દિવ્યકૃષ્ણ રહે છે. એ પોતે ટાંગા આવી શકે એમ ન હોવાથી એમણે પોતાની પત્ની અને બાળકને મોકલ્યાં હતાં. એ લોકો પણ એરપોર્ટ પર આવીને મળ્યાં.

અહીં પણ અમારી મંડળી બે ત્રણ ઘરમાં વહેંચાઈ. શ્રી અપ્પાસાહેબ અને કમલનયન આદમજીને ત્યાં ઊતર્યા. અમારો ઉતારો ટાંગાના પ્રખ્યાત વકીલ મનુભાઈ દેસાઈને ત્યાં હતો. જતાંવેંત અનેક મુલાકાતીઓ આવ્યા. એમાં સરસ અંગ્રેજી બોલનારા અને આ પ્રદેશની પરિસ્થિતિ ઉત્તમ રીતે જાણનારા બે આફ્રિકન ભાઈઓ પણ હતા. એમની સાથે ઘણી વાતો થઈ. હિંદુસ્તાનની સહાનુભૂતિને લીધે આફ્રિકન લોકોમાં ઘણી ઘણી આશાઓ ઊપજી છે. પોતે હવે સાવ અનાથ નથી. એક સમર્થ પડોશી પોતાના જીવનમાં રસ લે છે એમ એ પ્રજાને લાગવા માંડ્યું છે અને તેથી જ હવે પછી આપણે એ લોકો પ્રત્યેનું આપણું વલણ બદલવું જોઈએ. ગાંધી સ્મારક કૉલેજની વાત સાંભળી છે ત્યારથી એ લોકો એ કૉલેજ કયારે સ્થપાશે એની રાહ જોઈને બેઠા છે.

પ્રથમ રીગલ સિનેમામાં એક જાહેર સભા થઈ. એ સભા વિખેરાઈ કે તરત બહેનોએ એ સ્થાનનો કબજો લીધો. એમની આગળ પણ અમારું વ્યાખ્યાન થયું. એની સાથે આર્ય કન્યા મંડળ તરફથી કન્યાઓનાં નૃત્ય સંગીત વગેરે ગોઠવાયાં હતાં. અહીં મહારાષ્ટ્રી અને ગુજરાતી બહેનોએ મળીને સંગીતકળાનું સારું વાતાવરણ જમાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્ડિયન એસોસિયેશન તરફથી રાત્રે જે ખાણું રાખવામાં આવ્યું હતું તેમાં ગોરાઓ પણ આવ્યા હતા.

બીજે દિવસે આદમભાઈ કરીમજી અને એમનાં પત્ની ઝેબુન્નિસ્સા બહેન સાથે અમે એમનું ચાયમાગાન જોવા ગયા. આ ચાયમાગાન ટાંગાથી સાડસિત્તેર માઈલ દૂર આવેલા ઉસુંબારા પહાડની ટોચ પર છે. પહાડની વન્ય શોભા જોતાં જોતાં અમે જૂની સરકારે બીલવેલા પણ હવે કંઈક રખડવા દીધેલા વાનસ્પત્યમ્ ('બોટેનિકલ ગાર્ડન') સુધી પહોંચ્યાં. ત્યાં અમને મેંગોસ્ટીનનું એક ફળ મળ્યું. અમારામાંથી કેટલાક લોકોએ એ જોયેલું કે ચાખેલું ન હતું. કલકત્તામાં આ ફળ ખૂબ મળે છે. પૂર્વ એશિયા તરફનો એ સ્વાદિષ્ટ મેવો છે.

દરેક ઠેકાણે જૂની નવી સંસ્થાઓને કારણે હિંદુ-મુસ્લિમનો પ્રશ્ન ઊભો થાય જ છે. વ્યક્તિ તરીકે હિંદુ-મુસલમાનો ખૂબ પ્રેમથી હળીમળીને રહે છે. સંસ્થાનું નામ આવ્યું કે તરત અનેક સવાલો ઉત્પન્ન થાય છે. અહીં મારે હાથે એક 'ઇન્ડિયન કલ્ચરલ સોસાયટી' (હિંદુસ્તાની સંસ્કાર મંડળ)નું ઉદ્‌ઘાટન થયું. એનું બંધારણ ઘડવામાં પણ મારે રસ લેવો પડ્યો હતો.

ત્રીજે દિવસે સવારે હું આગ્રહપૂર્વક 'વૉરસિમેટ્રી'—જંગી સ્મશાન-ભૂમિ જોવા ગયો કેમ કે હું જાણતો હતો કે છેલ્લા મહાયુદ્ધ વખતે હિંદુસ્તાનના અનેક સિપાઈઓએ અહીં પોતાના પ્રાણ અર્પણ કર્યા હતા. ૧૯૬૫માં મરાયેલા એ ચારસો છસો લોકોમાં ગ્વાલિયર તરફના મહા-રાષ્ટ્રીઓ, રાજસ્થાનના રજપૂતો, કાશ્મીર જમ્મુ તરફના હિંદુ-મુસલમાન ડોગરાઓ અને કેટલાક મદ્રાસીઓ હતા. આફ્રિકાની ભૂમિ ઉપર જે ઠેકાણે મારા દેશભાઈઓએ પોતાનું લોહી રેડ્યું તે સ્થાન વિષે મારા મનમાં આદરની લાગણી હોવાની જ. તેથી જ આ વીરોની સ્મશાનભૂમિ જોવાનો મારો આગ્રહ હતો. દારેસ્સલામમાં પણ હિંદી વીરોની આવી જ એક સ્મશાનભૂમિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાંગા છોડતાં પહેલાં અમે ત્યાંની સરકારી કરીમજી સ્કૂલ જોવા ગયાં. ત્યાંના પ્રિન્સિપાલ મિ. પેરી મને ઉત્તમ કેળવણીકાર લાગ્યા.

એરોપ્લેને અમને ટાંગાટોળી કરી ઊંચકયાં ત્યારે એક બાજુ સમુદ્ર અને બીજી બાજુ કાલના ઓળખીતા થયેલા ઉસુંબારા પહાડ જોતાં પરિચયનો આનંદ થતો હતો.

૧૦

શાંતિધામ દારેસ્સલામ

હવે અમે ઝાંઝીબાર થઈ દારેસ્સલામ જવા ઊપડયાં. રસ્તામાં ફરી એ જ લીલુંછમ દશ્ય. આજે પણ સમુદ્રમાં નાના મોટા અનેક બેટો દેખાતા હતા. એમાંના કેટલાક પાણી બહાર માથું ઊંચું કરી શકયા હતા અને નારિયેળ આદિ વનસ્પતિ સૃષ્ટિનો ભાર વહન કરતા હતા; જ્યારે કેટલાક બેટો હજી પાણીની બહાર માથું કાઢી શકયા ન હતા. એ બધાને મેં પન્નાલાલનું નામ આપ્યું છે. મારી ખાતરી છે કે દેવોમાં રસિકતા હોય તો તેઓ આમાંનો એક એક બેટ ઊંચકી પોતાની આંગળી માટે એની વીંટી કરવાના. બેટ જરા મોટો હોય ત્યારે એના મધ્યમાં ચળકતો ભાગ હોવાનો જ, જેનો રંગ ગેરુવા અને સિંદૂર વચ્ચેનો જ ગણાય. ઊડતાં ઊડતાં અમે એવે ટેકાણે આવ્યાં કે જ્યાં નીચે સમુદ્ર અને બંને બાજુ જમીનના કિનારા દેખાતા હતા. ડાબી બાજુ ઝાંઝીબારનો ટાપુ અને જમણી બાજુ આફ્રિકા ખંડ. જંગબાર (ઝાંઝીબાર) ઉપર પહોંચ્યાં ત્યાં નીચેથી નિશાની મળી કે નીચેથી કોઈ ઉતારુ — ખરેખર ચડાઉ કહેવું જોઈએ. — નથી કે જે અમારા વિમાનમાં સવાર થવા માગતો હોય. અમારા વિમાનમાં જંગબાર ઊતરનાર કોઈ હતું નહીં એટલે અમારા સારથિએ કહ્યું કે, "જંગબાર જોવું હોય તો ઉપરથી જ જોઈ લો." એણે વિમાનની જમણી પાંખ ઠીક નીચે નમાવી કે તરત અમે ગીચ વસ્તીવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગબાર શહેરનું આખું દર્શન કરી શકયાં. અમને સંતુષ્ટ થયેલાં જોઈ માતલિએ પોતાનું વિમાન તરત સરખું કર્યું અને અમે દારેસ્સલામ તરફ વાયુવેગે ધસ્યાં.

જોતજોતામાં દારેસ્સલામનો કદી ન ભુલાય એવો સમુદ્રકિનારો આંખ આગળ વિશાળ થવા લાગ્યો. આખું શહેર ઓળંગી અમે બીજે છેડે ઊતર્યાં અને દારેસ્સલામના અમારા અનેક મિજબાનોને તાબે થયાં.

દારેસ્સલામ એ ટાંગાનિકા પ્રદેશનું પાટનગર છે. જર્મન લોકોએ ટાંગાની પેઠે અહીં પણ પોતાની નગરરચના કળા ખૂબ અજમાવી છે. ત્યાર પછી પણ આ સમુદ્રકાંઠાનું શહેર જોતજોતામાં વધતું ચાલ્યું છે. અહીંના એક ગોરા નગરશેઠે વાતવાતમાં કહ્યું કે, "રિક્ષા ચાલી શકે એવા નાના રસ્તા પ્રથમ તૈયાર કર્યા હતા તે હવે અગવડરૂપ થાય છે. તે વખતે કોણે કલ્પ્યું હતું કે દારેસ્સલામના રસ્તાઓ ઉપર મોટી મોટી મોટરો દિવસ રાત દોડવા માંડશે?" મેં હસતાં એને કહ્યું કે, "અમારે ત્યાં બાળકોને માટે કપડાં સીવે છે ત્યારે ઝપાટાભેર વધતા શરીરનો હિસાબ રાખીને જ કપડાં વેતરાય છે."

મુસાફરીમાં જેમ અમને નૈરોબી અમારું ઘર જેવું લાગ્યું તેમ જ દારેસ્સલામ પણ અમારું ઘર બન્યું. કેમ કે દારેસ્સલામને મુખ્ય મથક કરી અમે એક વાર છેક દક્ષિણે પિંડી સુધી જઈ આવ્યાં. ફરી અહીંથી ઊપડીને જંગબાર જઈ આવ્યાં. ફરી થોડોક આરામ લઈને અમે ટાંગાનિકા પ્રદેશમાં પ્રવેશ કરવા માટે મોરોગોરો અને ડોડોમા તરફની રેલવેની મુસાફરી આદરી. આમ ત્રણ વાર દારેસ્સલામ જવાનું થવાથી એ ઘર જેવું થયું. પણ એથીય વિશેષ અમારો ઉતારો એક અત્યંત સાત્ત્વિક, ધર્મપરાયણ અને પ્રેમળ એવા કુટુંબમાં રાખેલો હોવાથી અમને દારેસ્સલામ બધી રીતે ઘર જેવું થઈ પડ્યું. શ્રી જયંતીલાલ શાહ અને એમનાં પત્ની મુક્તાબહેન બન્નેએ અમને ઘરનાં મુરબ્બી બનાવી દીધાં. એમના ઘરની રહેણીકરણી અમને બધી રીતે અનુકૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. ઘરનાં નાનાં બાળકોએ પણ અમને પૂરેપૂરાં અપનાવી લીધાં. પોતે થિયૉસૉફિસ્ટ હોઈ અમારી સવારસાંજની પ્રાર્થનામાં બધાં કુટુંબીઓ આત્મીયભાવે ભળી જતાં. પહેલે દિવસે એમના ઘરની અગાસી ઉપર જ પ્રાર્થના કરી. પ્રાર્થના વખતે જ પૂર્વ સમુદ્રમાંથી નાહીધોઈને ઉપર નીકળેલા સૂર્યનાં પાવન દર્શન અમે કરી શકયાં તેથી એ સ્થાન પ્રત્યે ભક્તિભાવ જાગ્યો. બીજે દિવસે પ્રાર્થનાની જગા ત્યાંથી ખસેડી નીચેના દીવાનખાનામાં રાખવામાં આવી. કેમ કે બહારના અનેક લોકો એમાં ભળવા આવવા લાગ્યા. છેલ્લે છેલ્લે શહેરમાં હિંદુ મંદિરોના વ્યવસ્થાપકોએ માગણી કરી કે તમારી પ્રાર્થના અમારે ત્યાં કેમ ન કરો? ઘણા શહેરવાસીઓ એનો લાભ લઈ શકશે. અમે એમને કહેવડાવ્યું કે, "સર્વ-ધર્મ-સમાનતામાં અમે માનતાં હોવાથી અમારી પ્રાર્થનામાં કુરાનની આયતો પણ હોય છે અને ઈસાઈ આદિ બીજા ધર્મનાં સ્તોત્રો પણ હોય છે. હિંદુ ધર્મને ભાષાભેદ અને ધર્મભેદનો વાંધો નથી હોતો. પણ તમારામાંના કોઈના મનમાં, આજકાલના વાતાવરણને લીધે, વાંધો હોય તો નાહક મન ખાટાં થઈ જશે. એટલે અમારી પ્રાર્થના તમને ખપતી હોય તો જ અમે તમારા મંદિરમાં આવી શકીશું." એ લોકોએ તરત વગર સંકોચે ખાતરી આપી કે, "અમને જરાય વાંધો નથી. બધા લોકો તમારી સર્વધર્મી પ્રાર્થના વધાવી લેશે." હિંદુ સમાજની આ ઉદારતાથી મને કશું આશ્ચર્ય ન થયું. પણ આનંદ ઘણો થયો. હિંદુસ્તાનમાં નોઆખાલીમાં ગાંધીજીની પ્રાર્થનામાં, મુસલમાનોએ રામધૂન સામે વાંધો ઉઠાવ્યો હતો અને દિલ્હીમાં હિંદુઓએ 'અલ્ફાતિહા' સામે વાંધો ઉઠાવ્યો હતો, એ બન્ને પ્રસંગો મને યાદ આવ્યા. ગાંધીજીની સર્વ-ધર્મ-સમાનતાને લીધે બન્ને ઠેકાણેના વાંધાઓ શમી ગયા હતા એ વાત પણ યાદ આવી. પરધર્મ વિષે અસહિષ્ણુતા હિંદુ ધર્મમાં કોઈ કાળે હતી નહીં. હવે પછી પણ તે જડ પકડવાની નથી એ હું જાણું છું. તેથી જ મને દારેસલામનું સુંદર વાતાવરણ જોઈ આનંદ થયા છતાં આશ્ચર્ય થયું નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ આફ્રિકામાં જે હિંદુસ્તાની મુસલમાન છે તેમાંના ઘણાખરા નામદાર આગાખાનના અનુયાયીઓ છે. એ પોતાને ઇસ્માઇલી કહેવડાવે છે. જે આગાખાની નથી તેમને અહીં ઇશનાશરી કહે છે. અહીં જે પંજાબથી આવીને વસેલા મુસલમાનો છે તે નોખા. જેમનું વતન પાકિસ્તાનમાં છે એવા મુસલમાનો અહીં નહીં જેવા છે. ઘણાખરા કચ્છ કાઠિયાવાડના જ છે. ઘરમાં ગુજરાતી બોલે છે. શાળામાં ગુજરાતી મારફતે જ શીખે છે. આગાખાની મુસલમાનોના રીતરિવાજ બીજા મુસલમાનો કરતાં કંઈક નોખા હોય છે. તેઓ હજરત અલીને માને છે. મક્કાની યાત્રા વિષે એમને આગ્રહ નથી. ના. આગાખાન મૂળે ઇરાન તરફના. હવે મોટે ભાગે વિલાયતમાં રહે છે. એમનો ઘોડાનો શોખ આખી દુનિયા જાણે છે. ઘોડાની શરતોની અંદર આગાખાનના ઘોડા સૌથી સારા ગણાય છે. નામદાર આગાખાન જેમ ઇસ્માઇલી લોકોના ધર્મગુરુ છે તેમ બ્રિટિશ સામ્રાજ્યમાં એ એક સારાસરખા રાજકારણી પુરુષ મનાય છે. એમની લાગવગ ઘણી છે. અને એ વાપરીને પોતાના અનુયાયીઓની બહતી માટે તેઓ હમેશાં દક્ષ રહે છે. પૂર્વ આફ્રિકામાં ઇસ્માઇલી જમાત સૌથી વધારે સંગઠિત છે અને હમેશાં ના. આગાખાનની સલાહ પ્રમાણે જ ચાલે છે.

થોડા વરસ પહેલાં અહીંના ઇસ્માઇલી લોકોએ ના. આગાખાનની સાઠ વરસની હીરક જયંતી ઊજવી. તેને માટે તેમણે દુનિયાભરથી હીરા એકઠા કરી નામદાર સાહેબની હીરક-તુલા કરી. અને એ હીરાની જેટલી કિંમત થઈ તે એમને ભેટમાં આપી. અલબત્ત, હીરાઓ પોતપોતાને ઠેકાણે પાછા ગયા.

ગુરુભક્તિનો આ પ્રકાર લોકવિલક્ષણ કહેવાય. ના. આગાખાને આ રકમમાંથી મોટા ભાગનું ટ્રસ્ટ કરી અહીંની કોમને જ સોંપી દીધું અને એ પૈસામાંથી હવે આ કોમના ઉત્કર્ષ માટે અનેક યોજનાઓ અમલમાં આણાય છે. કોઈ ગરીબ પણ બાહોશ બોજને મૂડી જોઈતી હોય તો તે પણ આમાંથી વગર વ્યાજે મળી શકે છે. આવડી મોટી રકમનો વહેવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રસ્ટ મારફતે ચાલતો હોય ત્યાં કેટલાક લોકો એની નીતિ વિષે ટીકા કરવાના. પણ સરવાળે આ ફંડને કારણે આ કોમ એકદમ આગળ વધી છે.

ના. આગાખાન એકાગ્ર નિષ્ઠાથી કોમની દુન્યવી લાભહાનિનો વિચાર કરી એમને દૂરંદેશી સલાહ આપે છે. દાખલા તરીકે અહીંના એમના લોકોને એમણે કહ્યું કે, "ઝાંઝીબારમાં હવે વધારે ભીડ કરીને નહીં રહેતા. ત્યાંની જાહોજલાલીની મર્યાદા આવી ગઈ છે. હવે વધુ લોકો ત્યાં રહે એમાં કસ નથી. હવે તમારે વધારેમાં વધારે સંખ્યામાં ટાંગાનિકામાં જવું જોઈએ. એ પ્રદેશ ઘણો વિશાળ છે અને એમાં ભાવિ ઉત્કર્ષનાં સાધનો ઘણાં સરસ છે."

એમણે પોતાના લોકોને એવી પણ સલાહ આપી કે, "છોકરા અને છોકરીઓની કેળવણી તરફ વધારે ધ્યાન આપો. એ બધાંને અંગ્રેજી ભણાવો. અંગ્રેજી જાણે માતૃભાષા હોય એટલા ઉત્સાહથી એ ભાષા શીખી લો. છોકરીઓ જૂની ઢબનાં કપડાં તજીને ફ્રોક પહેરે એ ઇષ્ટ છે. જેટલા વધારે લોકો વિલાયત જઈ ભણી આવે તેટલું સારું."

મુસલમાન છે એટલા જ માટે એ લોકોની લાગણી અને નિષ્ઠા પાકિસ્તાન તરફ છે એમાં આશ્ચર્ય નથી. અત્યાર સુધી હિંદી તરીકે અહીંના ઇન્ડિયન એસોસિયેશનમાં તેઓ છૂટથી ભળતા અને એમાં આગેવાનીભર્યો ભાગ ભજવતા. હવે તેઓ પોતાને નોખા ગણે છે. સાંભળ્યા પ્રમાણે નામદાર આગાખાને એમને સલાહ આપી છે કે હવે હિંદુસ્તાન પાકિસ્તાનના ઝઘડામાં નહીં પડવું. હિંદુસ્તાનના લોકોનો વિરોધ નહીં કરવો પણ પોતાની ઉન્નતિમાં બધું ધ્યાન આપવું.

ના. આગાખાનનો પ્રયત્ન આફ્રિકામાં વસતા બીજા મુસલમાનોને પણ અપનાવવાનો છે. આ દેશના મૂળ વતની આફ્રિકનોમાં સારી સંખ્યા, અરબોની અસરને લીધે, મુસલમાન થયેલી છે. એ લોકોને પણ સંગઠિત કરવાની ના. આગાખાનની મુરાદ છે એમ કહેવાય છે.

ના. આગાખાનના અનુયાયી ઇસ્માઈલી લોકોના રીતરિવાજમાં કેટલાક રિવાજો હિંદુ જેવા છે. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજના વ્યવહારમાં ઝનૂની નથી. એટલે એમની સાથે મીઠાશથી વર્તવામાં હિંદુ લોકોને કશી મુશ્કેલી આવતી નથી. કચ્છ કાઠિયાવાડ તરફના હોઈ તેમનો અને ગુજરાતી હિંદુઓનો સંબંધ મોટે ભાગે અત્યંત મીઠો હોય છે. આ એકતા બન્નેને માટે લાભદાયક છે. તેથી મેં અહીંના તમામ લોકોને સલાહ આપી કે, 'હિંદુસ્તાનની રાષ્ટ્રભાષા હિંદી છે અને પાકિસ્તાનની ઉર્દૂ છે અને મહાત્માજી બન્નેની મિશ્રણવાળી હિંદુસ્તાની ચલાવવા માગે છે — એ વાદ કે ઝઘડામાં ન ઊતરતાં, ગુજરાતી મારફતે જે એકતા સધાઈ છે અને મીઠો સંબંધ બંધાયો છે તેને જ વધારે મજબૂત કરવો અને શક્તિ પ્રમાણે હિંદી અને ઉર્દૂ બન્નેનો અભ્યાસ કરવો અને મુખ્ય વસ્તુ તે એ કે ભાષાના ઝઘડામાં પડવું જ નહીં. અંગ્રેજી શીખ્યા વગર છૂટકો નથી. કેળવણીમાં જેમ આગળ વધાય તેમ વધવું અને અહીંની જે આફ્રિકન પ્રજા છે તેને બધી રીતે અપનાવવાની પોતાની ફરજ માનવી.

'ગાંધીજીની શિખામણ છે કે બધા ધર્મો સાચા છે. બધા ધર્મો સારા છે. એટલે આપણે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ બન્ને પ્રત્યે સદ્‌ભાવ કેળવવો. એ બન્નેની મુખ્ય શિખામણ આપણા ધર્મની શિખામણથી ભિન્ન નથી. બધા જ ઈશ્વરભક્તિમાં અને સદાચારમાં માને છે. બધા જ વિષયવાસના પર વિજય મેળવવાનું સૂચવે છે અને ઈશ્વર બધાનો હોઈ બધા જ માણસોઈ વધારવાને બંધાયેલા છે. માટે આપણે ધર્મભેદ તરફ બિલકુલ ધ્યાન ન આપતાં બધા સાથે ભાઈચારો કેળવવો. કોઈ પણ જાતનો પક્ષપાત મનમાં ન આણવો. બીજા લોકો સંકુચિત સંગઠન કરે તો તેનો દ્વેષ ન કરવો પણ પોતાની ઉદારતાની અસર પાડતા જવું.'

પૂર્વ આફ્રિકામાં અમુક ખ્રિસ્તી મિશનરીઓએ આફ્રિકન લોકોની ઘણી ઊંડી સેવા કરી છે. તે એટલે સુધી કે આવા મિશનરીઓની સેવાને પ્રતાપે આફ્રિકન લોકોમાં ઘણી જાગૃતિ આવી છે અને તેથી અહીંના રાજ્યકર્તા અંગ્રેજો આ જાતના મિશનરીઓની પ્રવૃત્તિ વિષે અમુક અંશે શાશંક અને નારાજ રહે છે. કેટલાક કહે છે કે, "આ મિશનરીઓની સેવાને પ્રતાપે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્રિસ્તી આફ્રિકનો સમાનતાની વાતો કરે છે. એના કરતાં ઇસ્લામ સારો, રાજ્યસત્તા સામે ઝઘડો તો નથી કરતો." ઇસ્લામ વિષે કેવો અભિપ્રાય !

ના. આગાખાનની હીરકતુલા થઈ તે આ દારેસ્સલામમાં જ. અહીં ઇસ્માઈલી લોકોની સંખ્યા સારી છે. તેઓ સંગઠિત છે. છોકરા છોકરીઓની કેળવણી પાછળ અઢળક ધન ખરચે છે. નિશાળોમાં શિસ્ત સારી રહે એટલા માટે અંગ્રેજ શિક્ષક-શિક્ષિકાઓ રાખવાનો પણ એમનો આગ્રહ હોય છે. કેટલીયે જુવાન નાનકડી છોકરીઓને શિક્ષિકા થઈ વર્ગો લેતી મેં જોઈ છે. અહીં એક વસ્તુ નોંધવી જ જોઈએ કે 'સારા શિક્ષકો મળતા નથી. જે મળે છે તે ટકતા નથી. પરિણામે કેળવણી રખડે છે.' એ તકરાર આગાખાની સ્કૂલો વિષે પણ સંભળાય છે. માબાપો એ જાણતાં નથી કે પોતે બધાં જ પૈસા પાછળ પડેલાં હોઈ તેઓ પોતે જ એ વાતાવરણ બધે ફેલાવે છે. અમે ગમે તેવાં હોઈશું તોપણ અમારાં છોકરાંઓ ધર્મનિષ્ઠ અને ચારિત્ર્યવાન થવાં જોઈએ એ દુનિયાભરનાં માબાપોની ઇચ્છા જેમ બર આવતી નથી તેમ જ કેળવણી વિષે સાવ ઉદાસીન એવાં માબાપોના હાથમાં જે સંસ્થાઓનો કબજો છે તે સંસ્થાઓમાં સારા શિક્ષકો ટકવાના નથી અને કેળવણીનું વાતાવરણ જામવાનું નથી. માબાપો શાળાનું કેળવણીનું વાતાવરણ કેમ બગાડે છે અને તે ચૂપચાપ કેમ સહન કરવું પડે છે એની તકરાર અહીં કેવળ દેશી શિક્ષકો જ નથી કરતા — અંગ્રેજો પણ કરે છે.

મોમ્બાસામાં મુસલમાનો માટે એક મોટી સંસ્થા કામ કરે છે, 'મોમ્બાસા ઇન્સ્ટિટ્યૂટ આફ્ મુસ્લિમ એજ્યુકેશન.' ત્યાંના એક ગોરા શિક્ષકને મેં સહેજ કહ્યું કે, "પૂર્વ આફ્રિકા માટે આની મુસ્લિમ યુનિવર્સિટી કરવાની મુરાદ છે એમ સંભળાય છે." એણે હસીને કહ્યું કે, "કેળવણીનું આ એક મોટું કેન્દ્ર થશે એ વિષે શંકા નથી; પણ એક કોમની કેળવણી-ને જ વરેલી સંસ્થાને યુનિવર્સિટી શબ્દ કેમ લગાડાય? યુનિવર્સિટી તો યુનિવર્સલ જ હોવી જોઈએ ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતને અભાવે અને ઉત્સાહને અભાવે મેં એમને કહેવાનું માંડી વાળ્યું કે હિંદુસ્તાનમાં બનારસ હિંદુ યુનિવર્સિટી છે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી છે, અને જામિયા મીલિયા ઇસ્લામિયા પણ છે. આ યુનિવર્સિટીઓમાં બીજી કોમના વિદ્યાર્થીઓને લે છે ખરા પણ એ સંસ્થાઓનું સંગઠન કોમી ધોરણ ઉપર જ રચાયેલું છે.

મોમ્બાસાની 'ઇન્સ્ટિટચૂટ ઑફ મુસ્લિમ એજ્યુકેશન'માં ઔદ્યોગિક કેળવણીને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. થોડા જ દિવસોમાં ત્યાં વહાણવટાની કૉલેજ શરૂ થવાની છે. સમુદ્રનો કિનારો, સારાં સારાં મકાનો, પ્રોફેસરો, વિશાળ જમીન, અને અઢળક ધન, આટલી સગવડો મળી છે એટલે પછી સંસ્થાનો વિકાસ થવો જ જોઈએ.

આ સંસ્થા માટે ના. આગાખાને ઘણી મોટી સખાવત આપી છે અને પૂર્વ આફ્રિકાની સરકારે વચન આપ્યું છે કે આમ જેટલી રકમ તમારા તરફથી ભેગી થાય તેટલી જ સરકાર તરફથી, કોલોનિયલ ડેવલપમેન્ટ ફંડ તરફથી અપાવાશે.

આ ઇન્સ્ટિટચૂટ જ્યારે ધમધોકાર કામ કરશે અને પૂર્વ આફ્રિકાની મુસ્લિમ સંસ્થાઓ એની સાથે જોડાશે ત્યારે તે કેળવણીનું એક જબરદસ્ત કેન્દ્ર થશે એ વિષે શંકા નથી.

દારેસ્સલામમાં પણ મેં અનેક શિક્ષણસંસ્થાઓને અને હિંદીઓના નેતાઓને ભારપૂર્વક કહ્યું કે, આપણી પ્રાથમિક અને માધ્યમિક કેળવણી સારા પાયા ઉપર નથી એ હું જાણું છું. કેળવણીનું મિશન લઈ બેઠેલા શિક્ષક આજે આપણી પાસે નથી એ પણ હું જાણું છું. પણ અહીં ઉચ્ચ કેળવણીનું કશું સાધન નથી એ આપણી મુખ્ય હાડમારી છે. ઊંચી કેળવણીને અભાવે આપણી આખી પ્રજા, કેળવણીની દૃષ્ટિએ, વામનજી જેવી હીંગણી થઈ છે. સારા શિક્ષકો પણ હિંદુસ્તાનમાંથી કેટલા આણશો ? ત્યાંથી ઝાઝા લોકો આવવાના નથી, અહીંના આ સહરામાં બહારથી નદી વહેવડાવવાથી અહીં કશું ઊગવાનું નથી. ઉચ્ચ કેળવણીની સગવડ કરીશું તો જ આખરે અહીં આપણે આપણી વચ્ચેથી સારા શિક્ષકો પેદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકીશું. આપણને દીર્ઘદૃષ્ટિ પીઢ નેતાઓ પણ એ કેળવણીમાંથી જ મળશે. આપણે આપણી સંસ્થા કોમી પાયા ઉપર ઊભી ન કરીએ. સારામાં સારા અધ્યાપકો જ્યાંથી મળે ત્યાંથી ભેગા કરીશું. સારા અંગ્રેજો મળે તો એમને લઈશું. હિંદુસ્તાન સરકાર પાસેથી સારા વિદ્વાનોને ઉછીના લઈશું અને ઉચ્ચ કેળવણીની એક સંસ્થા ખોલીશું. શરૂઆતમાં એમાં વિદ્યાર્થીઓ ઓછા હશે પણ જોતજોતામાં એ સંખ્યા વધવાની જ. આફ્રિકન લોકો માટે એ સંસ્થામાં ખાસ સગવડ રાખીશું. આપણાં છોકરાંઓ તો હશે જ. અને મારો વિશ્વાસ છે કે, ભલે ઘણી જ થોડી સંખ્યામાં પણ, કેટલાક અંગ્રેજ યુવકો પણ આપણી સંસ્થામાં દાખલ થવાના જ. બીજે સારી સગવડ નથી એ વિચારે નહીં પણ ત્રણે કોમના કાળા, ધોળા અને ધઉંવર્ણા વિદ્યાર્થીઓને સમાન ભાવે ઉચ્ચ કેળવણી અહીં અપાય છે એ નૈતિક કારણે કેટલાંક ગોરાં માબાપો પોતાનાં બાળકોને અહીં મોકલશે અને કેટલાક નવયુવકો માબાપોનો વિરોધ હોવા છતાં પણ આવશે. ગોરા વિદ્યાર્થીઓની સંખ્યા નહીં જેવી હશે. પણ જે આવશે તેમનો ઉદ્ધાર થશે. અને કોઈ ન આવે તોયે આપણું બગડવાનું નથી. આપણે એક સારામાં સારી સંસ્થા ચલાવી બતાવીશું. એ સંસ્થા સાથે ગાંધીજીનું નામ જોડવામાં કશો વાંધો હોવાનું કારણ નથી. ગાંધીજીની કેળવણીની પદ્ધતિ એમાં તરત દાખલ નહીં થાય એ ખરું. ગાંધીજીની પદ્ધતિ યુરોપ અમેરિકાના કેટલાક સમર્થ કેળવણીકારોને ગળે ઊતરી છે. એની અસર હિંદુસ્તાનથી નહીં પણ યુરોપ અમેરિકાથી અહીં આવશે. ગાંધીજીનું નામ હશે તો અમુક નૈતિક ઊંચાઈ અને ગરીબ દબાયેલી જનતાના ઉદ્ધારનો આદર્શ એમાં દાખલ થશે. આપણે જેટલાં નાણાં ભેગાં કરીશું એટલી મદદ સરકાર આપણને પણ અપાવશે.

આપણાં છોકરાંઓને હિંદુસ્તાન કે વિલાયત મોકલવાથી અહીંના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે. નવી અને ઉચ્ચ કેળવણી દ્વારા આપણે અહીં નવી સંસ્કૃતિ સ્થાપવાના છીએ. એક કૉલેજ સ્થપાશે તો એની આસપાસ અનેક પ્રવૃત્તિઓ વણાશે. ગાંધી-ટાગોર વ્યાખ્યાનમાળા ચલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીશું. અહીંની પ્રજાની ભાષાઓમાં સારું સાહિત્ય તૈયાર કરાવી એ ભાષાઓની સંસ્કારશક્તિ વધારીશું. જે પ્રજાની ભાષા સમર્થ થઈ તે પ્રજા પણ સમર્થ થવાની જ. કેમ કે ભાષા અને સાહિત્ય એ પ્રજાનું આધ્યાત્મિક દૂધ છે. અહીંની બ્રિટિશ પોલિસીની સંકુચિતતા હું જાણું છું. આપણને તે આખર સુધી નડવાની નથી. આજકાલની દુનિયાની હાલત જ એવી છે કે સંકુચિત નીતિ ભવિષ્યમાં એમને પોસાશે નહીં. આપણે જો આફ્રિકન પ્રજાની સાચી સેવા કરીશું તો આપણાં મૂળિયાં અહીં મજબૂત થવાનાં જ. શરત એ કે આપણે નાગો સ્વાર્થ છોડવો જોઈએ અને અહીંની પ્રજાના હિતને પ્રધાનપદ આપવું જોઈએ.

ગાંધી સ્મારક કૉલેજની કલ્પના પ્રત્યે લોકો ધીરે ધીરે અનુકૂળ થતા જાય છે. મને વિશ્વાસ છે કે આ કામ શરૂ થવાનું જ અને એની મારફતે ઘણાં સારાં પરિણામો આવવાનાં. પણ સારા કામમાં વિઘ્નો ઝાઝાં.

દારેસ્સલામ હિંદી મહાસાગરના પશ્ચિમ કિનારાનું એક ઘરેણું છે. જેમ મુંબઈમાં ચોપાટીનો ગોળ સમુદ્ર કોલાબાની દાંડીથી માંડીને મલબાર હિલ સુધી ફેલાયેલો છે તેમ જ દારેસ્સલામનું પણ છે. સમુદ્રસ્નાન માટે અહીં એટલી બધી સારી જગાઓ છે અને ત્યાંથી દરિયાના રંગ એટલા સૌમ્ય, સુંદર અને વિવિધ દેખાય છે કે એ સ્થાન છોડવાનું મન જ ન થાય. હિંદુસ્તાનમાં કારવારનું બંદર પણ આવું સુંદર છે, જોકે ત્યાં અહીંના કરતાં દીવાદાંડી વિશેષ શોભે છે. ઉત્તરપૂર્વને છેડે સમુદ્રકિનારે ઓશિયન રોડ આવેલો છે. એ રસ્તો જ્યાં સમુદ્ર તરફ આગળ ધસે છે ત્યાં આપણા લોકોએ એક સુંદર બંગલો બાંધી એ સ્થાનની કદર કરી છે. હાલ ત્યાં ઓશન બ્રીઝ કરીને એક યુરોપિયન હોટેલ ચાલે છે. આરામ માટે અહીંના કિનારા કરતાં વધારે સારી જગા ભાગ્યે જ મળી શકે. દારેસ્સલામમાં જ્યાં ત્યાં નાળિયેરનાં ઝાડ નીચેના માનવીને આશીર્વાદ આપતાં, ઊભેલાં દેખાય છે. જ્યાં ત્યાં નવાં સારાં મકાનો બંધાય છે અને એ રીતે શહેરની શોભા અને સગવડો વધતાં જાય છે.

બેલ્જિયન લોકોએ આ જ બંદર પોતાને માટે પસંદ કર્યું છે. એમનો મુલક મધ્ય આફ્રિકાની પશ્ચિમ બાજુએ છે. પણ પશ્ચિમની બાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને સમુદ્રકિનારો નહીં જેવો જ મળ્યો છે. બેલ્જિયન કૉંગોની પૂર્વ તરફ ટાંગાનિકાનું મરચા ઘાટનું લાંબું સરોવર આવેલું છે. એ સરોવરના પૂર્વ કિનારા પર જે કિગોમા બંદર છે તેની વચ્ચે અને દારેસ્સલામ વચ્ચે ૭૮૦ માઈલની એક સીધી રેલવે દોડે છે. આ રેલવે આખા ટાંગાનિકા પ્રદેશના ઉત્તરદક્ષિણ એવા બે ભાગ પાડે છે. લશ્કરની દૃષ્ટિએ એ રેલવે ઘણી જ મહત્ત્વની છે. રુઆન્ડા ઉરુન્ડી પ્રદેશ તરફ અથવા ઉસુંબુરા શહેર તરફ જવા માટે આ જ રસ્તો સગવડભરેલો છે.

દારેસ્સલામમાં આફ્રિકન બાળકોની કેળવણી માટેની બે સરકારી સંસ્થાઓ અમે જોઈ. છોકરાઓની સંસ્થામાં એમની પાસેથી ભણતરનું કામ સખત રીતે કરાવવામાં આવે છે. ત્યાંના મુખ્ય અધ્યાપકે વાતવાતમાં કહ્યું, "જે છોકરાઓ ચૌદમે વર્ષે પરણી શકે છે એ છોકરાઓએ એ જ ઉંમરે પોતાની કારકિર્દીનો વિચાર કરી ખંતથી ભણવું જ જોઈએ એમ તમને નથી લાગતું? બાળકો છે એમ કહીને દરગુજર કરીએ તો તેઓ કોઈ કાળે ચડવાના નથી અને પોતાની બધી શક્તિ પ્રગટ કરી શકવાના નથી. ભણાવીએ હેતપૂર્વક પણ છોકરાઓ અભ્યાસમાં ઢીલ કરે એ સહન ન કરવું જોઈએ." એ ગોરા શિક્ષકની વાત સાચી હતી. એના વિદ્યાર્થીઓ ખંતથી ભણતા પણ હતા.

છોકરીઓની નિશાળ જોવા અમે ગયાં ત્યારે રમવાની રજા પડી હતી. કેટલીક બાળાઓ જમવા બેઠી હતી, કેટલીક રમતી હતી. એના ગૂંચળાંદાર વાળ અને અસ્ત્રા વતી એની પાડેલી શેરીઓ (સેંથા) ખાસ જોવા લાયક હતી. દુનિયાના બીજા માણસોના વાળ કરતાં આફ્રિકન લોકોના વાળ તદ્દન જુદા હોય છે. એમાં પણ સુંદરતા આણવાનો એ લોકો ઘણો પ્રયત્ન કરે છે અને એમાં નથી જ ફાવતા એમ નથી. અહીંના દરેક પ્રદેશની વાળ કેળવવાની પદ્ધતિ જુદી. એ બધા પ્રકારો ફોટો-આલ્બમમાં એકત્ર કર્યા હોય તો આફ્રિકન રસિકતાનો એક સુંદર નમૂનો તૈયાર થાય. આફ્રિકન લોકો બીજી કોમ સાથે પરણે તો એમની પ્રજાનો ચામડીનો રંગ બદલાય પણ વાળની બાબતમાં આફ્રિકન અસર કાયમી દેખા દે છે એમ કહેવાય છે. આવા અભિપ્રાયો કેટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરજ્જે સાચા હોય છે એ કોઈ જોતું નથી. કેટલાક સિદ્ધાંતો લોકોને આકર્ષક લાગે છે એટલા માટે જ વગર તપાસ્યે સ્વીકારેલા હોય છે.

આફ્રિકન લોકો માટે સરકાર તરફથી અનેક ઠેકાણે વેલફેર સેન્ટર્સ ખોલેલાં છે ત્યાં એ લોકો છૂટથી ભેગા થઈ શકે છે, રમતો રમે છે, છાપાંઓ વાંચે છે, રાત્રિવર્ગો ચલાવે છે અને મન થાય તો ત્યાં શરાબનું સેવન પણ કરી શકે છે.

આપ્યા પૂર્વ આફ્રિકામાં શરાબનો વહેવાર છડેચોક ચાલે છે. આપણા લોકોએ પણ આ રિવાજમાં ઘણી પ્રગતિ કરી છે! કેટલાક સારા અને પ્રતિષ્ઠિત લોકો જ્યારે સૂર્યાસ્ત વખતે શરાબ પીએ છે અને ખુશીમાં આવીને વાતો કરે છે ત્યારે આપણને વિચિત્ર જેવું લાગે છે. બધા જ કહે છે કે અમુક લોકો અપવાદ રૂપે નથી પીતા. કોણ અપવાદ-રૂપ છે અને કોણ નિયમને વશ રહે છે એ તપાસવાની કે જાણી લેવાની મેં હિંમત નથી કરી. એમ માનવામાં જ મેં સગવડ માની કે જેઓ આપણા પ્રસંગમાં આવે છે તેઓ ઘણે ભાગે પીતા નથી.

અમારા માનમાં બાણું થતાં હતાં એમાં યુરોપિયન લોકોને પણ આમંત્રણ હોવાથી તેમને માટે શરાબની સગવડ રાખવામાં આવતી અને પછી આપણા લોકોમાંથી પણ, જેની જેવી રુચિ હોય તેવી રીતે તેઓ વર્તતા. એ અહીંનો સર્વમાન્ય રિવાજ છે. મારા જેવો કોઈ આવે ત્યારે "તમે આ બધું શી રીતે ચલાવી લો છો?" એવો પ્રશ્ન પૂછવામાં એ લોકોને રસ પડે છે.

"પરદેશમાં આપ્યો સમાજ જે રિવાજ માન્ય રાખે છે તેનો કાજી થવા માટે હું નથી આવ્યો. મારી માન્યતા પ્રમાણે હું વર્તું છું. મદ્યપાનનિષેધનું મિશન લઈને આવ્યો હોત તો બીજું ધોરણ અખત્યાર કરત," એમ કહીને હું સંતોષ માનતો. આ બધું દારેસ્સલામને ઉદ્દેશીને નથી લખ્યું. ખાસ કરીને યુગાન્ડામાં આ સવાલ વિશેષ મહત્ત્વનો થયો હતો.

આફ્રિકન વેલફેર સેન્ટરમાં ગ્રામોફોન ચાલતું જોઈ મેં આફ્રિકન સંગીતની માગણી કરી. આફ્રિકન ભાષામાં લખેલાં ગીતો અને યુરોપિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગ — એવા પ્રકાર મિશનરી લોકોએ ઘણા ચલાવ્યા છે. એનું સંગીત ઉચ્ચ કોટિનું હોય છે. અમેરિકામાં વખણાયેલા 'નિગ્રો સ્પિરિચ્યુઅલ્સ' વિષે આપણે જાણીએ છીએ. મારે અહીં આફ્રિકન ભાષા, આફ્રિકન છંદ, અને રાગ પણ આફ્રિકન, એવું સંગીત જોઈતું હતું. એક જ પ્લેટ એ પ્રકારની હતી અને તેમાં પણ રાગ શુદ્ધ આફ્રિકન ન હતો. અરબી સંગીતની અસર એમાં સ્પષ્ટ જણાતી હતી.

દરેક કોમ પોતાના સંગીતમાં પોતાનો આત્મા રેડે છે અને પોતાના આખા ઇતિહાસની હૃદય ઉપર જે અસર થઈ હોય તે પોતાના સંગીત દ્વારા વ્યક્ત કરે છે. તેથી જ આફ્રિકન લોકોનું સંગીત સાંભળવાને હું ઇંતેજાર હતો. જ્યાં જ્યાં કાંઈ પણ તક મળી ત્યાં ત્યાં મેં આફ્રિકન સંગીત સાંભળવાનો પ્રયત્ન કર્યો અને જાણકાર લોકોને તેમનો અભિપ્રાય પૂછ્યો. આફ્રિકન રાગોમાં કોઈ લડાયક રાગ હોય છે કે નથી? રણમસ્તીના સૂરો જડે છે કે શું? એની મેં તપાસ કરી. લોકોએ કહ્યું કે, લડાયક સૂરો તો નથી જડતા પણ ઉત્સવો, તહેવારો વગેરેના રાગ, લગનગીતો અને વિજયગીતો મળે છે. મેં જે થોડુંક સંગીત સાંભળ્યું એની અંદર વિષાદ અને નિરાશાના સૂર સ્પષ્ટ દેખાતા હતા. અરબી અસર હોવા છતાં આ વિશેષતા કાયમ હતી. શ્રી જયંતીભાઈએ કેટલીક આફ્રિકન રેકર્ડો આણીને સંભળાવી. તે પરથી ઉપરનો અભિપ્રાય દૃઢ થયો. પણ બીજી જાતનું સંગીત આફ્રિકન લોકો પાસે નથી એમ કહેવા જેટલો અનુભવ મને નથી. સંગીતનું હાર્દ સમજનારા લોકોએ આફ્રિકન સંગીતનો ઊંડો અભ્યાસ કરવો જોઈએ. આપણે ત્યાં સંગીતશાસ્ત્રની જેટલી ઉપાસના થઈ છે તેટલી એના હાર્દની નથી થઈ. તેથી ઘણા લોકો સામકોલોજી ઑફ મ્યુઝિકથી અજાણ રહે છે.

દારેસ્સલામમાં એક સારું સરખું આફ્રિકન મ્યૂઝિયમ છે. મ્યૂઝિયમ છે નાનું, પણ અત્યંત કીમતી છે.

આફ્રિકન લોકો જ્યારે શિકારે જાય છે ત્યારે છેડે ઝેર પાયેલાં તીર લઈને જાય છે. જૂના કાળનાં તીરના છેડા પણ લાકડાના જ રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણી તકલીના નાકની પેઠે એમાં કાપ રહેતા. તીર જનવરને વાગે કે એનો છેડો તરત તૂટી જાય અને જનવરના શરીરમાં ઘર કરી બેસે અને છેડાના ઝેરથી જનવર મરી જાય. મ્યૂઝિયમના વસ્તુપાલે આફ્રિકામાં વપરાતાં આવાં ઝેરોનો ઊંડો અભ્યાસ કર્યો છે એમ મને કહેવામાં આવ્યું.

આફ્રિકાના મધ્ય ભાગની કોઈ ગુફામાં, ચાળીસ હજાર વરસ પહેલાંનું જે એક ચિત્ર ચીતરેલું છે તેની પ્રતિકૃતિ આ મ્યૂઝિયમમાં રાખવામાં આવી છે. પશુઓની આબેહૂબ આકૃતિઓ અને શિકારના પ્રસંગો એ આ ચિત્રની ખાસિયત છે.

આફ્રિકાની આખી સંસ્કૃતિ ગ્રામીણ ઢબની છે. એક છેડેથી બીજા છેડા સુધી બધે ઝૂંપડાં, ઝૂંપડાં ને ઝૂંપડાં જ જોવા મળે છે. ઈંટ-ચૂનાનું કે પથરાનું એકે મકાન પ્રાચીન આફ્રિકનોએ ચણેલું નથી. એમનાં ચામડાનાં કે વલ્કલનાં કપડાં, લાકડામાં કોતરેલી હોડીઓ, કોડીઓની, કોડિયાંઓની અને મણિઓની એમની કારીગરી, લાકડાનાં અને ચામડાનાં એમનાં વાજિંત્રો એવું એવું ઘણું જોવા મળ્યું. બધાં મળીને અત્યાર સુધી અમે પાંચેક મ્યૂઝિયમો જ જોઈ શકયાં.

પૂર્વ આફ્રિકામાં જ્યાં જ્યાં મહારાષ્ટ્રીઓ મળ્યા ત્યાં ત્યાં ઉચ્ચ અભિરુચિવાળું સંગીત, સારું સરખું નાટચ અને અહિંસાના સિદ્ધાન્ત વિષેની અશ્રદ્ધા સાંભળવાને મળ્યાં જ. મહારાષ્ટ્રીઓ ગાંધીજીની વાત સમજવાનો પૂરો પ્રયત્ન કરે છે, પણ વિશિષ્ટ પક્ષના નેતાઓના અખંડ પ્રચારની અસર એમના ભેજા ઉપર એટલી થઈ છે કે ગાંધીજીનો ધ્યેયવાદ વહેવારુ છે એ વસ્તુ તેઓ કેમે કરીને માની શકતા નથી. એમને ધીરજપૂર્વક સમજાવવાની જરૂર છે.

દારેસ્સલામનું વ્યાયામ મંડળ યુવાનોમાં સારું કામ કરે છે. વ્યાયામ મંડળમાં સેવાનું વાતાવરણ હોઈ, અને શરીરસંવર્ધન તરફ ધ્યાન અપાતું હોવાથી ધર્મોપદેશ કરતાં પણ વ્યાયામમંડળો મારફતે ચારિત્ર્યની દૃઢતા વધારે સારી રીતે કેળવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ શહેરમાં એક આફ્રિકન મંડળે અમને પાર્ટી આપી હતી. એમાં હમેશનાં ભાષણો થયા પછી સરસ પ્રશ્નોત્તરી ચાલી. ગાંધીજીના સિદ્ધાન્તો સમજવા માટે અને હિંદુસ્તાનનું વલણ જાણી લેવા માટે દરેક ઠેકાણે આફ્રિકન લોકો ઘણા ઇંતેજાર હોય છે. "તમે લડાઈ કર્યા વગર અને ખૂન વહેવડાવ્યા વગર સ્વતંત્ર કેમ થઈ શકયા? એ કળા અમને સમજાવો." એમ દરેક ઠેકાણે આફ્રિકન લોકો અમને પૂછતા. અહીં આવવા માટે પરમિટ આપતી વખતે અહીંની સરકારે અમારા ઉપર કોઈ જાતની શરત મૂકી ન હતી એ ખરું, પણ એ જ કારણે મહેમાન તરીકે મારે અમુક મર્યાદાઓ જાળવવી જરૂરની હતી. તેથી, અહીં આવીને આફ્રિકન લોકોને અહીંની સરકાર સામે હું ઉશ્કેરું છું એ જાતની શંકા પણ મારે પેદા કરવી ન હતી. એ ઉપરાંત માખનસિંગ કરીને એક હિંદી કોમ્યુનિસ્ટ ઉપર આ દિવસોમાં એક કેસ ચાલતો હતો જેથી આખું વાતાવરણ ક્ષુબ્ધ બન્યું હતું. આ બધી વસ્તુઓનો વિચાર કરી મેં દરેક ઠેકાણે ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવીને સંતોષ માન્યો. રચનાત્મક પ્રવૃત્તિથી પ્રજાની શક્તિ કેમ વધે છે, એનામાં આત્મવિશ્વાસ કેમ આવે છે અને જનતાનું સંગઠન કરવું કેમ સહેલું થાય છે એ બધું કહીને જ હું અટકતો. સત્યાગ્રહ કે અસહકારની વાત હું ઇરાદાપૂર્વક કરતો નહીં. ગાંધીજીનું અંગ્રેજી સાહિત્ય બધે મળે જ છે. ગરજ હશે તો એ લોકો વાંચી લેશે.

હું માનું છું કે આ દેશમાં હજુય અમુક કાળ સુધી ગોરાઓને સ્થાન છે. હિંદુસ્તાનની સ્વતંત્રતા માન્ય રાખ્યા પછી અંગ્રેજોનો છેલ્લો આધાર આફ્રિકા જ છે. એ લોકો જો ભવિષ્યને ઓળખીને આફ્રિકાના લોકો સાથે અને અહીંના હિંદી લોકો સાથે સારી રીતે વર્તે તો અંગ્રેજ કોમ પોતાનો પણ ઉદ્ધાર કરી શકશે અને ઇતિહાસવિધાતા પરમેશ્વરની યોજનામાં પણ પોતાનો સંગીન ફાળો આપી શકશે. આજે તો અહીંના ગોરાઓમાં એ દીર્ઘદૃષ્ટિ દેખાતી નથી. હિંદી લોકોને પજવીને કેમ અકળાવવા અને અહીંના લોકોને જકડીને કેમ કાબૂમાં રાખવા એટલું જ આજે તેઓ વિચારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું માનું છું કે આ સ્થિતિ લાંબા વખત સુધી નહીં ટકી શકે. કૉમનવેલ્થના નેતાઓ ભેગા થઈને આ બધી નીતિમાં ફેરફાર કરશે અને અહીંના લોકોને સારી શિખામણ આપી અહીંની નીતિ સુધારશે.

આજકાલ ફોટોગ્રાફી આવવાથી ચિત્રકળાને ઘણું નુકસાન થયું છે. આફ્રિકન લોકો કેવા દેખાય છે એમ જો કોઈ પૂછે તો એમની આગળ આપણે આફ્રિકાની દસવીસ જાતિઓના પ્રતિનિધિરૂપ કેટલાક ફોટાઓ મૂકી શકીએ છીએ — એટલા સરસ ફોટા કે એ લોકોને પ્રત્યક્ષ જોયાનો સંતોષ મળે. પણ આફ્રિકન મૂર્તિકારો પોતાની કોમને જેવી કલ્પે અને એની મૂર્તિ બનાવે એ કોઈ પણ ફોટોને મળતી હોય નહીં. છતાં એ મૂર્તિની અંદર આફ્રિકન લોકોનો ચહેરો, એમનો સ્વભાવ અને હજારો વરસના અનુભવની એકત્ર કરેલી છટા — ત્રણે આપણને જોવા મળશે. એટલા માટે દરેક મ્યૂઝિયમમાં એવી મૂર્તિઓ જોવાની તક મેં સાધી છે. નૈરોબી, દારેસ્સલામ, ઝાંઝીબાર, ડોડોમા અને કંપાલા આટલે ઠેકાણેનાં મ્યૂઝિયમો અમે જોયાં. એ ઉપરાંત ઝાંઝીબારના સુલતાન, ત્યાંના રેસિડન્ટ, દારેસ્સલામના ગવર્નર, યુગાન્ડાના કબાકા વગેરે મોટા લોકોનાં મકાનોમાં અને દીવાનખાનાંઓમાં સ્થાનિક કારીગરીની જે ખાસ વસ્તુઓ રાખેલી હોય છે તે મેં ધ્યાનપૂર્વક જોઈ. કિંગ્ઝ કૉલેજ-બુડો, મેકરેરે કૉલેજ, ગાયાજાની મિશન સ્કૂલ વગેરે ઠેકાણે જૂની નવી ચિત્રકળા જોવાને મળી તે પણ જોઈ લીધી. જંગબારમાં મને કોઈ સારી મૂર્તિ જડી નહીં, તે મેં દારેસ્સલામમાં મોટી દુકાનો આગળ રસ્તા પર બેસીને વેચનાર લોકો પાસેથી ખરીદી લીધી. આ કારીગરો કુશળ હોય કે સામાન્ય, તેઓ પોતાના દેશની પરંપરાગત કારીગરી આબાદ રીતે રજૂ કરે જ છે. કાળા અને ધોળા રંગના લાકડામાંથી કોતરેલી આ મૂર્તિઓ આફ્રિકન જીવનની પ્રતિનિધિ છે. એના કાન, એની આંખો, એના હોઠ, એની હડપચી — ચારે સ્થાને એમના સ્વભાવનું પ્રતિબિંબ પડેલું હોય છે. યુરોપિયન લોકો આફ્રિકન લોકોની મૂર્તિઓ લાકડામાં કોતરી પોતાના ઘરમાં રાખે છે અને એના હાથમાં થાળી કે તાસક આપે છે તે મને બિલકુલ ગમતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એ કોમ હમેશને માટે ઘરના બૉય કે નોકર થવાને માટે સરજાયેલી નથી. નોકરની મૂર્તિ રાખવી જ હોય તો તે પોતાની કોમની મૂર્તિ જ સારી. એના કરતાં હાથમાં તીર અને ઢાલ લઈને શિકાર કરતા જંગલી આફ્રિકનોની મૂર્તિઓ હજાર ગણી સારી.

૧૧

પ્રાર્થના પ્રવચનો

મહાત્મા ગાંધીએ એક વાર આશ્રમની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે, "પ્રાર્થના ઉપર — સમૂહ પ્રાર્થના ઉપર જેમનો વિશ્વાસ છે એવા લોકોનો સંઘ તે આશ્રમ." ગમે તે ધર્મનો માણસ આમાં ભળી શકે છે. અમુક જ પ્રાર્થના કરવી જોઈએ એવો આગ્રહ નથી. બધા જ ધર્મો જેણે અપનાવ્યા છે તેને બધા ધર્મની પ્રાર્થનાઓ ગાતાં સંકોચ નથી હોતો. થિયૉસૉફીએ પણ બધા ધર્મોના સિદ્ધાન્તોનું આદરપૂર્વક અધ્યયન કરવા ઉપર ઘણો ભાર મૂકેલો છે. એટલે અમારી આશ્રમ પ્રાર્થના વિષે થિયૉસૉફિસ્ટ લોકોનો સદ્‌ભાવ વિશેષ હોય છે. મોમ્બાસામાં શ્રી માસ્ટરની ગાંધી સોસાયટીમાં, દારેસ્સલામમાં શ્રી જયંતીભાઈના વાતાવરણમાં અને જંગબારમાં એમના પિતાશ્રીએ ચલાવેલ થિયૉસૉફિકલ પ્રાર્થના મંદિરમાં જે પ્રાર્થનાઓ અમે કરી તે ખરેખર સમૂહ પ્રાર્થના હતી, કોમ કે અનેક લોકો એમાં ભક્તિભાવથી ભળતા હતા. એ પ્રાર્થના સાથે જે પ્રવચનો કર્યાં તેનો સાર અહીં આપી દઉં છું.

પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્નાન છે અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શકયા તો હૃદયમાં ભેગા થયેલા અનેક કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે ધીમે ઓગળી જાય છે અને શુભ સંકલ્પો મજબૂત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ, ભગવાનની સન્નિધિમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. કેટલીયે મૂંઝવણોનો ઉકેલ એની મેળે આવી જાય છે અને સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા, એમાં ભળનાર લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થઈ શકે છે. સમાજ અનેક રીતે પડેલો હોય, હારેલો હોય અને છિન્ન-ભિન્ન થયો હોય તોયે એમાં નવું ચૈતન્ય પેદા કરવા માટે પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના એ માણસજાતની છેલ્લી મૂડી છે. બાકી કશું ન રહ્યું હોય તોયે પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે. માટે માણસે સદ્‌ભાવપૂર્વક પ્રાર્થનાનો રિવાજ ચાલુ રાખવો જોઈએ. જો પ્રાર્થનાની ટેવ હોય તો કહણ પ્રસંગે અચૂક એનું જ શરણ લેવાનું સૂઝે છે. અને એ રીતે સમુદ્રમાં ડૂબનાર માણસ માટે રબરનાં કડાં કે કૉર્કબૂચનાં જૅકેટ કામ આવે છે તેમ પ્રાર્થના કામ આવે છે. દરેક કુટુંબમાં કાંઈ નહીં તો રોજ એક વાર, સવારે કે સાંજે, બધા લોકોએ ભેગા થઈ પ્રાર્થના કરવાનો રિવાજ રાખવો જોઈએ. અને એને અંતે, એ જ પવિત્ર વાતાવરણમાં, ઘરના સુખદુઃખની તેમ જ સંપ-કુસંપની વાતો છેડવી જોઈએ. દરેક ખાનદાન માટે આ મોટામાં મોટી કેળવણી છે. જેમ વ્યક્તિને આત્મા હોય છે તેમ કુટુંબ, કોમ કે સંસ્થામાં પણ આપણે આત્મા જાગ્રત કરી શકીએ છીએ.

આપણાં મંદિરો આવી જ રીતે આખા સમુદાયના આત્માની જાગૃતિ માટે વાપરી શકાય. મંદિરોમાં મૂર્તિ હોય કે ન હોય એ ગૌણ વસ્તુ છે. પણ મૂર્તિની પૂજા સાથે આચારધર્મનો ઝઘડો પેદા થાય છે. મૂર્તિને નવડાવવા ખવડાવવામાં કોઈ ખાસ ધાર્મિક વૃત્તિ કેળવાય જ છે એમ ન કહેવાય. હિંદુ સમાજમાં જ્યાં ખાવાની વાત આવી ત્યાં ઓટ અઓટ, આભડછેટ, ઊંચનીચ ભાવ, વગેરે અસંખ્ય વસ્તુઓ પેદા થાય છે. શુદ્ધ અને નિત્યતૃપ્ત ભગવાનને માટે નાહવા જમવાપણું ન રાખીએ તોય ચાલે. ભોગ ધરવો જ હોય તો સૂકો કે લીલો મેવો અને મીઠાઈનો ધરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય. પૂજા માટે પુરોહિતો ન રખાય. જેના હૃદયમાં ભક્તિનો ઊભરો હોય તે જ, પોતાપૂરતી પૂજા કરે.

રોજ સવારે ઊઠીને માતપિતાને પગે લાગવાની જેને ટેવ છે તે જો, વખતને અભાવે, એ જ કામ કોઈ નોકર કે પટાવાળા મારફતે કરાવે તો તેમાંથી જેટલી ગરજ સરે તેટલી જ પુરોહિત મારફતે પૂજા કરાવવામાં સરી શકે. પગે લાગવું એ માબાપોની હાજત નથી. એ તો પુત્રના હૃદયની ઊર્મિ ગણાય. એમાં કોઈ અવેજ ન અપાય.

આપણાં મંદિરો કેટલી ભક્તિથી બંધાય છે! પણ પાછળથી એમાં સ્વચ્છતા જળવાતી નથી. મંદિરમાં અપાતા દાનનો સદ્વ્યય થતો નથી. મંદિરની આવક ભગવાનના ભોગવિલાસમાં ન વપરાય પણ લોકકલ્યાણ માટે જ વપરાય. સમાજનું ચારિત્ર્ય સુધરે એ જાતની અનેક પ્રવૃત્તિઓ મંદિર મારફતે ચાલે. મંદિરની જમીન, દીવાલો અને કઠેરાઓ દિવસમાં અનેક વાર ભીના કપડા વતી લૂછીને કોરાં કરવાં જોઈએ. મંદિર એ આંતરબાહ્ય સ્વચ્છતાનું સ્થાન હોય. ત્યાં લોકોને વ્યક્તિગત તેમ જ સામાજિક સ્વચ્છતાના નિયમો શીખવવાની સગવડ હોવી જોઈએ. જ્યાં ત્યાં પાણી ઢોળીને ભીનાશ અને કાદવ પેદા ન કરવાં જોઈએ. નામ-સંકીર્તનને નામે બરાડા પાડીને મંદિરનું વાતાવરણ બગાડવું ન જોઈએ. મૂર્તિનાં દર્શન સામે જેને વાંધો નથી એવા તમામ લોકોને મંદિરોમાં આવવા દેવા જોઈએ — પછી તે ગમે તે ધર્મના હો. દર્શન માટે આવનારા લોકો બહાર જોડા ઉતારી મંદિરમાં જાય છે ત્યારે તેમનું ધ્યાન ઘણી વાર, જોડા ચોરાઈ જશે એ બીકે ત્યાં જ હોય છે. એના કરતાં નાનકડી કોથળીમાં જોડા મૂકી એ કોથળી સાથે રાખવાની છૂટ આપી હોય તો જોડા પણ સચવાય અને ભગવાનનું ધ્યાન પણ સચવાય. સૂકું ચામડું લાકડા સમાન છે એમ જૂના લોકોએ કહ્યું છે — शुष्कं चर्म तु काष्ठवत् એટલે એની આભડછેટ ન મનાય.

મંદિર મારફતે ધાર્મિક ગ્રંથોનો સંગ્રહ, એમનું વાચન, પ્રકાશન અને ચર્ચાની સગવડ હોવી જોઈએ. મંદિર એ અતિથિશાળા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ જ માણસ અને જનવર માટે એ રુગ્ણાલય પણ હોય. દરેક ધર્મના તહેવારો, યોગ્ય ફેરફાર સાથે મંદિર મારફતે ઊજવી શકાય. આમ દરેક મંદિરને ધર્મસેવાની એક અદ્યતન સંસ્થા બનાવી શકાય.

આપણો ધર્મ સનાતનને નામે ઓળખાય છે, સનાતન એટલે સદ્યતન એટલે કે હમેશનો. કોઈ પણ વસ્તુ સડે નહીં, બગડે નહીં, સ્વચ્છ અને તાજી રહે ત્યારે જ એને હમેશની કે ટકાઉ કહી શકાય છે. સનાતન એટલે નિત્યનૂતન. જેમ વહેતી હવા શુદ્ધ હોય છે, વહેતું પાણી સ્વચ્છ હોય છે, તેવી જ રીતે વખતોવખત જેમાં સુધારાવધારા અને ફેરફાર થતા રહે છે તે જ સનાતન ધર્મ તરીકે ઓળખાય. આપણે એ પ્રમાણે કરતા આવ્યા છીએ. એ પ્રવૃત્તિ વચમાં અટકી; કેમ કે વિચારજાગ્રતિ મોળી પડી અને રૂઢિધર્મે જોર પકડયું. હવે આપણે ધર્મસંસ્કરણની પ્રવૃત્તિ ફરી આદરવી જોઈએ.

પામર લોકોએ આકરા ધર્મથી ડરીને અવેજી ધર્મ ચલાવ્યો. "ગોદાનને બદલે સવા રૂપિયો આપો." . . . "ત્યાગને ઠેકાણે દાનથી ચલાવો" . . . "જીવનપરિવર્તનને ઠેકાણે નામમાત્ર પ્રાયશ્ચિત્ત સૂચવો" . . . એવા એવા અનેક અવેજી ધર્મો આપણે ચલાવ્યા. પરિણામે ધર્મ મોળો અને નિઃસત્ત્વ થયો. સત્યનારાયણની જ ઉપાસના જુઓ. એમાં સત્યનિષ્ઠા ઉપર ભાર મૂકયો છે. વચનપાલનનું માહાત્મ્ય બતાવ્યું છે. પણ એ બધું મન પર ઠસાવવા માટે બીક અને લાલચ, ભય અને લોભ એ બે હીન, અસામાજિક વૃત્તિઓનું શરણ લીધું છે. "સત્યને છોડશો — છેતરશો તો અમુક અમુક નુકસાન થશે. સત્યને માનશો તો અમુક લાભ થશે" એવી બનાવટી ફલશ્રુતિ બતાવી લોકોને સત્યનિષ્ઠ ન કરાય. સત્યનિષ્ઠાને કારણે જ માણસ સત્યનું પાલન કરે તો જ એ ચડવાનો.

ધાર્મિક વાર્તાઓ આપણને કહે છે કે ભગવાન કોક કોક વખતે ગમે તેવું રૂપ ધારણ કરીને આપણી કસોટી કરે છે. "એ કુષ્ઠ રોગીનું રૂપ લેશે, ભિખારી થઈને આવશે. એ યવનના રૂપમાં પ્રગટ થશે અને આપણી ધર્મનિષ્ઠા તપાસશે." આવી વાર્તા સાંભળ્યા પછી અજાણ્યા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચિત્ર આગંતુકથી માણસ ડરે છે. આપણે એમ કેમ ન સમજી લઈએ કે દરેક માણસ ઈશ્વરનું જ રૂપ છે? દરેક માનવી મારફતે, દરેક ક્ષણે ઈશ્વર આપણી કસોટી કરે છે. આવી ભાવના દૃઢ થાય તો દરેક ક્ષણ અને દરેક પ્રસંગ નિત્ય સાધનાનો અને અખંડ આનંદનો બની જશે. અંદર જોતાં ઈશ્વર અંતર્યામી છે. બહાર જોતાં એ જગદ્‌રૂપ છે. ઈશ્વરે અનેક અવતારો ધારણ કર્યા તે પહેલાં ભગવાનનો સૌથી પહેલો, સૌથી મોટો અને સનાતન અવતાર તો આ સૃષ્ટિ જ છે. ભગવાન આપણને સૃષ્ટિરૂપે અખંડ દર્શન દે છે. આવો વિશ્વાત્મૈકત્વવાળો ધર્મ આપણને ગીતા શીખવે છે. ગીતા આપણો સર્વોચ્ચ ધર્મ-ગ્રંથ છે. પણ આપણે એને ફક્ત હિંદુ ધર્મ પૂરતો ન ગણીએ. ગીતાધર્મ કેવળ હિંદુઓનો ધર્મ નથી. તે વિશ્વધર્મ છે. આપણે ગીતાના છીએ. ગીતા ફક્ત આપણી નથી, બધાની છે. ગીતાધર્મ સાંભળવા તમામ દુનિયાને આપણે બોલાવીએ. એની દીક્ષા આપવાપણું ન હોય. જેના હૃદયમાં એ ઊગે, તેનો ઉદ્ધાર થાય. એટલા જ માટે આપણે ગીતામંદિર બાંધવા ન બેસીએ. ગીતા બધા જ ધર્મોમાં પ્રવેશ કરી શકે એમ છે. ગીતા એ માનવાનો ધર્મ નથી પણ આચરવાનો ધર્મ છે. એમાં જ્ઞાની, ભક્ત, યોગી, પંડિત, ત્રિગુણાતીત અને સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો આપ્યાં છે તે બધાં એક જ છે. માણસજાત માટે એ સર્વસામાન્ય આદર્શ છે. સમાજ ટકે અને સર્વાંગીણ ઉન્નતિ કરે એ માટે જે સદ્‌ગુણો મનુષ્યજાતિએ કેળવવા રહ્યા તે બધા દૈવી સંપત્તિના વર્ણનમાં ગીતાએ આપી દીધા છે. તેથી ગીતા એ સમાજધર્મ પણ છે અને મોક્ષધર્મ પણ છે. અભ્યુદય અને નિઃશ્રેયસ્ — ઇહલોકની ઉન્નતિ અને આત્માનો ઉદ્ધાર બન્ને એકસામટાં પ્રાપ્ત કરવાની કૂંચી ગીતાએ માણસજાતને આપી છે તેથી જ ગીતાધર્મી લોકોએ શ્રીકૃષ્ણને 'જગદ્‌ગુરુ' કહ્યા છે.

આપણે સમાજધર્મ તરીકે ચાતુર્વર્ણ્યની સ્થાપના કરી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર એ સમાજોપયોગી ચાર વૃત્તિઓ છે. કેટલાક લોકોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પ્રધાન હોમ, કેટલાકમાં બીજી. પણ દરેક માણસે એ ચારે વૃત્તિઓ એકસામટી કેળવ્યે જ છૂટકો. નહીં તો માણસનું જીવન એકાંગી અને પંગુ થશે. એકલો બ્રાહ્મણ, એકલો ક્ષત્રિય, એકલો વૈશ્ય કે એકલો શૂદ્ર સંપૂર્ણ માણસ નથી. ગાંધીજીમાં એ ચારે વૃત્તિઓ એકસામટી ખીલેલી હતી. આપણે ચાર અલગ અલગ વર્ણો અને અસંખ્ય જ્ઞાતિઓ હવે છોડી દેવી જોઈએ અને દરેક વ્યક્તિમાં માનવતાના સંપૂર્ણ વિકાસનો આગ્રહ રાખવો જોઈએ. ગીતાનો સંન્યાસ સંન્યાસ આશ્રમ નથી પણ બ્રહ્મચારી ગૃહસ્થી આદિ બધા જ લોકોએ કેળવવાની અલિપ્ત અને અનાસક્ત વૃત્તિ છે.

અને હવે તો આપણે બધા જ ધર્મોનો આદરપૂર્વક અભ્યાસ કરી બધા ધર્મો અપનાવવાના છે. ધર્મ ધર્મ વચ્ચેનો ઝઘડો ચર્ચાથી અને તુલનાથી મટવાનો નથી. બધા જ ધર્મોનો સ્વીકાર કરવાથી સાચી ધાર્મિકતા ઉપર તરી આવશે અને વિધિવિધાનનો કચરો નીચે બેસી જશે. આપણે કેળવેલો ઉચ્ચનીચ ભાવ અને સ્વ-પરભાવ ધર્મનું અંગ નથી પણ એ તો અધર્મ છે. આભડછેટ સાથે ઉચ્ચનીચ ભાવ પણ આપણે કાઢી નાખવો જોઈએ. હિંદુસ્તાનથી આટલે દૂર આવ્યા છીએ તો આપણે શુદ્ધ ધર્મનું ચિંતન કરવું જોઈએ અને સામાજિક દોષો કાઢી નાખવા જોઈએ. રોટીબેટી વહેવારના જૂના નિયમો હવે કામના નથી. જ્યાં બધા જ ધર્મો આપણા ગણીએ છીએ ત્યાં ધર્માંતર કરવાની જેમ કશી જરૂર નથી તેમ એમાં કશું પાપ પણ નથી.

આપણી તમામ પ્રવૃત્તિ પાછળ સર્વોદયની દૃષ્ટિ હોવી જોઈએ. જે સૌથી પછાત છે તેને આગળ આણવાનો વિશેષ પ્રયત્ન થવો જોઈએ. એકને અન્યાય કરી બીજાનું ભલું કરવા જઈએ તો તે સર્વોદય ધર્મનો દ્રોહ ગણાય. એ રીતે વિશ્વબંધુત્વ હણાય છે. આત્મ-શુદ્ધિ એ પણ સામાજિક કર્તવ્ય જ છે. અહિંસા વગર સમાજની ધારણા થઈ ન શકે અને સત્યનારાયણનું દર્શન પણ ન થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કિટુંડા

ભૂમધ્ય રેખા ઓળંગતાં જેમ મનમાં ગંભીર ભાવ પ્રગટ થયો હતો તેમ જ હવે તો લિંડી બંદર સુધી અને મગફળીના વિરાટ પ્રયોગવાળા નચિંગ્વે સુધી છેક દક્ષિણે પહોંચવાનો છું એ ખ્યાલથી પણ મન ગંભીર થઈ ગયું. છઠ્ઠી જૂને અમે પહેલી વાર દારેસ્સલામ છોડ્યું. લિંડી સુધીનો બસો માઈલનો પ્રવાસ સમુદ્રને કિનારે કિનારે મોટર મારફતે થઈ શકત પણ અમારે વખત બચાવવો હતો તેથી પંત દંપતી, કમલનયન, નાનો રાહુલ, ચિ. સરોજ અને હું સવારે દારેસ્સલામથી વિમાન માર્ગે ઊપડ્યાં. રસ્તો પ્રથમ જમીન ઉપરથી અને પછી સમુદ્ર ઉપરથી જતો હતો. તેથી સમુદ્રનો આછો ગુલાબી રંગ, વચમાં વચમાં નાના મોટા બેટો આવે ત્યારે પન્નાનો લીલો રંગ, માછિયા, સોંગોસોંગો વગેરે બેટોની શોભા બધું અપેક્ષા પ્રમાણે હતું. જમણી બાજુ પ્રથમ કિસુજ્જુ દેખાયું. ત્યાર પછી રુફીજી નદીનાં અસંખ્ય રૂપાળા વળાંકો અને સમુદ્રને મળવાનાં એનાં અનેક મુખો જોઈને આનંદ આનંદ થયો. ખરેખર, એ નદીને રૂપવતી કહેવી જોઈએ. ત્યાર પછી બેત્રણ નાની નાની નદીઓ સમુદ્રને મળતી નજરે પડી અને હવે લગભગ નામશેષ થયેલાં કિલવા નામનાં બે બંદરો દેખામાં. એક છે કિલવા-કિવિંજી અને બીજું છે કિલવા-કિસીવાની. આ બીજા બંદરથી જૂના વખતમાં ન્યાસા સરોવર સુધી જવાનો રસ્તો હતો. આ બધી શોભા જોતાં જોતાં અમે લિંડી એરોડ્રોમ સુધી પહોંચી ગયાં. લિંડી બંદર અને શહેરથી આ એરોડ્રોમ લગભગ ચૌદ માઈલ દૂર છે. લિંડીનું બંદર ભૂમધ્ય રેખાથી દસ ડિગ્રી દક્ષિણે છે. બંદર ઘણું જ શાંત ગણાય. લુકલેડી નામની એક નાનકડી નદી ખૂબ પહોળી થઈને અહીં સમુદ્રને મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંડીમાં જમી કરીને સાંજ પડતાંવેંત એક એશિયન લોકોની સભા કરીને અમે નદીની પેલીપાર કિટુંડા ટેકરી ઉપર રાત્રે સૂવા ગયાં. સાંજની સભામાં હિંદના હિંદુ-મુસલમાનો ઉપરાંત ઘણા આરબ પણ આવ્યા હતા. આરબોનો આ કંઠા સાથેનો સંબંધ આપણા જેટલો જ જૂનો છે. એ ઉપરાંત એ લોકો પ્રથમથી અહીંના લોકો સાથે ભળતા આવ્યા છે. એમણે આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર નાનાંમોટાં અનેક રાજ્યો પણ સ્થાપ્યાં હતાં. પોર્ટુગીઝ લોકો સાથે તેઓ અનેક વાર હારજીત રમ્યા છે, આરબ અને પોર્ટુગીઝ બન્ને સંસ્કૃતિના અવશેષો આખા કિનારા ઉપર ઠેકઠેકાણે પથરાયેલા છે. પોર્ટુગીઝ લોકોએ ઘણું ખોયું, છતાં આજે મોઝામ્બિકનો ફળદ્રુપ અને રળિયામણો પ્રદેશ એમના હાથમાં છે. અને બરાબર એ જ ઊંચાઈએ આફ્રિકાની પશ્ચિમ બાજુ અંગોલાનો મુલક પણ એમની પાસે છે.

આરબોની જાહોજલાલી હવે રહી નથી. થોડીઘણી સંસ્કારિતા હજી કાયમ છે.

લુકલેડીની ખાડી ઓળંગતાં રાત પડી. સામી બાજુ અમારે માટે મોટર હાજર હતી. એમાં બેસી ઉપર ચડતાં એક દીપડો દેખાયો. મોટરના પ્રકાશથી અંજાઈને એણે નજર ફેરવી અને જોતજોતામાં પાસેના જંગલમાં એ અલોપ થયો. દીપડાના શરીર પરનાં ટપકાં સુંદર હોય છે પણ એની પૂંછડીનો વળાંકદાર ઘાટ વિશેષ આકર્ષક હોય છે. એ પૂંછડીને કારણે એ જનવર પ્રૌઢ દેખાય છે. શ્રી મેઘજીભાઈ શાહના સાયસલનાં ખેતરો વટાવી ટેકરીને માથે એમની વિશાળ ફોડીમાં અમે જઈ પહોંચ્યાં. ફોડી બાંધનાર મૂળ ધણીની કલ્પના વિશાળ હતી. ઓરડીઓ, વરંડા, અગાસી બધું જ વિસ્તૃત અને મજબૂત છે. અમે અગાસી ઉપર જઈને દક્ષિણના તારાઓ જોયા. જયવિજય અને ત્રિશંકુ આટલે ઊંચે ચડેલા જોઈ ઘણું જ આશ્ચર્ય થયું. વૃશ્ચિકની શોભા અનેરી હતી. સૂતા પહેલાં અને સવારે વહેલા ઊઠીને તારાઓ ખૂબ જોયા પણ અમે ધરાયાં નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વાર તો આકાશનાં વાદળાંઓએ અમારા ઉત્સાહ ઉપર પછેડી પાથરી દીધી અને અમને પથારી ભેગાં કરી દીધાં.

સવારે ઊઠીને જોયું તો લુકલેડીની ખાડી શાંતપણે સૂતી હતી. જે ટેકરી વચ્ચે થઈને એ આવતી હતી તે ટેકરીઓ પણ નિદ્રાસુખ અનુભવતી હતી. આખરે સૂર્યનારાયણ ઉપર આવ્યા અને એમણે પોતાનાં કિરણો વડે એ બધાંને જગાડ્યાં. કરસ્પર્શથી પ્રસન્ન થયેલી ખાડી તરત ચળકવા લાગી. ટેકરીઓનું મુખ ઊજળું થયું અને એમણે અમને એ બાજુએ મુસાફરી કરવાનું આમંત્રણ આપ્યું.

આઠ વાગ્યે નીકળી સાયસલનાં અનેક ખેતરો જોતાં જોતાં અને સાયસલ ઉછેરની વિગતો સાંભળતાં સાંભળતાં અમે ૨૮ માઈલ પહોંચ્યાં. ત્યાં શ્રી ધીરુભાઈ પોપટની એક સાયસલ ફેક્ટરી હતી તે જોવા ગયા. તે પહેલાં નચિંગવે ગ્રાઉન્ડ નટ સ્કીમ માટે સામાન લઈ જવા માટે એક નાનકડું બંદર તૈયાર કર્યું છે તે જોયું. ત્યાંથી નવી રેલવે બંધાય છે અને પંપ કરીને પેટ્રોલિયમ મોકલાય છે. ગમે તેવા જંગલમાં વિજ્ઞાનનાં સાધનો ખડકી મૂકી ત્યાંથી સહીસલામત ગમે ત્યાં લઈ જવાની ગોરા લોકોની તત્પરતા વખાણવા-લાયક છે. અને આવાં કામો સફળતા-પૂર્વક પાર પાડવામાં આપણા લોકોની ઉપયોગિતા, ખંત અને બહાદુરી પણ એટલાં જ વખાણવા-લાયક છે. નવી સૃષ્ટિ ઊભી કરી ત્યાં વ્યવસ્થા દાખલ કરવી હોય છે ત્યારે ગોરા લોકોએ કરેલો પ્રબંધ સમજી લઈ તેને વફાદારીપૂર્વક અમલમાં મૂકવામાં આપણા લોકોની તોલે આવે એવી બીજી પ્રજા નથી. ફોજના સેનાપતિઓ અને જહાજના કપ્તાનો પણ આપણા લોકોનો આ ગુણ મુક્તકંઠે વખાણે છે.

આ બધું જોઈને અમે લિંડી પહોંચ્યાં ત્યાં ત્યાંના પ્રોવિન્શિયલ કમિશનર મિ. પાઈકે અમને બપોરનું ખાણું આપ્યું. એમની સાથે વાર્તાલાપ કરી અમે હિંદુ મંડળમાં ગયાં. ત્યાં મોટે ભાગે બહેનો જ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ આફ્રિકામાં અમારા માનમાં જે અનેક ખાણુંઓ, ચા-પાર્ટીઓ ગોઠવાતી હતી તેમાં યુરોપિયન અમલદારો છૂટથી આવતા હતા. પણ કોઈ યુરોપિયન અમલદારે અમને પોતાને ત્યાં જમવા માટે નોતર્યાં હોય એવો આ એક જ દાખલો છે. મિ. પાઈક અતિશય સજ્જન માણસ છે અને ઉદાર વિચારના છે. અમારામાંના જે લોકો તદ્દન નિરામિષાહારી હતા એમને માટે એમણે પોતાને ત્યાં સારામાં સારી વ્યવસ્થા રાખી હતી. એમને ત્યાં બીજા ગોરા મહેમાનો આવેલા હોવાથી વાર્તાલાપનો સરસ રંગ જામ્યો હતો.

અહીંના ઇન્ડિયન એસોસિયેશનની ચાપાર્ટીમાં રાખેલા મુજબનાં અમારાં ભાષણો થયાં. એમાં શ્રી કમલનયન બજાજનું ભાષણ જરા આકરું અને યુરોપિયન લોકોને ડંખે એવું હતું. પણ મિ. પાઈકે એની સામે જરાય વાંધો ન ઉઠાવ્યો.

રાત્રે કિટુંડામાં મેઘજીભાઈની કોઠી પર મોટું ખાણું હતું. ત્યાં પણ ગોરાઓ ઠીક ઠીક સંખ્યામાં આવ્યા હતા. વર્ધા કેળવણીની યોજના વગેરે અનેક વિષયો પર રસિક ચર્ચા થઈ. શ્રી મેઘજીભાઈ અત્યંત આહોશ અને સંસ્કારી ઉદ્યોગપતિ છે. એમની સાથે એમની દીકરી હંસા પણ કિટુંડા આવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

દુનિયા માટે મગફળી

યુરોપના મહાયુદ્ધને અંતે, આખી દુનિયાની ચિંતા રાખનાર બાહોશ લોકોએ જોયું કે વિલાયતમાં અને બધે વનસ્પતિની ચરબીની એટલે કે તેલની અને ખોળની અછત પેદા થવાની છે. તેમણે ખૂબ ઉતાવળે અનેક દેશોમાં મગફળી વાવી એ ખોટ પૂરી પાડવાનું બીડું ઝડપ્યું અને એક કરતાં વધારે પ્રચંડ યોજનાઓ સ્વદેશ આગળ મૂકી. યુદ્ધને કારણે નિચોવાઈ ગયેલા હોવા છતાં ઇંગ્લંડે પાર્લમેન્ટની મંજૂરી મેળવી આ કામ શરૂ કર્યું. પાણીની પેઠે પૈસા ખરચી તેમણે એ યોજનાનો પ્રારંભ કર્યો. જમીનની જે સરવે કરવી હતી તે વિમાનમાંથી કરી લીધી. હિસાબ-નીસો મળે તે પહેલાં કામ શરૂ પણ થયું. મોટાં મોટાં ટ્રેક્ટરો અને બુલડોઝરો આણ્યાં અને જહાજમાં વપરાતી લોઢાની જાડી જાડી સાંકળો ટ્રેક્ટરોને બાંધી જંગલનાં ઝાડો જમીનદોસ્ત કરવાનું શરૂ કર્યું. મગફળી અને સૂર્યમુખીના ફૂલમાંથી તેલ કાઢવાનું શરૂ કર્યું. આખી યોજના જોઈ લોકોને એમ જ લાગતું કે લઢાઈની તૈયારી ચાલે છે. કામ આમ આગળ ચાલ્યું અને અનુભવ થયો કે પૈસો તો પાણીની પેઠે ખરચાય છે પણ આવકને નામે મીંડું. પછી તપાસ થવા લાગી. દેખાઈ આવ્યું કે હિસાબનું ઠેકાણું નથી. જહાજમાં વપરાતી સાંકળો જૂની હોવાથી તૂટી ગઈ. નવી તૈયાર કરાવીને આણવી પડી. ઘણી હોહા થઈ, આખી યોજના પડતી મુકાય કે કેમ એ પણ વિચારાયું. પણ બહાદુર અંગ્રેજ કેમ જેમ યુદ્ધમાં તેમ આર્થિક યોજનામાં હાર માનીને બેસી જાય એમ નથી. હવે એ યોજના પાકે પાયે ચલાવવા માટે એમાં આવશ્યક સુધારા થવા માંડ્યા છે.

એ બધી પ્રવૃત્તિ જોવા જેવી હતી એટલા માટે જ અમે આ તરફ આવ્યાં હતાં. આઠમી જૂનને દિવસે સવારે અમે ઊપડ્યાં. લિંડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈને ૯૩ માઈલની મુસાફરી કરી નચિંગ્વે પહોંચ્યાં. ત્યાં આ જબરદસ્ત યોજના અમલમાં આવતી અમે જોઈ. રસ્તામાં મિનગોયો અને મટામા એ બે સ્થાનો ઉપર રસ્તો બદલવો પડ્યો. પેટ્રોલની પાઈપ રસ્તાને કિનારે કિનારે જતી હતી. લશ્કરી ટેકામાં ફેરફાર કરીને એનાં ટ્રેક્ટર બનાવ્યાં હતાં. મોટાં મોટાં બુલડોઝર જમીનને સાફ કરતાં હતાં. એક સાંકળને બે છેડે બે ટ્રેક્ટર ચલાવે છે એટલે સાંકળને જોરે જંગલનાં મોટાં મોટાં આઠ દસ ઝાડો પણ એકસામટાં ઊખડી જઈને આડાં પડે છે. યંત્રને જોરે માણસ કેટલું રાક્ષસી કામ કરી શકે છે એ જોઈ હું તો સ્તંભિત બની ગયો. તે જ ક્ષણે મારા મનમાં વિચાર આવ્યો કે ગોરાઓની દેખરેખ ભલે હોય પણ આ ટ્રેક્ટરો અને બુલડોઝરો ચલાવનાર આફ્રિકન લોકો જ છે.. આટલી પ્રચંડ રાક્ષસી પ્રવૃત્તિ જેમને હાથે પાર પાડવામાં આવે છે તેમની બુદ્ધિનો વિકાસ થયા વગર રહેવાનો નથી. બાહોશી સાથે તેમની મહત્ત્વાકાંક્ષા પણ વધવાની. હિંદી લોકોના મદદનીશ થઈને એ લોકો અત્યાર સુધી સુથારકામ, દરજીકામ વગેરે શીખ્યા; દુકાનોમાં બેસીને હિસાબ રાખતા પણ થયા. માલ વેચતાં-ખરીદતાં એમનામાં આધુનિકતા આવી છે. હવે મગફળીની આ વિરાટ યોજના સફળ કરવામાં જ્યારે તેઓ પૂરેપૂરા ભાગ લેશે ત્યારે ગમે તેવાં કારખાનાંઓ વગેરે ચલાવવાની હિંમત તેઓ કેળવશે. પછી એ લોકોને દબાવી રાખવાનું કોઈ પણ રાજ્ય માટે અશક્ય થઈ જશે.

કાર્યાલયમાં જઈ અમે ત્યાંના મુખ્ય અમલદારોને મળ્યા. તેમણે ઝીણી વિગતવાળા નકશાઓ પર આખી યોજના અમને પ્રથમ સમજાવી. પછી તેઓ અમારી સાથે ફર્યા. એમાંના એક અનુભવીએ કહ્યું, "આવી કોઈ યોજના હાથ ધરતા પહેલાં તે ઠેકાણે પાણીની શી સગવડ છે એ તપાસવું જોઈએ. એ તપાસ પાછળ અને પાણીની સગવડ કરવા પાછળ યોજનાની અધીં મૂડી વપરાય તોયે મને તે વાંધા જેવું નહીં લાગે. મોટા પાયા ઉપર ખેતી કરનારને માટે ભૂસ્તરશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન હોવું જોઈએ." એ ભાઈએ બેત્રણ નકશાઓ અમારી આગળ મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને બતાવ્યું કે અહીંની ભૂમિ હિંદુસ્તાનની કે યુરોપની ભૂમિ જેવી નથી. જ્વાળામુખીથી બનાવેલી આ ભૂમિમાં હિંદુસ્તાન જેવી ખેતી ન થઈ શકે. ભાઈ સ્વિનબર્ન અને કૉફમન પાસેથી અનેક જાતની વિગતો જાણી લીધા પછી મારી તો ખાતરી થઈ કે આટલી મોટી યોજનામાં પણ વિકેન્દ્રીકરણનો સિદ્ધાન્ત ધ્યાનમાં રાખ્યો હોય તો સરવાળે લાભ જ છે.

એ આખી યોજના જોઈ લીધા પછી અમે ત્યાં જ જમી લીધું. એ યોજના અંગે ભેગા થયેલા દુકાનદાર આદિ જે હિંદી લોકો હતા તેમની સાથે બેસીને અમે મહત્ત્વનો વાર્તાલાપ કર્યો. તેમની મહેમાનગીરી માટે આભાર માની અમે ત્યાંથી નીકળ્યાં.

આ પ્રદેશમાં કાજુનાં ઝાડ પણ ઘણાં છે. કાજુમાંથી તેલ નીકળી શકે એમ છે કે નહીં તે હું જાણતો નથી. [એનાં ફોતરાંમાંથી જલદ તેલ નીકળે છે ખરું] પણ એ મેવા પ્રત્યે મારો નાનપણથી પક્ષપાત છે. હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા ઉપર કાજુની ઊપજ ઘણી છે. આફ્રિકામાંથી જ એ ઝાડો હિંદુસ્તાનમાં આવેલાં લાગે છે. પોર્ટુગીઝ લોકોની એ સેવા છે એમ કહેવાય છે.

નચિંગ્વેથી પાછા વળતાં મોટરમાંથી સૂર્યાસ્તની શોભા અનેક બાજુએથી જોતાં પ્રવાસનો ઘણોખરો થાક અમે ભૂલી ગયાં. તે એટલે સુધી કે રાત્રે સૂતા પહેલાં અગાસી પર જઈને શ્રીમતી નલિનીબહેન પંતને આકાશના તારા વિગતવાર બતાવી શકચો. શ્રી તાત્યા ઇનામદાર પણ એમાં ભળી ગયા.

સવારે કિટુંડાથી ઊપડ્યાં. નજીક જ શ્રી મેઘજીભાઈની બે સાયસલ ફેક્ટરીઓ હતી. એકની મશીનરી જૂની ઢબની છે જ્યારે બીજીની અદ્યતન છે.

સાયસલનો ધંધો યુરોપિયન લોકોએ પ્રથમ ચલાવ્યો હતો. તેમાં એ લોકો નહીં ફાવ્યા. ધીમે ધીમે ગોરાઓ ખસી ગયા અને એ ધંધો આપણા લોકોના હાથમાં આવી ગયો.

યુગાન્ડા ટ્રાન્સપોર્ટ કંપનીનું પણ એમ જ થયું. પ્રથમ ગોરાઓએ એનો ઇજારો લીધો પણ પહેલે જ વરસે એમણે ૭૫,૦૦૦ શિલિંગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટ ખાધી. આખરે તેમને એ ઇજારો આગાખાની લોકોને આપવો પડ્યો. પહેલે જ વરસે ખોટ ૭૫,૦૦૦થી ઘટીને ત્રણ હજાર ઉપર આવી અને ત્યાર પછી તો હવે એ લોકો ૨૦ કે ૨૫ ટકાનું ડિવિડન્ડ આપે છે. જ્યાં વ્યવસ્થાશક્તિમાં કોઈ પ્રજા ચઢે છે ત્યાં સીધી હરીફાઈમાં એમને કોણ હરાવે? એવા લોકોને દબાવવા માટે રાજ ચલાવનાર પ્રજા જો દર વખતે કાયદા અને જોહુકમીનું શરણ લે તો તે પ્રજાનું માનસ વિકૃત થાય છે અને કાળે કરીને તેની અધોગતિ થાય છે.

લિંડીથી દારેસ્સલામ જવા ઊપડતાં પહેલાં બીજાં કેટલાંય કામો કરવાં પડ્યાં. લિંડીના મુસલમાનો એકબે મસ્જીદોનો જીર્ણોદ્ધાર કરવા માગતા હતા તે અંગે તેઓ શ્રી અપ્પાસાહેબને અને અમને ત્યાં લઈ ગયા. અપ્પાસાહેબ તો બધાના માણસ. દરેક કામમાં એમની સહાનુભૂતિની અપેક્ષા રખાય જ છે અને તેઓ પણ લોકોને નિરાશ કરતા નથી. કયાંકથી મદદ અપાવવાનું એમણે કબૂલ્યું અને મસ્જિદનું કામ આગળ ધપાવવા ભલામણ કરી.

લિંડીમાં જે સરકારી ઇન્ડિયન સ્કૂલ ચાલે છે તેનો વહીવટ ગામ-લોકોના હાથમાં રાખેલો છે. એ વહીવટમાં હિંદુ-મુસલમાન સાથે હોઈ હમણાં હમણાં એમાંથી ઝઘડા પેદા થયા છે. એ ઝઘડાની વિગતમાં અહીં નહીં ઊતરું પણ જે વસ્તુઓ એમાંથી તરી આવી તે નોંધવા જેવી છે. મુસલમાનોમાં જાગૃતિ આવે નહીં ત્યાં સુધી તેઓ કશું બોલતા નથી. જેમ ચાલતું હોય તેમ ચાલવા દે છે. આમ હોય છે ત્યાં સુધી હિંદુઓ મુસલમાનોનાં વખાણ કરે છે કે, "આ લોકો કેટલા સારા. મતભેદ કે ઝઘડો છે જ નહીં."

આવી વ્યવસ્થામાં હિંદુઓના મનમાં મુસલમાનો સામે પક્ષપાત કરવાનું હોતું નથી પણ મુસલમાનોની સંસ્કારિતા અને બુદ્ધિશક્તિ વિષે સામાન્યપણે હિંદુઓમાં વિશેષ આદર નથી હોતો. મુસલમાનોમાં જાગૃતિ આવતાંવેંત આ વાત તેમને કહે છે. જાહેર કામોમાં ભાગ લઈ કામ કરતાં કરતાં પોતાની યોગ્યતાની છાપ પાડવાને બદલે, અને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊણપો દૂર કરવાને બદલે, તેઓ તરત જ કોમવાદ ઊભો કરે છે અને મુસલમાનો તરીકેના પોતાના હક્કો અજમાવવા મથે છે. "ઘણાખરા શિક્ષકો હિંદુ જ શા માટે હોય? અમારા શિક્ષકો પણ હોવા જોઈએ." એવો આગ્રહ શરૂ થયો એટલે હિંદુઓ તકરાર કરે છે કે, "ગમે તેવા ઠોઠ કે સંસ્કારવિહોણા શિક્ષકો તમે ભરી દો તે કેમ ચાલે? અમારા છોકરાઓની કેળવણી બગડે એ અમે કેમ સહન કરીએ?" શિક્ષકોની યોગ્યતા માપવામાં હિંદુ કે મુસલમાન બન્ને વ્યવસ્થાપકો તટસ્થપણે વિચાર કરી શકતા નથી. ધીરજપૂર્વક શિક્ષકોને તક આપી તૈયાર થવા દેવા જોઈએ એટલી વાત પણ હિંદુઓ સમજતા નથી. અને ગમે તેવા શિક્ષકો લાવવાથી પોતાના છોકરાઓની પણ કેળવણી બગડે છે એટલું મુસલમાનો ધ્યાનમાં લેતા નથી. વ્યવસ્થાપકો વ્યવસ્થાનો વિચાર કરતી વખતે બંને કોમનાં બાળકોની કેળવણીનો સરખી આસ્થાથી જો વિચાર કરે અને એકબીજા પ્રત્યે વિશ્વાસ અને આદર રાખે તો ઝઘડા મટી જાય. પોતપોતાના સ્વાર્થની તાણાતાણી શરૂ થાય એટલે લોકો એટલા આંધળા થઈ જાય છે કે નર્યો સ્વાર્થ પણ તેઓ સમજતા મટે છે અને આત્મનાશ સુધી જાય છે. તેમાંય જો કોઈના સગાવહાલાની નિમણૂક કરવાનો પ્રશ્ન આવે તો તો આંધળાપણું ઝેરી બની જાય છે. જ્યાં અમુક કોમના શિક્ષકોની બહુમતી હોય ત્યાં બીજી કોમ આગ્રહ રાખવાની કે "લોકવસ્તીના પ્રમાણમાં, કે વિદ્યાર્થીઓના પ્રમાણમાં અથવા નાણાંની મદદ આપી હોય તેના પ્રમાણમાં હિંદુ કે મુસલમાન શિક્ષકોનું પ્રમાણ જળવાવું જોઈએ." (આમાં જો કોઈ પારસી કે ખ્રિસ્તી શિક્ષકો આવી ગયા તો તેમને પોતા તરફ ખેંચવાનો, બન્ને તરફથી પ્રયત્ન થવાનો જ. અને એમાંથીયે ઝઘડા પેદા થવાના.)

પોતાની જ કોમના આંધળા સ્વાર્થનો આગ્રહ રાખી કોઈનો પણ સ્વાર્થ સધાયો નથી. ફક્ત અભિમાન પોષાય છે અને જાહેરજીવન વણસે છે. પછી નેતાઓ કહે છે કે આપણા લોકો માટે ડેમોક્રસી અનુકૂળ છે જ નહીં. મારી કોમના શિક્ષકો બહુમતીમાં હોય અથવા પ્રમાણથી વધારે હોય તો હું અચૂક કહેવાનો: "શિક્ષકો યોગ્યતા પ્રમાણે નિમાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. પ્રમાણ લઈને શું બેસો છો?" પણ જો મારી કોમના શિક્ષકોની સંખ્યા ઓછી હોય તો હું તરત કહેવાનો કે, "મને પોતાને વાંધો નથી પણ મારી કોમનો વિશ્વાસ તમે ખોઈ બેસશો. પછી મારી કોમને સમજાવવું મારે માટે મુશ્કેલ થશે. તેથી વસ્તુસ્થિતિ સ્વીકારો અને ડાહ્યા થઈ પ્રમાણનો સિદ્ધાન્ત જાળવો." તેમાંયે પ્રમાણ લોકસંખ્યાનું, વિદ્યાર્થીનું કે નાણાંની મદદનું એ સવાલ ઉપર ઝઘડો ચાલવાનો જ.

નોઆખાલીમાં એક ઇસ્પિતાલમાં માંદાઓને દાખલ કરવામાં પણ કોમનું પ્રમાણ જાળવવાનો આગ્રહ મેં જોયો હતો અને તેથી અમુક કોમનાં ગંભીર માંદાંઓને પણ રખડતાં મૂકી, બીજી કોમનાં નામનાં માંદાંઓને પથારીઓ આપી હતી. ત્યાંનો ઉપરી કહે કે, "આમાં અમારું કશું ચાલે એમ નથી. કોમને બીજી રીતે સમજાવાય જ નહીં."

એક ઠેકાણે તો જેલના કેદીઓની બાબતમાં પણ કોમી પ્રમાણની વાત ચર્ચાયેલી હું જાણું છું! પણ તે વિગતોમાં અહીં નહીં ઊતરું.

શ્રી કમલનયને સૂચવ્યું કે, "વ્યવસ્થાપકોમાં હિંદુની ચૂંટણી મુસલમાન કરે અને મુસલમાનોની ચૂંટણી હિંદુ કરે તો વખતે ઝઘડો મટી જાય. થોડા દિવસને માટે અજમાવી જુઓ." લોકોએ તરત કહ્યું કે, "એમ કરીએ તો બધા નમાલા લોકો જ ભેગા થશે." બન્ને કોમના સ્વભાવની નબળાઈ એ જવાબમાં પૂરેપૂરી વ્યક્ત થતી હતી. આમ જ્યારે મામલો સાવ વણસી જાય છે ત્યારે બન્ને બાજુ એક શાળાની બે શાળા કરે છે. ખરચ બેવડાય છે. પારકી સરકાર પાસે અલગ અલગ ગ્રાન્ટની અરજીઓ મોકલાય છે અને પ્રતિષ્ઠા ખોઈ તેમની ટીકાઓ સાંભળવી પડે છે. આવી પરિસ્થિતિનો લાભ લેવાની તક કોઈ સરકારે છોડી નથી.

એકબીજાને પ્રેમપૂર્વક અને આત્મીયતાપૂર્વક અપનાવીને અને થોડુંક નુકસાન વેઠીને પણ સાથે રહેવામાં જ શ્રેય છે અને સાથે રહેવા માટે બીજા પક્ષ પ્રત્યે વિશેષ ઉદાર થવું જોઈએ એટલી વાત જો બન્નેને સૂઝે તો જ સાચો ઉપાય થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડા બાર સુધી મથામણ કરી અમે પ્લેનમાં બેઠાં અને દોઢ વાગ્યે દારેસ્સલામ પહોંચ્યાં. રસ્તામાં ફરી વાર સમુદ્રના રંગોએ અને નાના મોટા બેટોએ અમારું સ્વાગત કર્યું. જે બેટોનું માથું સમુદ્રના પાણીથી બહુ ઊંચું આવતું નથી તે બેટો ઉપર વનસ્પતિ કે મનુષ્ય-વસ્તીને અવકાશ હોતો નથી. આવા બેટોમાંથી ધીમે ધીમે ઉપર ઊપસી આવવા મથતા કાચા કે બચ્ચા બેટો કેટલા હશે અને મોજાંના મારાથી ઘસાતા ઘસાતા પાણી તળે ડૂબી ગયેલા જીર્ણ ને વૃદ્ધ બેટો કેટલા હશે?

ગંગા કે બ્રહ્મપુત્રા નદીને કિનારે રેતીના જે બેટો અવારનવાર તૈયાર થાય છે તેને બંગાળીમાં ચર કહે છે. સમુદ્રના ચરો નદીના ચરો કરતાં વધારે સ્થાયી હોતા હશે. સમુદ્રના રંગમાં આ વખતે ગુલાબી છટા વિશેષ હતી અને તેમાં આકાશમાં દોડતાં વાદળાંઓની છબાએ મશરૂ જેવી ભાત પાડી હતી.

૧૪

જંગબારના વિવિધ અનુભવો

શ્રી અપ્પાસાહેબ કહે કે, "ઝાંઝીબાર એ આફ્રિકાની સંસ્કારદાત્રી માતા છે. માતા હવે વૃદ્ધા થઈ છે. પહેલાંની શક્તિ એની પાસે રહી નથી. પણ તેટલા માટે એની સંસ્કારિતાની આપણે કદર ન કરીએ એ બરાબર નથી." ઝાંઝીબાર (ગુજરાતીઓનું જંગબાર) હિંદુસ્તાન સાથે પ્રાચીન કાળથી સંકળાયેલું છે. ઇતિહાસ શરૂ થયો તે પહેલાંની વાત છોડી દઈએ; બે હજાર વરસથી વહાણોની જે અવરજવર ચાલે છે તે પણ છોડી દઈએ: પણ વાસ્કો-ડી-ગામા હિંદુસ્તાન આવ્યો તે પહેલાં જંગબારનો અને હિંદુસ્તાનનો વેપારી સંબંધ ઇતિહાસને વિદિત છે.

સન ૧૮૩૨ની આસપાસ મસ્કતનો સુલતાન કેટલાક કચ્છી ભાટિયાઓને સાથે લઈ ઝાંઝીબારમાં આવીને વસ્યો. ત્યારથી અહીં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશનું જ રાજ ચાલે છે. એક વખતે ઝાંઝીબારનું રાજ્ય પૂર્વ આફ્રિકામાં ખૂબ દૂર સુધી ફેલાયું હતું. આજે બધું અંગ્રેજોના તાબામાં છે. એટલું જ નહીં પણ ખુદ ઝાંઝીબારમાં પણ સુલતાનનો અધિકાર નામનો જ છે. ખરી સત્તા બ્રિટિશ રેસિડેન્ટના હાથમાં ગઈ છે.

ઝાંઝીબાર આજે લવિંગના વેપાર માટે મશહૂર છે. એક વખતે આફ્રિકાના લોકોને પકડી આણી ગુલામ તરીકે વેચવાના વેપારનું ઝાંઝીબાર મોટું મથક હતું. પકડી આણેલા ગુલામોમાંથી કેટલાય મરી જતા, થોડાક નાસી જતા અને બાકીના બજારમાં વેચાતા હતા. એ વેપારના અવશેષો છેક હમણાં સુધી રહી ગયા હતા. બ્રિટિશ લોકોનો દાવો છે કે એમણે આ ગુલામીનો વેપાર મક્કમપણે બંધ ન કર્યો હોત તો આફ્રિકાની કેટલીક જાતો અત્યાર સુધીમાં નામશેષ થઈ ગઈ હોત.

માણસને ગુલામ બનાવી ઘરકામ માટે, ખેતી, બગીચા માટે અને કડિયા-મજૂર તરીકે રાખવાની પ્રથા પ્રાચીન કાળમાં દરેક દેશમાં હતી. જોકે ગુલામોની હાડમારીઓની બાબતમાં દેશદેશમાં ફરક હતો.

ચાણક્યે પોતાના અર્થશાસ્ત્રમાં લખ્યું છે કે આર્યોને દાસ તરીકે ન જ રખાય. न आर्यः दासभावं अर्हति । આજની દુનિયાએ એ નિયમ માણસજાતને માટે લાગુ કર્યો છે. એક માણસ બીજા માણસની મહેનતમાંથી ખોટી રીતે લાભ ઉઠાવી આડકતરી રીતે એને ગુલામ તરીકે આજે પણ વાપરે છે. પણ એને આપણે ગુલામી નથી કહેતા.

દારેસ્સલામથી ઝાંઝીબાર વચ્ચે ફક્ત ૪૬ માઈલનું દરિયાઈ અંતર છે. વિમાનમાં આફ્રિકાનો કિનારો દેખાતો બંધ થાય તે પહેલાં જ ઝાંઝીબાર દેખાવા માંડે છે. ઊડ્યા અને ઊતર્યા એટલામાં ઝાંઝીબાર આવી જાય છે. વિમાન કંપનીના વ્યવસ્થાપકોની ચાલાકીને કારણે પાછળથી આવેલા કેટલાક ગોરાઓને અમારા વિમાનમાં જવાની જગા મળી અને પછી તેઓ કહેવા લાગ્યા કે તમે બધા તમારા સામાન સાથે ન જઈ શકો. વિમાન આટલો ભાર ઊંચકી નહીં શકે અને જોખમ તો લેવાય નહીં. થોડીક રકઝક પછી અમે ભલાઈ વાપરી અને અમારામાંથી એક જણ બપોરના પ્લેનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે એમ નક્કી કર્યું. વિમાનવાળાઓની ચાલાકી વખતસર પૂરી ધ્યાનમાં આવી હોત તો અમે આવી ભલાઈ ન બતાવી હોત. શરદ પંડ્યા પણ બીજા કોકના વિમાનમાં આવી શકયા. આમ અમારી પાર્ટી ત્રણ કટકે ઝાંઝીબાર પહોંચી. રહેવા માટે અમે બે ઘરમાં વહેંચાયાં હતાં. શ્રી અપ્પાસાહેબ અને નલિનીબહેન એમના જૂના મિત્ર શ્રી સિંઘવાને ત્યાં રહેવા ગયાં; જ્યારે બાકીનાં બધાં શ્રી મૂળજી વેલજી કંપનીના શ્રી છગનલાલભાઈ ને ત્યાં ઊતર્યાં. સાત સાત મહેમાન એકસામટા ઘરમાં રાખવા અને એમની બધી સગવડો સાચવવી એ આપણી બહેનો જ નભાવી શકે. શ્રીમતી કાન્તાબહેન અને એમનાં દેરાણી લીલમબહેન સગાં બહેનો હોય એમ જ લાગતાં હતાં. બન્નેએ ઘણા હેતથી મહેમાનગીરી કરી. ઘરનાં બાળકોને આ રીતે આતિથ્યની તાલીમ મળતી હોવાથી દરેક હિંદી કુટુંબમાં આ પરંપરાની સુવાસ જળવાય છે.

ઝાંઝીબાર એક સ્વતંત્ર દુનિયા છે. શહેરનો મુખ્ય ભાગ કાઠિયાવાડના ગીચ વસ્તીના કોઈ જૂના શહેર જેવો છે. બનારસની વાંકીચૂકી સાંકડી ગલીઓ સાથે એને સહેજે સરખાવાય. આજકાલની મોટરો એમાંથી શી રીતે જાય? કેટલીક ગલીઓમાં ઘરોની દીવાલોના ખૂણાઓ સહેજસાજ કાપીને નાની મોટરો જઈ શકે એવી સગવડ કરેલી છે. બનારસની ગલીઓમાં ચાલતાં ઘણી વાર આશ્ચર્ય થતું કે આટલું વાંકાચૂકાપણું માણસ કઈ રીતે ઉપજાવી શકયો હશે? અહીં પણ એ જ લાગણી પેદા થઈ.

જ્યાં જઈએ ત્યાં સ્થાનદેવતા અને વાસ્તુદેવતાનાં દર્શન કરવાં જ જોઈએ. એ ન્યાયે અમે અહીંના સુલતાનને મળવા ગયાં. રેસિડેન્ટને મળી આવ્યાં. દરેક ઠેકાણે વિવેક પ્રમાણે બોલવાની વાતો બોલી લીધી. સુલતાન આધેડ વયના સંસ્કારી ગુલાબી માણસ છે. હિંદુસ્તાની સહેજ-સાજ બોલી શકે છે. એમના ઘરમાં સ્થાનિક કલાની કેટલીક વસ્તુઓ અને કેટલીક ઐતિહાસિક છબીઓ જોવાને મળી. એમનાં સુલતાના યુરોપિયન પોશાકમાં હતાં. મને તો એશિયાઈ પોશાક જ વધારે રુઆબદાર અને કલાયુક્ત લાગે છે. સુલતાનને ત્યાંનો વિવેક અસરકારક હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેસિડેન્ટ સાહેબને ત્યાં અમે કેળવણી વિષે વાતો કરી. એમનાં બંગલામાંથી સમુદ્રનાં દર્શન બહુ જ આકર્ષક હતાં. સ્થાનિક કારીગરીની મોટી મોટી વસ્તુઓ અહીં પણ રાખેલી હતી.

ઝાંઝીબારમાં અમારો કાર્યક્રમ ભરચક છતાં આનંદદાયક હતો. એક દિવસે અમે લવિંગનું કારખાનું જોવા ગયાં. કેટલાક લોકોએ કહેલું કે બજારમાં જે લવિંગ મળે છે તે લવિંગનું તેલ કાઢી લીધા પછી રહેલો કૂચો હોય છે. હું એ માની શકચો ન હતો. લવિંગની તીખાશ અને એની ખુશબૂ તેલ કાઢચા પછી ન જ ટકી શકે. ઝાંઝીબારમાં અમે જોયું કે આપણે જે લવિંગ ખાઈએ છીએ તે મૂળે લવિંગના ફૂલની લાલ કળી હોય છે. એ કળી નીચેનાં ડીટાં લવિંગ જેટલાં જ તીખાં હોય છે. કળીઓ તોડી લીધા પછી નીચેનાં ડીંટાં એકઠાં કરીને તે ઉકાળવામાં આવે છે અને તેમાંથી લવિંગનું તેલ અથવા અર્ક તૈયાર કરે છે. તેલ કાઢી લીધા પછી જે કૂચો રહે છે તે એ કારખાનામાં જ બળતણ તરીકે વાપરે છે. ખાતર તરીકે એનો ઉપયોગ કેમ નથી થતો તે હું સમજી શકચો નહીં. એ કૂચાનો ઢગલો કયાં કરી રખાય? અને ખાતર તરીકે કોઈ લઈ જાય તો બળતણ કરતાં એ સોંઘું પડે કે મોંઘું? એ જ સવાલો એમાં મુખ્ય હશે.

પહેલે દિવસે અમે ત્યાંનું કન્યાવિદ્યાલય જોવા ગયાં. જૂના વખતમાં સ્ત્રીઓ એમને માટે વપરાતા 'અબળા' અને 'ભીરુ' વગેરે વિશેષણોથી રાચતી, આજે તમે એ આદર્શને સ્વીકારવા તૈયાર છો? એ જાતનો સવાલ પૂછી મેં વિદ્યાલયની કન્યાઓ આગળ નવા જમાનાની વાતો કરી. આપણી છોકરીઓ નવા વિચારો સમજવામાં અને કબૂલ રાખવામાં ઘણી તેજ હોય છે. પણ સામાજિક રિવાજ, રૂઢિ અને બંધનો જોતજોતામાં એમનું અથાણું કરી મૂકે છે. આપણા લોકો સ્ત્રીકેળવણીનું મહત્ત્વ સમજતા થયા છે એટલે જ્યાં ત્યાં કન્યાવિદ્યાલયો સ્થપાય છે. પણ એ કેળવણીમાંથી કેવી સ્ત્રી તૈયાર થવી જોઈએ એનો વિચાર કોઈએ કરેલો હોતો નથી. આપણા સમાજને કેવી સ્ત્રી જોઈએ છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કોઈ કહી શકે એવું હોતું નથી. યુરોપિયન લોકોમાં જે સમાજ-સેવિકાઓ આપણે જોઈએ છીએ અને તેઓ જે તેજસ્વી જીવન ગાળે છે તે જોઈને આપણે તેમનાં આદરપૂર્વક વખાણ કરીએ છીએ, પણ તેવી સ્ત્રી આપણે ત્યાં તૈયાર કરવા માટે જેવું વાતાવરણ જોઈએ છે, તેવું વાતાવરણ ઊભું કરવામાં આપણે માનતા નથી!

ઝાંઝીબારમાં આરબ લોકોની અસર વધારેમાં વધારે જોવામાં આવે છે. ઈરાન તરફના લોકો અહીં ક્યારે આવ્યા હશે તેની ખબર નથી. પણ આજે જે શિરાજી તરીકે ઓળખાય છે તે લોકો તો સાવ આફ્રિકન જેવા જ થઈ ગયા છે. એ લોકો સ્વાહિલી બોલે છે. મૂળ વતની આફ્રિકન લોકો અને આ શિરાજી લોકો ભાષા અને રહેણીકરણીમાં એક-સરખા થયા છતાં એમની વચ્ચે આત્મીયતા પૂરેપૂરી પેદા થઈ નથી એવી છાપ મારા ઉપર પડી છે. ખાસ વ્યક્તિત્વ ન હોય અને લોકો એકબીજામાં ભળી જાય ત્યારે પરિણામ શું આવે એ સમાજશાસ્ત્રનો એક ગંભીર સવાલ છે. એ વિષે મનમાં વિચારો ઘણા આવે છે પણ સમાજ આગળ રજૂ કરી શકાય એવું હજી એમાંથી કશું નીપજ્યું નથી.

આ થઈ શિરાજી નામે ઓળખાતા લોકો વિષેની વાત. અહીંના આરબ લોકોની સ્થિતિ આફ્રિકન લોકો જેવી નથી. હિંદી લોકોની પેઠે તેઓ પણ અહીં વેપાર કરે છે. કારીગર પણ છે. અંગ્રેજી કેળવણી લઈને ઉજળિયાત ધંધાઓ પણ કરે છે. એમની પાસે રાજદ્વારી મહત્ત્વાકાંક્ષા કેટલી ટકી છે એ થોડા પરિચયમાં આપણે શું જાણી શકીએ? જૂની જાહોજલાલી હવે ટકી નથી અને નવી મહત્ત્વાકાંક્ષા હજી બરાબર ઊગી નથી — એવી હાલતમાં એ લોકો છે. એશિયન તરીકે આરબો હિંદી લોકોમાં ભળી શકે છે. હિંદના મુસલમાનો એમની સાથે સહેજે એકરૂપ થઈ શકે છે. એમાંથી જે નવા સંસ્કારો અને નવાં બળો પેદા થાય તે ખરાં. આ મુલકના કરોડો આદિવાસીઓની સેવા કરવાનો એકમાત્ર આદર્શ રાખનારા લોકો માટે બહુ ચિંતા કરવા જેવું કશું નથી. જ્યાં સેવા કરીને જ જીવન કૃતાર્થ કરવાનું છે ત્યાં જીવન સહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સરળ બને છે. દરેક સમાજ મનમાં સંકુચિત મહત્ત્વાકાંક્ષા રાખે અને તેની સિદ્ધિ માટે કાવતરાં રચે અને જબરદસ્તી કરે તો મુશ્કેલીઓનો પાર આવે જ નહીં. અહીંના કેટલાક આરબ નેતાઓ સાથે ઘણી વાતો થઈ. એમની આગળ ગાંધીજીની સર્વ-ધર્મ-સમભાવની અને જનતાની જાગૃતિને અર્થે ગાંધીજીએ ચલાવેલ રચનાત્મક કાર્યક્રમની વાતો અમે કરી. એથી તેઓ પ્રભાવિત થયા.

પશ્ચિમી સંસ્કૃતિમાંથી જો આપણે વિજ્ઞાન, સમાજસેવા અને સંગઠનવિદ્યા લઈ લઈએ અને એમનો રાજદ્વારી આદર્શ છોડી દઈએ — ભોગ અને ઐશ્વર્યના લોભમાં તણાઈને નીતિના આદર્શને તિલાંજલિ આપવાની ભૂલ ન કરીએ — તો જ આપણે દુનિયાની સાચી સેવા કરી, શાન્તિની સ્થાપના માટે જરૂરી વાતાવરણ તૈયાર કરી શકીશું.

ઝાંઝીબાર શહેરમાં સારા પાણીની મુશ્કેલી જરાય નથી. શહેર પાસે જ એક ઠેકાણે જમીનમાં પાણી એટલું છલોછલ ભરેલું છે કે જરા ખાડો ખોદ્યો કે ત્યાં પાણી ભેગું થઈને વહેવા માંડે છે. આવી રીતે અનેક ઝરાઓ તૈયાર કરી એમાંનું પાણી એક ઠેકાણે ભેગું કર્યું છે. એ સ્થાનને ચેમચેમ કહે છે. અહીંથી પાણી પંપ કરીને આખા શહેરને પહોંચાડવામાં આવે છે. ઝાંઝીબારના બારામાં જે જહાજો આવે છે તેમને પણ આ ખજાનામાંથી જ તાજું પાણી પૂરું પાડવામાં આવે છે. જહાજો પાણી પીવા ન આવે ત્યારે વધેલું પાણી સમુદ્રમાં છોડી દેવું પડે છે.

આ આટલું બધું પાણી આવે છે કયાંથી એવો સવાલ મનમાં ઊઠવો સ્વાભાવિક છે.

લાગે છે એમ જ કે આ બાજુ વરસાદ ખૂબ પડતો હોવાથી, વરસાદનું પાણી, જમીનની અનુકૂળતાને કારણે, અંદર અંદર ભેગું થતું હશે. પણ કલ્પનાશાળી લોકોને આવી ઉપપત્તિ શા ખપની ? તેઓ કહે છે કે આફ્રિકા ખંડમાં અહીંથી લગભગ ૨૫૦ માઈલ દૂર આવેલા પર્વતરાજ કિલિમાંજારોનાં પાણી જમીન નીચેથી, અને સમુદ્રની નીચેથી પણ, આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ઊભરાય છે! પાણી એટલું બધું સારું છે કે એ કિલિમાંન્જરોથી જ આવેલું છે એમ માનવામાં કલ્પનાશક્તિને સંતોષ થાય છે.

ઝાંઝીબારમાં નારિયેળનાં ઝાડ ઘણાં છે. નારિયેળના ઝાડની વસ્તી જ અહીં મુખ્ય ગણાય. અહીંનાં કાચાં નારિયેળનું પાણી ખૂબ ચખણામ છે. આપણે ત્યાં કાચા નારિયેળનાં ડાબ, અડસર, શહાળે વગેરે નામો છે. તેમ અહીં એને મડાકુ કહે છે. અહીંના લોકોમાં એક મીઠી માન્યતા છે કે જેણે અહીંના મડાકુનું પાણી એક વાર પીધું તેને એ ફરી ચાખવા ઝાંઝીબાર આવવું જ પડે છે. ઝાંઝીબારની પ્રાકૃતિક શોભા અને અહીંના લોકોના આતિથ્યનો વિચાર કરતાં અહીંના મડાકુની એવી અસર હોય તો એની સામે કોઈ ના વાંધો હોઈ ન શકે.

મસ્કતના સુલતાન સાથે જે ભાટિયા લોકો અહીં આવ્યા તેમની નિષ્ઠા અને ખાનદાની ઉપર સુલતાનનો એટલો વિશ્વાસ હતો કે રાજ્ય-નાં ઘણાખરાં ખાતાંઓ તેમણે જ સંભાળ્યાં હતાં. હિંદુ ધર્મની રૂઢિઓ અહીં કેમ પળાય એ ખાતર આ લોકો અહીં પોતાના કુટુંબ-કબીલાને લાવતા ન હતા. સુલતાને એમને ઘણું સમજાવ્યા કે તમારો ધર્મ પળાય એવી બધી સગવડો તમને કરી આપું. પાણીની સગવડ માટે કહો તો ચાંદીના નળ ગોઠવી આપું. પણ આપણા ધર્મનિષ્ઠ લોકોએ સુલતાનનું માન્યું નહીં!

અંગ્રેજોનું જ્યારે અહીં જોર વધ્યું ત્યારે તેઓ અહીંના ભાટિયા લોકોને જ હિંદુ કોમના પ્રતિનિધિ તરીકે માનતા. આજકાલના પ્રજાકીય જમાનામાં બધી હિંદુ જ્ઞાતિઓએ મળીને હિંદુ મંડળ સ્થાપ્યું. એ પગલા પ્રત્યે ભાટિયા લોકોએ હજી સમભાવ કેળવ્યો નથી!

હિંદુ કોમનું સંગઠન પણ જ્યાં આટલું મુશ્કેલ છે ત્યાં યુગધર્મ પોકારીને કહે છે કે, 'હિંદુઓનું નહીં પણ તમામ હિંદીઓનું સંગઠન કરો' અને અહીં આફ્રિકામાં તો એથીયે આગળ જઈ તમામ એશિયા-વાસીઓનું સંગઠન કરીએ તો જ છૂટકો છે. યુગધર્મ ઓળખી અદ્યતન સંગઠન કરવાની બાબતમાં આપણે બે ક્રાંતિ જેટલા પછાત છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાન સ્વતંત્ર થયું કે તરત પંડિત જવાહરલાલજીએ એશિમાના તમામ દેશોના પ્રતિનિધિઓને બોલાવી એમને હિંદુસ્તાનનો સંદેશો સંભળાવ્યો કે આપણે સ્વતંત્રતા, શાંતિ અને બંધુતાને વરેલા છીએ. જ્યાં સ્વતંત્રતા નથી ત્યાં તે સ્થાપવાનો પ્રયત્ન થવો જોઈએ. જ્યાં એવો પ્રયત્ન ચાલતો હોય ત્યાં ભારતની સહાનુભૂતિ અને નૈતિક મદદ મુમુક્ષુ રાષ્ટ્રની તરફેણમાં જ હશે; આપણે સામ્રાજ્યશાહીના વિરોધી છીએ. આપણે અહિંસા દ્વારા દુનિયામાં બધે બંધુતા સ્થાપિત થયેલી જોવા માગીએ છીએ.

જબરદસ્ત બ્રિટિશ સલ્તનત પાસેથી ખૂન વહેવડાવ્યા વગર આપણે આપણી સ્વતંત્રતા મેળવી શક્યા એ કારણસર દુનિયામાં આપણી પ્રતિષ્ઠા વધી છે. એશિયાના દેશો આપણી તરફ આશાની નજરે જુએ છે. આવી સ્થિતિમાં જ્યારે એશિયાના પ્રતિનિધિઓ દિલ્હીમાં ભેગા થયા ત્યારે એમણે સૂચવ્યું કે હિંદુસ્તાને એશિયાનું નેતૃત્વ સ્વીકારવું જોઈએ. પંડિત નેહરુએ જવાબમાં કહ્યું કે, મોટાભાઈ કે ભા થવાની અમારી મહત્ત્વાકાંક્ષા નથી. ગાંધીજીએ પણ જાહેર કર્યું કે આપણે સંગઠન કરી એશિયાનું રાજકીય એકમ સ્થાપિત કરવા નથી માગતા. આખી દુનિયા એ જ આપણું એકમ છે.

છતાં એશિયાના દેશો મદદ માગે ત્યારે આપણે ના ન પાડી શકીએ. એશિયાવાસી બધા એક છે એ જાતની ભાવના એશિયા બહાર જઈ વસેલા એશિયાવાસીઓના મનમાં જાગ્રત રહેવાની જ. આજે ન હોય તો તે કાલે ઊગવાની જ છે. આવી સ્થિતિમાં આફ્રિકામાં રહેતા આપણે હિંદુ કે હિંદી એવું સંકુચિત નામ ધારણ કરવા કરતાં એશિયાઈ અથવા એશિયન એ નામ ધારણ કરવું એ જ યોગ્ય ગણાય.

આફ્રિકામાં વસતી જમાતો ('ટ્રાઈબ્ઝ') અનેક છે. એમની વચ્ચે આજે કશી રાજદ્વારી એકતા સિદ્ધ થઈ નથી અને છતાં 'આફ્રિકન' એ સમાન નામના મહિમાથી જ તેઓ એક થવા લાગ્યા છે. યુરોપમાં પણ અનેક દેશો છે, જે અંદર અંદર લઢે પણ છે. અને છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિની દૃષ્ટિએ અથવા મહત્ત્વાકાંક્ષાની દૃષ્ટિએ એમનું વિશિષ્ટ વલણ હોવાથી તેઓ યુરોપિયનને નામે ઓળખાય છે. હવે આફ્રિકન અને યુરોપિયન એ બે શબ્દોને તોલે આવે એવું આપણું નામ એશિયન જ છે.

એટલે, હવે પછી આપણે આપણા લોકોનું સંગઠન એશિયન નામે કરવું જોઈએ. અને તેમાં હિંદુસ્તાન, પાકિસ્તાન, ગોવા, ઇત્યાદિ ભેદો ભૂલી જઈ અરબસ્તાન, સિલોન, બ્રહ્મદેશ, ચીન, જાપાન, આદિ દેશોના જે કોઈ, થોડા કે વધારે લોકો આફ્રિકામાં વસતા હોય તે બધાનો સ્વીકાર કરવો જોઈએ. પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા હિંદી મુસલમાનોને રાજી કરવા ખાતર નહીં પણ આપણું સ્વાભાવિક વિશાળ નામ ધારણ કરવા માટે એશિયન નામે જ આપણે ઓળખાઈએ. આરબો આદિ આપણા બધા પડોશીઓ એ નામ તળે આપણી સાથે ચાલવામાં જરૂર રાજી થશે. ગોવન જેવા હિંદુસ્તાનના વતનીઓ જે પોતે શી રીતે ઓળખાઈએ એની મુશ્કેલીમાં પડ્યા છે, તેમની પણ મુશ્કેલીઓ ટળશે.

એક વાત મારે સ્પષ્ટ કરવી જોઈએ કેમ કે મારા પોતાના વિચારો હું છુપાવવા માગતો નથી. ગોવન લોકોને હું સો ટકા હિંદીઓ માનું છું, તેઓ પોતે પણ જાણે છે કે તેઓ હિંદી જ છે. તેઓમાંથી અમુક લોકો ધર્મે ખ્રિસ્તી થયા અને પોર્ટુગીઝ લોકોના કેટલાક રિવાજને એમણે અપનાવ્યા એટલા પરથી તેઓ હિંદી છે એ વાત મટી નથી જતી. પણ આજ-કાલના લોકો આવી પવિત્ર વસ્તુ કોરે મૂકી, પોતાના ક્ષણિક સ્વાર્થનો વિચાર કરી, તે તે વખતે પોતે હિંદી છે અથવા નથી એમ જાહેર કરે છે. નોકરીનો સ્વાર્થ, વેપારમાં મળતી સગવડો, રાજદ્વારી પ્રતિષ્ઠા વગેરેનો વિચાર કરી લોકો પાઘડી ફેરવવા તૈયાર થઈ જાય છે. હિંદુસ્તાન જ્યારે પરતંત્ર હતું અને પરતંત્ર દેશના નાગરિક તરીકે આફ્રિકામાં આપણી હસ્તી પ્રતિષ્ઠા વગરની હતી ત્યારે કેટલાક હિંદી મુસલમાનો પોતે આરબ હોવાનો દાવો કરતા હતા અને એ રીતે સ્વતંત્ર નાગરિકની પ્રતિષ્ઠા ભોગવતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઝાંબ્બિક અને આંગોલામાં ફાવવાની દૃષ્ટિએ કેટલાક ગોવન લોકો પોતે હિંદુસ્તાનના વતની નથી પણ પોર્ટુગલના વતની છે એમ જાહેર કરવામાં લાભ જુએ છે. જો આવતી કાલે હિંદુસ્તાન સરકાર જાહેર કરે કે જેઓ પોર્ટુગલના વતનીઓ છે તેમને હિંદુસ્તાનમાં પરદેશી તરીકે રહેવું પડશે, તેમને હિંદુસ્તાનના નાગરિક તરીકેના કોઈ હકો મળવાના નથી; તો હું માનું છું કે ઘણાખરા ગોવન હિંદુસ્તાન જતાંવેંત જાહેર કરશે કે અમે હંમેશાં હિંદુસ્તાનના જ વતની છીએ. મુંબઈ અને મેંગલોર જેવાં શહેરોમાં એટલા બધા ગોવન રહે છે અને પૈસા કમાઈને ગોવા મોકલે છે કે એ કમાણી બંધ થાય તો તેઓ તો મુશ્કેલીમાં આવશે જ પણ ગોવાની સરકાર પણ પોતાનો કારભાર ચલાવતાં મુશ્કેલી અનુભવશે. ખ્રિસ્તી લોકો ખ્રિસ્તી છે એની કોઈ ના નથી પાડતું. જ્યાં પોર્ટુગલનું રાજ્ય છે ત્યાં પોર્ટુગલના કાયદાઓ ચાલશે એ જાહેર છે. પણ પોતાની રાષ્ટ્રીયતા હિંદુસ્તાનની છે એ વસ્તુ સગવડ પ્રમાણે ફેરવવા જતાં તેઓ પોતાની આત્મપ્રતિષ્ઠા ખોઈ બેસે છે એ તેઓ સમજતા નથી.

પાકિસ્તાન હિંદુસ્તાનનો જ એક અંશ છે. દેશ એક, સંસ્કૃતિ એક, હિતસંબંધ એક, એમ હોવા છતાં નોખા પડવામાં સ્વાર્થ જોઈ અમુક લોકોએ એક ધતિંગ ચલાવ્યું; એ ચાલ્યું, પણ એમાંથી ભયંકર પરિણામો નીપજ્યાં. પણ આવી વસ્તુઓનો વિરોધ કરવામાં માલ નથી. જે માણસ કહે કે, 'હું હિંદી નથી' એને જબરદસ્તી કરીને સમજાવી ન શકાય કે, 'તું હિંદી જ છે.' હિંદી હોવાના લાભો સ્પષ્ટ થશે ત્યારે એ પોતાની મેળે પોતાને હિંદી કહેવડાવશે. એ પોતાને હિંદી ન કહેવડાવે એમાં આપણને નુકસાન શું? દહીંમાં ને દૂધમાં એવી નીતિ ચલાવીને જેઓ બેવડો લાભ ઉઠાવવા માગે, એમને આપણે, ઉદાર થઈને એ લાભ ઉઠાવવા દઈએ સરવાળે આપણને લાભ જ છે. એ લાભ જો આપણે જોઈ શકતા ન હોઈએ તો કોક દિવસે કહી દઈએ કે, 'બન્ને પ્રકારના લાભો તમે મેળવી ન શકો.' એથી વધારે આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં શું છે? આપણામાં જો દૂરદૃષ્ટિ હોય તો આપણે જોઈ શકીશું કે લોકોને એવડો લાભ મેળવવા દેવામાં આપણું સાચું કે વિશેષ નુકસાન નથી. કોક દિવસે આપણને એમાંથી લાભ જ થશે. અને ન થાય તોયે શું? કોઈ માણસ સ્વાર્થનો પ્રેર્યો સગવડ વખતે સત્ય બોલે અને એમાંથી લાભ ઉઠાવે તો આપણે એને ના ન પાડીએ. હિંદુસ્તાનના મુસલમાનો હિંદી હિંદુસ્તાન સરકાર પાસેથી અમુક લાભો માગવાના અને મેળવવાના. અને સાથે સાથે પાકિસ્તાન પ્રત્યે નિષ્ઠા રાખી સંતોષ માનવાના. ગોવન ખ્રિસ્તીનું પણ એમ જ છે. અહીંના લોકો એમ જ માને છે કે ગોવન એટલે ખ્રિસ્તી જ હોય. સાચી વાત એ છે કે ગોવન ખ્રિસ્તીઓ ગોવામાં ફક્ત પિસ્તાળીસ ટકા છે. હિંદુઓ ત્યાં બાવન ટકા કરતાં વધારે છે.

શીખ લોકોમાં પણ કેટલાક લોકો કહે છે કે, 'અમારો ધર્મ જુદો છે, અમારો સમાજ જુદો છે. અમે હિંદુ નથી.' હું પોતે માનું છું કે શીખ ધર્મ એ હિંદુ ધર્મનો જ એક પંથ છે. અંગ્રેજોના રાજ્યકાલમાં મુસલમાનોને જ્યારે વધારે હકો મળવા લાગ્યા અને હિંદુ રહેવામાં ગેરલાભ જ દેખાયું ત્યારે શીખ લોકોએ જાહેર કર્યું કે, 'અમે હિંદુ નથી, અમે નોખા છીએ.' એમને એ પ્રમાણે કહેવા દેવામાં હિંદુઓએ કશું નુકસાન ન જોયું. મુસલમાનો પણ કશો વાંધો ન ઉઠાવી શકયા. એ રીતે શીખો જે સો ટકા હિંદુ હતા — અને હજીયે છે — તેઓ નોખા બન્યા, કોઈ શીખ ભાર દઈને કહે કે હું હિંદુ નથી, તો હું જરાયે વાંધો ન ઉઠાવું. કેટલાક શીખો કહેવા લાગ્યા છે કે, 'ધર્મે અમે નોખા છીએ. સમાજ તરીકે અમે એક છીએ. અમારી રાષ્ટ્રીયતા હિંદુ છે — અથવા હિંદી છે.'

મંદિરોનું દેવદ્રવ્ય નવા કાયદાના સકંજામાંથી બચાવવા માટે જૈનો પણ કહેવા લાગ્યા છે કે,' 'ધર્મ' તરીકે અમે હિંદુ નથી. અમે નોખા છીએ.' જેમ જેમ કાયદાઓ વધશે તેમ તેમ ધર્મ, સમાજ, નાગરિકતા અને રાષ્ટ્રીયતાની બાબતમાં આ સંતાકૂકડી ચાલુ જ રહેવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કહેશે : 'અમે ફલાણા છીએ.' કોઈ કહેશે : 'અમે નથી.' આવો ગોટાળો વધી વધીને સરવાળે ધર્મોનું મહત્ત્વ એની મેળે નષ્ટ થશે. એ રાષ્ટ્રના એકસામટા નાગરિક રહીએ તો વાંધો શો? એમ પૂછનારા લોકો ઉત્પન્ન થવા લાગ્યા છે. તેઓ જોતા નથી કે બન્ને રાષ્ટ્રો કામમનાં મિત્રો હોય અથવા હંમેશને માટે અહિંસાની નીતિ સ્વીકારતા હોય ત્યારે જ એ વસ્તુ બની શકે એમ છે. હિંદુસ્તાન અને પોર્ટુગલ વચ્ચે લડાઈ થાય અને ફરજિયાત સૈન્યભરતી થઈ થાય ત્યારે માણસ એમાંથી એક દેશનો જ શહેરી રહી શકે છે. જ્યારે યુદ્ધો નીકળી જશે, બધે મિત્રાચારી અથવા બંધુતા સ્થપાશે ત્યારે દરેક માણસ વિશ્વનાગરિક બની શકશે.

આજે પણ ગમે તે માણસ વિશ્વનાગરિક બની શકશે — એ શરતે કે એ જાહેર કરે કે, 'કોઈ પણ દેશના શહેરી તરીકેના હકો હું ભોગવવા માગતો નથી. જવાબદાર માનવી તરીકેની મારી તમામ ફરજો હું અદા કરીશ. અને જો એથી વધારે ફરજો મારા પર લાદવામાં આવે અને એ મારા વિશ્વબંધુત્વને બાધક હોય તો એ ફરજોનો હું ઇનકાર કરીશ અને એમાંથી ઉત્પન્ન થતી બધી સજાઓ સુખેથી સહન કરીશ.'

આજે હું પાકિસ્તાની લોકો જોઉં, હિંદુસ્તાનના મુસલમાન જોઉં, શીખ લોકો જોઉં, ગોવન કે જૅન લોકો જોઉં કશો ઝઘડો ઉઠાવું નહીં. એ રીતે જ હું એમને વિચાર કરતા કરી શકીશ. ઝઘડો ઉઠાવીને મારી અને એમની બન્નેની પ્રગતિ અટકવાની છે. અને ત્રાહિત લોકો એમાંથી લાભ ઉઠાવવાના છે. હું દુનિયા આગળ નાહક હાંસીપાત્ર શા માટે બનું? આપણે બધા એશિયન છીએ, એશિયન કહેવડાવીએ. એમાં જેને ભળવું હોય તે ભળે; ન ભળવું હોય તે ન ભળે. યથાકાળે બધાને ભળવું જ પડશે. ત્યાં સુધી આપણે ધીરજ રાખીએ એ જ ઉત્તમ નીતિ છે. બીજું આપણે કરી પણ શું શકીએ કે જેમાંથી સાર નીકળે.

જ્યાં જઈએ ત્યાંની સંસ્થાઓ જોવાનો રિવાજ હોય છે જ. ઝાંઝીબારમાં એક આફ્રિકન વેલફેર સેન્ટર અમે જોયું. એની ઇમારત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી છે. લોકો એનો કેટલો લાભ ઉઠાવે છે તે ભગવાન જાણે. પ્રજાના હિતમાં અમુક પૈસા ખરચી છૂટીએ જેથી આપણું સારું દેખાય — એ વૃત્તિથી આવી પ્રવૃત્તિઓ સરકાર તરફથી ઊભી કરવામાં આવે છે, એવી છાપ મન પર પડ્યા વગર રહેતી નથી.

ત્યાં એક દવાખાનું (ક્લિનિક) અમે જોયું. કોઈ ડૉક્ટર ન મળતો હોવાથી તે બંધ પડ્યું છે. હિંદી ડૉક્ટરોને સરકાર યુરોપિયન ડૉક્ટરો જેટલો પગાર કે અધિકાર નહીં આપે. અમુક ડિગ્રીઓ લઈને પાસ થયો હોય અને સરકારને તે ડિગ્રી ફાવતી ન હોય તો એવા માણસને સરકાર ધંધો પણ કરવા ન દે. મરાઠીમાં એક કહેવત છે તેમ 'મા ઘરમાં ખવડાવે નહીં, અને પિતા બહાર જવા દે નહીં' — તો આવી હાલતમાં બાળક કરે શું? એવી સ્થિતિ અહીંની પ્રજાની થઈ છે. સરકારને આ સ્થિતિની શરમ નથી અને પ્રજાને એ અસહ્ય લાગતી નથી એ જોઈને મનમાં ઘણું દુઃખ થયું.

જ્યારે નજીક જ એક સુવાવડની હૉસ્પિતાલ અમે જોઈ અને તે સરસ ચાલે છે એમ નજરે પડ્યું ત્યારે પેલું દુઃખ અમે કાંઈક ભૂલી ગયાં. એ સુવાવડની હૉસ્પિતાલમાં ૬૪ વરસનાં એક યુરોપિયન વૃદ્ધા નર્સ કામ કરે છે. મેં માન્યું કે કોઈ મિશન તરફથી એ વૃદ્ધા કામ કરતી હશે. મેં એમને પૂછ્યું, "તમે કયા મિશનનાં છો?" એમણે કહ્યું કે, "હું આ હૉસ્પિતાલની જ છું." એ વૃદ્ધાના કાર્યની લોકોમાં કદર છે. એ હૉસ્પિતાલ બંધાવી એક બે મુસલમાનોએ અને એ ચલાવે છે અહીંની હિંદુ-મુસ્લિમ આદિ આખી પ્રજા. આવી રીતે સંપીને કામ થતું જોઈને ઘણો આનંદ થયો.

એક રાત્રે હિંદુ મંડળ તરફથી વ્યાયામના પ્રયોગો થયા. પ્રયોગો સારા હતા. હાથમાં મશાલો લઈને ચાલવાની રમતો દેખાય છે મજાની પણ એમાં વ્યાયામનું વિશેષ તત્ત્વ હોય એમ લાગતું નથી. પણ નાચતી જ્વાળા જોવાનો આનંદ તો છે જ.

દારેસ્સલામ તેમ જ ઝાંઝીબારમાં મારે માટે એક ભારે હાડમારી ઊભી થઈ હતી. મારા કૃત્રિમ દાંતના ચોકઠામાં એક તડ પડી. તે

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે ધીમે વધવા લાગી. ખાતાં પડતી મુશ્કેલી નભાવી લેવાય પણ ખાતાં કે બોલતાં તડની અણીથી જીભ કપાઈ જતી, એ દુઃખ હદ વટાવી ગયું. આવા દત્તક દાંતની મદદ વગર અન્ન ખવાય નહીં અને સભાઓમાં સ્પષ્ટપણે બોલાય નહીં; બોલવા જતાં કષ્ટ થાય અને અહીં અમારું દેશ જેવા ઉપરાંતનું મુખ્ય કામ તો ખાવું અને બોલવું એ જ હતું. ભોજનવીર અને ભાષણવીર આમ ઘાયલ થાય ત્યારે જંગમાં શું કરે? અંતે જંગબારના એક ભલા ગોરા દંતવૈદ્યે, રજાના દિવસ હોવા છતાં મારું ચોકઠું સમું કરી આપવાનું હાથ પર લીધું અને થોડા જ કલાકમાં ચોકઠું સમું કરી આપ્યું.

આ હાડમારી વેઠ્યા પછી જ ગાંધીજીની સલાહનું મહત્ત્વ મન પર ઠસી ગયું કે ડાહ્યા માણસે એક વધારાનાં ચશ્માં અને દાંતનું વધારાનું ચોકઠું હમેશાં સાથે રાખવું જોઈએ.

ઝાંઝીબારના ટાપુની પર માઈલની લંબાઈ અને ૨૪ માઈલની પહોળાઈમાં એટલાં બધાં આકર્ષક દશ્યો છે કે એને સૌન્દર્યનું સંગ્રહાલય કહેવાય. એક દિવસે અમે કૂંબાનો સમુદ્રકિનારો જોવા ગયાં હતાં. મોટાં મોટાં શંખલાં, કોડીઓ અને છીપો જોઈ ને અમે તો આશ્ચર્યચકિત થયાં. પ્રાણી-સૃષ્ટિમાં બે વિભાગ દેખાય છે. માણસનાં હાડકાં એના શરીરની અંદર હોય છે અને માંસ ઉપર ચોંટેલું હોય છે. પશુપક્ષીનું એમ જ છે. જ્યારે છીપ અને શંખલાંમાં માંસ અંદર હોય છે અને હાડકાં-ચામડી અને ઘરને સ્થાને હોય છે. કાચબાનું પણ એમ જ.

વનસ્પતિસૃષ્ટિમાં પણ એવું કયાં નથી? ખારેકમાં હાડકાને સ્થાને ગણાય એવું બી પેટમાં હોય છે અને ખાવાનો સ્વાદિષ્ટ ભાગ બહાર હોય છે. કેરીનું પણ એમ જ. જ્યારે બદામ, અખરોટ વગેરે ફળોમાં બીજ અંદર હોય છે અને એને સુરક્ષિત રાખનાર કવચ બહાર હોય છે. નારિયેળનું વળી એથીયે જુદું. એની બીજ કે કોપરું સૌથી અંદર હોય છે. કાચલી એના ઉપર. અને કાચલીના રક્ષણ માટે સૌથી ઉપર કાથો હોય છે. ઊંચા ઝાડ ઉપરથી ફળ પડી જાય તો કાચલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખોપરી)ના કકડા જ થઈ જવાના. એના રક્ષણને અર્થે કુદરતે કાથાના રેસાની ગાદી ગોઠવેલી છે!

આ આજુ સમુદ્રકિનારાના પથરા વિચિત્ર પ્રકારના હોય છે અને મોજાંઓ એ પથરા ઉપર પ્રહાર કરી કરીને એમને અનેક ચિત્રવિચિત્ર આકાર આપી દે છે. એ જોઈને મનમાં થાય છે કે મોજાંઓની આ કારીગરીની કદર કરીએ કે એમની ધીરજની!

ઝાંઝીબારમાં એક ગુફા છે. તેની અંદર, જૂના વખતમાં, પકડી આણેલા ગુલામો રખાતા. આપણે કેરી કે બટાકાનો ઢગલો કરીએ અને એ વેચાય તે પહેલાં જે સડી જાય તે ફેંકી દઈએ અને ફેંકી દેતાં કહીએ કે 'ઘણું નુકસાન થયું,' એવી જ રીતે અહીં રાખેલા ગુલામોની સ્થિતિ હતી. એમની રહેણીકરણીની હાલતમાં સુધારો કોણ કરે? જનવર કરતાંય ખરાબ હાલતમાં એમને રાખતા હતા. જે મરી ગયા એમને ફેંકી દીધા અને તેમની કિંમત બીજા જીવતા ઉપર ચડાવી દીધી!

ઝાંઝીબારનું મ્યૂઝિયમ બે ઇમારતોમાં વહેંચાયેલું છે. બનાવનારે એની પાછળ ઘણી મહેનત લીધી છે. લિવિંગ્સ્ટન જેવા પાદરી સંશોધકોના ઇતિહાસનાં સાધનો અહીં મળે છે. મનુષ્યસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, અને સામુદ્ર-સૃષ્ટિ ત્રણેના અવશેષો અહીં મળે છે. ત્રણેના જીવનક્રમના અધ્યયનનાં સાધનો અહીં ઉપસ્થિત છે. પણ એ મ્યૂઝિયમો જીવતાં એટલે કે અદ્યતન રાખવાની કોઈ દરકાર રાખતું હોય એમ લાગતું નથી. આજે એ મ્યૂઝિયમને મ્યૂઝિયમ ન કહેતાં મ્યૂઝિયમનાં મમી કહેવાં જોઈએ. હિંદુસ્તાનમાં ઘણાંખરાં મ્યૂઝિયમો આવી જ રીતે મમીનું રૂપ લઈને પડ્યાં છે. આપણું જૂનું સાહિત્ય, આપણા ધર્મો, કેટલાય રીતરિવાજો, અને આપણી સંસ્કૃતિનાં કેટલાંક અંગો કચારનાં મૃત થઈને નષ્ટ થવાની અણી ઉપર છે. રૂઢિવાદીઓનો આગ્રહ કાયમ હતો ત્યાં સુધી આ બધી વસ્તુઓ મમીના રૂપમાં પણ સુરક્ષિત મળતી હતી. હવે એટલી સુરક્ષિતના પણ નથી રહી. ઘણી વસ્તુઓ ખરતી જાય છે, સડતી જાય છે કે ઓગળી જાય છે. આશા એટલી જ રાખીએ કે એનો હવે ખાતર તરીકે ઉપયોગ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેનો પેમ્બા બેટ એ ઝાંઝીબારનું પરું કહેવાય. દક્ષિણ તરફનું માફિયા બહુ દૂર છે એટલે ઝાંઝીબારના જીવન ઉપર એની કશી અસર નથી. સમુદ્રના કિનારા, એ કિનારે આવેલા શામ્બા(વાડી)ઓ અને એ શામ્બામાં રહેનારા દરેક વંશના લોકો બધા મળીને ઝાંઝીબારની શોભા બંધાય છે. અને લવિંગનાં ઝાડો એ શોભામાં ઉમેરો કરી આખા બેટને સુવાસિત કરે છે.

એક દિવસે સાંજે આખા દિવસના કાર્યક્રમોનો થાક ઉતારવા માટે અમે સમુદ્રકિનારે ગયાં. ત્યાં એક ભવ્ય રાજમહેલ ખંડિયેર થઈ ને પડ્યો છે. એને મરૂખી મહેલ કહે છે. ભવ્ય મકાનનાં ખંડિયેરો પણ ભવ્ય દેખાય છે. અને જ્યારે એ ખંડિયેરોની વચમાં ઝાડો અને વેલાઓ ઊગી નીકળી એ ખંડિયેરોને સાચવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એની શોભા ઇતિહાસના વાચન જેટલી જ આકર્ષક હોય છે. આ ખંડિયેરની આસપાસ યોજનાપૂર્વક વાવેલાં જૂનાં ઝાડો અને એમની વચ્ચે સ્વેચ્છાએ ઊગેલાં બીજાં ઝાડો આખા વાતાવરણની ગંભીરતામાં ઉમેરો કરતાં હતાં. આંબાવાડી હોય કે નારિયેળવાડી હોય, પોતપોતાના પાકટ વાતાવરણની મનુષ્ય-હૃદય ઉપર અસર કર્યા વગર રહેતી નથી.

અમારી પેઠે આ સ્થાન જોવા માટે આવેલા બીજા લોકો ત્યાં મળ્યા. અમને ઓળખતા હોવાથી એમણે વાતો છેડી. અમને થયું કે પ્રકાશ અને અંધકાર વચ્ચે ગંભીર અને પવિત્ર બનેલા આ જળ સ્થળ વચ્ચેના સ્થાનની કદર પ્રાર્થનાથી જ થઈ શકે. અમે સમુદ્રકિનારે જઈ ને બેઠાં. સૂર્યાસ્ત પછીનો પ્રકાશાસ્ત થતો હતો. લાલ સંધ્યા વિદાય લેતી હતી. અમારી પ્રાર્થના ચાલી. પ્રાર્થનાને અંતે બહેનોએ ભાવપૂર્વક ભજન ગાયાં. અમને એ જોઈને વિશેષ આનંદ થયો કે અમારી પ્રાર્થના સાથે તાલ ધરવા માટે કિનારાની સાત દીવાદાંડીઓ પોતાનો ધોળો અને લાલ પ્રકાશ ઝબૂક ઝબૂક ઝબકાવતી હતી. પ્રાર્થનાની અસર હૃદય પર ગંભીર થઈ અને સમુદ્રની હવાને કારણે એ ત્યાં ફોતરાઈ પણ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ સ્થાને બે ચાર દિવસ રહી વધારેમાં વધારે મેળવ્યું હોય, ત્યારે જે ઘરના લોકોની મહેમાનગીરીને કારણે આ બધું આનંદપૂર્વક થઈ શકયું, તે લોકોની — બાળકો તેમ જ મોટેરાંઓની વિદાય લેતાં વસમું લાગે છે. પણ એ પ્રસંગો પણ નિત્યના થયેલા હોવાથી મનનો વિષાદ હસી કાઢવાની કળા પણ કેળવેલી હોય છે. એ બધા લોકો સાથે પત્ર-વ્યવહાર રાખવાનું મન તો ઘણું થાય છે પણ એ શી રીતે બને? ઘણી વાર જૂના દિવસોનાં સંસ્મરણો વાગોળતાં વીજળી ઝબકે તેમ અનેક વ્યક્તિઓનું સ્મરણ તાજું થાય છે અને મનમાં વિચાર આવે છે કે ભિન્ન જીવનપ્રવાહવાળા એ બધા લોકો પણ આપણને, એવી જ રીતે, કોક કોક વાર યાદ કરતા હશે ખરા?

૧૫

મોરોગોરો

વિમાનના મથક ઉપર જાણે આખું ઝાંઝીબાર ઊલટયું હતું. એટલા બધા લોકો સાથે વાતો કરવા જતાં કોઈની સાથે વાતો ન થઈ શકી અને પરિણામે મનમાં વિષાદ જ રહ્યો. વિમાનમાં અમે ઘરનાં જ નવ જણ હતાં. તેથી આખું વાતાવરણ વિશેષે કરીને ઘરના જેવું થઈ ગયું. નાનકડી મુસાફરી. દરેક બારીમાંથી દેખાતી સુંદરતા જોવા એકબીજાને નોતરતાં નોતરતાં વખત પૂરો થયો. અને અમે ફરી પાછાં ઘેર એટલે કે જયંતીભાઈને ઘેર પહોંચી ગયાં. બે દિવસ ત્યાં રહી બધા કાર્યક્રમો રીતસર પૂરા કરી, વિદાયનો એ જ અનુભવ લીધો; અને ૧૫મી જૂનની રાત્રે ટ્રેનમાં નીકળ્યાં. આ વખતની મુસાફરી કિનારે કિનારે ન હતી પણ એકદમ આફ્રિકા ખંડના પેટમાં ઘૂસવાની હતી. દારેસ્સલામથી મોરોગોરો અને ત્યાંથી ડોડોમા એટલી મુસાફરી ટ્રેન વાટે, પશ્ચિમથી પૂર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફની થઈ. પછી ત્યાંથી મોટરને રસ્તે જાતજાતના અવનવા અનુભવો લેતાં લેતાં અમે ઉત્તર તરફ જઈ જ્વાળામુખીનો દ્રોણ હ્રોગોરોગોરો ગયાં. ત્યાંથી આગળ મોશી અરૂશા પાસેના કિલિમાંજારો અને મેરુનાં ઉત્તુંગ શિખરોની એક રીતે પ્રદક્ષિણા કરી, આંબોસેલીના સુકાયેલા સરોવરની આસપાસના અભયારણ્યમાં રહેતાં વન્ય શ્વાપદો સાથે એક રાત ગાળી, એમનાં દર્શનથી ધન્ય થઈ ઉત્તરે પાછા નૈરોબી જઈ પહોંચ્યાં.

દારેસ્સલામથી શ્રી ડી. કે. પટેલ સાથે આવ્યા હતા. આપણા ટ્રેડ કમિશનર (વાણિજ્ય દૂત) શ્રી શાન્તિલાલ પટેલ પણ સાથે હતા. આ તરફની સૃષ્ટિશોભા તદ્દન જુદી જ હતી. અને જમીનની ઊપજ પણ જુદી હતી. જાતજાતના પહાડો જોતાં જોતાં સવારના સાડા છ વાગ્યે મોરોગોરો પહોંચ્યાં. શ્રી શિવાભાઈ પટેલને ત્યાં ઉતારો હતો.

મોરોગોરોના પહાડ અજરખના બનેલા છે. એ પહાડમાં મિસિસ વિલિસ નામનાં એક યુરોપિયન મહિલાએ એક હોટેલ ચલાવી છે. જાણે માનવી માટેનો માળો! પાસે જ મોરોગોરો નદીનો ઊગમ પણ છે. ત્યાંથી આગળની ખીણો અને ત્યાર પછીના મેદાનનો વિસ્તાર સરસ દેખાતો હતો. ભાઈ એટલાં આહેાશ છે કે કેટલાક ગોરાઓ, અહીંની આરોગ્યદાયી હવાનો અને એમની મમતાભરી સેવાનો લાભ ઉઠાવવા, પોતાનાં બાળકોને ત્યાં અમુક વખત માટે રાખી જાય છે.

નવા જ બંધાયેલા સિનેમાગૃહમાં ગામલોકો આગળ અમારાં ભાષણો થયાં.

અહીંથી ૩૨ માઈલ ઉપર મગોલે જઈ આવ્યાં. અત્યાર સુધી જે વસ્તુ જોવા માટે અમે તલસતાં હતાં, તે વસ્તુ અમને ત્યાં મળી. દુકાન ચલાવવા માટે નહીં પણ રીતસર ખેતી ચલાવવા માટે, કેટલાક આહેાશ ગુજરાતી ભાઈ ઓ અહીં આવીને વસ્યા છે. ૫૦૦–૫૦૦ એકરનાં ૩૨ ખેતરોમાં અહીં સહકારી ઢબે આ લોકો ખેતી કરે છે. આ રીતે હિંદીઓ અને આફ્રિકનો વચ્ચે જે જીવનવિનિમય થાય છે તે બન્નેને માટે ખરેખરો પોષક થઈ શકે એમ છે. આપણા આ ખેડૂતોએ કેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહેશથી આ કામ ચલાવ્યું છે! સરકારી નીતિને કારણે એમની મુશ્કેલીઓ કેમ વધી છે, હિંદની સરકાર અને હિંદના રૂના વેપારીઓ સહેજ રાહત આપે તો કેટલી સરસ મદદ થઈ શકે — એ બધાની વાતો વિગતવાર દાખલાદલીલ સાથે અને જોશભેર. સમજાવવાનું કામ શ્રી જેહાભાઈ પટેલે કર્યું. શ્રી જેહાભાઈ એ જિંદગીના ટાઢતડકા ઘણા જોયા છે અને બધી રીતે ઘડાયેલા માણસ છે.

મોરેગોરો પાસે અમે એક સુંદર નર્સરી જોઈ — બાળકોની નહીં પણ ફળફૂલવાળા છોડોની. આવી રીતે પહાડમાં ફરતાં જે આનંદ આવે છે તે અનુભવી જ જાણી શકે છે.

મોરેગોરો છોડતાં છોડતાં ત્યાંના ડૉક્ટર મ્હૈસકરને ત્યાં અમે ફળાહાર લીધો. કોઈ ડૉક્ટર મળે એટલે તે તે દેશ અને ખાસ કરીને તે સ્થાનની પ્રજા વિષે, એમની વચ્ચે ફેલાયેલા રોગો વિષે અને સર્વ-સામાન્ય પ્રજાની જીવટ ('વાઇટેલિટી') વિષે પૂછ્યા વગર હું રહેતો નથી. ઉપર ઉપરથી સારા લાગતા અનેક સમાજો વિષે અંદરની વાતો જાણવાને મળવાથી કોક કોક વાર દુઃખ જરૂર થાય છે, પણ સમાજનિરીક્ષણ અને અધ્યયન માટે આ બધી વસ્તુ કીમતી હોય છે. આવી માહિતી પૂછતી વખતે કોઈ પણ વ્યક્તિ વિષે ન પૂછવાનો — કહેવાનો ધર્મ બન્ને બાજુથી બરાબર સચવાય છે. દરેક ડૉક્ટર પોતાના દરદીઓની વાતો છાની રાખવાને બંધાયેલો છે. કેટલાક ડૉક્ટરો આ વસ્તુ જાણતા નથી. ત્યારે એમને એમના ધર્મનું ભાન કરાવવું પડે છે. ડૉ. મ્હૈસકર જવાબદાર માણસ દેખાયા એટલે એમની સાથે, યોગ્ય મર્યાદામાં રહીને ઘણી વસ્તુઓ હું જાણી શકયો.

૧૭ મીએ સાંજે ૭ વાગ્યે અમે મોરેગોરો છોડ્યું. અમને વળાવવા અમારી સાથે આસપાસના પહાડો દૂર સુધી આવ્યા હતા અને એમને માથે સિંહની પેઠે ફલાંગ મારતો ચંદ્ર પણ, હરણને પેટમાં રાખી, અમારા પર નજર રાખતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

ડોડોમા

ટ્રેનને શું? મધરાત પછી સાડા ત્રણ વાગ્યે ડોડોમા આવીને ઊભી! આવે વખતે ટ્રેનમાંથી અમારે ઊતરવું અને ગામના લોકો આવીને અમારો સત્કાર કરે એ રાક્ષસોને તો શું, ભૂતોને પણ ન પોસાય. એટલે અમે રેલવેવાળાઓ સાથે વ્યવસ્થા કરી રાખી હતી કે ટ્રેન અમારો ડબ્બો અહીં જ તોડી રાખીને ચાલી જાય. પણ આટલી સગવડ ભોગવવા માટે અમારે, પહેલા વર્ગની ટિકિટો હોવા છતાં, બીજા વર્ગમાં મુસાફરી કરવી પડી. આમાં સગવડો ઓછી ન હતી. પ્રતિષ્ઠા ઓછી થાય તેનો અમારે વાંધો ન હતો. સવારે સાત વાગ્યે શ્રી દારા કાકા, એમનાં પત્ની શહેર-બાનુ અને બીજા કેટલાક શહેરવાસીઓ અમને લેવા આવ્યાં. અમારામાંથી એક પાર્ટી શ્રી દારા કાકાને ત્યાં રહી. બાકીનાં અમે બધી રીતે સગવડ વાળી ડોડોમા રેલવે હોટેલમાં રહ્યાં. જોકે ખર્ચની દૃષ્ટિએ અમે પણ ગામવાસીઓનાં મહેમાન જ હતાં.

હિંદુસ્તાનમાં શું અને અહીં આફ્રિકામાં શું, પારસી કોમ સંખ્યામાં નાની, લગભગ નગણ્ય હોવા છતાં, કેવળ પોતાની ભલાઈ, કુનેહ અને સર્વ-સમાજિતાથી એકદમ તરી આવે છે અને પોતાની સુવાસ ફેલાવે છે. આમાં ફક્ત વેપારીની દૂરંદેશી નથી હોતી; માણુસાઈનો પણ ઘણો મોટો હિસ્સો હોય છે. પારસીઓ ગામડામાં રહેતા હોય, દારૂની દુકાન ચલાવતા હોય અને ઠીક ઠીક નફો કરતા હોય તોયે આસપાસના કોઈનું દુઃખ જુએ તો તરત પીગળીને મદદ કરવા દોડવાના જ.

કેટલાક લોકો પૈસા કમાય છે તે ફક્ત સરવાળો કરવા માટે, સંઘરી રાખવા માટે; અને પૃથ્વી માતાએ આપેલું ધન એના જ પેટમાં ફરી દાટી દેવા માટે; કેટલાક લોકો કમાય છે તે એશઆરામ, મોજમજા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુછાજતાં વ્યસનોમાં ઉડાવી દેવા માટે; કેટલાક કમાય છે પોતાનાં કુટુંબીઓને અને બહુ બહુ તો ન્યાતવાળાઓને દરેક જાતની મદદ કરવા માટે; એવા લોકો તો વિરલા જ હોય છે કે જેઓ ન્યાતજાત, ધર્મ કે દેશ કશાનો ભેદ રાખ્યા વગર, જ્યાં જ્યાં દુઃખ કે મુશ્કેલી હોય ત્યાં ત્યાં ઉપયોગી થવા માટે ધન કમાય. પારસીઓ આરામમાં રહેવામાં માને છે. પોતાની કોમના ગરીબોને સખાવત પણ ઠીક ઠીક અને વ્યવસ્થિત રીતે આપે છે. પણ તેટલેથી જ ન અટકતાં બીજા ધર્મના, બીજી કોમના, અને બીજા દેશના લોકોને પણ દાન વખતે ભૂલતા નથી. તેથી જ મહાત્મા ગાંધીએ પારસીઓને 'પરગજુ પારસી' કહ્યા છે.

હિંદુસ્તાનમાં પારસીઓએ એક બીજી રીતે પણ પોતાનું સ્થાન શોભાવ્યું છે. તેઓ હિંદુ અને મુસલમાન બંને વચ્ચે છૂટથી ભળી શકે છે, તે પ્રમાણે ભળે છે અને એ રીતે કોક કોક વાર બે વચ્ચે પ્રેમ-શૃંખલાનો અંકોડો બની જાય છે. ખાવાપીવામાં તેઓ મુસલમાનો સાથે છૂટથી ભળી શકે છે અને ધાર્મિક લાગણીમાં તેમ જ તત્ત્વજ્ઞાનની ખોજમાં તેઓ હિંદુ સાથે અનેક રીતે એકરૂપ થઈ શકે છે. ઈસા મસીહનો ઉપદેશ અને મિશનરીઓનું કાર્ય, એની પણ તેઓ કદર કરે છે અને કુશળ વેપારી હોઈ, દરેક સરકાર સાથે મીઠો સંબંધ ધરાવે છે.

કેળવણીનું મહત્ત્વ બરોબર જાણતા હોવાથી, જ્યાં વહેવારુ કેળવણીનો સવાલ આવે ત્યાં પારસીઓનું કદમ આગળ રહેવાનું જ. ઇહલોકનું જીવન સુખી કરવું અને માણસ માણસ વચ્ચેનો સંબંધ મીઠાશભર્યો કરવો એમાં આ લોકો માનતા હોવાથી પારસીઓનું જીવન હિંદુસ્તાનના લોકોને કોઈ કાળે કહ્યું નથી. સર્વ-સમાજિતાવાળા યુગધર્મમાં પારસીઓનું જીવન ઉપયોગી અને શોભાભર્યું છે.

એની કોમને દરેક સામાજિક પ્રસંગે અપનાવવાની આપણી ફરજ છે. હિંદુઓ સંકુચિત વૃત્તિ રાખી પારસીઓને, યહૂદીઓને કે ખ્રિસ્તીઓને અપનાવવામાં જો સંકોચ રાખે તો એમની સામે મુસલમાનોના જે આક્ષેપો છે તે સાચા જ છે એમ તેઓ સિદ્ધ કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સજ્જન પારસી કુટુંબ સાથે પરિચય થયો એટલા જ ખાતર ઉપરનું બધું લખવા હું પ્રેરાયો નથી. પણ એથી વિશેષ કારણ છે. આ પ્રકરણમાં યથાસ્થાને તે આવશે.

શ્રી દ્વારા કાકાને ત્યાં સરસ નાસ્તો કરી અમે ડોડોમાનું બીજું સંગ્રહાલય — જિયોલૉજિકલ મ્યૂઝિયમ જોવા ગયાં. આ સંગ્રહાલય અનેક રીતે સ્મરણમાં સંઘરવા લાયક છે. અત્યાર સુધી મેં જેટલાં સંગ્રહાલયો જોયાં તેમાં કેટલાંક તો પ્રારંભના ઉત્સાહથી જેટલાં બન્યાં તેટલાં બન્યાં — પાછળથી એમાં કશો ઉમેરો થયો નથી — એ જાતનાં હતાં. એને મેં મમી મ્યૂઝિયમ (એટલે કે જેની પાછળનો ઉત્સાહ મરી ગયો છે, પણ જેનું કલેવર જેવું ને તેવું સચવાયું છે) એવું નામ આપ્યું છે. બીજાં કેટલાંક મ્યૂઝિયમ વખતોવખતના ઉમેરાથી અદ્યતન કરવામાં આવે છે, પણ જેનો ઉપયોગ કોઈ કરે છે કે નહીં એ વિષે વ્યવસ્થાપકો ઉદાસીન હોય છે. આ બીજું સંગ્રહાલય એવું હતું કે જેનો ઉપયોગ જ્ઞાનની ઉપાસના ખાતર તેમ જ સરકારને અને પ્રજાને માહિતી પૂરી પાડવા માટે વ્યવસ્થાપકો પોતે જ કરતા હતા.

ટાંગાનિકામાં બીજું સંપત્તિ અઢળક છે. હીરા અને સોનાની ખાણો તો છે જ. આ વસ્તુ ખરેખર સંપત્તિ નથી પણ સંપત્તિના પ્રતીક તરીકે વપરાય છે. પણ જે બીજા પદાર્થોનો વહેવારમાં વધારેમાં વધારે ઉપયોગ છે એવા પદાર્થો અહીં ભેગા કરીને રાખ્યા છે અને એ પદાર્થો પર અનેક જાતના પ્રયોગો પણ ચાલે છે. બીજા પદાર્થોને સરાણ ઉપર ચડાવી પૉલિશ કરવા, તેજાબમાં નાખી એમની ખૂબીઓ તપાસવી, ભઠ્ઠીમાં પકવી એમાં થતા ફેરફારો જોવા, દરેક પદાર્થનું પૃથક્કરણ કરી એમાંથી શું શું મળે એમ છે એ શોધી કાઢવું — વગેરે અનેક જાતના પ્રયોગો અહીં ચાલે છે. સી. આઈ. ડી. ખાતાના પોલીસો જેમ તહોમતદારને ધમકાવે છે, ફોસલાવે છે, એને લહેરમાં આણે છે અથવા અનેક રીતે પજવે છે અને યુક્તિપ્રયુક્તિથી એનું બધું રહસ્ય જાણી લે છે, તેમ જ આ વિજ્ઞાનશાસ્ત્રીઓ જડ પદાર્થો, વનસ્પતિઓ અને પ્રાણીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ પડેલા જ હોય છે. એવી લગની એક વાર લાગી એટલે આખો જન્મારો વળગેલી જ રહે છે. આવા લોકોએ જ માણસજાતના જ્ઞાનમાં કીમતી ઉમેરો કર્યો છે અને ભૌતિક પ્રગતિને વેગ આપ્યો છે. આવા પ્રયોગો પાછળ પ્રયોગશાળાના અને બીજા ઘણા ખરચો કરવા પડે છે. જે પ્રજા આવો ખરચ કરવા તૈયાર નથી હોતી, એ પ્રજા કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધી શકતી નથી. આ મ્યૂઝિયમમાં કઈ કઈ જાતની વસ્તુઓ રાખી છે અને એમાંની કઈ વસ્તુઓ દુર્લભ છે એની યાદીઓ આપવાનું આ સ્થાન નથી. આપણા લોકોએ હજી કેટલું કેટલું કરવાનું બાકી છે એનો વિચાર મનમાં ઘોળતો ઘોળતો એ મ્યૂઝિયમથી હું પાછો ફર્યો.

ભૂમિના પેટમાં શું શું ભરાયું છે એનો વિચાર કરતાં કરતાં ભૂમિ પરના ડુંગરાની રચના કેવી છે એ તરફ ધ્યાન જવાનું જ. ડોડોમાની સાવ નજીક એક ટેકરીને માથે કેટલાક લીસા પથરા એવા ગોઠવાયા છે કે અમુક બાજુથી જોતાં, એક સિંહ બેઠો છે અને આપણે એની સાથળ જોઈએ છીએ એવો આબેહૂબ ભાસ થાય છે. અંગ્રેજોએ એને 'લાયન હિલ'નું નામ આપ્યું છે તે યોગ્ય જ છે

રાબેતા મુજબ બપોરનું લંચ થયું. ઇન્ડિયન એસોસિયેશન તરફથી એમાં અનેક અંગ્રેજો આવ્યા હતા. તેથી મારે અહીં અંગ્રેજીમાં જ ભાષણ કરવું પડ્યું. બપોરે બધાં આ તરફની મગફળીની યોજના જોવા માટે ડોડોમાથી બાવન માઈલ પર આવેલા કોંગવા મથકે ગયાં. અમારું કેટલુંક લખવાનું ચડ્યું હતું તેને પહોંચી વળવા સરોજ અને હું પાછળ રહ્યાં. નચિંગ્વેનું કામ જોયું હતું એવું જ આ બાજુ પણ ચાલતું હતું એટલે ત્યાં ન જઈને કશું ખોવાપણું હતું નહીં

હું પાછળ રહ્યો એટલે મારે ભાગે એક બે સભાઓ અને કેટલીક મુલાકાતો આવી ગઈ. સાંજે હિંદુ મંડળ આગળ મારું ભાષણ હતું. બીજે દિવસે સ્ત્રીઓની સભામાં મારે બોલવું પડ્યું. શ્રીમતી શહેરબાનુ કીકા અમારી સાથે આવ્યાં હતાં. મેં જોયું કે શ્રીમતી કીકાને કેળવણીમાં

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો રસ છે. પરણ્યાં તે પહેલાં તેઓ કેળવણીનું જ કામ કરતાં હતાં. પૂર્વ આફ્રિકાની પ્રાથમિક કેળવણીનો વિચાર કરવા માટે જો કોઈ મંડળ નીમવામાં આવે તો એમાં શ્રીમતી કીકાને લેવાં જ જોઈએ. વાતવાતમાં એમણે મને કહ્યું કે, "મને કેળવણીની પેઠે સાહિત્યમાં પણ રસ છે. અમે જેટલું વાંચીએ તે અંગ્રેજીમાં જ. ગુજરાતી સારી ચોપડીઓ કઈ છે એ પણ જાણવા મળતું નથી. મેં અહીંના હિંદુ મંડળને કહ્યું કે રીતસરનું લવાજમ લઈને મને મંડળની સભ્ય બનાવો જેથી તમારા પુસ્તકાલયમાંથી ચોપડીઓ મંગાવી હું વાંચી શકું. તેઓ કહે કે, 'મંડળનાં સભ્ય તમે ન થઈ શકો. તમને જોઈએ તેટલી ચોપડીઓ એમ ને એમ વાંચવા આપી દઈએ.'"

હવે આમ મફતની ચોપડીઓ લઈને વાંચવી દરેક માણસને ગમે નહીં. 'તમે અમારા મંડળનાં સભ્ય ન થઈ શકો' એમ કહી હિંદુઓએ પોતાની સંકુચિતતા જાહેર કરી એમ જ લોકોને લાગે. હિંદુઓ કહેશે કે પારસી લોકોને હિંદુ તરીકે કેમ સ્વીકારાય? અને પારસીઓના મનમાં થશે કે હિંદુ સંસ્કૃતિ અને હિંદુ રીતરિવાજ વિષે અમારા મનમાં આદર છે એની કંઈ જ કદર નહીં? અમે પાસે આવવા માગીએ છીએ અને આ લોકો દૂર રાખવા માગે છે.

ખરો ઇલાજ એ હતો કે મંડળના ઉદ્દેશોમાં એમ જ લખ્યું જોઈએ કે 'જેઓ હિંદુ છે અથવા જેઓ હિંદુ સંસ્કૃતિ પ્રત્યે સદ્‌ભાવ રાખે છે તે બધા આ મંડળના સભ્ય થઈ શકે. હિંદુ ધર્મની કોઈ રૂઢિને અંગે ચર્ચા ચાલતી હોય તે વખતે આવા બાકીના લોકો મત આપી ન શકે. બાકી બધી રીતે તેમને સંસ્થાના સભ્ય ગણવામાં આવશે.'

આટલી વ્યાપકતા ન સૂઝે તો પુસ્તકાલય માટે નોખા નિયમો કરી બહારના લોકોને એના સભ્ય કરી શકત. મુખ્ય વાત એ છે કે બધા સાથે ભળવાની ઇંતેજારી હોવી જોઈએ. સામાન્યપણે હિંદુ કોમમાં સ્વયંપૂર્ણતાનો ખ્યાલ હોય છે અને તેથી વગર વિચાર્યે, બીજા લોકો પ્રત્યે તેઓ અતડા રહે છે. 'આપણે અતડા છીએ અને આપણું વર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા લોકોને કરે છે' એટલી સ્પષ્ટ વાત પણ હિંદુઓના ધ્યાનમાં આવતી નથી.

Oh, would some power the gift give us,
To see ourselves as others see us.

આજે દુનિયાના દરબારમાં હિંદુ લોકો પ્રત્યે સહાનુભૂતિ રાખનારી પ્રજાઓ બહુ ઓછી છે. ગમે તેના હાથનું, ગમે તે ખાવાપીવા આપણે તૈયાર થયા એટલાથી આપણે અતડાપણું છોડ્યું જ છે એમ નથી થતું.

એક વાર મુંબઈમાં હિંદુ સભાનું અધિવેશન થયું હશે. લાલા લાજપતરાય અધ્યક્ષ હતા. એમણે એક સીધો સવાલ પૂછ્યો હતો: "ખરું જોતાં આપણામાં કોમી સંકુચિતતા નથી. આપણે તમામ હિંદીઓને સાથે લઈને ચાલવા માગીએ છીએ. હવે મુસલમાનો કોમવાદ કેળવીને આપણાથી અળગા રહે છે. એટલા જ માટે આપણે પોતે કોમવાદી બની પારસી, ખ્રિસ્તી વગેરે બીજી બધી જમાતોને આપણાથી દૂર શા માટે રાખીએ? મુસલમાનોને આપણી સાથે ન ભળવું હોય તો ન ભળે, જે ભળવા તૈયાર છે એમને આદરપૂર્વક આપણે કેમ ન બોલાવીએ?"

ખરું જોતાં એ જમાનો એવો હતો કે જો આપણે પારસી, ખ્રિસ્તી વગેરે બીજી કોમોને આદર સાથે આપણા સામાજિક જીવનમાં ભેળવી લીધી હોત તો મુસલમાનો પણ આપણાથી દૂર ન જાત. આપણામાં રાજદ્વારી સંકુચિતતા હતી નહીં. આપણો ગુનો, આપણું અતડાપણું સામાજિક ક્ષેત્રમાં હતું. તેની સજા તરીકે આપણને રાજકીય અન્યાય સહન કરવો પડ્યો. આપણી રાષ્ટ્રીયતા હણાઈ અને માનવજાતિના દરબારમાં આપણે બીજા લોકોની સહાનુભૂતિ ખોઈ બેઠા.

અને છતાં આપણું અતડાપણું આપણે હજી છોડ્યું નથી. આપણા કેટલાક ધાર્મિક વિચારો અને રિવાજો તદ્દન અધાર્મિક છે. એ આપણે છોડી દઈશું ત્યારે જ આપણે માણસ તરીકે પ્રગતિ કરી શકીશું.

ડોડોમામાં કોઈ પ્રચારક આવ્યો હશે. એણે લોકોને 'આત્મા નથી, પુનર્જન્મ નથી, ઈશ્વર અવતાર લેતો નથી, મૂર્તિપૂજા એ ધતિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.' વગેરે વગેરે વાતો કરી અહીંની બહેનોને ભડકાવી મૂકી હશે. એટલે એક બહેન એ બાબતમાં મારા વિચારો પૂછી કંઈક આશ્વાસન મેળવવા મારી પાસે આવ્યાં. મેં આ બધા સવાલો ઉચ્ચ ભૂમિકા પર લઈ લીધા અને એની ચર્ચા કરી. એ બહેનને સંતોષ થયો એટલે એમણે માગણી કરી કે અમારી બહેનો આગળ ભાષણ કરી આ બધું તમે અમને સમજાવો.

બાનગી વખત મેળવી હું જે લખવાનો હતો તે રહી ગયું અને બપોરે બહેનોની સભામાં જવું પડયું. મેં ત્યાં ઘરની અને સમાજની સ્વચ્છતા વિષે, ખોરાક વિષે અને એવા જ બીજા ઇહલોકમાં ઉપયોગી એવા વિષયોની પણ વાતો કરી. સર્વસમાજિતાની અગત્ય વિષે અને આફ્રિકન બહેનોને અપનાવવા વિષે તો જરૂર કહ્યું જ. એ તો હું કોઈ ઠેકાણે ભૂલતો કે છોડતો નહોતો.

કોંગવા ગયેલા અમારા સાથીઓ ચાર વાગતા સુધીમાં પાછા આવ્યા. તરત જ અમે મિસિસ પાઈકને ત્યાં ચા પાર્ટીમાં ગયાં. લિંડીના વર્ણન વખતે મેં લખ્યું છે કે, 'ગોરાઓએ અમને પોતાને ત્યાં બોલાવ્યા હોય એવો એ મિ. પાઈકનો એક જ દાખલો હતો.' એમાં આટલો સુધારો કરવો જોઈએ કે ડોડોમામાં એમનાં ભાભીએ પણ. અમને પોતાને ત્યાં પોતાના ગોરા મિત્રોને મળવા માટે બોલાવ્યા હતા.

રાત્રે શ્રી દારા કીકા અને શ્રીમતી કીકા તરફથી સ્વેચ્છા-જમણ હતું. આને ફ્રેન્ચ અને અંગ્રેજ લોકો 'બુફે' કહે છે.

સ્વેચ્છા-જમણની ખૂબી એ હોય છે કે બાવાની બધી જાતની વસ્તુઓ તૈયાર કરી એક ટેબલ ઉપર ગોઠવી દે છે. પાસે જ રકાબીઓ, ચમચા, કાંટા, હાથરૂમાલ વગેરે બડકેલાં હોય છે. મેજબાન, મહેમાન બધા એ ટેબલ પાસે જઈ દરેક જણ એક એક રકાબી લઈ, પોતાને જે અને જેટલું જોઈએ એટલું પીરસી લે છે અને મરજીમાં આવે ત્યાં બેસી અથવા ફરતા ફરતા જમવા માંડે છે અને જુદા જુદા લોકો સાથે વાતો કરે છે. આ રીતે આગ્રહ કરી વધારે પીરસવાનું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ન બગાડવાનું ટળી જાય છે. 'પોતાનો હાથ તે જગન્નાથ' એ ન્યાયે દરેક માણસ રુચતું પસંદ કરી પીરસી લે છે. અને એક કેકાણે બેસવાનું ન હોવાથી ઘણી ખુરસીઓ અને ટેબલો કે પાટલાઓની વ્યવસ્થા કરવાની જવાબદારી નથી રહેતી. લોકો ફરતા ફરતા ખાય ત્યારે અનેક લોકો સાથે થોડું થોડું બોલી શકે, દોસ્તી વધારી શકે. ગંભીર લોકો બેચાર ખુરસીઓ એકઠી કરી ત્યાં બેસીને ખાતાં ખાતાં ચર્ચા કરી શકે. શ્રી બાપાસાહેબના અહીં આવ્યા પછી આ પ્રથા આપણા લોકોમાં ઠીક ઠીક ફેલાઈ છે. એ અનેક રીતે સગવડભરેલી તો છે જ.

જમણ પછીના ભાષણમાં મેં કહ્યું કે, માણસજાતિનો આદર્શ ત્રિવિધ મનાયો છે. સ્વતંત્રતા, સમતા અને બંધુતા. આ ત્રણે આદર્શ સિદ્ધ કરવા માટે માણસજાતને મહાન ક્રાન્તિઓ કરવી પડી છે.

ફ્રાન્સ દેશે રાજદ્વારી સમતા સ્થાપિત કરી પણ તેને માટે લોહીની નદીઓ વહેવડાવી; અને ફ્યુડલ પ્રથાનો અંત આણ્યો. ત્યાર પછી રશિયાએ એટલી જ લોહિયાળ ક્રાન્તિ કરી પોતાને ત્યાં સમતાની સ્થાપના કરી; અને મૂડીદાર વર્ગ અને ખાનગી સંપત્તિનો અંત આણ્યો. હવે બંધુતા સ્થાપિત કરવા માટે એક અવનવી ક્રાન્તિ કરવાનો વારો હિંદુસ્તાનને ભાગે આવ્યો છે. એને માટે પ્રથમ હિંસાનો અંત આણવાનો રહેશે. અને શહેરી સંસ્કૃતિ મર્યાદિત કરી ગામડાનો ઉદ્ધાર કરવાનો રહેશે. આ બંધુતાની ક્રાન્તિને પરિણામે સામાજિક ન્યાય, આર્થિક ન્યાય અને વાંશિક ન્યાય—ત્રણેની સ્થાપના થશે

એને પરિણામે આફ્રિકાની ભૂમિ ઉપર હિંદની સંમિશ્ર સંસ્કૃતિ, યુરોપની ઇતિહાસ-સિદ્ધ સંસ્કૃતિ અને આફ્રિકાની આદિમ સંસ્કૃતિ ત્રણેનો સમન્વય થશે અને એમાંથી એક નવી સંસ્કૃતિ ઉત્પન્ન થશે જેનો પ્રધાન સૂર હશે બંધુતા. જે બંધુતા માણસ માણસ વચ્ચે જ નહીં પણ ધર્મ ધર્મ વચ્ચે પણ સ્થપાશે.

આટલું વિસ્તારથી નહીં પણ આ જ જાતનું ભાષણ મેં કર્યું. ત્યાર પછી બાપાસાહેબ બોલ્યા. એમનું ભાષણ બહુ સુંદર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એશિયા ખંડની પુનર્જાગૃતિ અને અહિંસક પદ્ધતિ દ્વારા સંઘર્ષો મટાડવાની આવશ્યકતા એ એમનો વિષય હતો.

બીજે દિવસે ડોડોમા છોડતા પહેલાં અમે બે ત્રણ નિશાળો જોઈ આવ્યાં. ઇન્ડિયન પબ્લિક સ્કૂલના હેડમાસ્તર શ્રી કુરેશી ફોજમાંથી નિવૃત્ત થયેલા માણસ છે. પરિણામે એમણે વિદ્યાર્થીઓને ડ્રિલ સરસ શીખવી છે. એનો લાભ હિંદુઓ કરતાં મુસલમાનોને જ વધારે મળ્યો છે એવી છાપ મારા મન પર પડી. અહીં કન્યા કેળવણી માટે આગાખાનની કન્યા શાળા નોખી છે. ત્યાં મિસિસ ટર્નબુલ કરીને અંગ્રેજ બાઈ ઘણી ખંતથી કામ કરે છે. ઇન્ડિયન પબ્લિક સ્કૂલની છોકરીઓને ઊભી ઊભી બોબો રમતી જોઈ મને ઘણો રસ પડ્યો.

દારેસ્સલામથી મોરોગોરો, ડોડોમા થઈને ટબોરા વટાવી રેલવે આગળ કિગોમા સુધી જાય છે. કિગોમા એ ટાંગાનિકા સરોવરના પૂર્વ કિનારાનું બંદર છે. ત્યાંથી જહાજમાં બેસીને બેલ્જિયન કોંગોમાં જવાય છે.

આપણા લોકો હિંદુસ્તાનથી દારેસ્સલામ આવે છે, ત્યાંથી રેલવે રસ્તે કિગોમા, ત્યાંથી સ્ટીમર રસ્તે ઉસુંબારા. આ છેલ્લું બંદર ટાંગાનિકા સરોવરને ઉત્તર કિનારે આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

ડુંગોરાંગોરો

પૂર્વ પશ્ચિમ દોડતી રેલવેને છોડી હવે અમે ડોડોમાથી નૈરોબી સુધી જતો ઉત્તરનો મોટર રસ્તો લીધો. આ પ્રદેશમાં નથી મોટા જંગલો કે નથી મોટા પહાડો. અમારા સદ્‌ભાગ્યે શ્રી બદરુ કરીને એક ભાઈ પોતાની મોટરમાં નૈરોબી જતા હતા. અપ્પાસાહેબ પ્રત્યેની લાગણીને કારણે તેઓ અમારામાં ભળ્યા. તેથી અમારું મંડળ ત્રણ વાહનમાં આરામથી મુસાફરી કરી શક્યું. શ્રી કમલનયને એક મોટરકાર ટાંગામાં ખરીદી હતી તે ડોડોમા આવી પહોંચી હતી. તે એક, બીજી ભાઈ બદરુની અને ત્રીજી ઑક્સફૉર્ડી ભાડે રાખી હતી.

વરસાદના દિવસોમાં રસ્તા પરથી મોટરો જવાથી અનેક ખાડા ટેકરા થાય છે, જે સુકાયા પછી મોટરોને હેરાન કરે છે. એ મુશ્કેલી ટાળવા માટે રસ્તાના ખાડાટેકરાની હજામત કરનાર મોટર માણસે બનાવી છે. લોઢાનો એક જાડો સરખો અસ્ત્રો રસ્તા પરથી ચાલવા માંડે એટલે સુકાયેલા કાદવના ટેકરાઓ કપાઈ જાય અને એની માટી ખાડાઓને પૂરતી જાય.

આ ઉપરાંત રસ્તો સુધારવાનો બીજો એક ગામઠી ઉપાય છે. જંગલનાં ઝાંખરાં ભેગાં કરી રસ્તાની અડધી પહોળાઈ સુધી પહોંચી શકે એવું એક બ્રશ તૈયાર કરવામાં આવે છે. વણાટકામમાં પવામત માટે જે કૂચો તૈયાર કરવામાં આવે છે તેના જેવું જ આ બ્રશ હોય છે. લાંબી દોરી બાંધીને આ બ્રશ રસ્તા પર ફેરવવાથી રસ્તા પરની માટી સરખી રીતે ફેલાય છે, જેથી કરીને મોટરોની તકલીફ ઘણી ઘટી જાય છે. રસ્તા સુધારવાના આ બન્ને પ્રકારો અમે અહીં જોયા. આપણે ત્યાં અમુક ઠેકાણે આ દાખલ કરવા જેવા છે. રસ્તાની બન્ને બાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર દૂર સુધી, ક્રિકેટના ક્ષેત્રપાળ ઊભા હોય તેમ ગોરખચિંચ એટલે કે ચિરમુલાનાં વિશાળકાય ઝાડ ઊભાં હતાં. આવાં ઝાડ પૂર્વકિનારા પર પણ ઘણાં છે. દારેસ્સલામની આસપાસ તો ઘણાં જ છે. આ પ્રદેશને ટાંગાનિકા નામ ન હોત તો હું એને ચિરમુલાનું નામ આપત!

આધુનિક સભ્યતાથી અળગા પડેલા આ પ્રદેશમાં જ્યાં જ્યાં વસ્તી છે ત્યાં ત્યાં હિંદુ અને મુસલમાન ગુજરાતીઓ પોતપોતાની દુકાન ખોલીને બેઠા છે. એમની વચ્ચે કશો ઝઘડો નથી (કેમ કે અહીં સંસ્કૃતિ, સભ્યતા અને છાપાંઓ પહોંચ્યાં નથી!). રસ્તામાં કેન્ડોવા કરીને એક નાનકડું ગામ હતું. ત્યાં દૂરથી પાણી આણીને ગામને ઘણી રાહત પહોંચાડી છે. અમે અહીં ન થોભતાં આગળ મ્બાટી પહોંચ્યાં અને ત્યાં એક મુસલમાન-ભાઈને ત્યાં બપોરનું ખાણું લીધું. એમના નાનકડા દીવાનખાનામાં એક સાદું જર્મન ચિત્ર હતું. એમાં ચીતરેલા સિંહોનું ચિત્રણ આબાદ રીતે આબેહૂબ કરેલું હતું.

અહીંથી આગળ જતાં આખો પ્રદેશ બદલાયો. ડાબી બાજુએ એક વિશાળ, ખારા પાણીનું સરોવર હતું. એનું નામ મનિયારા છે. આ સરોવરની આસપાસ વન્ય શ્વાપદો ઘણાં છે. માકૂયૂની ગામ પાસે રસ્તો ફંટાયો. એ રસ્તો લઈને અમે આગળ વધ્યાં. ડાબી બાજુ સરોવર અને જમણી બાજુ લોસિમિંગુર પર્વત. પ્રથમ આવ્યું કરાટુ ગામ. ત્યાર પછી આવ્યું ઑલ્ડિયાની. કરાટુ પાસે ભાઈ બદરુની મોટર રિસાઈ. અમે એમને રસ્તા પર છોડી દઈ આગળ જવાની ના પાડી. જંગલમાં તેઓ એકલા અને તેમાંયે એક પગમાં કાંઈક કમજોરી. એમને એમ ને એમ કેમ છોડાય?

પણ તેઓ માને જ નહીં. કહે કે, 'મેં આવી મુસાફરીઓ ઘણી કરી છે. મારી મોટરને હું ઓળખું છું. કલાકેકમાં એ ઠંડી થશે અને માની જશે. અમે એમની વાત માની અને ઑલ્ડિયાની ગયા. ત્યાં પહોંચતાંવેંત એક બસને ભાઈ બદરુની મદદમાં મોકલી શક્યા ત્યારે જ અમારા મનનો ખરખરો ઓછો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રદેશમાં કેટલાક યુરોપિયનોએ સુંદર ખેતીવાડી કરી છે. કૉફી, ચા, ઘઉં વગેરેનું વાવેતર કરીને તેઓ સરસ કમાય છે અને સરસ રહે છે પણ ખરા. પણ અમે આ તરફ આવ્યા હતા તે એમની ખેતીવાડી જોવા માટે નહીં પણ અહીંના એક પ્રખ્યાત, સુપ્ત જ્વાળા-મુખીના દ્રોણની અંદર હાથી અને સિંહ જેવાં જે વન્ય પશુઓ રહે છે તે સ્થાન જોવા.

અંધારું થવાની તૈયારી હતી. અમે ઓહિડયાની છોડી હ્‌ગેારાંગેારા જવાનો રસ્તો લીધો. ગેારાઓના કેટલાય શામ્પા વટાવ્યા અને પહાડ ચડવા લાગ્યા. પ્રારંભમાં જ એક બે સસલાં મોટરના પ્રકાશમાં દેખાયાં એટલે આશા બંધાઈ. થોડાંક આગળ ગયાં ત્યાં એક દીપડો — ના દીપડો નાનો હોય છે — ચિત્તો દેખાયો, જેને અંગ્રેજીમાં 'લેપર્ડ' કહે છે. મોટરના પ્રકાશથી અંજાઈ જઈ એ બાજુ પર ખસ્યો અને એક નાનકડી બખોલમાં સંતાઈ જવાનો એણે પ્રયત્ન કર્યો. મોટર નજીક આવી એટલે એની જગ્યાએ સહેજ અંધારું થયું. એનો લાભ લઈ, આમતેમ જોઈ, સહેજ દબાઈ જઈ એણે દોટ મૂકી અને જોતજોતામાં એ જંગલમાં અલોપ થયો. અમે સહેજ આગળ વધ્યા. અંધારું જામ્યું હતું. આકાશનો ચંદ્રમા ઝાંશ કરતાં પણ પાતળું ચાંદરણું વરસાવતો હતો. એટલામાં મોટર સામે એક મોટું જનવર દેખાયું. હાથી છે કે ગેંડો છે એનો વિચાર કરીએ એટલામાં કપાળ પરનાં બે શિંગડાંઓએ બતાવી દીધું કે એ વનમહિષ છે. જંગલના શિકારીઓ હાથી, ગેંડો કે સિંહથી એટલા ડરતા નથી જેટલા મહિષથી ડરે છે. મહિષ જબરદસ્ત તાકતવાળું જનવર છે જ. હાથી કે સિંહ પણ એનું નામ લેતા નથી. શિકારીઓ કહે છે કે બાકી બધાં જનવરોનો સ્વભાવ સમજી શકાય છે અને એને પહોંચી વળાય છે. મહિષ ભૂખ્યો હોય કે ન હોય, એને તમે છેડો કે ન છેડો, એ એકલો હોય કે ઝુંડમાં હોય, એ તમારી તરફ વહેમાયો કે એણે તમારી ઉપર હુમલો કર્યો જ છે. અને એનો ધસારો એટલો જોશીલો હોય છે કે ભાગ્યે જ એમાંથી કોઈ બચી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી સામેનો મહિષ ખૂબ મસ્તીમાં આવેલું જનવર દેખાતું હતું. સામે રસ્તા પર આડું ઊભું રહી ડોલતું હતું. બાયનોકયુલર લઈને જોયું તો એની ડોક ને ગળા તરફના વાળ ઠીક ઠીક લાંબા દેખાતા હતા. થોડા જ વખતમાં એણે પોતાનું માથું ફેરવી મોટર તરફ મીટ માંડી. અમે એને ઠીક ઠીક નિહાળ્યા પછી મોટરના દીવા બંધ કર્યા. ઠીક ઠીક વખત સુધી, આછા ચંદ્રપ્રકાશમાં અમે એકબીજાનાં દર્શન કરતા હતા. એનો વિચાર અમારા પર ધસારો કરવાનો ન હતો પણ અમે ધસારો ન કરીએ એની ખાતરી શી? એટલે એણે થોડી વાર અમારી રાહ જોઈ. અમે કશું જ કરતા નથી એની ખાતરી થઈ એટલે રસ્તાની ડાબી બાજુના જંગલમાં એ અલોપ થઈ ગયો. રસ્તાની જમણી બાજુ ઊંચો પહાડ હતો. ડાબી બાજુ ઉતાર હતો. દિવસનો વખત હોત તો એ કયાં ગયો એ જોવા અમે થોભત. અમે આગળ ચાલ્યા. એક ઠેકાણેથી ડગોરોંગોરોના દ્રોણની અંદરનો ભાગ કંઈક દેખાતો હતો. તળાવ જેવું હતું. ત્યાં ચાંદનીનો પ્રકાશ સ્પષ્ટ થતો હતો. ઉપર પહોંચ્યાં ત્યારે આસપાસનું કશું દેખાય એવું હતું નહીં. ઉપર સરકાર તરફથી, મુસાફરો માટે એક દસબીસ ઝૂંપડાંનો કેમ્પ હતો, એમાં અમારા રહેવાની સગવડ કરી હતી. એક વેપારી પોતાને ત્યાંથી ત્રીસ ચાળીસ બ્લેંકેટ (કામળા) લઈ આવ્યા હતા. ખાવાપીવાનું તો ઢગલાબંધ હતું. એક મોટી ઝૂંપડીમાં ખાવાની તૈયારી કરી હતી. એની દીવાલ ઉપર મહિષોના માથાનાં હાડકાં અને શિંગડાં બેસાડેલાં હતાં. અમે લોકોએ એક એક ઝૂંપડી પસંદ કરી અને અમારી પથારીઓ અમે પાથરી. સવારે ઊઠવાનું ચાળીસ માઈલ પહોળો અને સોએક ચોરસ માઈલના ક્ષેત્રફળવાળો દ્રોણ દેખાશે ત્યારે કેવું લાગશે એનો વિચાર કરતાં કરતાં અમે સૂઈ ગયાં. મનિયારાની આસપાસ અમે અસંખ્ય હરણો, શાહમૃગો, ચિત્રાશ્વ (જિબ્રા), જિરાફ, ભુંડ, વગેરે જનવરો જોયાં હતાં. હવે સવારે શું શું દેખાશે એની કલ્પના કરતાં હતાં. આટલી ઊંચાઈએ ઠંડી તો હોય જ. અમે સરસ ઊંઘીને ઊઠ્યાં, પ્રાર્થના કરી અને બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળ્યાં — જ્યાં જુઓ ત્યાં ધુમ્મસનો ક્ષીરસાગર હતો! કપાળ, આંખ, કાનને ગદ્દમદિયાં કરે, આગળ ચાલવા માંડીએ એટલે બે ત્રણ હાથ ખસે અને પાછળની બાજુ નજીક આવે. આસપાસ ફરતાં મોટાં મોટાં ઝાડો ધુમ્મસમાં ભૂત જેવાં લાગતાં અને પાસે જતાં એમની છાલ ઉપર બાઝેલી અને નીચે લટકતી લીલને કારણે તેઓ રીંછ જેવાં દેખાતાં. એ ઝાડ તળે અમારી 'લોગ કેબિન' ઘણી કૃપાળી લાગતી હતી. આ સ્થાન ૮૫૦૦ ફૂટ ઊંચું છે એટલે ઠંડી અને ધુમ્મસ બન્ને લાંબા વખત સુધી ટકે. અમારે બપોર સુધી અરુશા થઈને મોશી જવાનું હતું. એટલે ધુમ્મસ ઓસરી જવાની રાહ જોવાય એમ ન હતું. અમે તરત નીકળ્યાં. અમારી પાર્ટીમાંથી શ્રી કમલનયન અને બીજા કેટલાક પાછળ રહ્યા. દસ વાગ્યા પછી તેઓ આખો દ્રોણ અને એની અંદરનાં કેટલાંક જનવરો જોઈ શકયા.

આફ્રિકાની ભૂમિનો ઇતિહાસ એટલે જ્વાળામુખીઓનો ઇતિહાસ એમ કહી શકાય. ઉપર એક દેકાણે કહ્યું જ છે કે લાખો વરસ પહેલાં પૂર્વ આફ્રિકાની ભૂમિમાં ત્રીસ ચાળીસ માઇલ પહોળી, ત્રણસો ચારસો માઇલ લાંબી અને હજારો ફૂટ ઊંડી એવી બે ફાટો પડી. એ કેમ પડી, કયારે પડી, તે વખતે એનું રૂપ કેવું હતું એ આપણે આજે જાણી શકતા નથી. એટલું જ જાણીએ છીએ કે આ ફાટો પડયા પછી વચમાં જ્વાળામુખીઓ સળગ્યા. એમણે ફાટનો અમુક ભાગ પૂરી દીધો. પરિણામે અમુક સરોવરો તૈયાર થયાં અને નદીઓ વહેવા લાગી. આ બધું એક જ વખતે એકસામટું થયું એમ પણ નથી. જે ફેરફારો થવાના હતા તે કાયમના થયા એમ પણ નથી. ૧૯૩૮ અને ૧૯૪૮ સુધી કેટલાક જ્વાળામુખીઓએ માથું ઊંચું કર્યું એટલે કે મોઢું ખોલ્યું અને એમાંથી અગ્નિરસ વહેવા દીધો.

હંગોરોંગોરોનો દ્રોણ કયારે બન્યો એ આપણે જાણતા નથી. પણ જ્યારે આવડો મોટો દ્રોણેશ્વર અગ્નિરસથી ખદબદ ખદબદતો હશે ત્યારે એને માથે સોએક માઇલ સુધી પક્ષીઓ પણ ઊડવાની હિંમત નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં હોય. આજે એ બધું શાન્ત થઈ ગયું છે. એ દ્રોણનું તળિયું સીધા મેદાન જેવું થઈ ગયું છે. એમાં પાણી ભેગું થાય છે, જંગલો ઊગ્યાં છે. આ ઝાડ અહીં કોણે વાવ્યાં હશે? જંગલના ઝાડનાં બિયાં ખાઈ પચાવી અનેક નાનાંમોટાં પક્ષીઓ અહીં આવ્યાં હશે. એમની ચરકમાંથી એ બી વવાયાં. એનાં મોટાં જંગલો થયાં. એમાં આહાર શોધતાં કેટલાંક જનવરો આવ્યાં હશે. આટલી ઊંચાઈએ તેઓ કેમ ચડ્યાં અને અહીં એમણે કાયમનો વસવાટ કેમ કર્યો એનો ઇતિહાસ એ જનવરોના વંશજો કયાંથી જાણે? અને જાણે તોપણ આપણે એમની પાસેથી એ ઇતિહાસ શી રીતે મેળવી શકીએ? નગૈઃ રક્ષિતં ક્ષિતિ નગરમ્ એ નગરની વ્યાખ્યા સાચી હોય તો આફ્રિકાનાં શ્વાપદોનું આ અરણ્યનગર છે. એક વખતના જ્વાળામુખીને માથે ટાઢ અને ધુમ્મસનો અનુભવ કરતાં અમે એક રાત ગાળી શક્યાં એ વાત પણ અમને ઘણો સંતોષ આપી શકી. એ જ રાત્રે અમેરિકા–ઓટાવાથી આવેલો ચિ. શતીશનો એક પ્રેમાળ કાગળ મને એ ઠેકાણે મળ્યો એની પણ મન પર ભારે અસર થઈ. કયાં હિંદુસ્તાન, કયાં કેનેડાની પ્રધાન-નગરી ઓટાવા અને કયાં આ શ્વાપદોનું અરણ્યનગર! પણ લેખનકળા અને પત્રવહેવારનાં આધુનિક સાધનોને લીધે આવી સ્થિતિમાં પણ અમે એકબીજા સાથે હાર્દિક સંપર્ક સાધી શક્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

બે પર્વતરાજ

હુગેારેંગેારેાથી અરુશા અને ત્યાંથી મેાશી એવી દોટ મૂકી અમારે ત્રીજા પહેાર સુધીમાં વ્યાખ્યાન માટે પહેાંચવું હતું. એટલે સવારે વહેલેા નાસ્તેા કરી હુગેારેંગેારેા છેાડ્યું. પહાડ પરથી સહેજ નીચે ઊતર્યા એટલે ધુમ્મસનું પટળ માથે રહી ગયું. હવે નીચે ઓદ્રિડમાની તરફનું સુંદર દૃશ્ય નજર આગળ પથરાયું. તડકા-વાદળાંની ધૂપછાંવને કારણે આખી ભૂમિ સ્વર્ણભૂમિ જેવી લાગતી. કરાટુ સુધી પાછાં આવ્યાં અને ફરી જિરાફ, શાહમૃગ અને જાતજાતનાં હરણેા બહુ નજીકથી જોવાને મળ્યાં. એક હરણ અમે નજીક જઈએ ત્યાં સુધી નિર્ભયપણે અમને જોતું જ બેઠું. પણ છેલ્લી ઘડીએ એણે વિચાર ફેરવ્યેા અને એવી તેા ફલાંગ મારી કે જાણે પવનદડેા! અહીં પહેલી વાર અમે જિરાફને દોડતાં જોયું. સવારે જ મેં કહ્યું હતું કે, માથે આયનેાકસુલર શાંધ્યું હેાય એવાં શીંગડાં લઈને ઊભાં રહેલાં જિરાફ આપણે ઘણાં જોયાં. આ પ્રાણી દોડતું હેાય ત્યારે કેવું દેખાતું હશે? અને થેાડા જ કલાકમાં એક જિરાફ પાણીના મેાજાની પેઠે દોડતું અમને જોવાને મળ્યું. એની સુડેાળ ગતિ જોઈને એમ જ લાગે કે જીવ બચાવવા માટે પણ આ કળાવાન પ્રાણી એડેાળ ઢબે દોડવા તૈયાર નહીં થાય!

કરાટુમાં એક ગુજરાતી ભાઈએ બહુ હેતપૂર્વક અમને કેસરિયા દૂધ પાયું. જતાં એમને ત્યાં થેાભ્યાં નહીં એ માટે અમને ઠપકેા આપ્યેા અને પાકાં કેળાંની એક લૂમ અને જાતજાતનાં ફળ અમારી મેાટરમાં લાદી જ દીધાં! શેા આ લેાકેાનેા નિષ્કામ પ્રેમ! અમે એમને માટે શું કર્યું હતું? શું કરી શકવાનાં હતાં? એમની કે અમારી જિંદગીમાં ફરી વાર મળવાનેા સંભવ પણ ઓછેા. અને છતાં ઘરનાં કુટુંબી હેાઈએ એવા પ્રેમથી અમારી સાથે એ લેાકેા વર્તતા આવ્યા છે. પેાતાની બાહેાશી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદુરીનાં બણગાં ફૂંકવાનું પણ એમને સૂઝતું નથી. આખા પૂર્વ આફ્રિકામાં અમને જ્યાં ત્યાં આવા ગુજરાતી ભાઈઓ મળ્યા છે અને દરેક ઠેકાણે એ જ પ્રેમનો ઊભરો અમે અનુભવ્યો છે.

અમે અંગારકૂ પર્વત સુધી સીધાં ઉત્તરે ગયાં. મોંડુલી ગામ ડાબી બાજુ રાખી અમે પૂર્વ તરફનો રસ્તો લીધો. થોડા જ વખતમાં અમને આફ્રિકાનિવાસી મેરુ પર્વતનાં દર્શન થયાં. એનું શિખર વાદળાંમાં ઢંકાયું હતું અને એનો વિસ્તાર પોણોસો સો માઈલ સુધી ફેલાયો હતો. પછી આવ્યું અરુશા શહેર. ઘણું જ સુંદર. યુરોપિયન લોકોએ એને નંદનવન બનાવ્યું છે. અમને અહીં સુધી આણનાર શ્રી ત્રિલોકીનાથ વોરા અહીં ઊતરી ગયા અને અમે એમની જ મોટર લઈને આગળ મોશી ગયાં. રસ્તામાં બંને બાજુએ અંગ્રેજોના અનેક શામ્બાઓ (એસ્ટેટ્સ)-ની શોભા અમે જોઈ શકયાં. વચમાં અમે ઉશા નદી ઓળંગી. કેટલાય માઈલો સુધી પથરાયેલાં ઘાસનાં રૂપાળા બીડો જોયાં. ટાંગાથી અરુશા સુધી આવતી રેલવે અમે ત્રણ વાર ઓળંગી. પહેલી જ વાર અમે અહીં તારના થાંભલાઓ જોઈ શકયાં અને આખરે જેનું રટણ ઘણા દિવસથી કરતાં હતાં એ કિલિમાંજારો પર્વત નજીકથી દેખાયો.

પ્રથમ તો વાદળાંમાં ધનુષ્યની રેખાની પેઠે એક સુરેખ ધોળી કિનારી દેખાઈ. એ વાદળું નથી પણ પહાડનું શિખર છે એમ મનની ખાતરી થયા પછી અમે જોયું તો કિલિમાંજારો પોતાના માથા પરનું વાદળાંનું પટલ ધીરે ધીરે નીચે ખસેડે છે. શું એ ગંભીર–ભવ્ય દર્શન! જાણે કર્પૂરગૌર મહાદેવ બુદ્ધ ભગવાનનો અવતાર લેવા પોતાની જટા ઉતારી અહીં ધ્યાનસ્થ બેઠા છે! આજે કિલિમાંજારોના માથા ઉપર હમેશ કરતાં વધારે બરફ હતો. એટલે એના નીચે ઊતરતા રેલા ખૂબ દૂર સુધી પહોંચેલા દેખાતા. શિખરનો ઘાટ એટલો સુંદર દેખાતો હતો કે એને માથે જ્વાળામુખીનો દ્રોણ છે એમ જાણતા છતાં અહીંથી એ સાચું લાગતું ન હતું. હૃદયના ઉદ્‌ગારો બોલી નાખવાની જૂની ટેવ ટકી હોત તો મેં જરૂર કહ્યું હોત अद्य मे सफलं जन्म यात्रा च सफला ह्रियम्।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી મોટર અમને ઝપાટાભેર મોશી તરફ અને એના વૈભવરૂપ કિલિમાંજરો તરફ લઈ જતી હતી. રસ્તો વાંકોચૂંકો હોવાથી દશ્યની ખૂબીઓ ક્ષણે ક્ષણે પલટાતી હતી. પાછળથી મેં જાણ્યું કે મોશી એટલે ધુમાડો. કિલિમા એટલે પહાડ અને અંજરો એટલે ઊંચો અથવા ચળકતો. બન્ને અર્થ આ પહાડ માટે બંધબેસતા હતા. કિલિમાંજરોનો વિસ્તાર પણ ઘણો પહોળો છે. ઉપર ચડવાનો રસ્તો એની પાછળની બાજુ છે. બીજે દિવસે અમે એ રસ્તે એક આફ્રિકન મુખીનું ઘર જોવા ગયાં હતાં.

મોશીમાં અમે બહુ જ થોડું રહી શક્યાં. પણ એ વખતનો ઉપયોગ સારો થયો. શ્રી સદરુદ્દીન – ઑનરેબલ વલીમહમદ નઝરઅલીના દીકરા – ને ત્યાં અમારો ઉતારો હતો. મિસિસ સદરુદ્દીન ઘણાં દક્ષ બાઈ હતાં. એમને ત્યાં જમીને તાજાં થઈ અમે સભામાં ગયાં. એટલામાં શ્રી કમલનયનનું મંડળ પણ આવી પહોંચ્યું. પ્લાઝા થિયેટરમાં મેદની ઠીક જામી હતી. બહેનોની સંખ્યા પણ સારી હતી. અહીં પહેલી વાર મેં મારો અભિપ્રાય જાહેર કર્યો કે હિંદુસ્તાન સ્વતંત્ર થયા પછી એશિયાની અનેકવંશી પ્રજા આપણી તરફ પ્રેમ અને ઉમંગની નજરે જુએ છે. એટલે હવે આપણે એશિયાના પ્રતિનિધિ થઈ એશિયન નામ ધારણ કર્યે જ છૂટકો. આ સભા પછી તરત કિલિમાંજરોના સાવ પગથીએ એશિયન ઍસોસિયેશનની ચાપાટી હતી. અહીં અપ્પાસાહેબનું ભાષણ ઘણું અસરકારક થયું. આ પ્રદેશમાં રહેતા ચાગ્ગા અથવા વાચાગ્ગા લોકોની એક સંસ્થા છે. એ લોકોને કેળવી એમને આગળ લઈ આવનાર મિ. બેનેટ સાથે મુલાકાત થઈ. એક માણસ ધારે તો આફ્રિકન પ્રજા માટે કેટલું કરી શકે એના એ ઉત્તમ નમૂના છે.

અહીંની પાર્ટીમાં એક મહારાષ્ટ્રી ડૉક્ટર, બે ગોવન, અનેક શીખ ભાઈઓ અને ગુજરાતી હિંદુ હતા. ઇસ્માઈલી ભાઈઓ તો સંખ્યાબંધ ભેગા થયા હતા. રાત્રે અહીંના હિંદુ ભાઈઓ સાથે ખાસ વાર્તાલાપ ગોઠવ્યો હતો તે ૯ થી ૧૧ સુધી ચાલ્યો. આવા વાર્તાલાપો અમારી મુસાફરીનો ઉત્તમમાં ઉત્તમ ભાગ ગણાય. એમાં અમે કશો સંકોચ રાખ્યા વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ–મુસલમાનના સંબંધ વિષે છૂટથી બોલી શકતાં, લોકોની લાગણીઓ અને એમની મુશ્કેલીઓ જાણી શકતાં અને અનેક ભૂમિકા ધારણ કરીને અમે અમારી દૃષ્ટિ એમને સમજાવી શકતાં.

મોશીમાં ત્યાંના ડેપ્યુટી કમિશનર મિ. જોન્સ્ટન મળેલા. માણસ સ્વભાવે ઘણો સજ્જન અને વિચારનો ઉદાર. કલાકેક બેસીને એણે ઘણી વાતો કરી. અને એની પાસેથી ઘણું જાણવાનું પણ મળ્યું.

બીજે દિવસે અમે ચાગ્ગા લોકોના વેલ્ફેર સેન્ટરની એક વાડી જોવા મરાંગુ ગયાં. એ વાડી પાસે ચાગ્ગા લોકોના એક નેતા — મુખી પેટ્રોનું સુંદર રહેઠાણ છે. એમના મહેમાન બનીને આફ્રિકન કુટુંબ કેમ રહે છે એ અમે જોઈ લીધું. એમના નવા મકાન પાછળની મોટી ગોળ ઝૂંપડી અમે અંદરથી જોઈ આવ્યાં. સાવ અંધારામાં માણસ અને જનવર એકત્ર કેમ રહે છે એ જોઈ હિમાલયના પહાડી લોકોનું સ્મરણ થયું. પણ ત્યાં આટલું અંધારું ન હતું. આફ્રિકન લોકો ગાયનું દૂધ પણ પીએ છે અને એનું લોહી પણ પીએ છે. ગાયને કે વાછરડાને થાંભલા સાથે બાંધી એક બાણ વતી એના ગળાની નસ કેમ છેદે છે અને જોઈતું લોહી કાઢી લીધા પછી ઘા કેમ બંધ કરાય છે એ વિષે અમે વિગતો સાંભળી. પ્રત્યક્ષ પ્રયોગ જોવાની મારી હિંમત ન ચાલી, એટલે હું ત્યાંથી ખસી ગયો. અમારી પાર્ટીના લોકોએ શું શું જોયું તે મેં પૂછ્યું પણ નહીં. શ્રી પેટ્રો સાથે વર્ધાના ગ્રામોદ્યોગો વિષે અને નઈ તાલીમ વિષે ઘણી વાતો કરી. હાથ કંતામણ, વણાટની બાદી, હાથે બનાવેલા કાગળોના નમૂના વગેરે જોઈ એમને લાગવા માંડ્યું કે આપણે પણ એવું જ કેમ ન કરીએ ? પછી મેં એમને મધમાખનું પાલન કેમ કરાય છે અને એમનો નાશ કર્યા વગર મધ કેમ મેળવાય છે તે ઘણા વિસ્તારથી સમજાવ્યું. અને એ લોકોએ પણ ખૂબ જ રસપૂર્વક એ બધું સાંભળી લીધું.

મુખી પેટ્રોની વાડીના મકાઈના ગરમ ગરમ ડોડા અમે ચાખ્યા. એના દાણા એટલા મોટા અને મીઠા હતા કે અહીંનાં બી હિંદુસ્તાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ જવાનું મન થયું. મકાઈનો લોટ આફ્રિકન લોકોનો મુખ્ય ખોરાક છે. એની સાથે તેઓ એક જાતનાં મીઠાશ વગરનાં કેળાં રાંધીને ખાય છે. અને એક જાતનાં શકરિયાં પણ શેકીને ખાય છે. એ શકરિયાંનો સ્વાદ પણ આપણાં શકરિયાં જેટલો મીઠો નથી હોતો. આફ્રિકાની મકાઈનો સ્વાદ અમે અનેક ઠેકાણે લીધો છે. પણ સ્વાદમાં અહીંની મકાઈની તોલે કોઈ આવે એમ ન હતું.

પાછા વળીને જમી લીધું અને અરુશા જવા ઊપડ્યાં. રસ્તામાં ફરી વાર કિલિમાંજરોનાં ભવ્ય દર્શન થયાં. આગલા દિવસનાં દર્શનને કારણે આજે એનું દર્શન વાસી પણ ન લાગ્યું અને એનો કેફ પણ ન ઓસર્યો. પણ પરિચયની આત્મીયતા ઉમેરાઈ ખરી. આખો રસ્તો ઓળખીતો હતો એટલે અમે સહેજે પોણા ચારે અરુશા પહોંચી ગયાં. ત્યાં અમારા મેજબાન શ્રી નરસીભાઈ મથુરાદાસ હતા. શ્રી નરસીદાસભાઈ, શ્રી નાનજી કાલીદાસ મહેતાના ભત્રીજા થાય છે. એમનું ઘર આખા અરુશામાં તમામ સગવડસાધનથી ભરેલું સૌથી અદ્યતન (અપ-ટુ-ડેટ) ગણાય.

અરુશામાં ઇન્ડિયન એસોસિયેશન તરફથી ચાપાર્ટી થઈ. એમાં ત્યાંના પ્રાંત-કમિશનર અને એમનાં પત્ની આવ્યાં હતાં. આખી પાર્ટીમાં જે યુરોપિયનો હતા તેમાં ગ્રીક અને ડેન લોકો પણ હતા. એશિયન લોકોમાં આપણા હિંદી લોકો — ગોવન સહિત — ઉપરાંત આરબ, વગેરે હતા અને આફ્રિકન લોકોમાં સ્થાનિક એબિસિનિયન અને સોમાલી પણ હતા. લોકો ચા અને ખાદ્ય પદાર્થોને ઇન્સાફ આપવામાં મશગૂલ હતા, જ્યારે મારું આખું ધ્યાન મેરુની પ્રચંડ મૂર્તિ તરફ હતું. આ દિવસોમાં મેરુને માથે બરફનો મુકુટ નથી હોતો પણ મુકુટ વગર પણ એ આસપાસના પ્રદેશના રાજા તરીકે જ શોભતો હતો. કિલિમાંજરો અને મેરુ જ્યારથી ઉપર ઊપસી આવ્યા છે ત્યારથી આફ્રિકાનાં શ્વાપદો અને મનુષ્યો, નદીઓ અને સરોવરો — બધાંના સુદીર્ઘ ઇતિહાસનાં એ સાક્ષી છે. પ્રાચીન કાળના કેટલાય આફ્રિકન નેતાઓએ આ બે પહાડના સોગન ખાઈને પોતાની મિત્રતા દૃઢ કરી હશે અથવા શત્રુ પર વેર વાળવાની પ્રતિજ્ઞા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર મહેર મારી હશે. આ બે પહાડો કશો સંકલ્પ કરતા નથી. પક્ષપાત કરતા નથી. પોતાને માથે જેટલો વરસાદ વરસે તેનાં નાનાંમોટાં ઝરણાં બનાવી ઉષા (usa), પંગાની (pangani), ત્સાવો (tsavo) — જે કોઈ નદી એનો લાભ લેવા માગે એને જીવન અર્પણ કર્યા કરે છે.

જાહેર સભામાં અનેક પંજાબીઓ, ગુજરાતી બહેનો વગેરે મિશ્ર શ્રોતાઓ હતા. હિંસા-અહિંસાનો પ્રશ્ન છેડાયો હતો જ.

રાતના બાણુમાં મોટા મોટા બસો લોકો હાજર હતા. અંગ્રેજોની સંખ્યા અહીં સૌથી વધારે હતી. Non violence in peace and war (યુદ્ધકાળમાં તેમ જ શાંતિકાળમાં અહિંસાની નીતિ) એ વિષે હું થોડું કે બોલ્યો. ઘણા પરદેશીઓએ એ ચર્ચામાં ભાગ લીધો. એમાં પોતાના કર્તવ્યનો ઊંડો વિચાર કરનાર એક ગોરો પોલીસ અમલદાર હતો. એણે વિશેષ વાતો કરવા માટે બીજે દિવસે મળવાની ઇચ્છા બતાવી. સવારે, ગુનાઓ અને એને માટે કરાતી સજાઓની તાત્ત્વિક ચર્ચા ઘણી થઈ. એ માણસ પોતાના કર્તવ્ય વિષે ઊંડાણમાં ઊતરી વિચાર કરતો હતો એમ જણાયું. આપણા લોકોની આર્થિક નીતિમત્તા વિષે — એટલે કે પ્રામાણિકપણા વિષે એને ઊંચો ખ્યાલ ન હતો. ફક્ત નરસીભાઈ વિષે એણે આદરનાં વચનો કાઢ્યાં હતાં. મને એ માત્ર વિવેકના શબ્દો જેવા ન લાગ્યા.

સવારની ચર્ચા પછી અમે અરુશાના ગળાનું જાણે મોતી હોય એવું એક નાનકડું સરોવર જોવા મોશીને રસ્તે ઊપડ્યાં. ડેલૂટી (Deluti) સરોવર પણ જ્વાળામુખીને આભારી છે. એનો આકાર જોતાં જ એ જણાઈ આવતું હતું. એ સરોવરને કિનારે મિસિસ રોબડન નામની એક અંગ્રેજ મહિલાએ સુંદર મકાન અને એથીયે સુંદર બગીચો રાખ્યો છે. બાઈ એટલી બાહોશ છે કે છેલ્લા યુદ્ધના દિવસોમાં પોતાની અને બીજા ગોરાઓની ૧૪ એસ્ટેટો તે સંભાળતી હતી. અને એ બાઈની જિજ્ઞાસા એટલી પ્રખર કે ઇજિપ્તના પિરામિડો અને એને અંગેની ગૂઢ વિદ્યા વિષે પણ એ જાણતી હતી. દીવાનખાનામાં એણે જે ચિત્રો રાખ્યાં હતાં એ પણ એની ઊંચી અભિરુચિ વ્યક્ત કરતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મક્ષત્રી સાહસ

હવે તો નમંગા થઈ ને આંબોસેલીનો રણમાં અને અરણ્યમાં એક રાત ગાળી નૈરોબી જવાનું બાકી હતું. પણ રસ્તામાં એક બાહોશ હિંદી યુવાન રજનીકાન્ત હાકોરની ખેતીવાડી જોવાની હતી. આફ્રોનિઉ શામ્બા તરીકે એ અહીં જાણીતી છે. ત્યાં જતાં રસ્તામાં જે ટેકરીઓ દેખાઈ તે લીલી, લીસી અને રૂપાળી હતી. ખેતીવાડીમાં સારાં સારાં જનવરોનો ઉછેર અમે જોઈ શકયાં. ગાયો અને સાંઢ અને બીજાં જનવરો અહીં ખાસ શાસ્ત્રીય ઢબે રાખવામાં આવે છે. ગાયનું દૂધ ભેગું કરી એમાંથી માખણ ઉપરાંત પનીર (ચીઝ) બનાવવામાં આવે છે. દૂધમાંથી પનીર કેમ બનાવાય છે એની બધી ક્રિયાઓ અમે અહીં જોઈ શકયાં. રજનીકાન્તના પિતા શ્રી સત્યેન્દ્ર ત્રંબક હાકોર અહીં દીકરાને મળવા આવ્યા હતા. એમની પાસેથી આ તરફનો ઘણો ઇતિહાસ જાણવાને મળ્યો.

આપણા લોકો મોટે ભાગે ગામડામાં કે શહેરમાં દુકાન ખોલીને દેશી પરદેશી માલ વેચવાનું જ કામ કરે છે. હમણાં હમણાં તેઓ સાયસલ વોટલ કે બાંડનાં કારખાનાં શરૂ કરી શકયા છે. પણ ખેતીવાડીનું કામ કરનાર લોકો નહીં જેવા જ છે. તેથી મોરોગોરો તરફના મગોલિયા પાટીદારો અને આફ્રોનેઉના હાકોર બન્ને ઉજ્જવળ અપવાદ તરીકે તરી આવે છે.

ગુજરાતી બ્રહ્મક્ષત્રી કોમની બાહોશીનાં મેં વખાણ કર્યાં ત્યારે સત્યેન્દ્રભાઈ કહે : "પણ અમારા લોકો ઘરરખા છે એ તમે કેમ ભૂલી જાઓ છો ? આટલા ગુજરાતીઓ અહીં આવ્યા છે એમાં બ્રહ્મક્ષત્રીની સંખ્યા કેટલી છે ? અમારા લોકો અભિમાનમાં અને અભિમાનમાં રહી ગયા છે. ઘર છોડવાની હિંમત કરતા નથી." પોતાના લોકો હજી પૂરતી બાહોશી બતાવતા નથી એવી ટીકા કરીને જ એમના પ્રત્યેની પોતાની આત્મીયતા અનુભવનારા કેટલાક લોકો હોય છે. મારી ગણના પણ એ જ કોટીમાં થતી હોવાથી શ્રી સત્યેન્દ્રભાઈની ટીકાનું રહસ્ય હું બરાબર સમજી શકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

અભયારણ્યમાં પ્રવેશ

અમે નમંગા પહોંચ્યાં. અહીંથી અંબોસેલી જવાનો રસ્તો ફંટાય છે. નમંગામાં મરાઠી બોલતા બે બાહોશ કોંકણી મુસલમાન ભાઈઓ વસે છે. એમાંના શ્રી મોહમ્મદ ઉમર સાહેબ સાથે મારે ઘણી વાતો થઈ. એમના પિતાએ ને એમણે અંગ્રેજોને કેવા હંફાવ્યા હતા; આપણા લોકોનું થતું અપમાન ટાળવા માટે એમણે અહીં દેશી હોટેલ કેમ કાઢી વગેરે અનેક વાતો એમણે કહી. જંગલનાં જનવરો પાછળ ભટકવાની હોંશમાં જો બીજો નંબર લેવો પડે તો તે મોહમ્મદ ઉમર સાહેબ નહીં. મોહમ્મદ સાહેબે આસપાસના આદિવાસી મશાઈ લોકોની એટલી બધી સેવા કરી છે કે એ લોકો દરેક કામમાં એમની સલાહ લે છે અને એમના ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખે છે. હોટેલ બોલવા માટે જ્યારે એમને જમીન જોઈતી હતી ત્યારે અંગ્રેજ લોકો એમને એ મળવા ન દે. આ મુશ્કેલી જાણતાંવેંત મશાઈ લોકોએ પોતાની જમીનમાંથી સારો કટકો કાઢી આપ્યો. સરકારી અમલદારોએ મશાઈ લોકોને ધમકાવીને પૂછ્યું કે, "હિંદી માણસ પ્રત્યે શા માટે આવો પક્ષપાત કરો છો?" મશાઈ લોકોના આગેવાનોએ ઉડાઉ જવાબ આપવાને બદલે સીધું પરખાવી દીધું કે, "મોહમ્મદ સાહેબ અમારા જૂના દોસ્ત છે, અમારા હિતકર્તા છે. એમના પ્રત્યે ગમે તેટલો પક્ષપાત કરતાં અમને ખુશી જ થાય છે."

અનેક બાજુએથી નદીઓના પ્રવાહ આવીને જેમ સમુદ્રમાં ભળે છે તેમ નમંગામાં અમારા કાફલાનું બન્યું. ડોડોમાથી ઊપડ્યાં ત્યારે શ્રી અપ્પાસાહેબ, શ્રી ઇનામદાર, સહકુટુંબ કમલનયન, સરોજ અને હું અને શરદ પંડ્યા એટલાં અમે હતાં. અરુશાથી શ્રી નરસીભાઈ અને એમના ભાઈ અમારી સાથે થયા. ક્રુગોરોંગોરોથી શ્રી જશભાઈ દેસાઈ, એમના દીકરા નિરંજન અને શ્રી શહાણેના દીકરા અજિત અમારી સાથે ભળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહેડાનિઉથી શ્રી રજનીકાન્ત એમાં ઉમેરાયા. સર્વ એવ મહારથાઃ ! અલબત્ત, એ રથ તૈલવાહન હતા. હવે નમંગામાં નૈરોબીથી આવેલા ડૉક્ટર અને મિસિસ નાથુ, સૌ. નલિનીબહેન પંતનાં બહેનપણી શ્રીમતી લીલા ફાટક, અને ાચ. સરોજના નાનપણના મિત્ર અને સહાધ્યાયી શ્રીમતી જલ કૉન્ટ્રૅક્ટર — એ બધાં આવી પહોંચ્યાં. આખો કાફલો ઉમંગભેર અંબોસેલીના રણ અને અરણ્યમાં પ્રવેશ કરતો હવો. મોટરો, લૉરીઓ, અને ટ્રક જેવા મહારથો અને એમાં બેઠેલા મહારથીઓનો સરંજામ જોવા લાયક હતો. બંદૂક કે પિસ્તોલને બદલે અમારી પાસે ટૉર્ચ અને બાયનોકયુલરો હતાં. અમે જનવરોને મારવા માટે નહીં, હેરાન કરવા માટે નહીં પણ નિહાળવા માટે નીકળ્યાં હતાં. જે કોઈ આ અભયારણ્યમાં પ્રવેશ કરે છે તેને સંકલ્પ કરવો જ પડે છે કે અભયં સર્વ ભૂતેભ્યઃ; શમ્ નો અસ્તુ દ્વિપદે; શમ્ ચતુષ્પદે । ઝાડી અને ઝાંખરાંમાંથી અમે પૂર્વની દિશામાં ચાલ્યાં. રસ્તામાં થોરનાં વિશાળ વૃક્ષો અમારું સ્વાગત કરતાં હતાં. બીજાં કેટલાંક કાંટાળાં ઝાડો પક્ષીઓને અભયદાન આપતાં હતાં.

તે કઈ રીતે ? સાપ અને બીજાં પ્રાણીઓ ઝાડ ઉપર ચઢીને પક્ષીના માળામાંથી ઈંડાં અને બચ્ચાને ખાઈ જાય છે. એની સામેનો ઇલાજ તરીકે પક્ષીઓ પોતાના માળા ઝાડને છેડે ઝીણી ઝીણી ડાળીઓ સાથે, ચીની ફાનસની પેઠે લટકાવી દે છે. આવી ડાળો તળે જો તળાવનું પાણી હોય તો વધારે સારું અને ડાળો જો કાંટાળી હોય તો તે પણ વધારાનું રક્ષણ. આમ શત્રુ સામે દરેક જાતનું રક્ષણ પૂરું પાડનાર આ ઝાડો તમામ પક્ષી જાતના આશીર્વાદ મેળવે છે.

ત્રીસેક માઈલનું જંગલ વટાવ્યા પછી અમે દક્ષિણનો રસ્તો લીધો. ત્યાંથી સુકાઈ ગયેલા અંબોસેલી સરોવરનું રણ શરૂ થતું હતું. જ્યાં જુઓ ત્યાં રેતી, રેતી અને રેતી ! અને સામી બાજુએ પોતાના પવિત્ર દર્શનનો લાભ આપવા માટે કિલિમાંજારો ઊભા જ હતા.

આખું રણ વટાવી અમે અભયારણ્યમાં પ્રવેશ કર્યો. ત્યાં હિંસ્ર પશુઓએ અમને અભય આપ્યું ન હતું પણ અમારા જેવા માનવીઓની સરકારે અહીંનાં તમામ પશુપક્ષીઓને અભય આપ્યું છે. લાંબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતની સુરક્ષિતતાને લીધે અહીંનાં પશુઓ પણ માણસ પ્રત્યે ઘણું સૌમ્ય થયાં છે અને તેથી અમે પણ નિર્ભય થયાં હતાં. આમ બધી રીતે અભયારણ્ય ગણાતા આ પ્રદેશમાં અમે ઉત્સુક નયને પ્રવેશ કર્યો. એક વાત સ્પષ્ટ કરવી જોઈએ. અહીંનાં તમામ પશુ-પક્ષીઓને અને વૃક્ષ વનસ્પતિઓને ફક્ત માણસ તરફથી જ અભયદાન છે. તેઓ અંદર અંદર અહિંસક થવાને બંધાયેલાં નથી. અને બંધાય તો ખાય શું? અને હાથીને જો સૂંઢ વતી કે માથાના ધડકા વતી ઝાડો પાડવાની લીલા ન મળે તો બાપડાને આખું જીવન અલૂણું અને બોજારૂપ થઈ પડે.

પૂર્વભવમાં અમે શાં પુણ્ય કર્યાં હશે કે અજાણ્યા મુલકમાં આવા અરણ્યમાં અમે ભયાનકમાં ભયાનક પશુઓનો અહિંસક શિકાર કોઈ ધર્માત્મા સમ્રાટની પેઠે કરી શકયાં. જશભાઈએ કહ્યું કે, "અમે ઉતાવળે સામી ટેકરી પર જઈએ છીએ. તમે અમારી પાછળ જલદી આવો. સાંજને વખતે ઘણી વાર ત્યાં હાથીઓ ભેગા થાય છે. ટેકરી પરથી સરસ દેખાશે." જંગલનો પ્રદેશ. અહીં કાંઈ કોઈએ રસ્તા બનાવ્યા નથી. જેમ સૂઝે અને જેમ ફાવે તેમ મોટરો ચલાવવાની. મારા મનમાં ક્ષણે ક્ષણે વિચાર આવતો કે ભોગજોગે મોટરો અહીં ખોટકી પડે તો આપણું શું થાય? કોઈ પશુ ચિડાઈને હુમલો કરે અને તે જ ક્ષણે મોટર રામ બોલે તો માણસ શું કરી શકે? જ્યાં સુધી મૃગયાનો રસ જન્મ્યો ન હતો ત્યાં સુધી જ આવા વિચારો મનમાં આવી શકયા. એક વાર ઉત્સાહની ભઠ્ઠી ગરમ થઈ એટલે અમે ત્યાંના વાતાવરણ સાથે એકરૂપ થઈ ગયાં. જેટલો અમારો વિશ્વાસ અમારા પગ ઉપર હતો એટલો જ વિશ્વાસ મોટરો અને લોરીઓ ઉપર જન્મ્યો. પછી ખાડા શું અને ટેકરા શું, ઝાંખરાં શું અને પથરા શું – અમારા લોકોએ મોટરો ચલાવી જ છે. અને મોટરો પણ એટલા ઉમંગમાં આવી હતી કે જેમ વાળીએ તેમ વળે. માણસોને પણ ચડતાં કહણ લાગે એવા સ્થાન સુધી ટેકરી ઉપર અમારી મોટરો ચડી. ચાર ચાર છ છ આંખે અમે ચારે કોર જોયું પણ એક પણ જનવર દેખાય નહીં. જાણે એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'वृक्षनसे मत ले' [પૃ. ૭૨
એ છતાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫. ૧૩૪

ગોકુળની કિનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્તન્યદાયિની — વંશવૃદ્ધિની ચિંતા એમને નથી. [પૃ. ૧૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સંતોષી સંસ્કૃતિના પ્રતિનિધિ, ટાંગાનિકાના વતનીઓ [પૃ. ૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તમારી તરફ કોણ જુએ? — આફ્રિકન વનરાજ [પૃ. ૧૪૫



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ચોરનું મહાવૃક્ષ [પૃ. ૧૪૫

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધરતીનાં બાળકો [પૃ. ૧૫૨
મરાઠી લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છેલ્લું દૃશ્ય ?

થોડા જ દિવસમાં આ ધોધની જગ્યાએ વીજળીનું કારખાનું થશે.

[પૃ. ૧૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નીલોત્રી

[પૃ. ૧૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બૂસકા પહેલાંની શાંતિ — નીલ નદીનું જન્મસ્થાન [પૃ. ૧૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આફ્રિકન નેતાઓ વચ્ચે અમે [પૃ. ૨૭૨

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી સામે કાવતરું જ કર્યું હતું. અમે નિરાશ થયાં. અધૂરામાં પૂરું સંધ્યાકાળ માણવા માટે ટેકરી પર આવેલું એક પક્ષી અમને હસવા લાગ્યું. એવી ચીડ ચડી! પણ કરીએ શું? ચીડને ગજવામાં રાખી અમે ઊતર્યાં. ખૂબ ખૂબ રખડ્યાં. હાથીની લાદ કચાંય દેખાય તો એ તાજી છે કે સુકાયેલી છે એ જોઈ અમે સાશ કે નિરાશ થતાં. હવે તો અંધારું પણ થયું. મોટરના દીવાઓએ પોતાની આંખ ખોલી. એટલામાં દૂર ભેંસ જેવું કંઈક દેખાયું. નજીક જતાં ખાતરી થઈ કે નાક ઉપર શિંગડાનો ભાર ઊંચકનાર એક જબરદસ્ત ગેંડો છે. ક્ષણવારમાં એની પડખે એક બચ્ચું અમે જોયું. ખાતરી થઈ કે ગેંડી છે. પોતાના બચ્ચાને સાચવતી સાચવતી ફરે છે. ઘડી ઘડીમાં અમે ખામનોકયુલર ચડાવીને જોતાં. ફરી નીચે રાખતાં. મેં જોયું કે ગેંડી લંગડાય છે. બીજું કોઈ એવા જ જબરદસ્ત પ્રાણી સાથે ઝઘડો થયો હશે. અમે વિચાર કર્યો કે સવારે જો એના લોહીનાં ટીપાં દેખાય તો એનો માગ શોધી કાઢીશું.

બીજી પાર્ટીમાં કમલનયન વગેરે હતા. એમને ત્રણ સિંહ દેખાયા. અમે એ બાજુ પહોંચ્યાં ત્યારે એ જ ત્રણ સિંહો એવા તો છટકી ગયા કે એમાંના એકની જ પીઠ જરા દેખાઈ. સિંહની સાથળ ને એની પૂંછડી ઓળખાતાં વાર નથી લાગતી. કહે છે કે એ બાજુ ત્રણ નહીં પણ પંદરેક સિંહ ફરતા હતા. ખેર. અમે સહેજસાજ કંટાળીને અમારા કૅમ્પ ભણી વળ્યાં. આ અરણ્યમાં કેટલાંક સરકારી ઝૂંપડાં છે. એમાં બીજા લોકો રહ્યા હતા કે શું તે ખબર નથી, પણ અમારો કૅમ્પ બીજે ઠેકાણે સ્વતંત્ર હતો. એનું સ્થાન શોધી કાઢતાં વાર લાગી. કૅમ્પમાં જતાંવેંત એનો બાદશાહી ઠાઠ જોઈ ને હું તો આભો જ બન્યો. આશ્રમવાસી મુસાફર છું કે કોઈ અરણ્યરસિયો શાહજાદો છું? નાના નાના અનેક તંબૂઓ — એની આગળ વરંડા જેવા શમિયાના, ખુરસી, ટેબલ, ગાદલાં, ફાનસો, ખાવાપીવાની દરેક જાતની વસ્તુઓ — સોડા, લેમનેડ, કોકોલા, ફળ મેવા ઇત્યાદિ — એકે વસ્તુની મણા ન હતી. જંગલમાં પીવા જેવા સ્વચ્છ પાણીની સગવડ ભાગ્યે જ મળે છે. રાજા દુષ્મંત સાથે શિકાર કરનાર માઢવ્ય પણ તકરાર કરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો કે શિકારે જતાં જંગલનાં પાંદડાં ફોવાઈ ને કડવું ઝેર થયેલું પાણી પીવું પડે છે અને રથમાં બેસી શ્વાપદો પાછળ દોડતાં શરીરનાં તમામ હાડકાં ઢીલાં થઈ જાય છે. અહીં લોહાના એક મોટા પીપમાં પીવા જેવું પાણી ભરેલું હતું. એ જ અમારો હોજ અને એ જ અમારી ટાંકી. પીપ સહેજ જમીન પર આળોટે અને અમને જોઈતું લોટા બે લોટા પાણી આપે. કેટલીક પંજાબી બહેનો પાસ આવીને અમારે માટે પૂરીઓ તળતી હતી અને જાતજાતનાં શાક તૈયાર કરતી હતી.

શિકારનો વ્યવસાય ખેડનારા યુરોપિયન લોકો આ તરફ ઘણા છે. એમના જેટલા જ અથવા એમના કરતાં વધારે બાહોશ આપણા એક ભાઈ એ એ વ્યવસાય હાથ કર્યો છે. એમનું નામ છે શ્રી તરલોકસિંગ. એમણે અને એમના સાથી શ્રી રાણાએ અપ્પાસાહેબના પ્રેમને કારણે અને સ્વદેશથી મહાત્માજીના માણસો પાસ આવ્યા છે એ ખ્યાલથી અમારે માટે આ દૂર દુર્ગમ જંગલમાં બધી સગવડો ઊભી કરી હતી અને પોતે આવીને બધી વિગતો ઉપર જાતે દેખરેખ રાખતા હતા એટલું જ નહીં પણ જાતે બધું કામ પણ કરતા હતા. વાસણો વગેરે ધોવા માટે પાણીની સગવડ જોઈને જ કૅમ્પ ઊભો કરેલો હતો. એ જ સ્થાન હાથીઓનું પણ માનીતું હોવાથી સાંજે તંબૂ તણાતા હતા ત્યારે કેટલાક હાથીઓ ત્યાં દર્શન દઈને ગયા હતા. પણ અમારા નસીબમાં તે રાત્રે એમનું દર્શન ન હતું.

જંગલમાં જ્યાં ધૂણી સળગતી હોય કે માણસોના હાથમાં મશાલો હોય ત્યાં જંગલી જનવરો પાસે આવે નહીં એટલી સુરક્ષિતતા ખરી. પણ વીસ પચીસ કદમ આગળ જઈએ એટલે ત્યાં તમે સુરક્ષિત નથી. કોઈ જનવર ટાંપીને બેઠું હોય તો પશુદેવોને પણ દુર્લભ એવું તમારું લોહી એને ચાખવાને મળવાનું. એટલે રાત્રે અગ્નિના પ્રકાશ જેટલી જ દુનિયા સુરક્ષિત માનવાની. પણ શૌચ જવાની હાજત થાય ત્યારે શું કરવું? હાથમાં ટૉર્ચ અને લોટો લઈને અંધારામાં ગયા વિના છૂટકો નહીં. પશુઓની બીક અને માણસની લાજ એ બે વચ્ચે, પ્રસંગ પરત્વે યોગ્ય હિસાબ કરી, મેં અંતર નક્કી કર્યું. બિલાડીની પેઠે માટીમાં ખાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો, એ જ માટી ખાડો ઢાંકવા વાપરી અને આરામથી પાછો આવ્યો. ખાઈ પીને તંબૂમાં જઈને એહાં અને પ્રાર્થના કરી. મનમાં વિચાર આવ્યો કે હિંદુસ્તાનથી ચાર હજાર માઈલ દૂર, શ્વાપદાકીર્ણ આ જંગલમાં હિંદુસ્તાનના લોકો કેટલા આવ્યા હશે? અને તેમાંય ગંભીરપણે ભગવાનનું સ્મરણ કરી વૈદિક મંત્રથી પ્રાર્થના કરનારો કોઈ આવ્યો હશે ખરો? હિંદુસ્તાનના તમામ ઋષિમુનિઓનું સ્મરણ કરી મેં ભક્તિભાવે પ્રાર્થના શરૂ કરી. શ્રી જ્હાલ કૉન્ટ્રેક્ટર એમાં ભળી ગયા. બીજા અનેક લોકો હતા. પ્રાર્થના થઈ અને અમે સૂવાની તૈયારી કરી. એટલામાં ખબર પડી કે શ્રી અપ્પાસાહેબ, કમલનયન અને બીજા કેટલાક લોકો ચૂપચાપ છટકી શ્વાપદો જોવા નીકળી ગયા છે. અમે છંછેડાયા. મેં તરત મોહમ્મદ સાહેબને કહ્યું, 'જો લૉરી તૈયાર કરી શકો તો આપણે પણ જઈશું.' અમે ચાલ્યાં. ઘોર અંધારામાં — અજાણ્યા જંગલમાં — અમે ચાલ્યાં. મોટરોની અવરજવરથી જે રસ્તાઓ પડેલા હોય છે તે રાત્રે બરાબર દેખાતા નથી. ક્યારેક ઠેકાણે ખોટો ભ્રમ પણ થાય કે રસ્તો છે. રખડતાં રખડતાં અમને અપ્પાસાહેબ વાળી પાર્ટી પાછી આવતી દેખાઈ. એમણે કહ્યું કે, 'એક ગેંડાએ અમારા પર ધસારો કર્યો હતો. અમે ત્યાંથી નાઠા, પણ દિશા ભૂલી ગયા. અથડાતા કૂટાતા પાછા આવ્યા છીએ'. અમને થયું કે આપણે પણ કંઈક અનુભવ મેળવવો જોઈએ. અમે પણ, પેટ્રોલ કે લૉરીની દવા ખાધા વગર ઘૂમ રખડ્યાં. શ્વાપદો ભલે ન જડ્યાં પણ મોટરના પ્રકાશમાં ઝાડઝાંખરાંનાં થડ જોવાની અને ડગલે ને પગલે જોખમ ખેડવાની મજા તો મળી જ. ના કહેતાં એક ગેંડો ચરતો દેખાયો અને એક તરસ (હાયેના) અમારાથી ડરીને દોડી જતું દેખાયું. ગેંડો દેખાયો એટલે ભાઈ જ્હાલને કાવ્ય સૂઝ્યું અને એણે લલકાર્યું : "છૂપ છૂપ બૈઠે હો જરૂર કોઈ બાત હૈ, પહેલી મુલાકાત હૈ, પહેલી મુલાકાત હૈ!" પેલા ગેંડા ઉપર આ પ્રેમકાવ્યની કાંઈ અસર થઈ હોય એમ લાગ્યું નહીં! ગેંડા લોકોનો પ્રેમ કરવાનો પ્રકાર કેવો હોય છે એ આપણે જાણતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે એવાં તો થાકયાં હતાં કે બીજા દિવસનો સદુપયોગ કરવાનો સંકલ્પ ન હોત તો આઠ વાગતા સુધી ઊઠત જ નહીં.

ઊંઘ તો ચાર જ કલાક મળી. પણ અમે એટલા જોરથી ઊંઘી લીધું કે ચાર વાગ્યે તાજાં તાજાં જાગ્યાં. અને ફરી પ્રાર્થના કરીને તૈયાર થયાં.

સાડાપાંચે નીકળ્યાં. દિવસ ઊઘડ્યો; પણ ભાગ્ય ઊઘડ્યાનાં લક્ષણો દેખાયાં નહીં. ધૂપ રખડતાં રખડતાં દૂર એક હાથી દેખાયો. અમે તરસી આંખે એને જોઈ લીધો. એટલામાં એ પાસેના એક ગામડિયા ખેતરમાં જઈ અલોપ થયો. આફ્રિકાના હાથીના કાન બહુ જ મોટા, પહોળા હોય છે. અમારામાંથી બે જણા મોટરમાંથી ઊતરી હાથી પાછળ દૂર સુધી ગયા હતા. વખત બચાવવા અમે એમને પાછા બોલાવ્યા. આખા પ્રદેશમાં પોતે એકલા પડ્યા છે એવું એકલવાયાપણું એ હાથીના મોઢા પર દેખાતું ન હતું. "મારે શું? આખું રાજ મારું જ છે," એવા અનિરુદ્ધ સંચારે ગજરાજ ફરતા હતા. 'મુબારક તમને તમારું રાજ્ય' એમ કહીને અમે ત્યાંથી નીકળ્યાં. ઢેલ અને મુરઘી વચ્ચેનું રૂપ ધારણ કરનાર ગિનિ ફાઉલ, વાંદરા, ચાર પાંચ પ્રકારનાં હરણ અમે જોયાં. એમને જોવાની મજા પડી, પણ એમનાં દર્શનથી દિવસ કૃતાર્થ થયો એમ અમને શી રીતે લાગે? અમે તો તલસતાં હતાં સિંહ, હાથી, ગેંડા અને મહિષ જેવાં પ્રચંડ અને ભયાનક પ્રાણીઓને જોવા. આખરે એક દિશાથી નિરાશ થઈ અમે બીજી બાજુ ગયાં. ત્યાં હાથીઓની તાજી લાદ જોઈ અમારો ઉત્સાહ વધ્યો. ત્યાં થોડે અંતરે બે હાથીઓ ઘાસ ઉખેડતા, માટી ઉડાડતા, સ્વછંદે ઊભા હતા. માણસને જોઈ ને હાથી ભડકતો નથી. પણ જો માણસ અવાજ કરે અથવા પવનને કારણે માણસની ગંધ એની સૂંઢ સુધી પહોંચી જાય તો હાથી ચિડાય છે. એટલે અમે છડેચોક પણ મૂંગે મોઢે મોટરમાંથી ઊતરી હાથી તરફ જવા લાગ્યાં. હાથીએ અમને જોયાં પણ પોતાનો વનવિહાર રોકયો નહીં. જ્યારે અમે વિશેષ નજીક ગયાં ત્યારે એને ગમ્યું નહીં. અમને ધમકાવવાની દાનત પણ એની ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એણે માથું ફેરવ્યું અને ધીમે ધીમે એ ત્યાંથી ખસ્યો. એટલે એને છોડી અમે બીજા હાથી તરફ અમારી મોટર હંકારી. ફરી ઊતરીને અમે એની સન્નિધિમાં ગયાં. એણે પણ થોડોક વખત અમને સહન કરી, નવો રસ્તો લઈ લીધો. દિવસ કૃતાર્થ થયો એમ સમજી અમે પાછાં વળતાં હતાં ત્યાં અમારી સાથેના એક આફ્રિકને ઇશારો કરીને અમને કહ્યું કે 'નજીક જ એક સિંબા (સિંહ) છે.' તરત અમારું આખું ધ્યાન અમારી બન્ને આંખોની કીકીમાં આવીને બેઠું. પણ અમને સિંહ જોવાની ઉત્કંઠા હતી એવી ઉત્કંઠા સિંહને માણસ જોવાની ન હતી. એટલે એ અમારી મોટરની નજીકનાં ઘાસ ઝાંખરાંમાંથી બહાર આવીને બીજે રસ્તે અંદર અલોપ થયો. યાળ ન હતી એટલે અમે સમજી ગયાં કે એ સિંહણ છે. સિંહ જનવર તાકતવાળું ભલે હોય પણ ક્રૂર દેખાતું નથી. એના મોઢા ઉપર સજ્જનતા છવાયેલી હોય છે. એમાં સહેજ છટા હોય છે તુચ્છતાની, જે માણસને જોઈ ને સહેજસાજ વધે છે. સિંહણે અમારી તરફ જોયું અને એ ચાલી ગઈ. પણ એટલામાં અમારા ઉપર એ અસર પાડી ગઈ કે અમે લોકો એની વિસાતમાં નથી. સિંહ જોયાના આનંદમાં એ અપમાન અને તિરસ્કારની લાગણી સંધરીને જ અમારે પાછા વળવું પડ્યું.

બધો સામાન વગેરે મોટરોમાં, અને લૉરીઓમાં ભરી લીધો અને પાછળની રાત અને આજની સવાર જે ભાઈબહેનોએ અમારી સેવામાં ગાળી હતી એમનો આભાર માનીને અમે નીકળ્યાં.

ઘણું જોયું. અમારી વનયાત્રા સફળ થઈ એવી ભાવના લઈને અમે પાછાં ફર્યાં. એટલામાં એક જણે આવીને જાણે અમારા કાનમાં કહ્યું, 'સહેજ વળીને ડાબી બાજુ જશો તો ત્યાં કેટલાયે હાથીઓ છે.' અમારી ઉત્સુકતા તરત સળગી. અને અમે હાથીઓની શોધમાં ઊપડ્યાં. અમારે ઝાઝું રખડવું પણ ન પડ્યું – એક, બે, ચાર, કરતાં આઠ હાથીઓ અમે ઝાડની ડાળો તોડી તોડીને પેટનું સંતર્પણ કરતા જોયા. અમે ઊતરીને હાથી ભણી ચાલવા લાગ્યાં. એમાં એક હાથી નાનો હતો, એની જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર સૌથી પહેલાં અમારા ઉપર પડી. એણે પોતાની સૂંઢ અમારા તરફ ઊંચકી, અને બે કાન પહોળા ફેલાવી અમને જણાવ્યું કે, 'તમે લોકો ગમે તેટલા સારા હો, અમારે મન ઇષ્ટ નથી.' હાથી સૂંઢ ઊંચી કરે અને કાન ફેલાવે એટલે સમજી લેવું કે એ નારાજ થયો છે. અમે જરાક થમકયાં અને નાનો હાથી કુમળી કુમળી ડાળીઓ તોડીને આરોગવા લાગ્યો. અમારી હિંમત વધી એટલે આગળ ચાલ્યાં.

જો હાથીઓ અમારા ઉપર હુમલો કરત તો અમે સહીસલામત મોટર સુધી દોડી શકત કે કેમ એ શંકાભરેલું છે. અને મોટર એ પણ કાંઈ હાથી આગળ સુરક્ષિત નહીં જ. મોટરનું પૈડું સૂંઢમાં પકડી ઊંધી કરતાં હાથીને વાર ન લાગે. અને બે હાથી જો મોટરને માથાનો ધક્કો મારે તો તરત કબૂલ કરવું પડે કે મોટર લોઢાની નહીં પણ મીણની બનેલી હતી. છતાં અમે જિજ્ઞાસાથી કંઈક આગળ જ વધ્યાં. આજ સુધી આ જિજ્ઞાસાને કારણે ઓછા લોકોએ પ્રાણ ખોયા નથી. પણ જિજ્ઞાસા એ અમુક અમુક પ્રસંગે જિજીવિષા કરતાં પણ વધારે પ્રબળ નીવડે છે. અમારો અવિનય જોઈ હાથીઓ નારાજ થયા. પણ અમારા ઉપર ચિડાયા નહીં. સવારે ઊઠીને આ બેપગાને કોણ છેડે, એવો વિચાર કરી બે લોકોએ બે સ્થાન છોડીને જવાનું નક્કી કર્યું. પણ વ્યવસ્થા ન જાળવે તો તે હાથી નહીં. તલવાર ખેંચી હોય એવા બે દાંતવાળો એક મોટો દંતી સૌથી પાછળ રહ્યો. એક આગળ ચાલ્યો. હાથણ અને બચ્ચાં વચમાં રહ્યાં અને આ રીતે બે આઠ જણનું સરઘસ એક પછી એક વનમાં ચાલ્યું ગયું. ઉતાવળ જેવું જરાય ન મળે. જાણે વનદેવીની સવારી ગંભીરતાથી જ ચાલવી જોઈએ એવા ભાન સાથે તેઓ ચાલ્યા. અમે બે સરઘસ ધરાઈને જોયું. બે ગયા પછી અમે થોડો વખત ત્યાં ઊભાં જ રહ્યાં. જોયેલું આખું દશ્ય જાણે હવામાં તાજું ન હોય!

પાળેલા હાથીઓનાં સરઘસો આપણે અનેક વાર જોઈ બે છીએ. આઠ આઠ દસ દસ હાથીઓ, અરે પચાસ પચાસ હાથીઓ પણ આપણે એકત્ર આણી શકીએ છીએ. પણ સ્વચ્છંદ-વિહાર કરતા આઠ હાથીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકત્ર કોણ આણી શકે? અને એ આઠ કેવા? લાંબા લાંબા અને વળાંકદાર દાંતવાળા, ઝાડની નાની મોટી ડાળો તોડી ખાઈ જનાર. મને એ પ્રચંડ ગંભીર પ્રાણીઓ જોઈ ધન્ય ધન્ય થયું. જ્યારે એમનું સરઘસ ચાલ્યું ત્યારે જાણે આખા વનની મહત્તા ચાલે છે એવો જ ભાસ થતો હતો. એ દૃશ્ય આખી જિંદગીમાં ભુલાય એમ નથી.

પાછા વળતાં અમારી પાર્ટીઓ નોખી નોખી થઈ. જે વહેલાં ઊપડ્યાં તે સરખે રસ્તે ગયાં. અમે અમારો ગજાનંદ વાગોળતાં વાગોળતાં ચાલ્યાં અને જમણી બાજુએ જવાને બદલે ડાબી બાજુ વળ્યાં. અમારી દિશા બરાબર છે કે નહીં એ તપાસવા માટે હું વારેઘડીએ પાછો વળી કિલિમાંજારો તરફ જોતો હતો. મને લાગ્યું કે કાંઈ ભૂલ થાય છે. પણ મોટરની કેડી બીજી ન હતી. હું નકશો જોતો જાઉં અને કહેતો જાઉં કે 'દિશાભૂલ થઈ છે.' બીજાંઓ કહે 'ના, બરાબર છે.' બધાં જ અણ-જાણ! દરેકના ભેજામાં આત્મવિશ્વાસનાં અને અણવિશ્વાસનાં મોજાં એક પછી એક ચાલતાં હોય. જે માણસ ખાતરીથી ચાલે તે અમુક ઘડીએ વિશ્વાસ ખોઈ બેસે ત્યાં સુધીમાં બીજા ભેજામાં ગોટાળો થયો હોય. પછી એ દિશા બતાવવાનું સ્વીકારે અને છબરડો વાળે! नैको मुनिर्यस्य वचः प्रमाणम् — એક પણ એવો ડાહ્યો ન મળે કે જેનું વચન પ્રમાણ સમજીને ચાલી શકાય.

એક વાર ત્રણ મહારાષ્ટ્રીઓ વનમાં ફરતા હતા. એમણે એક નોળિયો જોયો. એક જણ બોલી ઊઠ્યો, "સુમંગ, સુમંગ, સુમંગ!" બીજો ચિડાઈ ને બોલ્યો, "સુમંગ સુમંગ શું કહે છે? એનું નામ તો મુસંગ છે." ત્રીજો ડાહ્યો થઈને કહે, "જાણ્યા જાણ્યા! એનું નામ છે ધુંમસ." નોળિયા માટે મરાઠીમાં સાચું નામ છે મુંગુસ! એના જેવી જ અમારી સ્થિતિ હતી. સંતોષ એટલો જ કે વખત સવારનો હતો. રણમાં ઊગેલા વેંતિયા ઘાસમાંથી જતાં હોવાથી અમે દૂર સુધી જોઈ શકતાં હતાં. અને પેટમાં નાસ્તો હતો અને મોટરમાં પેટ્રોલ હતું. અમે એવી ઢબે દિશા ફેરવી ફેરવીને જતાં હતાં કે કોઈ અજાણ્યા માણસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે કે અંબોસેલીની લંબાઈ અને પહોળાઈ રીતસર માપી કાઢવાનું સરવે કામ આ લોકોને કોઈએ સોંપ્યું છે અને અમુક વખતની અંદર એ પૂરું કરી ઇનામ મેળવવા માટે આ લોકો દોડાદોડ કરી રહ્યા છે.

પ્રથમ તો ભૂલાં પડવાની પણ મજા પડી. પણ ધીમે ધીમે નાસ્તો પચવા લાગ્યો અને પેટ્રોલનો ધુમાડો થયો. હવે જો રસ્તામાં જ પેટ્રોલ ખૂટે તો ? અમે મોટરનું શિંગડું વગાડી દશે દિશાને જાહેર કર્યું કે અમે રસ્તો ભૂલ્યાં છીએ. પણ પાછો પ્રતિધ્વનિ આપવા માટે પણ કોઈ ટેકરી નજીક ન હતી. ધ્વનિ અંતરાળમાં વિલીન થયો અને રણની શાન્તિ પાછી હતી તેવી સ્થપાઈ.

ઠીક ઠીક વખત ગયા પછી અમારી જ પાર્ટીની એક મોટર જમણી બાજુએ દૂર દૂર ધૂળ ઉડાડતી દોડતી દેખાઈ. અમે તેમને જોયા અને એ દિશાએ દોટ મૂકી. પણ તેઓ સ્થિર ન હતા. વચમાં કોઈ રસ્તો મળે એટલે અમારા કરતાં એ ડાહ્યો છે એમ સમજી એની સલાહ પ્રમાણે ચાલતા. પણ એ કાંઈ અમારે માટે ત્યાં ઊભો ન હતો. થોડાંક આગળ ગયા પછી મૂંગા રસ્તાની સલાહ માન્યા માટે પસ્તાઈને અમે ફરી અમારું ભેજું ચલાવતાં. આમ કરતાં કરતાં રણ વટાવી અમે ઝાંખરાંના અરણ્યમાં પહોંચ્યાં. ત્યાં રસ્તો મળતાં વાર લાગી પણ મોટરને સખ્ત ભૂખ લાગી હતી. એ કાંઈ માણસ નહીં કે ખોરાક વગર નભાવી શકે.

ખરે બપોરે પણ, પક્ષીના માળાઓએ અમારું મહેનતથી સ્વાગત કર્યું, અમને આગળનો રસ્તો બતાવ્યો અને અમે જેમતેમ નમંગા જ પહોંચી ગયાં. અને ત્યાં થોડું ખાઈ લીધું.

નમંગા, જે ગઈ કાલે અમારું મિલનસ્થાન હતું તે આજે વિદાયનું અને વિખેરાવાનું સ્થાન બન્યું. કેટલાંક અરૂશા તરફ ગયાં કેટલાંક નમંગા જ રહી ગયાં અને બાકીનાં બધાં ત્રણ મોટરમાં વહેંચાઈ જઈ નૈરોબી તરફ જવા ઊપડ્યાં. રસ્તો સુંદર હતો. અહીં અભયારણ્યનો આશ્રય ન લેનારાં કેટલાંય શ્વાપદો અમને જોવા મળ્યાં. ખાસ કરીને જિરાફ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહમૃગ, ભુદ્દુ અને ચિત્રાશ્વ. ૧૦૨ માઇલનો રસ્તો કાપી અમે નૈરોબી પહોંચ્યાં. હવે નૈરોબીનું, શહેરને પડખે આવેલું, અભયારણ્ય અમને સાદું અને અલૂણું લાગવા માંડયું! એ જ દિવસે મારે સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિની સભામાં હાજર રહેવું હતું એટલે અમારી મોટરે વિશેષ વેગે દોટ મૂકી હતી. અમે નૈરોબી પહોંચ્યાં અને અમારી પૂર્વ આફ્રિકાની યાત્રાનો પૂર્વાર્ધ પૂરો થયો.

૨૧

ફરી નૈરોબીમાં

નૈરોબીમાં એ જ દિવસ રહી અમે યુગાન્ડાની મુસાફરીએ ઊપડવાનાં હતાં. નૈરોબીમાં આવતાંવેંત ભાઈ વસંત નાયક અને શ્રીમતી કાન્તાબહેનના માલિકીના બાલમંદિર તરફથી થયેલા ગિજુભાઈ ઉત્સવમાં મારે ભાગ લેવાનો હતો. મેં એ લોકોને કહ્યું કે, "સ્વ. ગિજુભાઈએ બાળકેળવણી માટે ભેખ લીધો તે પહેલાં તેઓ વકીલાત કરવા માટે ઈસ્ટ આફ્રિકા આવ્યા હતા અને સ્વાહિલી શીખ્યા હતા, એ ઘણા લોકોને ખબર નહીં હોય. આજે ગિજુભાઈના ચાલીસ શિષ્યો એ જ ઈસ્ટ આફ્રિકામાં બાળ-કેળવણીનું કામ કરે છે, એ કેટલું સુંદર છે!" બાળકેળવણીનું મહત્ત્વ લોકોને સમજાવ્યું અને બાનગી સંસ્થાઓને પણ છૂટે હાથે મદદ કરવાની ભલામણ કરી.

રાત્રે ભાઈ ઇબ્રાહીમ નાથુને ત્યાં બાણું હતું. ઘણા યુરોપિયનો આવ્યા હતા. મેં એક નાનકડું ભાષણ આપ્યું. પછી પ્રશ્નોત્તરી થઈ. જોકે યુરોપિયનોએ પ્રશ્નો ન પૂછ્યા પણ એમની વાતો પ્રશ્નના રૂપમાં ઇબ્રાહીમભાઈ એ મૂકી. એમણે કહ્યું કે, "હિંદીઓ નાના નાના ધંધાઓમાંથી આફ્રિકનોને હાંકી કાઢે છે અને તેથી તેઓ આફ્રિકનોના શત્રુ છે એ જાતની માન્યતા કેટલાક લોકો ધરાવે છે. એ વિષે તમારે શું કહેવું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું કે, "તમે પ્રશ્ન સારો પૂછ્યો. જ્યારથી પૂર્વ આફ્રિકામાં આવ્યો છું, ત્યારથી દરેક ઠેકાણે મારા દેશના લોકોને વઢતો આવ્યો છું કે, 'તમે આફ્રિકન લોકો સાથે પૂરતા ભળતા નથી. તમારા ધંધાની ખૂબીઓ તમારે એમને શીખવવી જોઈએ, એમને સાથે લેવા જોઈએ,' વગેરે વગેરે. એટલે આજે જો એમની તરફેણમાં જે કહેવા જેવું છે તે કહું તો મેં એમને કાંઈક ન્યાય કર્યો કહેવાશે અને મારું પણ ભલું જ થશે!

"તમે કહો છો કે 'નાના નાના ધંધાઓમાંથી હિંદીઓએ આફ્રિકન લોકોને હાંકી કાઢ્યા છે.' એનો જવાબ એક ક્ષણ પછી આપું. પણ મોટા મોટા ધંધાઓનું શું? સૌથી મોટો ધંધો રાજ્ય કરવાનો છે!

"હવે મને કહો કે કયા કયા ધંધાઓ આફ્રિકનોના હાથમાં હતા જે હિંદીઓએ એમની પાસેથી છીનવી લીધા છે? એક પણ એવો ધંધો બતાવશો? ઊલટું હું તમને એવા દાખલા આપી શકું કે જ્યાં આપડા હિંદીઓએ, અંગ્રેજો પણ ન પહોંચી શકે એવા જંગલી પ્રદેશમાં જઈને રહી, ત્યાં સાવ નાગા રહેનાર લોકોને એક શિલિંગમાં એક ઇજાર આપી કપડાં પહેરતા કર્યા. પોતે જે કામ કરતા હોય એમાં આફ્રિકનોને મદદમાં લઈ અમારા લોકોએ એમને સુથારી કામ શીખવ્યું, દરજી કામ શીખવ્યું, જાતજાતની રસોઈ બનાવતાં શીખવ્યું. એટલે જ તો એ લોકો અંગ્રેજોને ત્યાં ઉપયોગી નોકરો બન્યા. અમારા લોકોએ અહીં રેલવે આંધી આપી. તેમ કરતાં કેટલાયે હિંદીઓ જંગલી જનવરોના પેટમાં પહોંચ્યા. કેટલાય મલેરિયાના ભોગ થઈ પડ્યા. આમ અમારા લોકોએ અહીં અંગ્રેજોની અને આફ્રિકનોની ઓછી સેવા નથી કરી. અમને લોકોને ભારેખમ શબ્દોમાં પોતાની સેવાનાં બણગાં ફૂંકતાં નથી આવડતું એ ખરું છે. 'અઢળક ધન પણ લે અને સેવાની વાત કરે' એવા પણ લોકો હોય છે. અને જીવને જોખમે સેવા કરે, ફક્ત પેટપૂરતું લે અને સેવાનું નામ લેતાં સંકોચ અનુભવીને પ્રાંજળપણે કહે કે, 'અમે અહીં પેટ માટે આવ્યા છીએ;' એવા લોકો પણ હોય છે. એ લોકોની નિંદા કરવી કોઈને પણ શોભે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને, દૂર જંગલમાં દુકાન ખોલીને રહેલા અમારા લોકો કમાય છે પણ કેટલું? એશઆરામમાં રહી ઉડાઉપણું કરત અને અનાચાર ફેલાવત તો એમના હાથમાં કશું ન રહેત. અમારા લોકોનો સ્વભાવ છે કે બાપનું દેવું માથે નહીં રાખવું. કાયદા પ્રમાણે દેવું ચુકાવવા બંધાયેલો ન હોય તોપણ, દીકરો બાપનું દેવું ચૂકવ્યા વગર નહીં રહે. આ રીતે જો કોઈએ અહીં કરકસર કરી પૈસા બચાવ્યા હોય અને હિંદુસ્તાનમાં મોકલીને બાપને ઋણમુક્ત કર્યા હોય કે કોઈ કેળવણીની સંસ્થામાં કે મંદિરના જીર્ણોદ્ધાર માટે પૈસા આપ્યા હોય તો એની આટલી તકરાર શી? અમારા લોકોએ આફ્રિકનોનો આખો દેશ કબજે તો નથી કર્યો; એમની વચ્ચે ભળીને સેવા જ કરતા આવ્યા છીએ. અમારા રક્ષણ માટે ફોજ રાખવી નથી પડી. અમારું રહેવું આફ્રિકનોને વસમું લાગત તો જંગલોમાં અમે અરક્ષિત અને એકલા જઈને રહી ન શકત.

"હવે હું એમને કહું છું કે તમે કેળવણીમાં આગળ વધો. પોતાનાં બાળકોને સારામાં સારી કેળવણી આપો. આફ્રિકનોને પણ એનો લાભ આપો. અહીંના પૈસા અહીં જ ખરચો. આપણે જે દેશમાં રહીએ છીએ તે દેશ કૉમનવેલ્થનો સદસ્ય છે. આપણે પણ રાજીખુશીથી એ કૉમનવેલ્થમાં રહ્યા છીએ. એટલે અંગ્રેજો જોડે આપણો સંબંધ મિત્રાચારીનો રહેવો જોઈએ.

"વંશભેદને લીધે ઉત્પન્ન થયેલું અતડાપણું કોક દિવસે દૂર થશે જ અને આપણે બધા મળીને આ દેશમાં વિશ્વકુટુંબની સ્થાપના કરી શકીશું."

આ જ દિવસોમાં વિલાયતના એક પ્રખ્યાત વૃત્તવિવેચક — જર્નાલિસ્ટ — આવ્યા હતા. નામે વર્નન બાર્ટલેટ. કહેવાય છે કે એમને હિંદીઓને ન મળવા દેવાનો પૂરો પ્રયત્ન થયો હતો. પણ આ જમણમાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું અને તેઓ આવ્યા. એમણે શરત કરી હતી કે, "હું આવીશ ખરો, માત્ર મને બોલવાનું કહેશો મા."

મારા ભાષણ પછી ભાઈસાહેબથી ન રહેવાયું. એમણે કહ્યું, "આજના મહેમાન નમ્રતાથી કહે છે કે 'આ દેશમાં ફક્ત બે મહિના

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી સર્વજ્ઞની પેઠે લોકોને ઉપદેશ કરવાનું — 'ગ્લોબ ટ્રોટર'નું કામ હું નહીં કરું,' હું તો ત્રણ દિવસ થયાં જ અહીં આવ્યો છું અને છતાં મારો અભિપ્રાય આપવા માગું છું! ત્રણ વરસ પહેલાં આવી જ રીતે એક વાર અહીં આવ્યો હતો. તે વખતે હિંદીઓ વિષે મેં ઘણું ઘણું પ્રતિકૂળ સાંભળ્યું હતું. આ વખતે કંપાલામાં મેં જોયું કે એક હિંદીએ તે શહેરને એક સરસ પાર્ક આપ્યો છે. એક ટાઉન હૉલ બાંધી આપ્યો છે. આ લોકોએ આફ્રિકન લોકો માટે સ્કૉલરશિપો આપી છે. હું સમજી શકતો નથી. તેઓ શું કરે? આ લોકો જે થોડા પૈસા સ્વદેશ મોકલે તો કહેવાય છે કે They are bleeding Africa white — તેઓ આફ્રિકાનું લોહી ચૂસે છે, — અને અહીં વાડીવજીફા કરીને અહીંના થઈ ને રહેવાનું નક્કી કરે તો કહેવાય છે કે આ લોકો આફ્રિકા ખરીદવા બેઠા છે — તો આ લોકોએ કરવું શું? અત્યારે આ વીસ મિનિટમાં હું જેટલું સમજી શકયો છું એટલું ઘણું ફરીને પણ ન સમજી શકત. આજના જેવા મહેમાનોએ ઘણી વાર અહીં આવવું જોઈએ અને ગેરસમજૂતીઓ દૂર કરવી જોઈએ."

અમારાં બન્નેનાં ભાષણોની યુરોપિયન મહેમાનો ઉપર શી અસર થઈ તે જાણવા નથી મળી. હિંદી મહેમાનો રાજી થયા એમાં આશ્ચર્ય નહીં, પણ તેમને પોતાના કર્તવ્યનું ભાન થયું એમ માનું છું. શ્રી બાર્ટલેટની હાજરીનું પરિણામ ઘણું સારું આવ્યું.

બીજે દિવસે સવારે અહીંની એક પ્રાથમિક શાળાના આચાર્ય મળવા આવ્યા હતા. એમણે શિક્ષણકળાનો એક સવાલ છેડ્યો કે, "પ્રારંભ અક્ષરોથી કરવો, શબ્દોથી કરવો કે વાકયથી કરવો? પ્રાથમિક એકમ કયું ગણવું?" રાજદ્વારી અને સામાજિક વાતો કરી કરીને કંટાળેલા મને આ વિષયાંતર ઇષ્ટ લાગ્યું. મેં એમને કહ્યું કે, "ગુજરાતી, હિંદી વગેરે સ્વભાષા શીખવતી વખતે લેખન મારફતે આપણે ભાષા શીખવવી જ નથી. આપણે ભાષાનું જ્ઞાન પ્રારંભમાં મૌખિક રીતે જ આપવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. લેખનની ઉતાવળ ન કરવી જોઈએ. લખતાં વાંચતાં શીખતા પહેલાં બાળક સુંદર સાહિત્ય ગદ્ય અને પદ્ય ઘણું સાંભળે, મોઢે કરે, સંવાદો ભજવે, કાગળો લખાવે, વર્ણનો લખાવે, એટલી તૈયારી થયા પછી ભાષાનું એકમ શોધવાની જરૂર નથી. વિચારનું એકમ વાકય છે એ વિષે શંકા નથી. પણ લખવામાં ખરું એકમ અક્ષરે નહીં અને શબ્દે નહીં, 'સિલેબલ' છે. સિલેબલ એટલે એક સ્વર અને એને આધારે ઉચ્ચારાતા એક અથવા અધિક વ્યંજનો મળીને તૈયાર થતો ધ્વનિ. એવા સિલેબલ જ આપણે બારાખડી મારફતે બાળકોને શીખવીએ છીએ. આપણા અક્ષરો 'લેટર્સ' નથી પણ 'સિલેબલ્સ' છે. દરેક અક્ષરની અંદર અકાર છૂપેલો હોય જ છે. એટલે અંગ્રેજીમાં જે ઢબે આ વિષય ચર્ચાય છે એ જ ઢબ આપણી ભાષામાં આણવાની જરૂર નથી." મારા ટૂંકા જવાબથી મારા એ વ્યવસાય-બંધુને સંતોષ ન થયો. મારી પાસે વધુ વખત હોત તો એ બધું વિસ્તારપૂર્વક સમજાવત.

મારા એક મિત્રના એક સગા લિસોટોમાં રહેતા હતા. તે પોતાની પત્ની અને બાળકને લઈને મને મળવા આવ્યા. પોતે ડૉક્ટર હોઈ આગળ અભ્યાસ માટે વિલાયત જવા માગતા હતા. પત્નીને સાથે લઈ જઈ એમને નર્સિંગમાં તૈયાર કરાય તો બન્નેને ફાવે, પણ છ વરસના બાળકનું શું કરવું એ સવાલ એમની આગળ હતો. માતપિતાના સહવાસને કારણે બાળકમાં એની ઉંમરના પ્રમાણમાં વિશેષ ડહાપણ ખીલેલું દેખાયું. એ એકલો હિંદુસ્તાન જવા અને ત્યાં કોઈ બોર્ડિંગમાં રહી આગળ ભણવા તૈયાર થયો. છ વર્ષનો છોકરો આફ્રિકાથી હિંદુસ્તાન એકલો જવા તૈયાર થાય અને માબાપ પાછાં આવે નહીં ત્યાં સુધી એકલો રહેવા તૈયાર થાય એ આપણા લોકોને માટે સામાન્ય વાત નથી. માબાપોને મેં આવશ્યક સલાહ આપી અને તેમની આ હિંમત માટે એમનાં અભિનંદન પણ કર્યાં. આફ્રિકા જેવા દૂર દેશમાં આવીને રહેવાથી કુટુંબમાં કેવા સવાલો પેદા થાય છે અને એ સવાલોને પહોંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળવાની કેટલી હિંમત આપણા લોકો કેળવે છે, એનો નમૂનો નોંધવા માટે જ આ કિસ્સો મેં અહીં ખાસ ટાંકયો છે.

શ્રી ગિજુભાઈ ઉત્સવમાં જેમ મારે ભાગ લેવાનો હતો તેમ નૈરોબીના મહારાષ્ટ્ર મંડળના મકાનની કોનશિલા (કોર્નર સ્ટોન) મૂકવાનું કામ મારે આ વખતે કરવાનું હતું. મહારાષ્ટ્રીઓના મારા પ્રત્યેના સદ્‌ભાવ માટે હું એમનો હમેશનો ઋણી રહીશ.

વાત એ છે કે મારી કેળવણી પૂરી થઈ ત્યારથી હું મહારાષ્ટ્રમાં રહ્યો જ નથી એમ કહેવાય. મોટે ભાગે ગુજરાતમાં રહ્યો છું અને પછી આખા દેશમાં ફરતો જ રહ્યો છું. પરિણામે મહારાષ્ટ્રીઓ સાથેનો મારો સંબંધ અછડતો ગણાય. મહારાષ્ટ્રના લોકો લોકમાન્ય તિલકની રાજદ્વારી કાર્ય-પદ્ધતિ વિશેષ જાણે અને માને. ગાંધીજીની પદ્ધતિ એમને ગળે ઊતરતાં મુશ્કેલી પડે છે. આ કારણે પણ તેઓ મારી સાથે ભળતાં કંઈક સંકોચ અનુભવે છે. લોકમાન્ય તિલક અને મહાત્મા ગાંધી બન્ને સ્વરાજ્યપ્રાપ્તિને વરેલા. બન્ને મહાન દેશભક્ત. બન્નેના મનમાં એકબીજા વિષે અસીમ આદર અને છતાં બન્નેની કાર્યપદ્ધતિમાં અમુક મૌલિક ભેદ હતો. એ ભેદ સમજી લઈ પોતાની માન્યતા કે અભિરુચિ પ્રમાણે સ્વરાજ્યની સેવા કરવી બન્નેના અનુયાયીઓ માટે અઘરું નથી. પણ જ્યાં પદ્ધતિભેદ આવ્યો ત્યાં વિવેક છોડીને પણ સામસામી ચર્ચા કરવી અને ભેદ વધારવો એવો જે લોકોનો સ્વભાવ હતો, તેમણે બન્ને બાજુએ મામલો બગાડયો. આ પરિસ્થિતિનો ઘણો અનુભવ લીધેલો હોવાથી મહારાષ્ટ્રીઓ જ્યારે મને અપનાવે છે અને કોઈ ખાસ પ્રસંગે બોલાવે છે ત્યારે મનમાં કૃતજ્ઞતાની લાગણી પેદા થયા વગર રહેતી નથી. પણ જ્યારે એમને મળું છું ત્યારે ફક્ત વિવેકનાં ચાર વચનો બોલીને પાછા અવાતું નથી. ઘણી વાતો સાફ સાફ કહેવી જ પડે છે.

હિંદુસ્તાનમાં મહારાષ્ટ્રીઓ મારો એ સ્વભાવ સમજી ગયા છે એટલે હવે પહેલાં જેવી મુશ્કેલી રહેતી નથી. અહીંના મહારાષ્ટ્રીઓ સાથે મારો સંપર્ક નહીં જેવો. ગુજરાતીઓએ મારું સાહિત્ય ઓછુંવત્તું વાંચેલું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં હું વીસ પચીસ વરસ રહેલો અને તે પણ ગાંધીયુગના પ્રારંભના દિવસોમાં. એટલે ગુજરાતીઓની અને મારી વચ્ચે આત્મીયતા પૂરેપૂરી જામેલી. મહારાષ્ટ્રીઓનું એવું નહીં.

આવા વાતાવરણમાં જ્યારે અહીંના મહારાષ્ટ્રીઓએ પોતાના મંડળની ઇમારતની કોનશિલા મૂકવા માટે મને બોલાવ્યો ત્યારે મને ઘણો જ આનંદ થયો. અહીંના મહારાષ્ટ્રીઓ કાં તો સરકારી અમલદાર, કાં તો નોકરિયાત વર્ગ. ગુજરાતીઓની પેઠે એમની પાસે પૈસાની છૂટ નહીં. મરાઠી ભાષાની એકાદ નિશાળ સ્થાપવી એ પણ એમને માટે અઘરું. ન મળે પૈસા કે ન મળે પૂરતા વિદ્યાર્થી. મહામુશ્કેલીએ આ લોકોએ થોડાક પૈસા ભેગા કર્યા, થોડાક લોન તરીકે મેળવ્યા. એમની બાહોશી અને એમની પ્રામાણિકતાની શાખ સારી હોવાથી લોન મેળવતાં એમને મુશ્કેલી નથી પડતી. સારે ઠેકાણે એક જગા મેળવી એમણે પ્રારંભ કર્યો અને આ લખું છું ત્યારે તો જે હોલની કોનશિલા મેં બેસાડી હતી તે લગભગ પૂરો પણ થવા આવ્યો છે.

મેં મારા ભાષણમાં મહારાષ્ટ્રીઓને એમના ઇતિહાસસિદ્ધ સ્વભાવની વાતો કરી. ચીની પ્રવાસી હ્યુએન ત્સાંગે મહારાષ્ટ્રીઓ વિષે જે લખ્યું છે ત્યાંથી માંડીને શિવાજીના વખતના મદ્રાસી કવિ વ્યંકટાધ્વરિનાં વચનો સુધીનો આપણા દેશના લોકોનો અભિપ્રાય ટાંકી મેં એમને કહ્યું કે, "આપણા લોકો કોઈનો દંભ, કૃત્રિમતા કે પોલી વાતો સહન જ નથી કરી શકતા. એ બધું ઠીક છે. પણ દંભ, પોલી વાતો અને આદર્શવાદ વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. આદર્શની વાતો ઝટ ઝટ અમલમાં નથી આવતી. સૈકાઓ સુધી આદર્શવાદ હવામાં જ રહી જાય છે એટલા ખાતર તેનો પણ વિરોધ કરવા જઈએ તો જીવનમાં શ્રેષ્ઠ તત્ત્વ રહે જ નહીં. મહારાષ્ટ્રીઓએ ધ્યેયવાદનો વિરોધ ન જ કરવો જોઈએ. ધ્યેયવાદ એ મહારાષ્ટ્રના સંતો પાસેથી મળેલી આપણી કીમતી મૂડી છે. શંકાશીલ બનીને આપણે એ ખોઈ ન બેસીએ. નોકરિયાત સેવકની કારકિર્દીમાં જ અટવાઈ ન રહેતાં આપણે આગળ વધવું જોઈએ ઇત્યાદિ વાતો પણ મેં કરી. આ ઉત્સવમાં નૈરોબીના નાના મોટા તમામ મહારાષ્ટ્રીઓ ભેગા થયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ અને બાળકોની હાજરી પણ સારી હતી. એટલે આખું વાતાવરણ એક વિશાળ કુટુંબનું હતું. મેં એમને કહ્યું કે, તમારા મંડળની પ્રગતિ વિષે મને વખતોવખત લખતા રહેશો અને બેડી કે મેદાની રમતોમાં ફક્ત મહારાષ્ટ્રીઓને જ નહીં પણ નૈરોબીમાં વસતી તમામ કોમોને ભેળવશો.

ઑનરેબલ માથૂ અહીંના આફ્રિકન લોકોના નેતામાંના એક છે. રાતનાં એક બે બાણું વખતે એમની ઓળખાણ થયેલી. એમની ઇચ્છા હતી કે અમે એક વાર એમને ઘેર જઈએ અને એમના ઘરના લોકો સાથે તેમ જ કેટલાક મિત્રો સાથે નિરાંતે વાતો કરીએ. નૈરોબીની પહેલી મુલાકાત વખતે એ ન બની શકયું એટલે આ વખતે આગ્રહપૂર્વક અમે એમને ત્યાં ગયાં. નૈરોબીથી છવ્વીસ માઈલ ઉપર એમનું ઘર છે. જતાંવેંત એમનાં પત્ની, બાળકો વગેરેને મળ્યાં. થોડુંક ખાધું. અને પછી એમના બગીચામાં સહેજસાજ ફરીને ખુલ્લામાં ઘાસ ઉપર બેસી ગયાં.

આફ્રિકન સ્ત્રીઓના વાળ પુરુષો જેવા જ ગૂંચળાદાર હોવાથી તેઓ તે લાંબા વધારતી નથી. વખતે વધતા પણ નહીં હોય. એની અંદર જ ત્રણ ચાર સેંથીઓ પાડી વાંકડિયા વાળની શોભા આણેલી હોય છે. આપણને આવાં માથાં જોવાની ટેવ નહીં એટલે પુરુષોનાં માથાં જેવા લાગે. એમનો પોશાક કાંઈક આપણે ત્યાંની કુર્ગ પ્રાન્તની બહેનોના પોશાક જેવો. ધીરે ધીરે એ પૂરો અંગ્રેજી થઈ જાય છે. ચહેરો, વાળ કે પોશાક ગમે તેવાં હોય, સ્ત્રીની માર્દવતા, વિનય અને શાલીનતા તો હોય જ. અને બાળકોને લઈને રમાડે ત્યારે માતાઓનું વાત્સલ્ય આખી દુનિયામાં એકસરખું જ હોય છે. અને બાળકો તો ભગવાનની કૃતિ. અજાણ્યા મુલકમાંથી આવેલા નવા લોકોને જોઈ તેઓ વિસ્મય પામે છે અને પાસે કે બોળામાં બેસાડીએ ત્યારે ક્ષણ વાર તેઓ આપણા પર વિશ્વાસ કરતાં નથી. એ સંકોચ એક વાર ભાંગ્યો કે તરત બોળામાં એવાં તો ગોઠવાઈ જાય છે કે ઊઠવાનું મન જ ન કરે. નાનાં બાળકોને ભાષાની પંચાત હોતી નથી. આંખ વડે અને સ્મિત વડે બધો ભાવ સમજી જાય છે અને વ્યક્ત કરે છે. ગેરસમજ માટે કશું કારણ હોતું જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે અડધોએક કલાક અજાણ્યા ખંડના આવા ઘરમાં ગાળીએ છીએ પણ હું માનું છું કે ઘરના લોકોને તેમ જ આસપાસના પાડોશીઓને મહિનાઓ સુધી એ વાતોનો અને ચર્ચાનો વિષય થતો હશે. એમને થતું હશે કે આટલે દૂરથી આવેલા આ લોકો આપણા જેવા નથી. એમના દેશનું જીવન કેવું હશે? પણ એ લોકો આપણા જેવા સાવ નથી એમ પણ નથી.

જ્યારે આંગણામાં ઘાસ ઉપર જઈને બેઠા ત્યારે ગાંધીજીની નવી કેળવણી એટલે કે વર્ધા કેળવણી વિષે વાતો થઈ. શ્રી માથૂ વચમાં જ બોલી ઊઠ્યા, "કાકા સાહેબ, તમારી એક વાત મારા મન પર સો ટકા ઠસી ગઈ છે. તે એ કે અમારે હિંદુસ્તાનની ભાષા શીખ્યે જ છૂટકો. હિંદુસ્તાનની ભાષા દ્વારા જ હિંદુસ્તાન સાથેનો સંબંધ અમે દૃઢ કરી શકીશું અને હિંદુસ્તાનને ઓળખી શકીશું. હું ગુજરાતી શીખવાનું શરૂ જ કરી દઈશ." એક જણે પૂછ્યું, "અમે ગુજરાતી શીખીએ કે હિંદી? તમારી શી સલાહ છે? કઈ ભાષાથી અમને વધારે લાભ થાય?" મેં કહ્યું કે, 'આ વિમાસણમાં જેટલો વખત ગાળો એટલા વખતમાં તમે બન્ને ભાષા શીખી શકશો. ગુજરાતી ભાષા આવડી કે હિંદી અડધી આવડી જ ગઈ. અહીં તમારા દેશમાં ગુજરાતીઓની સંખ્યા વધારે છે તેથી તમને અહીં એ ભાષા વધારે ઉપયોગી થઈ પડે એટલે ત્યાંથી પ્રારંભ કરી શકો છો. પણ હિંદુસ્તાન આવવું હોય તો તમારે હિંદી વગર ચાલે નહીં.'

પછી આફ્રિકાના ચાળીસ વિદ્યાર્થીઓ આજે હિંદુસ્તાનમાં ભણે છે એમાંથી એક જણ આખી દિલ્હી યુનિવર્સિટીમાં પાંચમો આવ્યો વગેરે વાતો મેં કરી અને કહ્યું કે, "જે લોકો કહે છે કે, 'તમે સુધારાની બાબતમાં પછાત છો — હજાર બે હજાર વરસ પછાત છો. હિંદુસ્તાનના કે પશ્ચિમના લોકોની હરોળમાં આવીને બેસતાં તમારે હજાર વરસ રાહ જોવી પડશે,' એમના ઉપર તમે વિશ્વાસ નહીં રાખતા. અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરૂર નથી. પચીસ ત્રીસ વરસની અંદર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ પેઢીની અંદર — તમે બધા જેવા થઈ શકશો. ખોટા ખ્યાલો અને ભ્રમણાઓ ('સુપરસ્ટિશન્સ એન્ડ પ્રેજ્યુડાઇસિસ') છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે. એને દૂર કરતાં વાર નથી લાગવાની. કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય તો તે ત્યાં થોડું જ થીજીને પાકટ થવાનું હતું? બારણું ખોલો અથવા પ્રકાશ અંદર લઈ જાઓ એટલે અંધારું હતું ન હતું થઈ જશે."

ભેગા થયેલા આફ્રિકન લોકો ઉપર આ ઉપમાની સુંદર અસર થઈ. એમના ચહેરા એકદમ ખીલી ઊઠ્યા. બધા જ કહેવા લાગ્યા, "હા, સાચી વાત છે."

ભોગજોગે મારી ચોપડી બ્રહ્મદેશનો પ્રવાસની નવી આવૃત્તિનાં પ્રૂફો હિંદુસ્તાનથી તે જ દિવસે મને મળ્યાં. હિંદુસ્તાન બહાર પૂર્વને છેડે જેટલો ગયો હતો તેના પ્રવાસવર્ણનનાં પ્રૂફો હિંદુસ્તાન બહાર પશ્ચિમ છેડે બેસીને તપાસતાં મન ઘણું ઉત્તેજિત થયું. બ્રહ્મદેશની માતા ઇરાવતીનાં દર્શનનું વર્ણન ફરી વાર વાંચતો હતો અને કિજિપ્તની માતા નીલ નદીના ઊગમસ્થાને જવાની, ઊડવાની તૈયારી કરતો હતો! રાત્રે પ્રૂફો જોયાં, ટિપ્પણીઓ જોઈ અને બીજે દિવસે સવારે ઊઠીને નવી આવૃત્તિની નવી પ્રસ્તાવના લખી તેમાં આ અદ્‌ભુત યોગનો ઉલ્લેખ કર્યા વગર કેમ જ રહેવાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

સરોવર પરનો વ્યોમવિહાર

તા. ૨૬મી જૂને — સોમવારે અમે નૈરોબી છોડ્યું. નૈરોબીથી કંપાલા સુધીનો લાંબો પ્રવાસ અમે સવા બે કલાકમાં પૂરો કરી શકયાં. સવારે નવ વાગ્યે અમે ઊપડ્યાં. રસ્તામાં પ્રથમ કેનિયા હાઇલૅન્ડ્ઝની ખેતી જોઈ. આ સુંદર ઉપજાઉ પ્રદેશ છે. અહીં વસતા કિકુયુ લોકોની મોટામાં મોટી તકરાર એ જ છે કે અમારી આ અન્નપૂર્ણા યુરોપિયન લોકો પચાવી બેઠા છે. લાંબાં લાંબાં ખેતરો, રળિયામણી ટેકરીઓ, એમની વચ્ચે વહેતાં પાણીનાં ઝરણાંઓ, ગોરા જમીનદારોના બંગલાઓ, અને બિચારા આફ્રિકનોની ઝૂંપડીઓ — બધું જોતાં જોતાં અમે આગળ ચાલ્યાં – ના વધ્યાં. પહેલાં તો બધે વાદળાં જ હતાં. મેં આશા રાખી હતી કે દૂર એલગનનો પહાડ દેખાશે. પણ વાદળાંમાં કશું દેખાયું નહીં. માઉન્ટ કેનિયાનું ધોળું શિખર બહુ દૂર અને પાછળની બાજુ હોવાથી એ દેખાવાની આશા જ ન હતી. હવે અમારી નજર આગળ છતું થયું વિક્ટોરિયા સરોવર. આ સરોવર આખા આફ્રિકા ખંડના વૈભવરૂપ છે. મીઠા પાણીનું આવડું મોટું સરોવર દુનિયામાં બીજું ભાગ્યે જ હશે. ૨૭,૦૦૦ ચોરસ માઈલનો મીઠા પાણીનો વિસ્તાર એ કઈ નાનીસૂની વસ્તુ છે! અગસ્તિનું સ્મરણ કરી બે આંખે એ આખો વિસ્તાર પી જવાનાં અમે ફાંફાં માર્યાં. જમણી બાજુ દૂર કિસુમુ શહેર, વાછરડું ગાયને વળગે તેમ, વિક્ટોરિયા સરોવરને વળગેલું દેખાયું. સરોવરનો કાંઠો ઘણો વાંકોચૂકો. અંદર નાનામોટા અનેક બેટો અને પાણીના પૃષ્ઠભાગ ઉપર ક્રીડાના શેરડા! આખું સરોવર એટલું પ્રસન્ન-પાવન દેખાતું હતું કે મારામાં શક્તિ હોત તો ત્યાં ને ત્યાં જ મેં એક સ્તોત્ર તૈયાર કર્યું હોત. કેટલાંક જહાજો પોતાના સઢ ફેલાવી સરોવર ઉપર તરતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે કેટલાંક બાળક-વાદળાંઓને સરોવર ઉપરની હવામાં તરવાનું સૂઝયું હતું. એવાં દોડે અને ગેલ કરે! વાદળાંઓએ સરોવરની શોભા કેટલી વધારી હતી એનો જો એમને ખ્યાલ હોત તો તેઓ આટલાં જલદી વિખેરાઈ ન જાત. ખરું જોતાં એ એમનો વાંક ન હતો. અમારું વિમાન વાયુવેગે દોડતું હતું એટલે એ બધાં વાદળાં પાછળ રહી ગયાં.

અમે ગમે તેટલા વેગથી દોડીએ — અમારી સાથે બરાબર એ જ ગતિએ દોટ મૂકતી હતી અમારા વિમાનની છાયા. જમીન, પાણી, બેટ, વાદળાં — બધા ઉપરથી દોડતાં એને મુશ્કેલી નહીં. બે બાજુ પાંખ ફેલાવી એ છાયા દોડતી હતી, કેમ કે એને પોતાની નિષ્ઠામાં ઊણપ આવવા દેવી ન હતી. વિમાન જો બહુ જ ઊંચે જાય તો છાયા પોતાની શામળતા છોડી ઉજ્જવળતા ધારણ કરે, પણ સૂર્યની દિશા સાચવી એ સાથે તો રહે જ. વિમાન બહુ જ ઊંચે જાય તો છાયાના પગ જમીનને અડે નહીં. આકાશમાં ને આકાશમાં જ એને પોતાનું મયૂખ ખેંચવું પડે. આગળ જતાં પાણી ઉપર સમાન્તર એવી ધોળી રેખાઓ દેખાવા લાગી. સમુદ્રમાં કોક વાર નાનાં નાનાં મોજાંઓ ફૂટી હસે છે તેના જેવું આ ન હતું. નખ વડે માણસ શિયાળામાં શરીર ખંજવાળે અને એના ઉપર ધોળી લીટીઓ આવે એના જેવી આ લીટીઓ દેખાતી હતી. વિમાનની ગતિ સાથે એ ત્રાંસી હોવાથી દૃષ્ટિના પંથમાં એમનું આવવું અને જવું વિશેષ આકર્ષક લાગતું હતું. આ લીટીઓ કઈ રીતે ઉત્પન્ન થતી હતી એનો ખ્યાલ હું કરી શક્યો નથી. જેને પૂછી શકું એવું જાણકાર પણ હજી કોઈ મળ્યું નથી.

અમારો વખત પૂરો થયો અને સામે એન્ટેબે દેખાવા લાગ્યું. એન્ટેબેનું એરોડ્રોમ સાવ સરોવરને કિનારે છે. હવાઈ જહાજ નીચે ઊતરે કે કિનારાને જ અડે. જરા ભૂલ થાય તો પાંખો પાણીમાં ભીંજવાની. માછલાં પકડનાર બગલાઓની ખૂબીથી અમારું વિમાન જમીન ઉપર ઊતર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિમાનમાંથી બહાર નીકળ્યાં કે તરત કંપાલાના મુખ્ય મુખ્ય હિંદી શહેરીઓએ અમારો કબજો લીધો. કંપાલા એન્ટેબેથી ૧૯ માઈલ દૂર છે. એન્ટેબે એ યુગાન્ડાના અમલદારોની અંગ્રેજી રાજધાની છે. અંગ્રેજ ગવર્નર ત્યાં જ રહે છે. જ્યારે કંપાલા યુગાન્ડાની વેપારી રાજધાની છે. આ પ્રદેશના આફ્રિકન લોકોના રાજા — જેને કબાકા કહે છે — કંપાલામાં જ રહે છે. અમે એન્ટેબે થોભ્યા વગર સીધાં કંપાલા જઈ પહોંચ્યાં.

આ હવાઈ મુસાફરી દરમ્યાન અમે ભૂમધ્ય રેખા ઓળંગી દક્ષિણ ગોળાર્ધમાંથી ઉત્તર ગોળાર્ધમાં કયારે સરકયાં એ બરાબર ધ્યાનમાં ન આવ્યું.

૨૩

નવ ટેકરીની નગરી

એન્ટેબેથી કંપાલા સુધીનો ૧૯ માઈલનો આખો પ્રદેશ ઘણો જ રળિયામણો છે. વિમાનમાંથી સરોવરની શોભા જોયા પછી મોટર રસ્તે દોડતાં એ જ સરોવર અનેક રીતે દેખાય ત્યારે આપણે કંઈક નવી જ શોભા જોઈએ છીએ એવો આનંદ થાય છે.

પૂર્વ આફ્રિકામાં અનેક શહેરો જોયાં. તેમાં ટેકરીને કારણે અનેરી શોભા કંપાલાની, સમુદ્રકિનારાની શોભા દારેસ્સલામની અને આંગળાંમાં આંગળાં ભેરવી હેત કરતાં હોય એવાં તળાવ અને ટેકરીની ગૂંથણીથી બનેલી શોભા કૉસ્ટરમનવિલની. આનું વર્ણન આગળ આવશે. આ ત્રણ નગરીઓની શોભા ભુલાય એમ નથી.

કંપાલા નગરી, પ્રાચીન રોમ શહેરની પેઠે, સાત ટેકરીઓ પર વસેલી હતી. પણ એ નવી નગરી ઝપાટાભેર વધતી જાય છે એટલે એમાં બે ટેકરીઓ ઉમેરાઈ અને આજે એ 'નવ ટેકરીની નવલ નગરી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની છે. અમે કંપાલા નજીક પહોંચ્યાં અને એક ટેકરી પરની મસ્જિદ દેખાઈ. ટેકરીને માથે વિરાજમાન મસ્જિદ એટલી રૂપાળી લાગી કે અમે નિશ્ચય કર્યો કે ટેકરી ઉપર જઈ નજીકથી એ મસ્જિદ જોયા વગર કંપાલા છોડવું નહીં. (અને બન્યું એવું કે યુગાન્ડાનો આખો કાર્યક્રમ પૂરો કરી, રુઆન્ડા-ઉરુન્ડીવાળો એક્વેટોરિયલ પ્રદેશ જોઈને આવ્યા પછી જ, નીકળતાં નીકળતાં અમે એ મસ્જિદ પાસે જઈ શકયાં.)

આ મસ્જિદનો થોડો ઇતિહાસ છે. મુસલમાનોને મસ્જિદ બાંધવા માટે સારી જગા મળતી ન હતી. એટલે અહીંના કબાકાના કોઈ સગાએ આ ટેકરી પરની પોતાની જગા એમને મફત આપી. આટલી સરસ જગા આમ ગયેલી જોઈ યુરોપિયન લોકોને માઠું લાગ્યું. એમણે મુસલમાનોને કહ્યું, "આટલી જગા લઈને શું કરશો? મસ્જિદ બાંધવા માટે તમારી કને નાણાં છે નહીં. માટે તમે અમુક જગા મસ્જિદ માટે રાખીને બાકીની અમને આપો. અમે તમને મસ્જિદ ઊભી કરવા માટે જોઈતાં નાણાં આપીશું." મુસલમાનોએ જવાબ વાળ્યો, "જમીન નહીં આપી શકાય. ધીમે ધીમે નાણાં ભેગાં કરીને અમે મસ્જિદ ઊભી કરીશું." મસ્જિદ લગભગ પૂરી થઈ છે, હવે થોડુંક જ કામ બાકી રહ્યું છે.

જેમ એક ટેકરી પર આ મસ્જિદ છે, તેમ બીજી બે ટેકરીઓ પર બે ઈસાઈ દેવળો છે. એક છે રોમન કૅથલિક મંદિર અને બીજું છે પ્રોટેસ્ટન્ટ પ્રાર્થનાગૃહ. અમે એ બન્ને ગિરજાઘરો જોઈ આવ્યાં. મકાનો ભવ્ય છે અને ત્યાંથી આસપાસની શોભા પણ સરસ દેખાય છે.*

અમે કંપાલા પહોંચ્યાં ત્યારે સ્થાનિક સેવાદળે અમારું પહેલવહેલું સ્વાગત કર્યું. આખું ગામ ભેગું થયું હતું એમ કહી શકાય. અહીં પણ અંધારું થયે મશાલનો કાર્યક્રમ રાખ્યો હતો. કવાયત-કસરતના કાર્યક્રમો

* ખ્રિસ્તી દેવળોમાં રંગીન કાચ વાપરીને બારીઓમાં જે ચિત્રો બનાવેલાં હોય છે તે હમેશાં ઉચ્ચ કળાના નમૂનાઓ હોય છે. અંગ્રેજીમાં એને 'સ્ટેઈન્ડ ગ્લાસ' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારા હતા. હિંદી સ્ત્રીપુરુષોની આટલી મોટી સંખ્યા જોઈ મેં મારું મુખ્ય ભાષણ ત્યાં જ કર્યું. ત્યાર પછી અનેક ઠેકાણે બપોરનું ભોજન, સાંજનું ખાણું અને અવારનવારની ચાપાર્ટીઓ છ દિવસ સુધી ચાલી. પહેલી જ રાત્રે નકાસીરો ક્લબમાં ખાણું ગોઠવ્યું હતું. અહીં મારું પહેલવહેલું ધ્યાન ગયું કે આવાં ખાણાં વખતે શરાબનો છૂટથી વહેવાર થાય છે. મારી આગળ મોટું ધર્મસંકટ ઊભું થયું. અમારા માનમાં ખાણું રાખવામાં આવે અને તે વખતે લોકો બાર (દુકાન)માંથી શરાબ લઈને પીતા જાય એ મારાથી સહન કેમ કરાય? હિંદુસ્તાન સરકારે રાષ્ટ્રીય નીતિ તરીકે જાહેર પ્રસંગે મદ્યપાનનો નિષેધ કર્યો છે. કોઈના અમુક લોકો કે પ્રસંગોનો જ અપવાદ રાખ્યો છે. અને હું તો આશ્રમવાસી. મારો અહીં ધર્મ શો?

આવો જ એક ધર્મસંકટનો પ્રસંગ પૂ. ગાંધીજી ઉપર પણ આવ્યો હતો. એમના માનમાં રાજકોટના હાકોર સાહેબે એક ગાર્ડન પાર્ટી આપી હતી. જે ટેબલ પર ગાંધીજી બેઠા હતા એ જ ટેબલ ઉપર એક બાજુ હાકોર સાહેબ અને બીજી બાજુ બ્રિટિશ પોલિટિકલ એજન્ટ હતા. વાતો ચાલતી હતી એટલામાં ગાંધીજીએ હાકોર સાહેબ આગળની શરાબની બાટલી ઊંચકીને પોલિટિકલ એજન્ટ આગળ મૂકી દીધી.

ધર્માધર્મનો ખ્યાલ રાખનાર કોઈ સામાજિક પહેરેગીરે ગાંધીજીને એ વિષે કાગળ લખીને ખુલાસો માગ્યો કે, "તમારા જેવા મદ્યપાન નિષેધક આવે ઠેકાણે ભોજન લઈ જ શી રીતે શકે? તમે ભોજન લીધું એટલું જ નહીં પણ શરાબની બાટલી પણ પીનાર આગળ કરી!" ગાંધીજીએ જવાબમાં એટલું જ લખ્યું કે, "આવે પ્રસંગે કઈ રીતે વર્તવું એનો સૂક્ષ્મ વિવેક હું જાણું છું. તમને હું એટલું જ કહી શકું કે તમારા જેવા મારું અનુકરણ ન કરે."

માંસાહાર પરત્વે પણ આવા જ સવાલ ઉઠાવવામાં આવે છે. આપણે માંસાહારને વ્યસન નથી ગણતા પણ પાપ ગણીએ છીએ. ધૂમ્રપાનને વ્યસન ગણીએ છીએ, પાપ નથી ગણતા. કેટલાક બાવાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ ચલમ ફૂંકતા હોય છે. એ વ્યસન છે એની તેઓ પણ ના નથી પાડી શકતા અને છતાં એમનું સાધુત્વ તેટલા પ્રમાણમાં ઓછું છે એમ સમાજ નથી માનતો. સ્વામી વિવેકાનંદ જેવા આધુનિક સંન્યાસીઓ પણ હુક્કો છોડવાની આવશ્યકતા માનતા ન હતા. એમના પ્રત્યેનો મારો આદર, આ કારણે તલમાત્ર ઓછો ન થયો. છતાં હું તો માનું છું કે ધૂમ્રપાન એ સાધુજીવનમાં એમ જ ગણવું જોઈએ.

જે લોકોનો આહાર જ માંસ છે એ લોકોને પ્રાણીહત્યાનું કાંઈ જ લાગતું નથી. દુનિયાની આજની નીતિની કલ્પના જોતાં તેઓ પાપ કરે છે એમ ન જ કહેવાય. છતાં પ્રાણીહત્યા એ ક્રૂરતા અને પાપ છે જ. જેઓ એ વાત નથી સમજતા અથવા નથી માનતા અથવા ટેવને કારણે માંસાહાર ચલાવવા માગે છે, તેમનો વાંક ન કઢાય.

ત્યારે શું આપણે સમાજના, માંસાહાર કરનાર અને ન કરનાર એવા બે ભાગ પાડવા? અને બે વચ્ચેનો વહેવાર તોડી જ નાખવો? વર્જેલાઓની જાતિ ઊંચી અને ન વર્જેલાઓની નીચી એમ નક્કી કરી વર્જેલાઓનું અભિમાન પોષવું? અને ન વર્જેલાઓ ઉપર ઊતરતાપણાનો ખ્યાલ ઠોકી બેસાડવો?

આપણે હિંદુ લોકોએ એ બધું કરી જોયું છે. એમ કરીને આપણે સમાજની ઉન્નતિ નથી સાધી. વર્જેલા અને ન વર્જેલા વચ્ચેનો વહેવાર તોડવાથી વર્જેલાઓનો નિશ્ચય વધારે મજબૂત થવાનો સંભવ છે એટલું આપણે માની લઈએ, પણ ન વર્જેલાઓની નોખી જ્ઞાત પાડવાથી તેમનામાં સુધારો થવાનો સંભવ પણ આપણે અટકાવીએ છીએ એ ભૂલવું ન જોઈએ.

ગાંધીજીને ખ્રિસ્તી ધર્મ તરફ ખેંચવા મથનાર એક પાદરીએ એમને દર રવિવારે પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપી રાખ્યું હતું. ગાંધીજીએ એનો સ્વીકાર કર્યો. જમવાના ટેબલ ઉપર મિશનરીનાં કુટુંબીઓ માંસાહારની વસ્તુઓ આણીને ખાતાં, ગાંધીજીનો આહાર ચુસ્ત 'વર્જેલો' રહેતો. ('માંસાહારી લોકોના ટેબલ ઉપર તમે કેમ જમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો?' એમ એમને પૂછનાર ત્યાં કોઈ ન હતું.) આહારનાં પુણ્યપાપ વિષે વાત ન છેડવા જેટલો વિવેક ગાંધીજી પાસે હતો. પણ મિશનરીનાં બાળકો પૂછવા લાગ્યાં કે, "અમુક વાનીઓ મિ. ગાંધી કેમ નથી ખાતા?" માતપિતાને કહેવું પડ્યું કે, "એમના ધર્મમાં એ પાપ ગણાય છે."

"શા માટે પાપ ગણતા હશે?"

"તેઓ માને છે કે પશુપક્ષીઓને આત્મા છે, સુખદુઃખની લાગણી છે. પ્રાણીઓને મારવામાં ક્રૂરતા છે—પાપ છે."

"વાત તો સાચી લાગે છે. તો આપણે કેમ એ વસ્તુને પાપ નથી ગણતાં?"

"આપણે માનીએ છીએ કે પશુપક્ષી આદિ મનુષ્યેતર પ્રાણીઓને આત્મા નથી હોતો."

"તે કોણ જાણે, પણ એમને મારવામાં ક્રૂરતા તો છે જ. મારતી વખતે તેઓ નાસભાગ કરે છે, જોરથી રૂએ છે એટલું તો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. આવતી કાલથી અમે એ વસ્તુઓ નથી ખાવાનાં."

"નહીં ખાઓ તો નબળાં પડશો."

"ત્યારે મિ. ગાંધી કેમ નથી નબળા પડતા?"

અંતે પાદરીઓએ ગાંધીજીની માફી માગી અને રવિવારનું જમવાનું આમંત્રણ પાછું ખેંચી લીધું.

આ આખો પ્રસંગ શો બોધ આપે છે? એક જમાનો હતો જ્યારે જૈન લોકો માંસાહારી લોકો વચ્ચે જઈને ધર્મપ્રચાર કરતા હતા. કેટલાક જૈનો માંસાહાર કરતા હતા એવો ઉલ્લેખ જૈન શાસ્ત્રોમાં મળે છે. ટેવને કારણે માંસાહાર કરનાર લોકોને જૈન ધર્મમાં પ્રથમ લઈ લીધા હશે. અને તેઓ ધીમે ધીમે માંસાહારનું વર્જન કરશે એમ આશા રાખી હશે અને તે સફળ પણ થઈ હશે.

ત્યાર પછી પ્રાણીઓને બચાવવાની વૃત્તિ શિથિલ થઈ. ફક્ત પોતાનો ધર્મ બચાવવાની વૃત્તિ બાકી રહી હશે. એટલે જૈન લોકોએ માંસાહારી લોકો સાથે ભળવાનું છોડી દીધું હશે. પરિણામે નવા લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૈન ધર્મમાં આવતા અટકચા. માંસાહાર ન કરનાર ચુસ્ત જૈનોમાંથી કોઈ માંસાહાર તરફ નથી જ લપસ્યું એમ કહી શકાત તો કેવું સારું થાત!

પણ માંસાહારની વાત નોખી છે. શરાબ એ માણસને અનીતિ તરફ દોરનાર હડહડતું વ્યસન છે. શરાબમાં પ્રાણીહિંસા નથી પણ પ્રાણીહિંસાથી પણ ખરાબ એવો બુદ્ધિનાશ છે. એની સાથે માંડવાળ કેમ ચાલે?

આ દલીલમાં ઘણું વજૂદ છે. આપણા સમાજમાં શરાબનું વ્યસન ઘણું ફેલાયું નથી. ત્યાં સમાજના નિયમો કડકપણે પાળવા જોઈએ એ વિષે શંકા નથી. પણ જ્યાં આપણા લોકો પરદેશમાં જઈને વસ્યા છે અને ધીમે ધીમે સાવ શિથિલ થયા છે, તેમનામાં મદ્યપાન ફેલાયેલું જોઈ તેમનો બહિષ્કાર કરવા જઈએ તો પોતે જ બહિષ્કૃત થઈ જઈએ અને બીજું કશું કામ કરી ન શકીએ. શરાબ પીવાની જેમને આદત પડી છે અને જેમણે એને સામાજિક રિવાજ કર્યો છે તેમને હાનિ થાય છે એ વિષે શંકા નથી. એમને એ શરાબમાંથી બચાવવાના પ્રયત્ન થવા જોઈએ એ વિષે પણ શંકા નથી. પણ એ કામ એમનો બહિષ્કાર કરવાથી નહીં થાય; અને ખાસ કહેવાની વાત એ છે કે તેઓ બીજી રીતે ખરાબ માણસો હોય છે એવો અનુભવ પણ નથી. મદ્યપાન પ્રત્યે મારા મનમાં જે તિરસ્કાર છે તે મદ્ય પીનારા સુધી પહોંચતો નથી. એટલે એવા લોકો સાથે હું દૂરથી ભળતો આવ્યો છું. એવા કેટલાક લોકો પ્રત્યે મારા મનમાં આદર પણ છે. એમણે ખાણા માટે મારા જેવાને બોલાવ્યા પછી ત્યાં શરાબનો વહેવાર ટાળવાનો વિવેક બતાવ્યો હોત તો હું રાજી થાત. પણ એવો વિવેક હક તરીકે માગી ન લેવાય. અને દરેક સમાજમાં આપણાથી શરત પણ ન કરાય કે 'આવો વિવેક પાળો તો જ' હું તમારે ત્યાં આવીશ. મને અહીં નોંધતાં સંતોષ થાય છે કે એક સજ્જન પારસી ભાઈએ (જેઓ અવારનવાર મદ્ય લે છે પણ ખરા) અમારા માનમાં હોટેલમાં ખાણું આપ્યું ત્યારે શરાબ ન વાપરવાનું ગોઠવ્યું. તે દિવસે મને ઘણો આનંદ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્યપાન કરનાર લોકોના સહવાસથી પોતે લપસી જવાની બીક જેમને હોય તેમણે આવા પ્રસંગો ટાળવા જોઈએ એ વિષે શંકા નથી. પણ તે આત્મરક્ષા ખાતર, મદ્યપાન નિષેધના કાર્યક્રમ તરીકે નહીં.

કેટલાક લોકો શરાબ પીવાના 'આદી' હોય છે. છાનામાના પીએ છે અને પીએ છે એ કબૂલ નથી કરતા. પ્રતિષ્ઠા જશે એ એક બીક અને પોતાનો ચેપ બીજા લોકો સુધી પહોંચશે તે ન થાય એ સાત્ત્વિક આશા. એને દંભ કહેવાય કે નહીં ? મિથ્યાચાર કહેવાય.

ધર્માધર્મનો વિચાર બહુ સૂક્ષ્મ હોય છે. હું આફ્રિકા જવા ઊપડ્યો તે પહેલાં જ શ્રી નાનજી શેઠે મને ચેતવણી આપી હતી કે, 'પૂર્વ આફ્રિકામાં શરાબનો વહેવાર છૂટથી થતો તમને જોવાને મળશે. તમને એનો આઘાત થશે.' તે વખતે જ મેં વિચાર કરી રાખ્યો કે ત્યાં મારે શું કરવું ? સાંજના સાત વાગ્યા પછી ન જમવાનો મારો નિયમ પૂર્વ આફ્રિકામાં હું નહીં ચલાવું એ તો મેં પહેલેથી જ નક્કી કર્યું હતું. ખાંડ ન ખાવાનો નિયમ પણ મેં છોડી દીધો હતો. ખાંડ પ્રત્યેનો પક્ષપાત મારામાં હતો જ નહીં; એટલે સ્વાદ-જયની દૃષ્ટિએ એ નિયમની આવશ્યકતા ન હતી. અજાણ્યા સમાજને અને ત્યાં સુધી નડતરરૂપ ન થાઉં અને તેમ કરતાં મારા જીવન સિદ્ધાન્તોમાં શિથિલ ન થાઉં એમ મન સાથે ગોઠવીને જ ઊપડ્યો હતો. દરેક ખાણા વખતે માંસ કે ઈંડાં શેમાં શેમાં નથી એ બધું ચીવટપૂર્વક તપાસી, જ્યાં શંકા હોય ત્યાં પણ કડક રીતે વર્તી, મારો આહાર હું લેતો. એમાં સુધારો એટલો થયો કે ચીઝ જેવો પદાર્થ જે નિર્દોષ સમજીને હું હિંદુસ્તાનમાં લેતો, તે પૂર્વ આફ્રિકામાં મેં છોડી દીધો. કેમ કે મેં જોયું કે ચીઝ બનાવવામાં રેનેટ કરીને એક પદાર્થ વાપરવો પડે છે, તે મારેલા વાછરડાઓના આંતરડામાંથી કાઢેલો હોય છે.

પૂર્વ આફ્રિકાની મુસાફરી દરમિયાન મદ્યમાંસની બાબતમાં જે વિચારો મારા મનમાં ઘોળાયા તેનું બયાન અહીં રજૂ કર્યું છે. આમાં બીજાઓએ કઈ રીતે વર્તવું એનું સૂચન કરવાનો ઇરાદો નથી. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેચન નથી, ફક્ત મનન છે. જેમને આમાં નખળાઈ કે શિથિલતા લાગતી હોય તેમણે આ વસ્તુનું અનુકરણ નહીં કરવું એટલું જ કહી શકાય.

પૂર્વ આફ્રિકામાં દરેક ઠેકાણે ધર્મની સંસ્થાઓ હોય છે. હિંદુઓનાં આર્યસમાજ કે બીજાં મંદિરો, શીખોના ગુરુદ્વારા, મુસલમાનોની મસ્જિદો, ખ્રિસ્તીઓનાં રોમન કૅથલિક મંદિરો અથવા પ્રોટેસ્ટન્ટ પ્રાર્થનાગૃહો. દરેક ધર્મ તરફથી શાળાઓ ખોલવામાં આવે છે. તેમાં તે તે પંથના સિદ્ધાન્તો પ્રમાણે ધર્મની કેળવણી આપવામાં આવે છે. એ ધાર્મિક કેળવણી કે ઉપદેશની અસર કેના ઉપર કેટલી થાય છે એનું માપ કાઢી શકાય ખરું? કહેવાય છે કે પૈસાદાર વર્ગને ધર્મની જરૂર હોતી નથી. એમના શ્રીમંતી સંસ્કારો, આખા દિવસના કાર્યક્રમો અને મહત્ત્વાકાંક્ષાએ સૂચવેલી હરીફાઈઓ એમને માટે બસ હોય છે. એમનામાં સહેજસાજ ધાર્મિકતા હોય તો તેનો ઉપયોગ ભિન્ન ભિન્ન ધર્મની સંસ્થાઓને નાણાંની મદદ કરવામાં વપરાઈ જાય છે.

છેક ગરીબ લોકોને વળી ધર્મ શો? તેઓ કેમ જીવે છે અને કેમ વર્તે છે એના તરફ કોઈની નજર હોતી જ નથી. વારસામાં તેમને જે વહેમો મળ્યા હોય તે તેમનો ધર્મ. નિત્યની સોબતને કારણે મુસીબતોથી તેઓ એટલા બધા ટેવાયેલા હોય છે કે તેમને દૈવનું કે નસીબનું ધર્મશાસ્ત્ર માનીને જ ચાલવું પડે છે. આવા લોકો સંકટપ્રસંગે એકબીજા પ્રત્યે જે સહાનુભૂતિ બતાવે છે, તે જ એમનો ધર્માનુભવ. તેની પણ પૂરતી કદર કરવા જેટલી માનસિક નવરાશ એમની પાસે હોતી નથી.

જો સાચો ધર્મ કંઈક બચ્યો હોય તો મધ્યમ વર્ગના લોકોમાં એનું અસ્તિત્વ જણાય છે. ત્યાં પણ દરેક ધર્મના ખાસ વિધિ-વિધાન અને વિશિષ્ટ માન્યતાઓનો જ પ્રભાવ વધારે હોય છે. છતાં એની પાછળ શુભ લાગણી અને ઊંડા વિચારો જરૂર હોય છે. ધર્મ એટલે ચૈતન્યની અનુભૂતિ એ અર્થ જો સાચો હોય તો એનો સાક્ષાત્કાર આ ત્રણેમાંથી ગમે તે વર્ગની વ્યક્તિઓને કોક વખતે અંધારામાં વીજળીના ઝબકારાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે, થઈ શકે છે. એને માટે કોઈ મંદિર, રિવાજો કે શાસ્ત્રની જરૂર હોય જ છે એમ નથી. અને છતાં ધર્મનાં આ ત્રણે વાહનો માણસ જાતને માટે જરૂરી ગણાયાં છે. એની મારફતે ધાર્મિક સંસ્કૃતિનું રક્ષણ થાય છે અને માણસજાતને તેના કર્તવ્યનું તેમ જ જીવનક્રમનું સ્મરણ રહે છે.

જ્યારે જ્યારે સમાજમાં અનાચાર ફેલાય છે ત્યારે ત્યારે લોકો આ ત્રણ વાહનો પાસેથી કોઈ સારા ઇલાજની અપેક્ષા નથી રાખતા પણ કોઈ જીવતા-જાગતા સત્પુરુષના સત્સંગની આશા રાખે છે. પણ તેથી જો સત્પુરુષોના સત્સંગની સંસ્થા બનાવી સાધુઓના અખાડા ચલાવીએ તો ત્યાં પણ જડતા ઘર ઘાલે જ છે. ધર્મ કોઈ કાળે મકાન, ગ્રંથ, વિધિ-વિધાન કે સંસ્થામાં સચવાઈ શક્યો જ નથી અને છતાં આ બધી વસ્તુઓ ધર્મની રક્ષાને અર્થે ઊભી કરવી જ પડે છે. આ બધી સંસ્થાઓ મળીને એક દારૂની બદીને પણ દૂર કરી શકી નથી!

કંપાલામાં આફ્રિકનોની કેટલીક મહત્ત્વની સંસ્થાઓ જોઈ લીધી. જે સંસ્થાઓએ આફ્રિકન લોકોને સારાસરખા નેતાઓ પૂરા પાડ્યા છે એવી બે સંસ્થાઓ અહીં છે. એક છે કિંગ્ઝ કૉલેજ ખુડો, અને બીજી છે મેકેરેરે કૉલેજ. બન્ને સંસ્થાના શિક્ષકો કેળવણીને વરેલા અને પોત-પોતાના વિષયોના નિષ્ણાત જણાયા. અધ્યાપકોમાં હોય છે અથવા હોવી જોઈએ એવી પ્રસિદ્ધિપરાઙ્મુખતા પણ દેખાઈ. ખુડો કિંગ્ઝ કૉલેજમાં પ્રિન્સિપાલ મિ. કૉબ્બને મળ્યાં.

કેળવણીની અસર પ્રત્યક્ષ જોઈ શકાય છે સંગીત અને ચિત્રકળામાં. એટલે અમે એ વસ્તુઓ જ ખાસ જોવાની માગણી કરી. આફ્રિકન બાળકોમાં સ્વયંભૂ રીતે ચિત્રકળા ખીલે એનો પ્રયત્ન કરતી એક યુરોપિયન શિક્ષિકા પાસેથી અમે ઘણું જાણ્યું. વિદ્યાર્થીઓનાં ચિત્રો પણ ઢગલાબંધ જોયાં. બધાં જ ચિત્રો પ્રાકૃતિક દૃશ્યો (લૅન્ડસ્કેપ્સ)નાં હતાં. ચિત્રોમાં વિદ્યાર્થીઓની કચાશ તો હોય જ. પણ પ્રકૃતિ માતાનાં વિવિધ દર્શનોનું જીવતાપણું એમાં અદ્‌ભુત રીતે પ્રગટ થયું હતું. દરેક ચિત્રમાં કુદરતના ભિન્ન ભિન્ન સ્વભાવની હૃદય ઉપર પડતી અસરનું ઊંડાણ હતું. ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાનમાં મારાથી કહ્યા વગર ન રહેવાયું કે આ આફ્રિકન યુવકોને કુદરત સાથે જે ગાઢ પરિચય છે તે વ્યક્ત કરવાનું સાધન જાણે આજ સુધી એમની પાસે ન હતું. તે મળતાંવેંત અનુભૂતિનું ઊંડાણ આ ચિત્રોમાં ફૂટી નીકળે છે. અને એ બતાવે છે કે આ બાળકોને કેળવણી ભલે ન મળી હોય, સંસ્કૃતિને નામે બતાવવા જેવું ભલે એમની પાસે કશું ન હોય, પણ સંસ્કૃતિનું સાચું ઊંડાણ એમની પાસે છુપાયેલું હતું એ વિષે શંકા નથી. આપણા ગોરા કે હિંદી છોકરાઓ પણ અહીંની કુદરતનું દર્શન દિવસરાત કરે છે. પણ તેમણે અહીંની કુદરતનું વ્યક્તિત્વ આટલી શક્તિથી પકડયું હોય એમ લાગતું નથી. આજની આપણી સંસ્કૃતિ જ છીછરી થઈ ગઈ છે.

"ચિત્રો બધાં પ્રાકૃતિક દૃશ્યનાં જ કેમ છે, પશુપક્ષીઓનાં કે માણસોનાં ચિત્રો કેમ લગભગ નથી?" એમ મેં પૂછ્યું. મને કહેવામાં આવ્યું કે આ લોકો વહેમી હોય છે. માણસનાં ચિત્રો દોરતાં એમને ડર લાગે છે. મને શંકા ગઈ કે વખતે એની પાછળ ઇસ્લામી મર્યાદાનો પ્રભાવ હશે. અન્યત્ર તપાસ કરતાં એ બન્ને કલ્પનાઓ સાચી ન લાગી. તો શું આ વિદ્યાર્થીઓની પેલી બાહોશ શિક્ષિકાનો જ કુદરત પ્રત્યે પક્ષપાત વિશેષ હશે? વિદ્યાર્થીઓ એક ક્ષેત્રમાં ખીલવા લાગ્યા અને એમને કોઈએ હજી બીજે વાળ્યા નહીં હોય.

ગમાઝા નામના એક ગામડામાં અમે ગયાં હતાં. ત્યાંની સુંદર મિશનરી સ્કૂલમાં અમે માણસોનાં ચિત્રો ધરાઈને જોયાં. તે બધાં આફ્રિકન વિદ્યાર્થીઓને હાથે દોરાયેલાં હતાં. ખ્રિસ્તી પૌરાણિક વાર્તાઓની મર્યાદા ત્યાં હતી પણ દરેક ચિત્ર પાછળ મૌલિકતા અને જીવતાપણું તો હતું જ.

સંગીત અને નૃત્યની બાબતમાં આફ્રિકન લોકોના અસલી નમૂનાઓ મને આસામના મિકિરી લોકોના પ્રાથમિક કોટીના નૃત્ય-સંગીત જેવા લાગ્યા. કેટલાક હાવભાવ શૃંગારિક કહેવા કરતાં લૈંગિક હતા એમ જ કહેવું જોઈએ. એમના સંગીતમાં તાલ તો હોય છે પણ રાગની ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબી દેખાઈ નહીં. મારે તો અરબી કે યુરોપિયન સંગીતની અસર વગરનું શુદ્ધ આફ્રિકન સંગીત સાંભળવું હતું. જે શુદ્ધ ગણાતું હતું તે બહુ આકર્ષક ન લાગ્યું.

આફ્રિકન લોકોએ અમેરિકા જઈને જે 'નીગ્રો સ્પિરિચ્યુઅલ્સ' ખીલવ્યાં છે એનાં વખાણ આખી દુનિયા કરે છે. એવાં ગીતો પણ અમને સાંભળવાને મળ્યાં. ખ્રિસ્તી સ્તોત્રો પણ. એ ઉપરથી અમે જોઈ શકયાં કે આફ્રિકન છોકરા-છોકરીઓના કંઠમાં વિશેષ માધુર્ય હોય છે. એટલું જ નહીં પણ તેમાંનાં કેટલાંક એ સંગીતના ભાવમાં તલ્લીન પણ થાય છે.

બીજે એક બે ઠેકાણે, ખાસ કરીને ગયાઝામાં અને નૈરોબી પાસેની એલાયન્સ સ્કૂલમાં અમે એવું નીગ્રો સંગીત સાંભળ્યું કે જેના અવયવો બધા શુદ્ધ આફ્રિકન હતા પણ જેની ગોઠવણી અંગ્રેજી ઢબની હતી. એ સંગીતની અસર ખરેખર ભવ્ય અને ઊંડી હતી. આફ્રિકન સંગીતનો કાચો મસાલો લઈને એમાં સહેજસાજ પાસાં પાડીને એનાં ઘરેણાં બનાવ્યાં હોય તો દુનિયાના કોઈ પણ સંગીતમાં આ નવો શણગાર દીપી ઊઠે એવો છે.

મેકેરેરે કૉલેજમાં અને બીજે પણ ભાષાનો સવાલ મેં વિશેષ ઊંડાણમાં ઊતરીને છેડ્યો. હું જોઈ શકયો કે અંગ્રેજ શિક્ષકો અને અંગ્રેજ રાજ્યકર્તાઓ ખરેખર માને છે કે કોક દિવસે આફ્રિકા ખંડની સર્વસામાન્ય ભાષા અંગ્રેજી જ થવાની છે. હિંદુસ્તાનનો અનુભવ એમની આ શ્રદ્ધાને મોળી પાડતો નથી. તેઓ કહે છે કે, "હિંદુસ્તાનમાં એક ભારે સંસ્કૃતિ હતી. અમારાથી એ ભલે તદ્દન જુદી હોય; પણ સંસ્કૃતિ તો ખરી જ. અહીંના લોકો પાસે જે ભાષાઓ છે તેમને માટે નથી કોઈ લિપિ, નથી કોઈ સાહિત્ય. આધુનિક વિચારો કે વિજ્ઞાન ઝપાટાભેર અપનાવવાં હોય તો અંગ્રેજી ભાષા સ્વીકાર્યે જ છૂટકો." મેં કહ્યું, "તેઓ અંગ્રેજી શીખે એની ના નથી. સવાલ છે, કઈ ભાષામાં પોતાનું જીવન વ્યક્ત કરે?" તેઓ માને છે કે આફ્રિકામાં સર્વમાન્ય થઈ શકે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ભાષા છે જ નહીં. સ્વાહિલી સામે કેટલીક જાતિઓમાં સખત વિરોધ છે. (બીજા કેટલાક કહે છે કે આ વિરોધ સાચો નથી. અંગ્રેજોએ જ પોષેલો છે.) સ્વાહિલી ભાષા બોલવવાનો પ્રયત્ન અંગ્રેજોએ પોતાના હાથમાં લીધો છે. તે કામ એટલું ધીમું ચાલે છે કે એ રીતે કશી ગરજ સરે નહીં. અંગ્રેજોનું કહેવું છે કે આ ખંડમાં અંગ્રેજી સંસ્કૃતિ આણ્યે જ છૂટકો. આ લોકોને અંગ્રેજી શીખવવાનો પ્રયત્ન કર્યો તેમાં અમે ફાવ્યા છીએ એટલે એ જ નીતિ આગળ ચલાવીશું.

આખા ખંડમાં અંગ્રેજોનું રાજ્ય નથી. બેલ્જિયન કોંગોમાં સર્વત્ર ફ્રેન્ચ ચલાવવાનો આગ્રહ દેખાય છે. મોઝામ્બિક અને અંગોલામાં પોર્ટુગીઝ ભાષા ચલાવવાનો પ્રયત્ન ચાલે છે. પણ એ બધી ચર્ચા આ લોકો જોડે મેં છેડી નહીં. ગોરા લોકોએ નક્કી કરેલું લાગે છે કે હિંદુસ્તાનમાં જેમ આર્યો આવ્યા અને એમણે અહીં પોતાની સંસ્કૃતિ ચલાવી, અને અહીંના દસ્યુ લોકોને શૂદ્ર કોમ તરીકે રાખી એની સેવા લીધી અને પોતે શ્રેષ્ઠ બન્યા, તેમ જ આફ્રિકાખંડ યુરોપ માટે શૂદ્રભૂમિ તરીકે પસંદ કરવી અને અહીં આફ્રિકન લોકોને ધીરે ધીરે યુરોપીય સંસ્કૃતિ અને યુરોપીય ભાષાની અસર તળે આણી, દ્વિવર્ણી સમાજની અહીં સ્થાપના કરવી. આ વસ્તુ કેટલાક ગોરાઓ સ્પષ્ટ બોલે છે, કેટલાક મનમાં જ રાખે છે.

એક અંગ્રેજે સ્પષ્ટ લખ્યું છે કે અમેરિકામાં અમે સામ્રાજ્ય સ્થાપવા ગયા. થોડા દિવસ અમારું ચાલ્યું. પણ ત્યાં સ્વકીય લોકો હોવાથી તે સામ્રાજ્ય અમારે જતું કરવું પડ્યું. અમે બીજું સામ્રાજ્ય સ્થાપ્યું હિંદુસ્તાનમાં. તે ઘણું ચાલ્યું પણ હિંદુસ્તાનની પ્રજા સંસ્કારી હતી. સંખ્યા પણ જબરદસ્ત, એટલે એ સામ્રાજ્ય પણ હાથમાંથી નીકળી ગયું. હવે બ્રિટિશ પ્રજાના વિકાસ માટે ફક્ત આફ્રિકાની ભૂમિ રહી છે. અહીં અત્યાર સુધીની ઢીલ છોડી દઈ મજબૂતીથી સામ્રાજ્ય સ્થાપન કરીશું તો સો દોઢસો વરસ તો જરૂર ચાલશે. પછી જોઈ લેવાશે.

આપણે ગોરાઓને કહીએ છીએ કે આફ્રિકામાં બ્રિટિશ સંસ્કૃતિ ચલાવવાની વાત તમે છોડી દેજો. એ વાત ચાલવાની નથી. આફ્રિકન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો પાસે એમની પોતાની સંસ્કૃતિ છે. એની અવગણના કરવા કરતાં આદરપૂર્વક એને ખીલવીશું. આ ભૂમિ ઉપર આફ્રિકન, હિંદી (અથવા એશિયાઈ કહું) અને યુરોપિયન — ત્રણે સંસ્કૃતિનો સુંદર સમન્વય થવાનો છે. તમે જો ઉચ્ચતાનું અભિમાન છોડી દો અને અમે જો અહીંથી નાસી જવાનો વિચાર છોડી દઈએ તો આપણે ત્રણે મળીને અહીં એક ભવ્ય વિશ્વસંસ્કૃતિની સ્થાપના કરી શકીશું.

અનેક વિચારવાન અંગ્રેજો સ્વીકારે છે કે હિંદુસ્તાનના લોકોની મદદ વગર અંગ્રેજોનું રાજ્ય આફ્રિકામાં ટકી ન શકે. અમે એમને કહીએ છીએ કે કેવળ અંગ્રેજોનું જ રાજ્ય ચલાવવાનાં સ્વપ્નાં છોડી દેજો. ત્રણ ખંડના લોકો અહીં એકત્ર આવી જીવનસહકાર ચલાવીશું. તમારી પાસે વિજ્ઞાનનું બળ છે, સંગઠનશક્તિ છે. તમારી એ શ્રેષ્ઠતા આજે સહુ કોઈ સ્વીકારે પણ અંતે માનવ માનવ વચ્ચે અસમાનતા ન રહેવી જોઈએ એટલું સ્વીકારશો અને બીજા લોકો ઉપર વિશ્વાસ રાખતા થશો તો અહીં વિશ્વરાજ્ય સ્થાપન કરી શકીશું. અહીંના લોકો સાથે વધુ ને વધુ ભળીશું, એમને કેળવીશું, આપણા જીવનમાં પણ જરૂરી ફેરફાર કરીશું, તો આ ભૂમિમાંથી તમામ દુનિયાને બોધ મળે એવી અદ્ભુતા આપણે ઉપજાવી બતાવીશું.

ભાષાનો પ્રશ્ન હજી અનિર્ણિત જ છે. મને પોતાને લાગે છે કે કરોડો સંખ્યાની પ્રજાને અંગ્રેજી જેવી તદ્દન પારકી ભાષા આપવી એ અશક્ય નથી પણ કઠણ કામ છે. આફ્રિકાની જ બે ચાર ભાષાઓ પસંદ કરીને ખીલવવી જોઈએ. અને એમાંથી જ કોઈ એક ભાષાને અત્યારથી બીજી ભાષા તરીકે બધે ચલાવવી જોઈએ. સ્વભાષા મારફતે પ્રગતિ ઝપાટાભેર થાય છે અને સ્વાભાવિક ક્રમે થાય છે. અંગ્રેજી મારફતે એ બધું કરવા જતાં એ પ્રજાને ઘણાં વરસ સુધી રાહ જોવી પડશે. અંગ્રેજીનો કે ફ્રેન્ચનો ભાષા તરીકે પ્રચાર ભલે થાઓ.

પૂર્વ આફ્રિકામાં રહેનારા આપણા લોકો જેમ સ્વાહિલી કે લુગાન્ડા ભાષા શીખે છે તેમ કેટલાક આફ્રિકન લોકોએ ગુજરાતી અને હિંદુસ્તાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવી જોઈએ એવી સૂચના આફ્રિકન નેતાઓ આગળ મેં મૂકી જોઈ. એમણે એ વસ્તુનો સહર્ષ સ્વીકાર કર્યો છે કારણ કે એમને એમાં પ્રત્યક્ષ લાભ દેખાય છે. દુઃખની વાત એટલી જ છે કે આપણા લોકોને આ વસ્તુનું મહત્ત્વ સમજાતું નથી. ગુજરાતી સ્કૂલમાં કોઈ આફ્રિકન છોકરો ભણવા આવે તો તમે એને લેવાની ના નહીં પાડતા, એમ મેં આપણા લોકોને કહ્યું. આટલી નાની વસ્તુનો પણ સ્વીકાર કરાવતાં મને મુશ્કેલી પડી. મારે અહીં સંતોષપૂર્વક કહેવું જોઈએ કે અંતે આપણા લોકો આને માટે તૈયાર થયા ખરા.

કંપાલામાં યુગાન્ડા કેળવણીખાતાના એક અમલદાર મને ખાસ મળવા આવ્યા હતા. એમને ગાંધી કૉલેજની કલ્પના પસંદ ન હતી. એમણે મને સીધો સવાલ પૂછ્યો કે, "મેકેરેરે કૉલેજ હોવા છતાં બીજી કૉલેજ શા માટે ખોલવા માગો છો?"

મેં કહ્યું, "એ કૉલેજ ફક્ત આફ્રિકનો માટે છે એમ માનું છું."

"એવું તમે શા માટે માનો છો? એમાં તમામ કોમના વિદ્યાર્થીઓ આવી શકે છે."

"સારી વાત છે. ત્યારે મેકેરેરેમાં અંગ્રેજ વિદ્યાર્થીઓ કેટલા છે?"

"હમણાં નથી. કેમ કે એમને ત્યાં કશું આકર્ષણ નથી. એ કૉલેજ વધશે ત્યારે યુરોપિયન વિદ્યાર્થીઓ આવશે."

"તેમ થાય તો એ વસ્તુ હું અભિનંદનીય ગણું. આજે જો એ કૉલેજમાં હિંદી છોકરાઓ આવે તો બધાને એમાં લેવાશે ખરા? કે અમુક ટકા આફ્રિકન અને અમુક ટકા એશિયન લેવાશે — એવો નિયમ કરશો?"

"એવો નિયમ કરવો ભૂંડું તો ખરું, પણ વખતે એવો નિયમ કરવો પડે."

"તો પછી બાકીના આફ્રિકન અને એશિયન ઉમેદવારોનું શું?"

"એ મુશ્કેલી છે. પણ ગાંધી કૉલેજ અને મેકેરેરે કૉલેજ વચ્ચે હરીફાઈ ટાળવા માટે શું કરશો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દુનિયામાં બધે ચાલે છે તેમ જ અહીં કરીશું. દરેક કૉલેજમાં અમુક ખાસ વિષયો ખીલવીશું. 'ફેકલ્ટી વાઈઝ' ભેદ હશે તે બધી રીતે ઇષ્ટ જ હશે. દરેક કૉલેજ સાથે જે છાત્રાલયો હશે તેમાં માંસાહારી અને અન્નાહારી એવી અલગ અલગ વીશીઓ કરવી પડશે. બાકી કશો ભેદ નહીં રહે. મને વિશ્વાસ છે કે અમારી કૉલેજમાં યુરોપિયન છોકરાઓ પણ આવશે. એમની સંખ્યા વધારે ભલે ન હોય પણ અમારું આંતરજાતીય વાતાવરણ પસંદ કરનારાં ગોરાં માબાપો અને વિદ્યાર્થીઓ જરૂર નીકળવાનાં એ વિષે મને શંકા નથી. અમે પ્રોફેસરો પસંદ કરીશું તે સારામાં સારા પસંદ કરીશું, પછી તે ગમે તે કોમ કે દેશ કે ધર્મના હોય.

"મારી એક નવી કલ્પના છે. પૂર્વ આફ્રિકાની પોતાની યુનિવર્સિટી સ્થપાય નહીં ત્યાં સુધી અમારી કૉલેજ લંડન યુનિવર્સિટી અને મુંબઈ યુનિવર્સિટી બન્ને સાથે જોડાયેલી ('ઍફિલિયેટેડ') હશે."

"એ કેમ બની શકે?" એમણે ચકિત થઈ પૂછ્યું.

"અત્યાર સુધી બન્યું નથી એટલી જ મુશ્કેલી છે ને, કે બીજી કોઈ મુશ્કેલી છે? મુંબઈ યુનિવર્સિટીએ લંડનની ડિગ્રીઓ માન્ય રાખી છે. લંડન યુનિવર્સિટીએ મુંબઈની. પૂર્વ આફ્રિકા, બ્રિટન અને ઇન્ડિયા ત્રણે એક જ કૉમનવેલ્થમાં છે પછી આવું એવું જોડાણ થવાને વાંધો શો?"

"વાંધો તો કાંઈ દેખાતો નથી. તમારી કલ્પના સુંદર છે. એનો અમલ થાય તો તે ઇષ્ટ છે."

"અમારી કૉલેજનો અભ્યાસક્રમ ઘડતી વખતે અભ્યાસક્રમ સમિતિમાં લંડન યુનિવર્સિટીના તેમ જ મુંબઈ યુનિવર્સિટીના પ્રતિનિધિઓને લઈશું અને અભ્યાસક્રમ બન્ને યુનિવર્સિટી પાસેથી પસાર કરાવીશું. અમુક વિષયો લઈને પાસ થાય તે મુંબઈ યુનિવર્સિટી તરફ જાય. અમુક વિષયો લે તે લંડન યુનિવર્સિટીમાં જાય, એવી ગોઠવણ સુખેથી કરી શકાય. હિંદુસ્તાનનો ઇતિહાસ, હિંદુસ્તાનની ફિલસૂફી વગેરે વિષયો ત્રણે કોમના કેટલાક વિદ્યાર્થીઓ જરૂર શીખવાના."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠના એક વિદ્યાર્થી અને શ્રી ગિજુભાઈના શિષ્ય સોમાભાઈ ભાવસાર મોમ્બાસાના બાળમંદિરમાં કામ કરે છે. એમણે બાળકો માટે અમર ગાંધી કરીને એક ગુજરાતી ચોપડી લખી છે. એનું સ્વાહિલી ભાષાંતર ઝાંઝીબારવાળા શ્રી રામભાઈ અને ભાનુભાઈ ત્રિવેદીએ પ્રકાશિત કર્યું છે. એ જ ચોપડીનું યુગાન્ડામાં ચાલતી લુગાન્ડા ભાષામાં થયેલું ભાષાંતર કંપાલામાં મારે હાથે પ્રકાશિત કરવાનું ગોઠવ્યું હતું. આ નાનકડી ચોપડીની ત્યાંના લોકો ઉપર સારી અસર થઈ છે. આ મેળાવડામાં શ્રી કાકુભાઈને હું ઓળખી શકયો. તેઓ અહીંના લોકોની ભાષા બહુ સરસ બોલે છે. અહીંના લોકો ઉપર એમનો પ્રભાવ પણ સારો છે. એક વખતે આફ્રિકન લોકો તોફાને ચડ્યા હશે. પણ કાકુભાઈને એની કશી આંચ ન આવી. આફ્રિકન લોકોએ એમને કહ્યું, "તમારે ચિંતા ન કરવી. તમને કે તમારી એસ્ટેટને કશું થવાનું નથી. તમે નચિંત રહેજો."

એક વસ્તુની ચર્ચા અહીં જ કરી દઉં. કેટલાક લોકો કહે છે કે આફ્રિકન મજૂરો અને ઘરમાં કામ કરતા આફ્રિકન લોકો નગુણા હોય છે. એ લોકોના ભલા માટે મહેનત કરનાર કેટલાક સજ્જન લોકોનો પણ એવો અભિપ્રાય સાંભળી મને આશ્ચર્ય થયું. આવા અભિપ્રાય હું સ્વીકારી શકતો નથી. મનુષ્ય સ્વભાવ બધે સરખો જ હોય છે. માણસો શું, ક્રૂર જનવરો પણ માયાને વશ થાય છે.

નગુણાપણું બહુ જ થોડા લોકોમાં દેખા દે છે. ઘણી વાર ઉપકાર કરનારા અધીરાઈથી કૃતજ્ઞતાની અપેક્ષા રાખે છે અને અધીરાઈથી જ સામા માણસ ઉપર નગુણાપણાનો આરોપ કરે છે. આપણે જેમ કૃતજ્ઞતાની વધારેપડતી અપેક્ષા રાખીએ છીએ તેમ સામો માણસ પણ વધારેપડતી ભલાઈની અપેક્ષા આપણી પાસેથી રાખીને હમેશાં અસંતુષ્ટ રહે છે. કોઈ નોકરને આપણે સારી રીતે રાખતા હોઈએ તો આપણે આશા રાખીએ છીએ કે એ આપણને છોડીને ન ચાલ્યો જાય. એના ઘરની કે એનાં બાળબચ્ચાંની સ્થિતિનો આપણને ખ્યાલ નથી હોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે આવકની જરૂર હોય તો બિચારો શું કરે? ઘણી વાર સારો વહેવાર હોવા છતાં બન્ને બાજુએ ગેરસમજ હોય છે.

અને આપણે ભૂલવું ન જોઈએ કે સેંકડો વરસ સુધી આરબોએ, ગોરાઓએ અને કાંઈક અંશે આપણા લોકોએ પણ આ લોકોને પકડી પકડીને નિર્દયપણે ગુલામ તરીકે વેચ્યા છે અને રાખ્યા છે. એમના મનનો તો શું, શરીરની હાલતનો પણ આપણે વિચાર કર્યો નથી. આવા લોકો માણસજાત ઉપર હજી કાંઈ પણ વિશ્વાસ રાખે છે એ જ આશ્ચર્યની વાત છે. સાપ માણસ ઉપર વિશ્વાસ નથી રાખતો અને માણસ સાપનો વિશ્વાસ નથી કરતો એનું કારણ હજારો વરસનો બન્નેનો જાતીય અનુભવ છે. આફ્રિકન લોકોએ બીજા ખંડના લોકોને હાથે જેટલું વેઠ્યું છે એટલું કોઈ પણ અન્ય માણસજાતે વેઠ્યું નથી. આટલું હોવા છતાં એ જાત વીફરી નથી એ એની ભલાઈ સૂચવે છે અથવા બાળપણ સૂચવે છે. કોઈ પણ મિશનરીએ આજ સુધી કહ્યું નથી કે આ કોમ નગુણી છે.

કંપાલામાં આફ્રિકન લોકોના રાજા રહે છે. એને આ લોકો 'કબાકા' કહે છે. રાણીને 'નેબાગદીકા' કહે છે. અમે એ રાજાને મળવા ગયા હતા. માણસ જુવાન, ઉત્તમ ભણેલો અને સંસ્કારી લાગ્યો. ચહેરો પણ પ્રભાવી હતો. વિલાયતમાં ભણેલો હોવાથી ત્યાંની રીતભાત સરસ જાણે. યુગાન્ડાનાં ગામડાંઓમાં પંચોનું રાજ્ય થોડુંક હશે. એ એ કબાકાની દેખરેખ તળે ચાલે છે. સાંભળ્યા પ્રમાણે આ રાજાની વૃત્તિઓ સારી છે પણ પોતાના હાથમાં કશું કરવાની ઝાઝી સત્તા નથી એવો અનુભવ થવાથી એનો ઉત્સાહ મંદ પડ્યો છે. અમે એને મળવા ગયાં ત્યારે એના મહેલમાં કંઈક સમારકામ ચાલતું હતું એટલે આખો મહેલ અમે જોઈ ન શકયાં. રાજમહેલના આંગણામાં જ કેટલીક ગોળ ગોળ ઝૂંપડીઓ જોઈ મને આશ્ચર્ય થયું, પણ એક રીતે સારું લાગ્યું. આફ્રિકન સંસ્કૃતિના સ્મારક રૂપ આ માટીની ઝૂંપડીઓ રાજમહેલની પાસે જ છે એ યથાયોગ્ય છે. રાણીનાં બહેન કિંગ્ઝ કૉલેજમાં શિક્ષિકાનું કામ કરે છે. એ ત્યાં ચિ. સરોજને મળ્યાં હતાં. તે જ દિવસે બપોરે એક ઠેકાણે રાજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય પ્રધાન મળ્યા હતા. અનુભવી અમલદારો જેવા હોય છે તેવા જ એ હતા.

મેકેરેરે કૉલેજ સાથે એક મ્યૂઝિયમ છે. એ અનેક રીતે જોવા લાયક છે.

આફ્રિકન લોકોએ ખીલવેલી અનેક કળાઓ ત્યાં જોવાને મળે છે. એમનાં વાસણો, શિકારનાં સાધનો, જાતજાતનાં વાજાંઓ, જનવરોનાં શિંગડાં, આફ્રિકનોનાં જાતજાતનાં ઘરેણાં, કપડાં, લાકડાની મૂર્તિઓ, ઓજારો વગેરે બધું ત્યાં જોવા લાયક છે અને એ ઉપરથી સહેજે ખ્યાલ આવે છે કે આ લોકોએ અમુક હદ સુધી પ્રગતિ કર્યા પછી એમની સંસ્કૃતિ વચમાં જ થોભી કે અટકી ગઈ છે.

પોતાની આસપાસની કુદરત, ઝાડ, પાન, આબોહવા, ઋતુઓ, જંગલનાં જનવરો, અને પોતાની હાજતો એ બધાનો વિચાર કરી આ લોકોએ પોતાનો જીવનક્રમ અને સમાજવ્યવસ્થા ગોઠવેલાં છે. એમની પરિસ્થિતિમાં સારામાં સારી વ્યવસ્થા એ જ થઈ શકે એવી છાપ મન પર પડ્યા વગર રહેતી નથી. એમની સંસ્કૃતિનું સ્વરૂપ પ્રાથમિક ભલે હોય પણ એમાં સંસ્કૃતિનાં તત્ત્વો બધાં જ છે. નવી દૃષ્ટિએ એમને વિચાર કરતા કર્યા પછી એ લોકોને આધુનિક સંસ્કૃતિ અપનાવતાં મુશ્કેલી નહીં પડે એ વાત નિર્વિવાદ છે. બુદ્ધિશક્તિ અને સંગઠનશક્તિ કેળવવામાં આ લોકો ઊતરતા નથી નીવડ્યા. એમનું જીવન નવી દૃષ્ટિ તરફ વાળવાની જ વાત છે. આજ એ જૂની સંસ્કૃતિ, એમના કબાટની પેઠે, અણઘડપરાયેલી પડી છે.

અમે કંપાલા હતાં એ દરમ્યાન એક દિવસ અમારે રાતના ખાણા માટે એન્ટેબે જવાનું હતું. ત્યાંની વિક્ટોરિયા હોટેલ સરકાર તરફથી ચાલે છે. વ્યવસ્થા ઘણી સારી હતી. ઉપર કહ્યું જ છે કે કંપાલા યુગાન્ડાની દેશી રાજધાની છે, જ્યારે એન્ટેબે સરકારી રાજધાની છે. અહીં સરકારની નોકરી કરનારા આપણા દેશી ભાઈઓ તરફથી ખાણું હતું. અહીં ચર્ચા પણ સરસ થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ ઠેકાણે છેલ્લે દિવસે શેઠ નાનજી કાલીદાસના દીકરા ધીરુભાઈ તરફથી એક મોટું ખાણું હતું. એમાં યુગાન્ડાના એક્ટિંગ ગવર્નર અને મોટા મોટા અમલદારો પણ આવ્યા હતા. આખા ખાણાનો ઠાઠ બાદશાહી હતો એમ કહીએ તો ચાલે. એની પાછળ કેટલું ખર્ચ થયું હશે એનો વિચાર કરવાની પણ મેં હિંમત ન કરી. પ્રયત્નપૂર્વક ભેજું ઠેકાણે રાખ્યું ન હોત તો પૂર્વ આફ્રિકાનાં ખાણાંની ઝડીથી ભેજું ફરી જ ગયું હોત અને હું માની બેસત કે અમે કોઈ મોટા અમીર કે મહાપુરુષ છીએ.

અમે કંપાલા ગયાં ત્યારે ત્યાંના મેયર પંજાબના આપણા એક દેશી યુવાન ભાઈ હતા એ જોઈને અમને ઘણો આનંદ થયો. માનનીય શ્રી મૈની, એ અહીંના પહેલા હિંદી મેયર. પોતાની આહોશીથી એમણે આપણા લોકો ઉપર તેમ જ ગોરાઓ ઉપર સરસ છાપ પાડી છે. આપણા જ એક દેશવાસીએ બાંધેલો અહીંનો સુંદર ટાઉન હૉલ જોવા શ્રી મૈની સાથે જતાં મને ઘણો આનંદ થયો.

કંપાલામાં અમારી બધી વ્યવસ્થા રાખી હતી શ્રી નાનજીભાઈના કુશળ ભાગીદાર શ્રી છોટાભાઈ પટેલે. પોતાની મીઠી મહેમાનગીરીથી અમને સહેજે અપનાવી શકયા હતા શ્રી રામજીભાઈ લહ્યા. એમના ઘરનાં ફોટોગ્રાફનાં આલબમ એટલે આખા કુટુંબનો ઇતિહાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

આફ્રિકાનાં ગામડાંઓમાં

કોઈ પણ દેશમાં મુસાફરીએ જઈએ એટલે ત્યાંની કળા કારીગરી કે સૌન્દર્યના નમૂનારૂપ પ્રેક્ષણીય સ્થળો જોઈએ, મોટાં મોટાં શહેરો જોઈએ, કારખાનાંઓ જોઈએ, અને એ ઉપરાંત ત્યાંની મુખ્ય મુખ્ય વ્યક્તિઓને મળીએ. આટલામાં એ દેશની વિશેષતા ઠીક ઠીક ધ્યાનમાં આવી જાય છે. પણ તે દેશનું વાતાવરણ, એની ખરી સ્થિતિ અને લોકસ્વભાવ જોવાં હોય તો એના સામાન્ય ગામડામાં જ જવું જોઈએ અને તે પણ ધોરી રસ્તો છોડીને એક બાજુ પર હોય તો જ એ દેશનો આત્મા "પોતાની તનુનું વિવરણ" કરી શકે છે.

જૂન મહિનાને છેલ્લે દિવસે અમને આફ્રિકાનાં ત્રણ ગામડાં જોવાની તક મળી. કંપાલાથી સાડાનવે ઊપડી અમે આઠે રસ્તે બાર માઈલનો પ્રવાસ કર્યો અને ગયાઝા પહોંચ્યાં. ત્યાં આપણા દેશથી જઈને વસેલા સાદા, મહેનતુ અને ટેકીલા દુકાનદારો જોયા. અમારી આગતા-સ્વાગતામાં બધાં જ કુટુંબીજનો ભેગાં થયાં હતાં. મસાલેદાર દૂધ, પેંડા વગેરે સ્વાગત માટે તૈયાર હતું. પણ અમને વિશેષ આનંદ એ થયો કે ત્યાંના હિંદી લોકોએ અમારો આગ્રહ પહેલેથી જાણી આસપાસના આફ્રિકનોને પણ ભેગા કર્યા હતા. ગામડામાં રહેનારા હિંદીઓ અને ગામડિયા આફ્રિકનો — બેનો સંયોગ પ્રયાગમાં ભળતા ગંગાયમુનાના પ્રવાહ જેવો લાગતો હતો. ધોળા કાળાના મિશ્રણને લીધે જ નહીં પણ અલગ અલગ રહેવાની નીતિ હોવા છતાં એ બન્ને કેમ ઓછાવત્તા ઓતપ્રોત થઈ જાય છે એ જોવાની તક મળી તેથી. બધા જ હિંદીઓ અહીંની ભાષા લુગાન્ડા છૂટથી બોલી શકતા હતા. અને આફ્રિકન લોકો જાણે હિંદુસ્તાનના જાતિભેદથી ટેવાયેલા હોય એવી રીતે અલગ રહેવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં સાથે સહકાર કરવામાં કશી મુશ્કેલી અનુભવતા ન હતા. અહીં મેં એક ટૂંકું ભાષણ કર્યું.

મારા ભાષણની સ્થિતિ એવી હોય છે કે પહેલેથી હું તૈયારી કરતો નથી. છેલ્લી ઘડીએ શ્રોતાઓનો સમુદાય જોઈ, વાતાવરણને અનુકૂળ એવું, સૂઝે તેવું બોલું છું. કોક વખતે અમારી પાર્ટીમાં ભળીને સાથે આવેલા લોકોનો ખ્યાલ મનમાં રાખીને જ બોલું છું. અને કોક વખતે તે જ ક્ષણે અકલ્પિત રીતે કંઈક વિચાર મનમાં આવે કે પછી શ્રોતાઓનો કે પ્રસંગનો કશો વિચાર કર્યા વગર બોલી જ દઉં છું. અથવા એમ કહું તો ચાલે કે આવા કોઈ વિચારનો અવતાર થાય ત્યારે બીજું કશું બોલાતું જ નથી. ભલેને બુદ્ધિ કહે કે આ વિચાર આ કોકાણે અસ્થાને છે પણ વિચાર પોતાનું ધાર્યું જ કરી લે છે.

ગયાઝામાં મેં પ્રારંભ કર્યો કે આ દેશમાં ત્રણ ખંડની સંસ્કૃતિ ભેગી થઈ છે. એશિયા ખંડ એટલે મહાન પેગમ્બરોની આધ્યાત્મિક પ્રવૃત્તિની પરંપરા. ચીનમાં કૉન્ફ્યુશિયસ અને લાઓત્ઝેના ઉપદેશમાંથી એક આખી સંસ્કૃતિ ફૂલી ફાલી. અરબસ્તાનમાં અબ્રાહમથી માંડીને મોહમ્મદ અને અલી સુધી અનેક પેગમ્બરો ત્યાંના લોકોને કેળવતા આવ્યા છે. અને પૅલેસ્ટાઈન એટલે અનેક નાનામોટા નબીઓનું જંગલ. ઈસા મસીહ એ એ જ ફાલનું એક પરિપક્વ ફળ. મધ્ય એશિયા અને ઈરાનમાં એવા જ અસંખ્ય નબીઓ થઈ ગયા પણ એમાં અનેરી ભાત પાડી અશો જરથુષ્ટ્રે. એની ગાથાઓમાં વૈદિક પરંપરાની એક ભિન્ન શાખા આપણને જોવાને મળે છે અને હિંદુસ્તાન તો માનવજાતિના ઇતિહાસથી માંડીને આજ સુધી અખંડ ચાલતી ઋષિમુનિઓની અને સંતમહાત્માઓની પરંપરાની ભૂમિ. આ બધા ધર્મપ્રવર્તકોએ માણસ-જાતને આધ્યાત્મિક સંસ્કૃતિ આપી અને એનો આત્મા કેળવ્યો. આ છે એશિયાની ખાસિયત.

યુરોપ ખંડે વિજ્ઞાન અને સંગઠનનું અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું છે. એ પુરુષાર્થ હજી પૂરો નથી થયો પણ એ બન્ને શક્તિઓ હવે યુરોપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસિયત નથી રહી. એનો ફેલાવો આખી દુનિયામાં થવા લાગ્યો છે. વિજ્ઞાનની સાધના આત્માની સાધના કરતાં વિશેષ ઊતરતી ન જ કહેવામ. આત્માની સાધના અંતરાત્મા અ। પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે, જ્યારે વિજ્ઞાનની સાધના સૃષ્ટિના અણુ અને ભૂમા બન્ને રૂપોનાં ઊંડાણ અને વિસ્તારનું દર્શન કરાવી સરજનહારની ઝાંખી કરાવે છે. આ વિજ્ઞાને આખી દુનિયા ઉપર પોતાની સારી માઠી અસર કરી છે.

હવે આફ્રિકામાં માનવજાતિની છેલ્લી સાધના શરૂ થવાની છે. એનો પ્રારંભ ગાંધીજીએ આ જ ભૂમિમાં કર્યો. કાળા ઝૂલુ લોકોનો શિકાર કરવા ઊપડેલા ગોરાઓને રોકી શકાય એમ હતું નહીં. પણ એ 'યુદ્ધ' (!) માં મદદગાર થઈ ન ઘાયલ ઝૂલુઓની સારવાર કરવા માટે ગાંધીજીએ હિંદીઓનું એક પથક તૈયાર કર્યું અને વિશ્વબંધુત્વનો પ્રારંભ કર્યો. સેવા અને સત્યાગ્રહ દ્વારા સજ્જન-દુર્જન બધાની એકસરખી સેવા કરવાનો અને માનવતાનો વિકાસ કરવાનો સર્વોદય પંથ ગાંધીજીએ આફ્રિકામાં શરૂ કર્યો. હવે અહીં યુરોપના ગોરાઓ, હિંદુસ્તાનના ધઉં-વર્ણા લોકો અને આફ્રિકાના કાળા લોકો, વર્ણ ભેદ ભૂલી જઈ, ઉચ્ચનીચ-ભેદ કાઢી નાખી, વિશ્વકુટુંબ સ્થાપવા મથવાના છે. એ માનવતા સિદ્ધ કરવા માટે લોકોનો મલિન સ્વાર્થ દૂર થવો જોઈએ. જીવનશુદ્ધિ વગર હૃદયસમૃદ્ધિ અશક્ય છે. એ જીવનશુદ્ધિનો પ્રારંભ કરવા માટે ગાંધીજીએ અમને ખાદીની દીક્ષા આપી છે. શોષણ રહિત અહિંસક સમાજની સ્થાપના ગ્રામોદ્ધારથી જ થઈ શકે છે અને હિંદુસ્તાનમાં ગ્રામોદ્ધારનો આધાર ખાદી છે એમ ગાંધીજીએ કહ્યું છે.

યુગાન્ડામાં કુદરતની કૃપાથી, હિંદુસ્તાની લોકોની મદદથી અને આફ્રિકન લોકોની મહેનતથી સારામાં સારો કપાસ પેદા થાય છે. અહીંના લોકોને સતત ઉદ્યોગની જરૂર છે. ગોરા લોકોની કે હિંદી લોકોની મૂડી ઉપર આધાર રાખવાને બદલે ગામડાના લોકો જો ખાદીને અપનાવશે તો અહીં પણ કાળે કરીને વિશ્વબંધુત્વની સ્થાપના ઉત્તમ રીતે થઈ શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ સભામાં કોઈ આફ્રિકન જમાતનો એક મુખી આવ્યો હતો. આ તરફ એવા મુખીઓને અંગ્રેજો ચીફ કહે છે. એણે અમારો આભાર માનવાનું કામ પોતાને માથે લીધું. હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચેના સ્નેહસંબંધ વિષે એણે એટલો સુંદર ઉલ્લેખ કર્યો અને પોતાના હૃદયના બધા ભાવ વ્યક્ત કરતા છતાં રાજદ્વારી ઉલ્લેખ એણે એટલી ખૂબીથી ટાળ્યો કે મને લાગ્યું કે યોગ્ય તક મળે તો આ માણસ સારો સરખો રાજકારણી પુરુષ થશે.

અહીંથી અમારા મંડળના ઘણાખરા લોકો બોમ્બો તરફ આગળ ગયા. અમે રસ્તામાં આવતી એક મિશન સ્કૂલની મુલાકાત લેવા ગયાં. એ નિશાળ ચલાવનાર બાઈ અહીં સેવા કરતાં કરતાં ઘરડાં થઈ ગયાં છે. આફ્રિકન લોકો વચ્ચે એકલવાયા રહીને આ લોકો શાળાની સ્થાપના કરે છે. જે જમીન મળે તેના ઉપર સખત મહેનત કરી એનું નંદનવન કરી મૂકે છે. અત્યંત સાદા ઝૂંપડામાં રહેતા છતાં એમાં પ્રયત્નપૂર્વક સુઘડતા અને સુંદરતા સ્થાપી દે છે. અને દરેક માણસ પાસેથી કહેવડાવે છે કે જ્યાં બુદ્ધિ, હૃદય, ખંત અને પરિશ્રમ છે ત્યાં લક્ષ્મી અને સરસ્વતી પ્રસન્નપણે સ્થાયી થાય છે.

આ નિશાળમાં પણ અમે સંગીત અને ચિત્રકળાની માગણી કરી. મેં પ્રથમથી જ કહ્યું કે અંગ્રેજી રાગ અને આફ્રિકન શબ્દ એવું સંગીત મારે નથી જોઈતું. અંગ્રેજી ચિત્રકળાની નકલો મારે નથી જોવી. ફરતાં ફરતાં મેં જોયું કે કાગળો પર જ નહીં પણ દીવાલ ઉપર પણ જીવનકથા ખ્રિસ્તની, પણ ચિત્રકળાનો આત્મા શુદ્ધ આફ્રિકન — એવો કામિયો અહીં સધાયો છે. સંગીતમાં પણ એ લોકોએ આફ્રિકન રાગોમાંથી ખ્રિસ્તી ભાવ વ્યક્ત કરવા માટે જાતજાતનાં સંમિશ્રણો ઊભાં કર્યાં છે. સાદામાં સાદા રાગોમાંથી જટાપાઠ અને ઘનપાઠ વાપરી એવી તો ભાવોની સંસૃષ્ટિ એ લોકોએ કરી હતી કે જેણે આ બધું કર્યું હતું તેને બોલાવી એનું અભિનંદન કર્યા વગર મારાથી રહેવાયું નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓમ્બોમાં એક ભાષણમાંથી પરવારી, દુગ્ધપ્રાશન કરી અમે વોમુલેન્ઝી ગયાં. ત્યાં અમારે જમવાનું હતું. આફ્રિકાના લગભગ મધ્ય પ્રદેશના એક સામાન્ય ગામડામાં ગુજરાતી ભાઈઓ વચ્ચે, સ્વદેશી ઢબે ભોજન કરતાં મને અસાધારણ આનંદ થયો. અહીંની સભામાં આસપાસના મિશનરીઓ જાયત કુતૂહલ સાથે આવ્યા હતા.

સ્વાભાવિક રીતે મારા ભાષણનો અમુક ભાગ એ લોકોને ઉદ્દેશીને હતો. 'અમારો જ ધર્મ સાચો. જ્ઞાનસૂર્ય અમારી પાસે જ છે. આખીની આખી દુનિયા અજ્ઞાનના અંધકારમાં ડૂબેલી છે, ભ્રમણામાં પડેલી છે,' એમ અમે લોકો નથી માનતા. અમે બધા ધર્મોનો સ્વીકાર કરીએ છીએ, બધા જ ધર્મો સાચા છે, સારા છે, અને તેથી અમારા છે, એ અમારી ભાવના છે, એ વાત સૌમ્ય શબ્દોમાં મેં મૂકી. આપણા લોકોએ સેવા દ્વારા જ સિદ્ધ કરવું જોઈએ કે, 'આપણી અહીંની હસ્તી આફ્રિકન લોકોને માટે ઉપકારક અને મંગલ સાધક છે' એ વસ્તુ અહીં પણ મેં ભારપૂર્વક કહી.

પાછા વળતાં શ્રી છોટાભાઈ સાથે ઘણી ઘણી વાતો કરી શકયો. આર્યસમાજનું હિંદુસ્તાનમાં સ્થાન શું છે, અહીં એનું મિશન શું હોઈ શકે, હિંદુ-મુસ્લિમ સંબંધોમાં સુધારો કેમ થાય? હિંદીઓ અને અંગ્રેજો મળી આ દેશની સેવા કઈ રીતે કરી શકે છે... વગેરે સવાલો, ઘણી વિગતમાં ઊતરી અમે ચર્ચ્યાં. બધી વાતચીત ખાનગી હોવાથી કશા સંકોચ વગર ગુણદોષની મીમાંસા સાથે અમે બધો ઊહાપોહ કરી શકયા.

સાંજે ભાટિયા ચેમ્બર્સમાં ખાણું હતું. ત્યાં ભાષણ પછી સરસ પ્રશ્નોત્તરી થઈ. કોન્ગ્રેસની હિલચાલ, આપણો રાષ્ટ્રીય વાવટો વગેરે અનેક સવાલોનો ઇતિહાસ અને તે વસ્તુનું રહસ્ય સ્પષ્ટ કરવાની આવી રીતે સુંદર તક મળી. ખાણા પહેલાં કંપાલાની કેટલીક બાળાઓ 'આકાશના તારાઓ અમને બતાવો' કહીને મળવા આવી હતી. વાદળાંઓએ અમને તે આનંદ મળવા ન દીધો, પણ છોકરીઓમાં તારાદર્શનનો એ ઉત્સાહ જોઈ મને આનંદ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

નીલોત્રી

આફ્રિકાની યાત્રા કરવામાં એક ઉદ્દેશ હતો ઉત્તર-પૂર્વ આફ્રિકાની માતા સમી ઉત્તરવાહિની નીલ નદીના ઊગમ-સ્થાન નીલોત્રીના દર્શનનો. ગંગોત્રી અને જમનોત્રીની યાત્રા કર્યા પછી નીલોત્રીની યાત્રા કરવી જ જોઈએ એવું હમણાં હમણાં લાગવા માંડયું હતું. એ દિવસ હવે નજીક આવ્યો. જુલાઈની પહેલી તારીખ ઊગી અને અમે કંપાલા છોડી જીંજા માટે પ્રસ્થાન કર્યું. પોતાના જરૂરી કામને કારણે શ્રી અપપાસાહેબ આજે પાછા નૈરોબી ગયા અને અમે મોટર લઈને અમારે રસ્તે ઊપડયાં.

કંપાલાથી જીંજાનો રસ્તો રળિયામણો છે. અનેક નાની નાની અને પહોળી ટેકરીઓ ચડતાં ઊતરતાં અમારી મોટર અમારી અને નીલોત્રી વચ્ચેનું આવન માઈલિનું અંતર કાપતી ગઈ અને અમારી ઉત્કંઠા વધારતી ગઈ. કેવડું મોટું ભાગ્ય કે જીંજા સુધી પહોંચતાં પહેલાં જ અમારો સંકલ્પ ખર આવ્યો અને અમને નીલોત્રીનાં દર્શન થયાં! જમણી બાજુ વિક્ટોરિયા અથવા અમરસરનું સરોવર દૂર સુધી ફેલાયું છે અને એમાંથી સહજલીલાથી ભૂસકા મારી નીલ નદી છટી થાય છે! અમે નદી પરના પુલ પર પહોંચી ગયાં. મોટરમાંથી નીચે ઊતર્યાં અને જમણી બાજુ વળી રિપન ફોલ્સ નામે ઓળખાતા નાનકડા ધોધમાં નીલ નદીનાં દર્શન કર્યાં.

ધોધના તુષારથી પગ ઢંકાઈ ગયા છે. માથા પર મુગટ ચળકે છે, એની પાછળ એક લીલુંછમ ઝાડ મુગટને ઉઠાવદાર બનાવે છે. દેવીના બે હાથમાં મોલની પૂળીઓ છે અને મોઢા ઉપર પ્રસન્ન વાત્સલ્ય ખીલી રહ્યું છે — એવી મૂર્તિ કલ્પનાની નજરે પડી. મૂર્તિ નીલરંગની ન હતી, પણ શ્યામવર્ણ તરફ સહેજ ઢળતી ગોરી જ હતી. આખા શરીર પરથી પાણીના રેલા ચાલતા હતા અને તેથી દેવીના મોઢા પરનું હાસ્ય વધારે સુંદર લાગતું હતું.

ધરાઈને દર્શન કર્યા પછી અમે ડાબી બાજુએ જોયું. જમણી બાજુએ પાણી અમારી તરફ ધસી આવતાં હતાં. ડાબી બાજુનાં પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાથી દૂર દૂર દોડી જતાં હતાં. બન્નેની અસર તદ્દન જુદી. અમે જાણતાં હતાં કે જેમ જમણી બાજુ રિપન ધોધ છે તેમ ડાણી બાજુ, સહેજ દૂર, ઓવેન ધોધ છે. આપણા દેશમાં આને કોઈ ધોધ કહે જ નહીં. પાણીની સપાટીમાં થોડાક ફૂટનું અંતર ઉત્પન્ન થયું એટલા પરથી ધોધ થતો હશે? ધોધ ત્યારે જ કહેવાય જ્યારે પાણી ધબધબ પડતું હોય. જેટલું પડે તેટલું જોરથી પાછું ઉપર ઊછળતુ હોય અને ફીણ અને તુષારના ગોટેગોટા આસપાસ નાચતા હોય.

યાત્રાને અન્તે તરત જઈને મંદિરોમાં દર્શન કરીએ છીએ ત્યારે એને, યાત્રીઓની પરિભાષામાં 'ધૂળભેટ' કહે છે. પગે યાત્રા કરી હોય, આખું શરીર ધૂળથી છવાયેલું હોય અને ઉત્કંઠાને કારણે એવા ને એવા જ રૂપમાં દોડી જઈ ઇષ્ટદેવના ચરણે ઢળી પડતા હોઈએ અથવા ભેટી પડતા હોઈએ ત્યારે એ 'ધૂળભેટ' કહેવાય. અમે તો મોટર વેગે આવેલાં. સવારે થોડોક વરસાદ થયેલો હોવાથી રસ્તા પર પણ ધૂળ ન હતી. એટલે આ પ્રથમ દર્શનને ભીની ભેટ જ કહેવાય. એને ભાવભીની કહીએ તો જ તે વધારે યથાર્થ વર્ણન થાય. મૂર્તિ ભીની, જમીન ભીની, આંખો ભીની, અને અનેક મિશ્ર ભાવોથી તરબોળ એવું હૈયું પણ ભીનું. अद्य मे सफलं जन्म, अद्य मे सफलाः क्रियाः એ લીટી જેણે પ્રથમ ગાઈ તે મારા જેવા અસંખ્ય યાત્રીઓનો પ્રતિનિધિ હતો.

નીલ માતાનાં આ પ્રથમ દર્શન હૃદયમાં સંધરી અમે જીંજામાં પ્રવેશ કર્યો. વિદ્યાપીઠના એક વખતના વિદ્યાર્થી એડવોકેટ શ્રી ચંદુભાઈ પટેલને ત્યાં જ અમારો ઉતારો હતો. જૂના વિદ્યાર્થીને ત્યાં મહેમાનગીરી અનુભવવી એ જેટલી આનંદદાયક હોય છે તેટલી જ આકરી કે અઘરી હોય છે. ઘરની સારામાં સારી સગવડો આપણને આપી પોતે અગવડ વેઠવામાં એ આનંદ માનતા હોય, પણ આપણને મૂંઝવણ થયા વગર કેમ રહે?

હવે અમે નીલોત્રીના વિધિસર દર્શને ઊપડ્યાં. જ્યાં અમરસરનાં જળ ખડકોની કિનારી પરથી નીચે ઊતરે છે અને નીલ નદીને જન્મ આપે છે ત્યાં અમે પહોંચ્યાં. ઉતાવળે પાણી સુંધી પહોંચી પહેલાં પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડા કર્યા. આચમન કરી હૈયું ઠાર્યું અને એક ક્ષણ માટે એ સ્થાનનું ધ્યાન ધર્યું. મારી ટેવ પ્રમાણે ઈશોપનિષદ, માંડુક્ય ઉપનિષદ અથવા અઘમર્ષણ સૂત્ર મોઢામાંથી નીકળવું જોઈતું હતું. પણ એકાએક શ્લોક નીકળ્યો :—

ધ્યેયઃ સદા સવિતૃ-મંડલ-મધ્યવર્તી
નારાયણઃ સરસિજાસન-સન્નિવિષ્ટઃ ।
કેયૂરવાન્ મકરકુંડલવાન્ કિરીટી
હારી હિરણ્મય-વપુર્ ધૃત-શંખ-ચક્રઃ ।।

નીલ નદીને કિનારે, જુદે જુદે વખતે, જુદે જુદે ઠેકાણે, ત્રણ વાર નીલામ્માનું ધ્યાન ધર્યું અને દર વખતે મોઢામાંથી અચૂક આ જ શ્લોક નીકળ્યો. હવે મારે મિશ્ર દેશની સંસ્કૃતિનાં પુરાણોમાં શોધવાનું રહ્યું કે નીલ નદીનો ભગવાન સૂર્યનારાયણ સાથે કોઈ ખાસ સંબંધ છે ખરો ?

હું જો સંસ્કૃત કવિ હોત તો આ નદીના પાણીમાં રહેતાં માછલાં, એ પાણી પર ઊડતાં ઓલકણાં પક્ષીઓ અને એને કિનારે આળોટતા કિઓકા (હિપોપોટેમસ)ની ધન્યતાનાં સ્તોત્રો ગાત. નીલને કિનારે જે વૉટરવર્ક્સ છે તેની સારવાર માટે નિમાયેલા એક ગુજરાતી ભાઈની, એની જ ભાષામાં અદેખાઈ વ્યક્ત કરી મેં સંતોષ માન્યો, "તમે કેટલા ધન્ય છો કે નીલોત્રીનાં તમને અહોરાત્ર દર્શન થાય છે અને અહીંથી ન ખસવા માટે તમને પગાર આપવામાં આવે છે!" એ ભાઈને આવી ધન્યતા લાગતી હતી કે નહીં એ જોવા કે પૂછવા હું ત્યાં ન થોભ્યો.

મારે મન નદીઓ બે પ્રકારની હોય છે : જે પહાડમાંથી નીકળે છે તે અને જે સરોવરમાંથી નીકળે છે તે. પહેલીને હું શૈલજા કહું અથવા પાર્વતી; અને બીજીને સરોજા (દુનિયાભરનાં કમળો મને ક્ષમા કરશે એવી આશા રાખું છું). શૈલજા નદીઓનો ઊગમ બહુ નાનો, પાતળો, લગભગ તુચ્છ જેવો હોય છે. એટલે એને વિષે આદર ઉત્પન્ન કરવા માટે મોટાં મોટાં માહાત્મ્યો લખી કાઢવાં પડે છે. ગંગોત્રી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાનો પ્રવાહ કોક વાર એટલો નાનકડો હોય છે કે સામાન્ય માણસ પણ એક કાંઠે એક પગ અને બીજે કાંઠે બીજો પગ મૂકીને ઊભો રહી શકે છે. સરોજ નદીઓનું એવું નથી હોતું. વિશાળ અને સ્વચ્છ વારિ-રાશિમાંથી મનમાં આવે તેવડો જથ્થો ખેંચીને તેઓ છતી થામ છે. એથી એમના ચાલવા બોલવામા ગર્ભશ્રીમંતાઈનું આત્મ-ભાન હોય છે.

નીલોત્રીની માત્રાએ આવવાનું બીજું પણ એક અદમ્ય આકર્ષણ હતું. મહાત્મા ગાંધીના પાર્થિવ દેહને અગ્નિસાત્ કર્યા પછી એમનાં ફૂલ અને ચિતાભસ્મનું વિસર્જન હિંદુસ્તાનનાં અને જગતનાં અનેકાનેક પુણ્ય સ્થળે કરવામાં આવ્યું હતું. એમાંનું જ એક સ્થાન નીલોત્રી છે.

અમે જીંજા નગરીના જાહેર મહેમાન હોવાથી અહીંના લોકોએ અમારી હાજરીનો 'લાભ લેવા'નું નક્કી કર્યું અને જે ઠેકાણે ચિતાભસ્મનું વિસર્જન કર્યું હતું, એને પડખે એક કીર્તિસ્તંભ ઊભો કરવાનું નક્કી થયેલું હોવાથી, એનો પાયો મારે હાથે નંખાવવાનું ગોઠવ્યું.

સન ૧૯૫૦ની બીજી જુલાઈએ અધિક આષાઢ કૃષ્ણ તૃતીયાને દિવસે સવારે સેંકડો લોકોની હાજરીમાં એ વિધિ મેં પૂરો કર્યો. એ ઉત્સવ માટે ગાંધીજીનું એક મોટું ચિત્ર સામે રાખ્યું હતું. એની નજર મારા પર પડતાં જ હું અસ્વસ્થ થયો. વૈદિક વિધિ પૂરો થયા પછી મેં ગાંધીજીના જીવન વિષે અને આફ્રિકા જ એમની તપોભૂમિ હોવા વિષે થોડું પ્રવચન કર્યું. ફોટો વગેરે લેવાની આધુનિક વિધિમાંથી મુક્ત થતાંવેંત કિનારાના એક પથરા ઉપર બેસી નીલમાતાના સુભગ જલપ્રવાહ ઉપર મેં મીટ માંડી અને અંતર્મુખ થઈ ધ્યાન કર્યું. તે વખતે મનમાં વિચાર આવ્યો કે આ સ્થાને યુરોપ, આફ્રિકા અને એશિયા ત્રણે ખંડનાં, બલ્કે અમેરિકાનાં પણ — મહાન અને સામાન્ય આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ અહીં આવશે, સર્વોદયના ઋષિ મહાત્મા ગાંધીના જીવન, જીવનકાર્ય અને અંતિમ બલિદાનનું અહીં ચિંતન કરશે અને માનવ માનવ વચ્ચેનો ભેદભાવ ભૂલી જઈ વિશ્વકુટુંબની સ્થાપના કરવાનું વ્રત લેશે. ભવિષ્યના એ તમામ આગામી પ્રવાસીઓને મેં ત્યાંથી વંદન મોકલ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

નીલ નદીની બે શાખાઓ છે. શ્વેત અને નીલ. જીંજા પાસે જેનો ઉગમ છે તે શ્વેત શાખા છે. નીલશાખા પણ સરોજા જ છે. ઈથિયોપિયા જેને આપણા લોકો હબસાણ (એબિસીનિયા) કહેતા તે દેશમાં તાના કરીને એક સરોવર છે. એ સરોવરમાંથી નીલશાખાનો ઉગમ છે. આ શાખાઓ લાખો વરસથી વહેતી આવી છે અને એમને કાંઠે રહેનાર પશુપક્ષીઓને અને માણસોને જલદાન કરતી આવી છે. પણ યુરોપિયન લોકોને જેની ભાળ ન હોય તે વસ્તુ અજ્ઞાત જ કહેવાય! એક રીતે એમનું કહેવું સાચું પણ છે. બીજા લોકો નદીને કાંઠે રહેતા છતાં એ નદી મૂળે આવી કયાંથી અને આગળ કયાં સુધી જાય છે એની શોધ ન કરે તો આખી નદીનું જ્ઞાન એ લોકોને છે એમ ન કહેવાય. દાખલા તરીકે તિબ્બતના લોકો માનસસરોવરવાળી સાંનપો નદી જાણે. એ નદી પૂર્વ તરફ વહેતી વહેતી જંગલમાં અલોપ થાય છે, એટલું જ બહુ બહુ તો તેઓ જાણે. આપણા લોકો આ બાજુથી બ્રહ્મપુત્રનો ઉગમ શોધતા શોધતા એ જ જંગલોના આ બાજુના છેડા સુધી પહોંચ્યા. આગળનું તેઓ કશું જાણે નહીં. જ્યારે અનેક અંગ્રેજો, પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં, એ જંગલોમાંથી પસાર થયા ત્યારે જ તેઓ સ્થાપિત કરી શકયા કે તિબ્બતની સાંનપો નદી જ આ બાજુ આવી છે, અને બીજી અનેક નાની મોટી નદીઓનાં પાણી ઝીલીને બ્રહ્મપુત્ર થઈ છે.

નીલ નદીના ઉગમ શોધનારાઓમાં મિ. સ્પીક અંતે સફળ થયા અને એમણે સિદ્ધ કર્યું કે જીંજા પાસે સરોવરમાંથી જે નદી અવતરે છે તે જ ઇજિપ્ત-માતા નીલ છે.

આ સ્પીક સાહેબ હિંદુસ્તાન સરકારની નોકરીમાં હતા. એમને સમાચાર મળ્યા કે પ્રાચીન હિંદુઓ મિસર એટલે કે હાલના ઇજિપ્ત દેશ વિષે ઘણું જાણતા હતા. એમણે તપાસ કરીને જાણ્યું કે સંસ્કૃત પુરાણોમાં કહ્યું છે કે નીલ નદીનો ઉગમ મીઠા પાણીના અમરસરમાંથી થયો છે; એ જ પ્રદેશમાં ચંદ્રગિરિ છે; છેક દક્ષિણે જતાં મેરુ પર્વત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલો છે વગેરે. પુરાણોમાંથી કેટલાક સંસ્કૃત શ્લોકોનો એમણે અનુવાદ કરાવ્યો અને એને આધારે નીલના ઊગમની શોધ કરવાનો મનસૂબો કર્યો. દ્રવ્યબળ અને મનુષ્યબળ વિના આવા પુરુષાર્થ સિદ્ધ ન થઈ શકે, એટલે એમણે હિંદુસ્તાનના તે વખતના વાઇસરૉય પાસેથી મદદ મેળવી.

આવી રીતે મળેલા પૈસા અને લશ્કરી માણસો લઈને એ પ્રથમ ઝાંઝીબાર ગયા અને ત્યાંથી બધી તૈયારી કરીને કેનિયા પ્રદેશ ઓળંગી યુગાન્ડામાં ગયા. ત્યાં એમને અમરસરવાળું અચ્છોદ સરોવર મળ્યું. (અચ્છ – સુઅચ્છ = સ્વચ્છ. ઉદ – ઉદક = પાણી. મીઠા પાણીના સરોવરને અચ્છોદ કહેવાય.) અને ત્યાંથી નીકળતી નીલ નદી પણ મળી. સુદ્દાન અને ઇજિપ્તમાં વહેતી નદી એ જ છે એ એણે સિદ્ધ કર્યું. આ વાતને હજી પૂરાં સો વરસ પણ થયાં નથી.

આફ્રિકા ખંડ ખરેખર ત્યાં વસતી અનેક આફ્રિકન જાતિઓનો મુલક છે. એ પ્રદેશ વિષે યુરોપિયન લોકોને પૂરતી માહિતી ન હતી એ કાંઈ ત્યાંના લોકોનો દોષ નહીં. યુરોપ તરફના અને ખાસ કરીને અરબસ્તાનના લોકો આફ્રિકાને કિનારે જઈ ત્યાંના લોકોને પકડી લેતા અને પોતપોતાના દેશમાં લઈ જઈ ગુલામ તરીકે વેચતા. પકડેલા લોકોમાં સ્ત્રીઓ પણ હોય, બાળકો પણ હોય. પણ લૂંટારાઓ એમનો માણસ તરીકે શાનો વિચાર કરે?

કેટલાક મિશનરી લોકોને સૂઝયું કે આવા જંગલી લોકોના આત્માના ઉદ્ધાર અર્થે એમને ખ્રિસ્તી બનાવવા જોઈએ. લોભી વેપારીઓ પણ જે ગહન પ્રદેશમાં જવાની હિંમત કરતા નહીં ત્યાં આ ઉત્સાહી ધર્મપ્રચારકો પહોંચી જતા અને ત્યાંની ભાષા શીખીને ઈસા મસીહનું 'શુભ વર્તમાન' એમને સંભળાવતા.

આગળ જતાં યુરોપના રાજાઓએ આફ્રિકા ખંડ અંદર અંદર વહેંચી લીધો. એમાં નિયમ એવો કે જે દેશના મિશનરીઓએ જેટલો પ્રદેશ શોધી કાઢ્યો (!) તેટલો પ્રદેશ તે દેશના રાજાની માલિકીનો ગણાય. આમાં એક વખતે બન્યું એવું કે સ્ટેન્લી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને એક મિશનરીએ ઇંગ્લંડના રાજા પાસે કોંગો નદીના વિસ્તારનો પ્રદેશ 'શોધવા' માટે મદદ માગી. ઇંગ્લંડના રાજાએ એટલે કે પાર્લમેન્ટે એ મદદ ન આપી. એટલે એ ગયો બેલ્જિયમના રાજા પાસે. રાજા લિયોપોલ્ડ લોભી અને ઉત્સાહી હતો. એણે બધી મદદ આપી. પરિણામે જ્યારે આફ્રિકા ખંડની વહેંચણી થઈ ત્યારે કોંગો નદીના વિસ્તારનો મુલક બેલ્જિયમને ભાગે ગયો! એ બેલ્જિયન કોંગોનો પ્રદેશ લગભગ હિંદુસ્તાન જેટલો મોટો છે. ત્યાંથી રબર મેળવવા માટે ગોરાઓએ ત્યાંની પ્રજા ઉપર જે જુલમ ગુજર્યો છે તેનાં વર્ણનો વાંચતાં રુવાંટાં ખડાં થાય છે એમ કહેવું અલ્પોક્તિ થાય. લાગણીવાળો માણસ એ વર્ણનો વાંચે તો એનું લોહી થીજી જ જાય. છતાં ગોરાઓએ અહીંની પ્રજાને ધીરે ધીરે 'સુધારી' ખરી. હવે એ લોકો કપડાં પહેરે છે. વાળમાં જાત જાતની સેંથીઓ પાડે છે અને શરાબ પણ પીએ છે. આમ ઘણાખરા ખ્રિસ્તી થઈ ગયા.

જેને ખરચે જે પ્રદેશ શોધાયો તેનો એ દેશ થઈ જાય એ ન્યાયે નીલ નદીના ઊગમ તરફનો આખો યુગાન્ડા પ્રદેશ હિંદુસ્તાનને ભાગે આવવો જોઈતો હતો. પણ હિંદ જેવા ગુલામ દેશને વળી અધિકાર શા? સારું થયું કે એ પાપની વહેંચણીમાં આપણે ભાગે કોઈ હિસ્સો ન આવ્યો. આપણા લોકોએ યુગાન્ડામાં જઈને કપાસની ખેતી વધારી, રાજ્યકર્તાની મદદથી ત્યાં મોટી મોટી એસ્ટેટો કરી અને કરોડો રૂપિયા કમાયા. આપણે પણ ત્યાંના લોકોને સુધાર્યા છે. દરજીકામ, સુથારકામ, કડિયાકામ, રસોઈકામ વગેરે ધંધાઓમાં એમની મદદ લીધી એટલે ધીમે ધીમે એ લોકો પાવરધા થયા. હિંદુસ્તાનનાં કપડાંની અને વિલાયતથી આવતી શરાબ આદિ જાતજાતની વસ્તુઓ વેચવાની દુકાનો ખોલી અને એ લોકોને જીવનનો આનંદ માણતા કર્યા!

ધોળા અને ધઉંવર્ણા લોકોના આવા પુરુષાર્થની સાક્ષી એવી નીલ નદી અહીં ચૂપચાપ વહેતી જાય છે અને પોતાનો પરોપકાર પોતાના બન્ને તટ તરફ દૂર સુધી ફેલાવતી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં ગંગા નદીનું જે મહત્ત્વ છે તે જ મહત્ત્વ, વધારે ઉત્કટ રીતે ઉત્તર-પૂર્વ આફ્રિકામાં નીલ નદીનું છે. દુનિયાની સૌથી મહત્ત્વની સંસ્કૃતિઓમાં ઇજિપ્તની મિશ્ર અથવા મિસર સંસ્કૃતિને સ્થાન છે, અને એની અસર યુરોપના ઇતિહાસ ઉપર જ નહીં પણ એના ધર્મ ઉપર પણ પડી છે. આપણે ત્યાં જેવી ચાર વર્ણની સંસ્કૃતિ ખીલી તેવી જ સંસ્કૃતિ પ્રાચીન મિસર દેશમાં પણ દેખાઈ આવે છે અને એનો પડઘો ગ્રીક ફિલસૂફ પ્લેટોની સમાજરચનામાં સંભળાય છે. ચાર વર્ણની સંસ્કૃતિ એ જમાના માટે ગમે તેટલી અનુકૂળ હોય અને ભવ્ય ગણાતી હોય પણ તોફાની યુરોપ એ જીરવી ન શકયું. યુરોપમાં જે ખ્રિસ્તી ધર્મ ફેલાયો છે એનું પાલન-પોષણ ઇજિપ્તમાં ઓછું નથી થયું. પણ ત્યાં ફેલાવેલું વૈરાગ્ય અને તપસ્યા અને દેહદંડન ઘણું અજમાવ્યા પછી યુરોપે છોડી દીધું. આમ હોવા છતાં યુરોપની સંસ્કૃતિનાં મૂળિયાં શોધવા જતાં ઇજિપ્તના ઇતિહાસમાં જવું પડે છે અને એ ઇતિહાસનું ઘડતર અમુક અંશે નીલ નદીને આભારી છે.

જેમ નદીનાં પાણી આગળ વહે છે, પાછળ જઈ શકતાં નથી, તેમ ઇજિપ્તની સંસ્કૃતિ નીલ નદીના ઊગમ તરફ, યુગાન્ડા પ્રદેશમાં પહોંચી ન શકી એ વસ્તુ પણ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. જો ઇજિપ્તના લોકો અમરસરની આસપાસ આવીને વસ્યા હોત તો આફ્રિકાનો જ નહીં પણ દુનિયાનો ઇતિહાસ જુદી રીતે લખાત.

આપણે ત્યાં જેટલી નદીના ઊગમ આપણે જોઈએ છીએ તે બધા જંગલમાં, દુર્ગમ પ્રદેશમાં હોય છે. અને એ ઊગમ નાના પણ હોય છે. નીલ નદીનો ઊગમ પહોળો છે એનું કાંઈ નહીં; પણ ત્યાં એક શહેર વસ્યું છે એ જ એ ઊગમના કાવ્યમાં ઊણપ આણનારી વસ્તુ છે. આપણે ત્યાં કૃષ્ણા અને એની બીજી ચાર બહેનપણીઓ સહ્યાદ્રિના જે પ્રદેશમાંથી નીકળે છે તે પ્રદેશ દુર્ગમ અને પવિત્ર હતો. સંતોએ ત્યાં શિવજી મહાબલેશ્વરની સ્થાપના કરી. પણ અંગ્રેજોએ એને પોતાનું ગ્રીષ્મનગર બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તપોભૂમિને વિહારભૂમિ કે વિલાસભૂમિ બનાવી દીધી, એનું સ્મરણ જીંજામાં થયા વગર રહ્યું નહીં.

અને હવે તો ત્યાં ઓવેન ફૉલ્સ આગળ એક મોટો બંધ બાંધીને વીજળી પેદા કરવાના છે. દુનિયાનો એ એક અદ્‌ભુત બંધ થશે. એની શક્તિ યુગાન્ડાને જ નહીં પણ સુદાન અને ઇજિપ્ત સુધી પહોંચવાની છે. એમાંથી ખોરાક વધશે, દુકાળ દૂર થશે, અસંખ્ય અશ્વતથામા ('હૉર્સ પાવર') જેટલી શક્તિ માણસની સેવામાં મળશે. એટલે એવી પ્રવૃત્તિને આશીર્વાદ તો આપ્યે જ છૂટકો. છતાં હૃદય કહે છે કે માણસજાત એ વાટે કાંઈક એવું ખોવાની છે, કે જેનું વળતર મોટામાં મોટી જાહોજલાલીથી પણ ન થઈ શકે. નીલ નદી માતા હતી, દેવી હતી. હવે એ લોકધાત્રી દાસી થવાની છે!

૨૬

નીલ મૈયાની છાયામાં

આપણા લોકોએ તેમ જ ગોરા લોકોએ ઉત્સાહપૂર્વક ખીલવેલાં શહેરોમાં જીંજાની ગણના થઈ શકે. આવડા મોટા સરોવરને કાંઠે હોવાથી એનો વેપાર જહાજ મારફતે કિસુમુ, મ્વાંઝા વગેરે સ્થાનો સાથે છે જ. એ ઉપરાંત ત્યાંની અનેકાનેક સંસ્થાઓને કારણે પણ જીંજાનું મહત્ત્વ વધ્યું છે. અહીં વીજળી થશે એટલે જીંજા આફ્રિકાનાં ઔદ્યોગિક શહેરોમાં અગ્રસ્થાન ભોગવે તો નવાઈ નહીં.

મને તો જીંજાની મહિલાઓએ ચલાવેલી સંસ્થા ખાસ જીવતી લાગી. બહેનો માટે જાતજાતના વર્ગો ત્યાં ચાલે છે પણ બીજી સંસ્થાઓમાં જેમ ઘણી બહેનો માત્ર પોતાનું નામ આપીને સંતોષ માને છે અને ભેત્રણ બહેનો જ કામ કરતી હોય છે એવું અહીં નથી. અહીંની શાળાઓના આચાર્યો પણ પોતાનાં કામો માટે ખાસ ઉત્સાહ ધરાવતા દેખાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસે અમે પાસેની એક ટેકરી ઉપર મિશનરીઓ તરફથી આફ્રિકનો માટે ચાલતી એક સંસ્થા જોવા ગયાં. રવિવાર હોવાથી ગોરા શિક્ષકો બધા ગેરહાજર હતા. આફ્રિકન વિદ્યાર્થીઓએ અમને બધાં મકાનો અને વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડો વગેરે બધું બતાવ્યું. મિશનરી સંસ્થાઓમાં બીજે હોય છે તેમ અહીં પણ વર્ગનાં મકાનોની ટાપટીપ સારી હતી પણ મને લાગ્યું કે ખાવાપીવાની બાબતમાં હીક હીક કંજૂસાઈ ચાલે છે.

એ જ દિવસે અમે શ્રી મૂળજીભાઈ સાથે એમની કકારા એસ્ટેટ અને ખાંડનું કારખાનું જોવા ગયાં. મધ્યયુગમાં જેમ કોઈ સરદારના ગઢની આસપાસ એના ગઢવીઓ અને જાતજાતના કારીગર આશ્રિતો રહેતા તેવા જ વાતાવરણવાળા આજકાલના કારખાનદારોનાં આ સ્થાન જોઈ મને એક રીતે ગમ્યું. એક નાનકડી ટેકરી ઉપર બાદશાહી બંગલામાં મૂળજીભાઈ પોતાનાં કુટુંબીઓ સાથે રહે છે. અને એ ટેકરીની દેખરેખ તળે એમનાં કારખાનાંઓ અને શેરડી, કૉફી, ચા વગેરેનાં ખેતરો દૂર દૂર સુધી પથરાયેલાં છે. ઠેકાણે ઠેકાણે મજૂરો માટે આફ્રિકન ઢબનાં ઝૂંપડાંઓ બાંધેલાં હોય અને ટેકરીની તળેટીમાં કારખાનાના અમલદારોના નાના-મોટા બંગલાઓ — આવા આખા દૃશ્યમાં માણસ માણસનો સંબંધ તૂટી ગયેલો નથી લાગતો.

અને છતાં મારે અહીં નોંધવું જોઈએ કે એક ભાન વગરના આફ્રિકન મજૂરે મૂળજીભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. મહા મુસીબતે તેઓ બચી શકયા. તપાસ કરતા જણાયું કે એ કાંઈ માલિક મજૂર વચ્ચેનો ઝઘડો ન હતો. પણ શરાબ પીને છકેલ માણસનો આંધળો હુમલો હતો. જ્યાં જીવન છે અને માણસનો સમાજ છે ત્યાં આવા અકસ્માતો હોવાના જ.

મૂળજીભાઈ એ મોટી રકમ ખરચીને આફ્રિકન લોકો માટે એક ખાસ કૉમર્સ કૉલેજ ખોલી છે. કંપાલાથી આવતાં રસ્તામાં એ કૉલેજનાં મકાનો બંધાતાં અમે જોયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોન્નથી ઠીક ઠીક દૂર ઇગાંગા કરીને એક ગામડું છે. ત્યાં આપણા લોકોની સારી સરખી વસ્તી છે. એ લોકોએ રાત્રે અમને ખાણું આપ્યું હતું. મોટર દ્વારા જંગલી પ્રદેશ વટાવી અમે નવેક વાગ્યે ઇગાંગા પહોંચ્યાં હઈશું. લોકોનો ઉત્સાહ ખૂબ હતો. ભોજન શુદ્ધ ગુજરાતી ઢબનું હતું, જોકે ખાવાનું ટેબલ ઉપર પીરસેલું હતું. આટલો સુધારો આપણે ત્યાં બધે જ થવો જોઈએ. જમતા પહેલાં મેં તપાસ કરી કે આમંત્રિત સજ્જનોમાં કોઈ આફ્રિકનો છે કે નહીં. કોઈને એ વસ્તુ સૂઝી ન હતી; જોકે ઘણે ઠેકાણે મારો એ આગ્રહ લોકોને કાને પહોંચ્યો હતો. આપણા લોકોએ કહ્યું કે કોઈ આફ્રિકન અમારી જોડે પંક્તિમાં બેસીને જમે એમાં અમને વાંધો નથી. પણ આટલી રાત્રે કોઈ આફ્રિકનને ક્યાંથી બોલાવીએ ?

મેં એટલું જ કહ્યું કે, "ત્યારે તો આપણે લાચાર છીએ. એટલે દરજ્જે આપણો મેળાપ વિરસ થયો."

ખાણું શરૂ થાય તેટલામાં તેઓ કોઈ આફ્રિકન શિક્ષકને તેડી લઈ આવ્યા અને એને સાથે જમવા બેસાડ્યો. જમણ પછી હું ગુજરાતીમાં બોલ્યો પણ અંતે બે ત્રણ આફ્રિકનો સમજી શકે એટલા માટે અંગ્રેજીમાં પણ બોલ્યો. ભાષણને અંતે પેલા આફ્રિકન શિક્ષકે કહ્યું કે, "મને કેળવણી આપનાર અંગ્રેજો હતા. મારા પર એમના ઘણા ઉપકાર છે. પણ તેઓ અમને પોતાની સાથે કોઈ કાળે જમવા બેસાડતા નહીં. અમને એ ઘણું સાલે છે. તમારા લોકો સાથે પણ અમે બહુ ભળી શકતા નથી. આજે આ પહેલો જ પ્રસંગ છે જ્યારે હું આમ સમાનભાવે જમવા બેઠો છું."

સમાનભાવે સાથે બેસી શકવાને કારણે એના મન પર જે અસર થઈ તેની મારા મન પર ઊંડી અસર થઈ. મને થયું કે આપણા લોકો ખોટી ધાર્મિક માન્યતાને વશ થઈને અતડાઈ કેળવે છે અને માણસાઈ ખોઈ બેસે છે. અને તેથી જ એમને આ દેશમાં અહીંના લોકો વચ્ચે પરદેશીની પેઠે રહેવું પડે છે. અંગ્રેજો રાજ્યકર્તા છે. ચામડીનું અભિમાન રાખે છે. પોતાની સભ્યતા શ્રેષ્ઠ છે એવું ગુમાન રાખે છે. એમનું અતડાપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદી જાતનું છે. આપણું સામાજિક અતડાપણું જુદું છે. એની પાછળ 'ધાર્મિક' લાગણી છે. અજાણ્યા લોકો પ્રત્યે દૂરભાવ છે અને ઉચ્ચનીચ ભાવ તો છે જ. એ દોષ જ્યાં સુધી આપણે દૂર કર્યો નથી ત્યાં સુધી પરદેશમાં આપણને કાયમનું સ્થાન નથી, અને સ્વદેશમાં પણ આપણે હવે પછી સુરક્ષિત નથી. માંસાહાર અને અન્નાહારના મોટા ફરકને કારણે ભોજનવ્યવહારમાં અમુક મુશ્કેલીઓ રહેવાની. પણ તે વટાવવાની શક્તિ આપણામાં હોવી જ જોઈએ. પણ તેવી વૃત્તિ જ આપણે કેળવતા નથી.

અંગ્રેજ લોકો આફ્રિકન લોકોના હાથનું ખાય છે પણ એમને સાથે બેસવા નથી દેતા. આપણે અત્યાર સુધી આફ્રિકનોના હાથનું ખાતા પણ નહીં. હવે એ સૂગ ઘણે ભાગે નીકળી ગઈ છે અને હિંદીઓનાં ઘણાં ઘરોમાં રસોઈ આફ્રિકનોના હાથે જ થાય છે. આખા પૂર્વ આફ્રિકામાં અનેક ઠેકાણે ખાધા પછી હું કહી શકું કે આફ્રિકન રસોઇયાઓ આપણે જેવી માગીએ તેવી રસોઈ તૈયાર કરી આપે છે. ગુજરાતની, મહારાષ્ટ્રની, તેમ જ કોંકણની પણ, જાતજાતની વાનીઓ તેઓ આપણા લોકો જેવી જ સરસ બનાવતાં શીખી ગયા છે.

આપણાં બાળકોને પણ આફ્રિકન નોકરો ખંતથી સાચવે છે. જ્યાં આપણા વેપારીઓએ એમના ઉપર વિશ્વાસ રાખ્યો છે ત્યાં તેઓએ દુકાન ચલાવવામાં પણ પોતાની યોગ્યતા સિદ્ધ કરી છે અને આપણા લોકોએ કોક કોક ઠેકાણે પગાર ઉપરાંત નફાના અમુક ટકા આપવાની શરતે પોતાની દુકાનની શાખાઓ અનુભવી આફ્રિકનોને સોંપી છે. આફ્રિકનોને સમાનભાવે આપણા કામમાં અને આપણાં ઘરમાં રાખીએ તો તેમાં આપણને લાભ તો છે જ. પણ મુખ્ય વસ્તુ એ છે કે તેમાં આપણો નૈતિક ઉદ્ધાર છે.

બગાંગાથી પાછા ફરતાં ઘણું મોડું થયું હતું પણ ત્રણ ખંડના સમન્વયનાં સુંદર સ્વપ્નાં મનમાં ઘોળાવા લાગ્યાં. ચાંદરણું પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામિયો ફેલાવતું હતું. એમાં જ અમે અમારી પ્રાર્થના વહેવડાવી દીધી અને રાત્રે બાર વાગ્યે આવીને સૂતાં. આફ્રિકાની કેટલીક સવારની અને સાંજની અમારી પ્રાર્થનાઓ એટલી તો ઊંડી અને ખુશબૂદાર થઈ છે કે આજે પણ તે યાદ આવે છે.

૨૭

ઇતિ અને અથ

શરૂઆતમાં ધારેલી પૂર્વ આફ્રિકાની મુસાફરી હવે પૂરી થવા આવી. જેમના આગ્રહથી હું પૂર્વ આફ્રિકાની યાત્રા કરી શક્યો તે શ્રી નાનજીભાઈ કાલીદાસનો ગઢ લુગાજી જોઈને, અને પાછા કંપાલામાં એમના જ સ્થાનની છેલ્લી મહેમાનગીરી ચાખીને આ યાત્રા પૂરી કરવી હતી. પણ સંકલ્પોનો સ્વભાવ જ સહેજ લંબાવાનો હોય છે. આપણે બજારમાં કોઈ ચીજ ખરીદીએ તો દુકાનદાર આપણને પૂરું તોલ આપ્યા પછી સહેજ વધારે આપવાનો જ. એમાં બન્નેને સંતોષ હોય છે. ત્રાજવાપરાયણ અંગ્રેજોએ પણ પાંઉરોટી માટે બારને ઠેકાણે તેર રોટીનું ડઝન કલ્પ્યું છે.

આફ્રિકાના અમારા બધા જ મેજબાનો કહેવા લાગ્યા કે, 'આટલે સુધી આવ્યા છો તો પૂર્વ આફ્રિકાનો પશ્ચિમ છેડો પૂરો કરી બેલ્જિયન કોંગોમાં ગણાતો રુઆન્ડા ઉરુંડીનો રળિયામણો પ્રદેશ કેમ ન જોતા જાઓ? એ પ્રદેશના નકશાઓ મેં જોયા જ હતા. બુન્યોની, કીવૂ જેવાં સરોવરો જોવાને મળશે. મરચાના આકારના સાંકડા અને લાંબા ટાંગાનિકા સરોવરના ઉત્તર છેડા સુધી જવાશે. સૂતેલા કે હોલવાઈ ગયેલા જ્વાળા-મુખીઓ દેખાશે. ગહન અરણ્યોમાં જોખમથી ભરેલી મુસાફરીઓ કરાશે, એની ઉત્સુકતા મનમાં હતી જ. માણસ કરતાં વધારે પ્રામાણિક એવાં જંગલી જાનવરોનાં દર્શન કરવા માટે લોકોએ અમને લલચાવ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે અમે અમારી પાસે વખતનું કેટલું બજેટ છે એનો હિસાબ કર્યો અને મિત્રોની સૂચનાનો સ્વીકાર કર્યો. પણ તેમ કરતાં અમારા મંડળના સભ્યોમાં ફેરફાર થયો. શ્રી અપ્પાસાહેબ પંત જીન્જા પહેલાં જ પાછા નૈરોબી ગયા હતા. હવે તાત્યા ઇનામદારે પાછા જવાનું નક્કી કર્યું. એમને ઠેકાણે સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીવાળા મોહનરાવ શહાણે અને એમનાં પત્ની યમૂતાઈ અમારી પાર્ટીમાં ભળ્યાં. શ્રી કમલનયન બજાજે પણ પોતાની પત્ની સાવિત્રીને અને બાળકોને નૈરોબી થઈને વિમાનમાર્ગે હિંદુસ્તાન જવા દીધાં. નાનજીભાઈના દીકરા ધીરુભાઈ પણ અમારી રજા લઈ યુરોપ જવાના હતા. એટલે ૩ અને ૪ જુલાઈ આ બે દિવસો અમારે માટે મિશ્ર ભાવનાના અને ઉત્કટ નીવડ્યા.

જીન્જાની વિદાય લેવા માટે અમે ખાસ બોવેન ફૉલ્સ સુધી ગયાં. શ્રી રામજીભાઈ લદ્ધા વગેરે મિત્રોએ ત્યાં અનેક ફોટાઓ લીધા. આપણા લોકોની કેળવણી વિષે અને આપણી સંસ્થાઓમાં આફ્રિકન બાળકોને ભળવા અને ભણવા દેવા વિષે ઘણી વાતો કરી અને અમે લુગાજી પહોંચ્યાં.

શ્રી ધીરુભાઈ અને આનંદજીભાઈ બે બંધી બૅસ્ટેટ અમને બતાવી. કકીરા અને લુગાજી વચ્ચે ઘણું સામ્ય છે. અહીં એક ઊંચી ટેકરી પર જૂનું અને નવું બેવાં બે રાજમહેલ જેવાં મકાનો છે. બે ટેકરીની તળેટીમાં બૅસ્ટેટના બાહોશ અમલદારો રહે છે. દૂર દૂર સુધી ખેતરો પથરાયેલાં છે. બે ખેતરોને છેડે આફ્રિકન મજૂરો રહે છે. અહીંનાં બાળકોના ભણતર માટે સારી વ્યવસ્થા છે. મજૂરો માટે હવાપાણીની વ્યવસ્થા પણ સંતોષકારી હતી. મજૂરોને ખાસ કયા કયા રોગો માટે દવા આપવી પડે છે ઇત્યાદિ કેટલાક મહત્ત્વના સવાલો અહીંના ડૉક્ટરોને મેં પૂછ્યા. બૅસ્ટેટની વ્યવસ્થામાં ફક્ત ગુજરાતીઓ જ છે બેમ નથી. અહીં થોડા પંજાબીઓ છે, મહારાષ્ટ્રીઓ છે, બંગાળીઓ અને મદ્રાસીઓ છે, અને અંગ્રેજો પણ છે.

દુઃખની વાત બેટલી જ છે કે આ ખેતરોમાંથી જેટલી ઊપજ પેદા કરી શકાય તેટલી કરવાની સગવડો અહીં નથી. અહીંની સરકાર બહારથી મજૂરોને આવવા દે નહીં, અને આફ્રિકન મજૂરો પૂરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યામાં મળે નહીં. નાનજીભાઈને આજે અહીં સાત હજાર મજૂરો જોઈએ છે. એને ઠેકાણે સરકાર એમને ચાર હજાર જ આપે છે. પરિણામે જેટલી શેરડી વવાય છે તેટલી પિલાતી પણ નથી. કેટલીક તો એતરોમાં જ સુકાઈ જાય છે!

૨૮

ભૂમધ્ય રેખા ઓળંગી

અમારી નવી અથવા વધારાની મુસાફરીનો પ્રારંભ કંપાલાથી થયો. અહીંના એક ગુજરાતી સાક્ષર વેપારીએ, એલ્જિયન કૉંગોનું જેમાં વર્ણન છે, એની પોતે લખેલી એક નવલકથા મને વાંચવા આપી. અને એની સાથે એક કીમતી કેમેરા પણ ભેટ આપ્યો. પોતે તે જ દિવસે જાપાન જવાના હતા. ડૉ. મૂળજીભાઈના બે મિત્રો શ્રી ખીમજીભાઈ અને વ્રજલાલ-ભાઈ શાહ અમારી સાથે આવવા તૈયાર થયા. આ બે ભાઈઓ વગર અમારી મુસાફરી સારી રીતે પૂરી ન જ થાત. એમની બાહોશી અને એમની નમ્રતા વચ્ચે જાણે હરીફાઈ ચાલતી હતી. પોતાની એક નવી સુંદર કાર લઈને તેઓ આવ્યા. અમારે હાથે એનું મુહૂર્ત કરતાં એમને આનંદ થતો હતો. મારે કહેવું જોઈએ કે એમની એ કારનો અમે પૂરેપૂરો ઉપયોગ કર્યો. શ્રી કમલનયને એ કાર એટલી બાહોશીથી ચલાવી કે હિંમત અને સાવચેતી બેનું યોગ્ય પ્રમાણ એના હાથમાં પૂરેપૂરું આવેલું જણાતું હતું.

અમારી મુસાફરી શરૂ થઈ એટલે હું ડાબી બાજુએ વિક્ટોરિયા સરોવરની અપેક્ષા રાખવા લાગ્યો. જરા જરા એ દેખાય, પોતાની પેઠે અમને પણ પ્રસન્ન કરે અને ફરી સંતાઈ જાય. પણ મેં ધાર્યું હતું તેટલું નજીક એ ન આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલે જ દિવસે અમે એક એવે ઠેકાણે પહોંચ્યાં કે જેનું મહત્ત્વ ત્યાંની ભૂમિને પણ ન હતું અને ત્યાંના લોકોને પણ ન હતું. પણ અમે બધાં ઉત્તેજિત થઈ ગયાં. કેમ કે અમે આપણી ધરતીમાતાની મધ્ય રેખા ઉપર પહોંચ્યાં હતાં. આપણો એક પગ ઉત્તર ગોળાર્ધમાં હોય અને બીજો પગ દક્ષિણ ગોળાર્ધમાં હોય એવે ઠેકાણે પહોંચવાથી કોણ ઉત્તેજિત ન થાય? રસ્તાને કિનારે અહીંની સરકારે એક થાંભલો ઊભો કરી એ હાથે બતાવ્યું છે કે ઉત્તર ગોળાર્ધ આ જમણી બાજુ છે અને દક્ષિણ ગોળાર્ધ આ ડાબી બાજુ. મને થયું કે એ જ થાંભલો જો રસ્તાની બીજી બાજુ પર ઊભો કર્યો હોત તો વધારે સારું થાત. દક્ષિણ ગોળાર્ધ તરફ જમણો હાથ આવી જાત. અમે એ થાંભલાની આસપાસ ગોઠવાયાં, જાણે મોટી બહાદુરી કરતાં હોઈએ અને એનો દસ્તાવેજ આપણી પાસે હોવો જોઈએ એ રીતે ત્યાં અમારા ફોટા લીધા અને આગળ જવું જ હતું એટલે એ સ્થાન અમે છોડ્યું.

બપોરે મસાકામાં જમી, થોડો આરામ કરી ફરી ત્યાંથી લગભગ એટલા જ માઈલ દોડી રાત્રે બ્બરારા પહોંચ્યાં. રાત્રે અમે એવી એક હોટેલમાં રહ્યાં કે જ્યાં ટેકરીની બાજુએ ઝાડો વચ્ચે આફ્રિકન ઘાટની ગોળ ઝૂંપડીઓ બાંધી હતી. આ ગોળ ઝૂંપડીઓમાં સગવડ હોય કે ન હોય, કાવ્ય તો છે જ. એવે ઠેકાણે એક રાત ગાળીને જેટલું આફ્રિકા અનુભવાય છે તેટલું યુરોપિયન ઢબના બંગલાઓમાં નથી અનુભવાતું. આ જ ઠેકાણે કોઈ એપેલેટ કોર્ટનો પડાવ તે દિવસે હોવાથી મસાકાના એક ગુજરાતી એડ્વોકેટ અહીં આવ્યા હતા તે અમને મળ્યા. એમણે આવતાંવેંત પોતાની ઓળખાણ આપી કે, "હું ભાદરણનો છું. વિદ્યાપીઠમાં તમારો વિદ્યાર્થી હતો. મારું નામ રાવજીભાઈ પટેલ." એમની સાથે ઘણી વાતો કરી. ખાસ કરીને અહીંના આફ્રિકન લોકો કેવા છે, તેમનામાં કઈ જાતના ગુનાઓ વધારે છે, તોફાની છે કે નહીં, કેટલે દરજ્જે વિશ્વાસપાત્ર છે, એમના વિવાહના નિયમો કેવા છે, વારસાહકની શી વ્યવસ્થા છે, વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંનો પ્રદેશ કંપાલા એન્ટેબે જેવાં શહેરોથી દૂર હોવાને કારણે પછાત ગણાય અને તેથી જ અહીં આફ્રિકાનું સાચું દર્શન થાય છે. બીજે દિવસે સવારે હોટેલમાં ગરમ પાણીએ નાહ્યાં — પાણી શું, લોઢાના કાટનો ઉકાળો બનાવ્યો હોય એવો એનો રંગ હતો. પણ મુસાફરીનો થાક ઉતારવા માટે ગરમ પાણીના ટબમાં લાંબા થઈને સૂવું એ એટલું બધું સુખકર અને હિતકર હોય છે કે જ્યાં સુધી પાણીનો એ રંગ આપણી ચામડીને ચોંટે નહીં ત્યાં સુધી એમાં નહાતાં જરાય સંકોચ થતો નથી!

હોટેલમાંથી ઊતરી બ્બરારાના લોકોને અમે મળ્યાં. વ્યાખ્યાનનો કર આપ્યા વગર તો જવાય જ કેમ? શીખોના ગુરુદ્વારા પાછળ સ્ત્રીપુરુષોની સભા ભેગી થઈ હતી. ત્યાં અમે ભાષણ કર્યું. શ્રી અપ્પાસાહેબ પાસે એટલું શીખ્યો હતો કે પ્રસ્તાવના ગમે તેમ કરાય પણ દરેક વ્યાખ્યાનમાં એક ને એક વિષય આવવો જોઈએ. સભામાં બહેનો આવતી ત્યારે અમુક સામાજિક રીતરિવાજો ઉપર હું વધારે ભાર દેતો. શીખ લોકો હોય ત્યારે એમને માટે અમુક વાતો મનમાં ખાસ ગોઠવેલી હોય જ. સારા સારા વિચારો લોકો આગળ રજૂ કરી વિવિધતા ખેડવાનો એ પ્રસંગ ન હતો. પણ આખા આફ્રિકામાં આપણા લોકોને, દૃષ્ટિપરિવર્તનનો અને જીવનપરિવર્તનનો એકનો એક સંદેશો દરેક ઠેકાણે સંભળાવી બધે એક જ ફેરફાર કરાવવાની વાત હતી. ગાંધીજીને નામે, સ્વતંત્ર હિંદુસ્તાનને નામે, આપણા લોકોના સ્વાર્થની દૃષ્ટિએ, અને માનવતાના કલ્યાણને અર્થે આપણે હવે પછી શું કરવું જોઈએ તે અમે સમજાવતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

કમ્પાલે

આફ્રિકાનાં અનેકાનેક સુંદર સ્થળોમાં પણ કમ્પાલે ખાસ તરી આવે એવું છે. મ્બરારાથી અમે જમીને નીકળ્યાં. નેવું માઈલની અનેક ચડ-ઊતરવાળી મુસાફરી પૂરી કરીને સાંજે પાંચ વાગ્યે અમે કમ્પાલે પહોંચ્યાં. રસ્તામાં દેખાવોની વિવિધતા હતી. પણ એ દર્શન-સમૃદ્ધિ વધી પડે છે ત્યારે ઘણાખરા અનુભવો છૂંદાઈ જાય છે. અને સળંગ ચિત્રો મનમાં ટકતાં નથી. અત્યારે એટલું યાદ આવે છે કે પહેલાં કોઈ કાળે નહીં જોયેલી એવી એક મોટી રાક્ષસી લોરી રસ્તાની બાજુ પર ઊંધી થઈ પડી હતી. એની તળે ત્રણ માણસો મરી ગયા હતા. અમે તો ફક્ત એ લોરી અને એની પાસે પંચકચાસ કરનારા પોલીસો જ જોઈ શકયાં. આવો અકસ્માત એનાથી થતા નુકસાન કરતાં પણ વધુ ભયાનક દેખાય છે અને દુનિમામાં આવા પણ અકસ્માતો થઈ શકે છે એનો પદાર્થપાઠ આપે છે. આજે વિચાર કરું છું ત્યારે લાગે છે કે એ ચાર દિવસ પછી જ અમે જ્વાળામુખીના લાવાના રેલાનું દર્શન કરવાનાં હતાં એની આ પૂર્વ-તૈયારી જ હતી.

અપ્પાસાહેબની ભલામણ પ્રમાણે કમ્પાલેની 'વ્હાઈટ હોર્સ ઈન' નામની હોટેલમાં અમે રહ્યાં. પહેલેથી તારો કરીને બધી વ્યવસ્થા કરી હતી. આ હોટેલમાં ઠંડા પાણી કરતાં ગરમ પાણીની સગવડ વધારે સહેલી હતી. થાક સાથે મારે મારા માથાના વાળનો ભાર પણ ઉતારવો હતો. કમ્પાલેના એક વાળંદને બોલાવી લઈ આવ્યા. એ ભાઈ ઝાંઝીબારથી અહીં આવીને વસેલા છે. ત્યાં તબિયત સારી ન રહી એટલે અહીં આવ્યા. અહીં એમનું ઠીક ચાલે છે. એમના જ ભાઈ અમને ઝાંઝીબાર મળ્યા હતા.

કમ્પાલેની ખાસ ખૂબી એની પ્રાકૃતિક સુંદરતામાં તો છે જ. ઊંચાઈ ૬,૪૦૦ ફૂટની હોઈ અહીંનાં હવાપાણી આરોગ્યવર્ધક છે એ પણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનના મહત્ત્વમાં ઉમેરો કરે છે. અને ત્રીજી વસ્તુ એ કે આફ્રિકાની બીજી મૂળવતની પ્રજાઓ કરતાં અહીંની પ્રજા વધારે મહેનતુ અને બાહોશ છે, એનો પરચો અહીંની દરેક ટેકરી આપે છે. જ્યાં અનાજ ઉગાડી શકાય એમ છે જ નહીં એમ આપણને લાગે ત્યાં પણ આ લોકોએ મહેનતપૂર્વક અન્ન ઉત્પન્ન કર્યું છે. આ લોકોએ પોતાની ભૂમિ ફસીને ખોરાક પૂરતી સ્વયંપૂર્ણતા મેળવી છે એટલું જ નહીં પણ આસપાસના લોકોને પણ તેઓ ખોરાક પૂરો પાડે છે.

સવારે અમારા બીજા સાથીઓ ઊઠે તે પહેલાં ચિ. સરોજ અને હું ફરવા નીકળ્યાં. આસપાસ બધે ધુમ્મસ હતું, અમને મીઠાં ગદ્યપદ્યો કરવામાં એને મજા આવતી હતી. તડકો આવવાનો વખત થયો એટલે ધુમ્મસ પાતળું થશે એવી અમે આશા રાખેલી પણ એ તો ગાઢું બનવા લાગ્યું. સામેની ટેકરીઓ દેખાય જ નહીં અને જ્યારે દેખાય ત્યારે જન્માંતરનું અસ્પષ્ટ સ્મરણ થતું હોય એવી દેખાય. પ્રત્યક્ષ છે કે કલ્પનાનું અનુમાન જ છે એવી શંકા ઉપજાવે. અંતે સૂર્યકિરણો વિજયી થયાં, ધુમ્મસ ધીમે ધીમે નીચે દબાઈને ખીણમાં સંતાઈ ગયું અને ઊંચી ઊંચી પ્રૌઢ ટેકરીઓ છતી થઈ!

નાસ્તા પછી જૂના અનુભવોની લહાણી શરૂ થઈ. પછી હાથ જોવાની રમત ચાલી. એ રમત કોણ જાણે કેમ દુનિયામાં બધે ફેલાઈ છે. જે લોકોને એ પર વિશ્વાસ નથી એવાઓને પણ હાથ બતાવવામાં રસ પડે છે અને જેમને એ વિદ્યાનું કશું જ્ઞાન નથી એવા લોકો પણ હાથ જોઈને ગમે તેવાં અનુમાનો કાઢી બેસાડે છે. હાથ જોનાર દરેક માણસમાં, પોતાનાં અનુમાનો અચોકસ ભાષામાં મૂકવાની કળા આવી જ જાય છે.

જમીને અમે અહીંનું પ્રખ્યાત અને રૂપાળું બુન્યોની સરોવર જોવા ગયાં. ત્યાં અમારે માટે એક સ્ટીમલૉંચની ગોઠવણ કરી રાખી હતી. પણ એ લૉંચ શરૂઆતથી જ રિસાઈ. પરિણામે અમે એક હોડી કરીને સરોવરમાં થોડુક ફર્યાં એટલે સ્ટીમલૉંચ શરમાઈ અને એણે ડાહ્યા થઈને ચાલવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા પાડી. થોડેક ગઈ અને ફરી અડિયલ ટટ્ટુની પેઠે એ થોભી ગઈ. અમારામાંના કેટલાક લોકો કંટાળ્યા અને હોડીમાં આવ્યા, બીજા લોકોએ પોતાની ધીરજની કસોટી કરી લેવાનું નક્કી કર્યું. એમને એનાં મીઠાં ફળ મળ્યાં. તેઓ ખૂબ દૂર સુધી સરોવિહાર કરી આવ્યા. અમે અમારી હોડી લઈને સરોવરમાં ખીલેલા નીલ સરોજની મુલાકાતે ઊપડ્યાં.

કમળોની સુંદરતા અસાધારણ હોય જ છે. હિંદુસ્તાનના કવિઓએ તમામ ફૂલોમાં એને અગ્રસ્થાન આપ્યું છે. કાદવમાંથી જન્મ લઈ, જીવનની બધી ઊંચાઈ પોતાની કરી, અલિપ્ત ભાવે પાણી ઉપર તરતું રહે અને એકનિષ્ઠાથી પ્રજ્ઞના પ્રાણરૂપી સૂર્ય ભગવાનનું મીટ માંડીને ધ્યાન કરે, એવા એ ફૂલને આપણા કવિઓએ આર્ય સંસ્કૃતિનું પ્રતીક બનાવ્યું એમાં આશ્ચર્ય શું ?

કમળોનો રાજા તો લાલ કમળ છે. એની પ્રસન્ન પ્રૌઢી, એનું નિર્વ્યાજ પ્રફુલ્લ વદન, એનું લાવણ્ય અને માર્દવ – બધું જ આહ્લાદક હોય છે. અને એની ઝીણી ભીની સુગંધ તો, શોધી કાઢ્યા પછી મોહ પમાડ્યા વગર રહેતી નથી.

ત્યાર પછી આવે છે પીળું કમળ. એનો સુવર્ણ વર્ણ ક્યારેક વાર આછો હોય છે, ક્યારેક વાર ઘેરો હોય છે. સુવર્ણના સૂચનથી જ એની શ્રીમંતાઈ સિદ્ધ થાય છે.

આ રંગોની શોભા ત્યાં સુધી જ ધ્યાન ખેંચે છે જ્યાં સુધી ખરેખરું મોટું સફેદ કમળ નજરે પડ્યું નથી. કોણ કહે છે કે સફેદ રંગ બિલકુલ સાદો હોય છે ? એની પ્રતિષ્ઠા સમજવા માટે બાકીના બધા રંગો ધરાઈને જોયેલા હોવા જોઈએ. બીજા રંગો ગમે તેટલા રૂપાળા અને આકર્ષક હોય તોપણ એ જોઈને અંતે થાક ચડે છે. પણ ધોળો રંગ તો શુચિ, શુભ, સનાતન અને સમૃદ્ધ હોય છે. ધોળાં કમળોની અંદર લાલ કમળ ઊગ્યું હોય તો તે વિશેષ શોભે છે. પણ લાલ કમળોમાં જ્યારે એક જ ધોળું કમળ માથું ઊંચું કરે છે ત્યારે એમ જ લાગે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકીનાં કમળો ઇહલોકનાં છે ને આ ધોળું સ્વર્ગલોકમાંથી ઊતરી આવ્યું છે.

આવાં આવાં કમળો આપણે ત્યાં અનેક તળાવો અને સરોવરોમાં જોવા મળે છે. નીલ કમળનું વર્ણન આપણે કવિતામાં જ સાંભળીએ છીએ તેથી એની સ્પષ્ટ કલ્પના હોતી નથી. નીલરંગ શાન્ત-સુભગ હોય છે એટલે એ કમળ સારું જ દેખાતું હશે એટલી કલ્પના આપણે કરી શકીએ છીએ. પણ જ્યારે ખરેખરું નીલ-કમળ નજરે પડે છે ત્યારે આપણી બધી કલ્પનાઓ ફીકી થઈ જાય છે અને આપણું હૃદય બોલી ઊઠે છે કે, ખરું કાવ્ય તો નીલ-કમળમાં જ છે. નીલ-કમળ જાણે પરીઓની સૃષ્ટિ છે. એની નાજુકાઈ, અને એની અપ્રમૂટ સૂચકતા બીજા કોઈ પણ કમળમાં કે ફૂલમાં નહીં આવે. શ્વેત કમળની પેઠે એ દૈવી નથી, લાલ કમળની પેઠે એ વૈભવનું સૂચન નથી કરતું. પીળા કમળની પેઠે એ પૂજા માટે આપણને નથી પ્રેરતું. પણ એ કહે છે કે, 'હું એક પરી છું અને તે પણ તમો-ગુણી કે રજોગુણી નહીં, શુદ્ધ સત્ત્વ-ગુણી અપ્સરા છું. મારું દર્શન, મારો સ્પર્શ, મારો સહવાસ સહજ ઉન્નતિકારી છે. મારી દુનિયામાં એક વાર પ્રવેશ કર્યા પછી તમે એને સહેજે ભૂલી ન શકો કેમ કે તમે એ દુનિયાના મહેમાન નથી રહેતા પણ એનો પૂરો અધિકાર તમને મળે છે, આપણા કવિઓ નીલોત્પલ ઉપર આટલા મોહિત થયા છે એ નિષ્કારણ નથી.

બુન્યોની જોવા અમે એક રસ્તે ગયાં અને બીજે રસ્તે પાછા આવ્યાં. બન્ને રસ્તા સુંદર હતા. સાંજે ત્યાંના એક અમલદાર મિસ્ટર રસેલ અમને મળવા આવ્યા. ઘણા સંસ્કારી લાગ્યા. એમની પાસેથી જાણ્યું કે સ્વાહિલી ભાષા પૂર્વ આફ્રિકામાં બધે ઠીક ઠીક સમજાય છે. સ્વાહિલી ભાષા સામે ઠેકઠેકાણે જે વિરોધ બોલાય છે તે કૃત્રિમ રીતે ફેલવાયેલો છે. શ્રી રસેલ પાસેથી અમે જાણ્યું કે જે બુન્યોની સરોવર અમે જોવા ગયાં હતાં તેની અંદર એક બેટ છે. તે બેટમાં કુષ્ઠ રોગીઓ માટે એક વસાહત કરી છે. કેટલાક મિશનરી લોકોએ કુષ્ઠસેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેખ લીધો છે. એમની સેવાની અસર ખાસ જોવા લાયક છે. એ અમલદાર જોડે મેં એક પ્રશ્ન છેડ્યો કે આફ્રિકન લોકોની સંસ્કૃતિએ અત્યારે છે એવું રૂપ કેમ પકડ્યું હશે? એને પણ એ વિષયમાં રસ હતો એટલે અમારી વાતો ખૂબ ચાલી.

કમ્પાલેના હિંદુ મંડળે અમારે માટે એક સભા ગોઠવી હતી. તેમાં આફ્રિકન લોકોની સંખ્યા સારી હતી એટલે એમને ઉદ્દેશીને હું વધારે વિસ્તારથી બોલ્યો. મારું અંગ્રેજી ભાષણ એક આફ્રિકન ભાઈ વાકચે-વાકચે ત્યાંની ભાષામાં સમજાવતા હતા. કેવળ ભાષાંતર કરવાને બદલે વિસ્તાર પણ કરતા હતા. એ લોકોની ભાષા જાણ્યા વગર પણ હું જોઈ શકયો કે એ મારા ભાવ બરોબર સમજતા હતા અને ખીલવીને લોકો આગળ મૂકતા હતા. સભાને અંતે થોડી પ્રશ્નોત્તરી થઈ. એ વાટે આફ્રિકન લોકોનું દૃષ્ટિબિંદુ સમજવાની મને સારી તક મળતી હોવાથી મારે માટે એનું મહત્ત્વ વધારે હતું. પ્રશ્નોની ઝડી ચાલી. એમાં એક જણે પ્રશ્ન પૂછ્યો તેનું અંગ્રેજી ભાષાંતર કરી મને સમજાવવાની અમારા દુભાષિયાએ ના પાડી. ઊલટું એણે સભામાં હાજર રહેલા ગોરા અમલદારને પૂછ્યું કે, 'આવો સવાલ મહેમાનો આગળ જવાબ માટે રજૂ કરાય?' અમલદારે કહ્યું, 'તમે મહેમાનોને જ પૂછી લો.' મેં આગ્રહ રાખ્યો કે, 'સવાલ ગમે તેવો હોય, મને જરૂર એનું અંગ્રેજી કરીને કહો. જવાબ આપનાર હું છું ને. મને પ્રસંગ સાચવતાં આવડે છે.' આટલી પ્રસ્તાવના પછી પ્રશ્ન આવ્યો:

"તમારા દેશના લોકો કોક કોક વાર અમારી છોકરીઓ સાથે પરણે છે, તો તમારી છોકરીઓ અમારી સાથે કેમ ન પરણે?" બીજો સવાલ એ હતો કે, "તમારા લોકો અમારી છોકરીઓને પરણે તો છે પણ એમનાં બાળકોને અપનાવતા નથી. પરિણામે એમની બહુ કફોડી સ્થિતિ થાય છે. એ પ્રશ્નને તમે તમારા દેશમાં કેમ ન લઈ જાઓ?"

મેં જોયું કે પ્રશ્ન પાછળ કડવાશ છે. પ્રશ્ન સાંભળીને સભાના હિંદી શ્રોતાઓએ ઉશ્કેરણી ન બતાવી એ જોઈ મને સંતોષ થયો. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાઈએ ત્યાં ને ત્યાં ઊભા થઈને કહ્યું કે, "કાકાસાહેબ, આ લોકોને તમે સમજાવો કે અમારી છોકરી આ લોકો સાથે પરણવાની ઇચ્છા કરે તો અમે વાંધો નહીં ઉઠાવીએ. જબરદસ્તીથી તો કોઈ કોઈને પરણાવી ન શકે ને?"

મેં કહ્યું કે, "ભિન્ન ભિન્ન વંશો વચ્ચે વિવાહ થાય એમાં મને તાત્ત્વિક વિરોધ નથી. પણ આ નાજુક સવાલ છે એટલે બન્ને બાજુએ આવા વિવાહોને હું ઉત્તેજન નહીં આપું. આ મહાખંડમાં આફ્રિકન, યુરોપિયન અને એશિયન ત્રણ વંશના લોકો એકત્ર આવ્યા છે. તેઓ એકબીજાને સમજતા થાય, સામાન્ય વહેવારમાં એકબીજામાં ભળતા થાય એટલું જ આજે હું માગું છું. આગળ જતાં પરિચયને પરિણામે આત્મીયતા પેદા થયા પછી આ સવાલ જુદી જ રીતે વિચારાશે.

"હવે ઇન્ડો-આફ્રિકન પ્રજા વિષે તમે જે સવાલ ઉઠાવ્યો છે તે વિષે હું એટલું જ કહીશ કે આફ્રિકન લોકો હિંદુસ્તાનમાં નથી જતા એમ નથી. થોડા થોડા ત્યાં ગયા છે. આજે પણ તમારા ત્રીસ ચાળીસ વિદ્યાર્થીઓ અમારી યુનિવર્સિટીઓમાં ભણે છે. એ લોકો જો અમારે ત્યાં પરણે અને સ્થાયી થાય તો એમની પ્રજાને અમે સાચવીશું. અહીંની પ્રજાને તમે અહીં સાચવો."

મારો જવાબ સાંભળીને આફ્રિકન શ્રોતાઓ પણ રાજી થયા અને આપણા દેશી ભાઈઓ પણ રાજી થયા. પણ મારું ભેજું જોરથી ચાલવા માંડ્યું. અંગ્રેજ લોકો અહીંના કાળા લોકો જોડે ભળતા નથી. રાજ્યકર્તા તરીકે રહી ન શકાય તો તેઓ અહીંથી ચાલ્યા જશે, અહીંના લોકો જોડે કેવળ પ્રજાજન તરીકે સમાનભાવે રહેવા તૈયાર નહીં થાય. એક આફ્રિકન સરદારે કોઈ ગોરી છોકરી જોડે લગ્ન કર્યાં એની, બન્ને તરફથી કેટલીય હોહા થઈ. અમેરિકામાં ગોરા લોકોએ નિગ્રો ગુલામ રાખ્યા. પાછળથી એમને સ્વતંત્ર કર્યા, પણ ત્યાં એ સવાલનો ઉકેલ હજી આવ્યો નથી. ગોરો બાપ અને કાળી માની પ્રજાનો સવાલ ત્યાં અણઉકલ્યો જ રહ્યો છે. આપણે

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પણ પ્રાચીન કાળથી એ સવાલ ઊભો છે. ભિન્ન જાતિના અને ભિન્ન વંશના લોકો અંદર અંદર પરણે એ અનિષ્ટ છે એમ આપણે જાહેર કરી જોયું. વર્ણસંકર સામે કડવામાં કડવી લાગણી પેદા કરી ઇહલોકમાં અપ્રતિષ્ઠા અને પરલોકમાં નરકની બીક બતાવી; છતાં આપણે લોકોને અલગ અલગ રાખી ન શકયા.

આપણે બીજો પ્રયોગ કર્યો. ભિન્ન જાતિ, ભિન્ન વર્ણ, ભિન્ન વર્ગ, અને ભિન્ન વંશ વચ્ચે વિવાહોને છૂટ આપી જોઈ. લાગણી સાચવવા માટે એમાં અનુલોમ પ્રતિલોમનો ભેદ દાખલ કર્યો. તમામ જાતિઓ ચાર વર્ણમાંથી જ પેદા થઈ છે એવી કલ્પના ઠોકી બેસાડવાનો પ્રયત્ન કર્યો. જેને અંગ્રેજીમાં 'લિગલ ફિક્શન' કહે છે તે બધા પ્રકાર કરી જોયા, છતાં આપણને ભિન્ન વંશ વચ્ચેના સંબંધનો શુદ્ધ ઉકેલ હજી જડ્યો નથી.

ઉચ્ચનીચ ભાવ અને સ્વ-પરભાવ માણસાઈના શુદ્ધ ખ્યાલના મારક છે. પણ એ બન્ને વૃત્તિઓ માણસના સ્વભાવમાં રહેલી જ છે. એ વૃત્તિઓ સ્વીકારી એમાંથી સમાજોપયોગી એવી કંઈક રચના ઊભી કરવાનો પણ આપણે પ્રયત્ન કર્યો. એનો ઇતિહાસ વાંચી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપુરુષ જનરલ સ્મટ્સ ખુશખુશ થઈ ગયા. પણ એ પ્રયોગ વાટે આપણે મનુષ્યજાતિનું કલ્યાણ સાધી ન શકયા.

જે મૂંઝવણ જાતિભેદ અને વંશભેદ પાછળ છે, તે જ મૂંઝવણો ધર્મભેદ પાછળ પણ છે.

એક જ દેશની અને એક જ ધર્મની પ્રજામાં આપણે એટલા બધા વાડા ઊભા કર્યા કે આપણું ભેજું વાડામય બની ગયું છે. શ્વાસ વગર વખતે જિવાય, પણ વાડા વગર જીવવું આપણે માટે કલ્પના બહારની વસ્તુ થઈ પડી છે.

એવા આપણે આફ્રિકામાં આવીને વસ્યા છીએ. એમાં પણ હિંદુ-મુસલમાનનો ભેદ છે. મુસલમાનોમાં પણ ત્રણ ચાર ન્યાતો છે. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો અહીંના લોકો સાથે ન ભળે તો મુશ્કેલી ઉત્પન્ન થવાની જ છે. પણ જે ભળ્યા પછી પેદા થયેલી મિશ્ર પ્રજાને આપણા લોકો અપનાવે નહીં તો એ બેજવાબદારી જ આપણને નરકે લઈ જાય એમ છે. આફ્રિકામાં વસેલા આપણા હિંદી લોકોના આગેવાનોએ માનવધર્મ ઓળખી, દીર્ઘ-દૃષ્ટિ વાપરી, આપણા લોકોને દોરવા જોઈએ.

૩૦

નવા મુલકમાં

હવે અમે આફ્રિકાના સુંદરમાં સુંદર પ્રદેશમાં પ્રવેશ કરવા ઉત્સુક થયાં હતાં. કમાલેના સુંદર અને આતિથ્યશીલ હોટેલમાં મજાથી નાહ્યાં, નાસ્તો કર્યો. હોટેલ ચલાવનાર ભલી બાઈ એ અમારા ટેબલ ઉપર બુન્યોની સરોવરનાં અમારાં જ નીલ-કમળો સુંદર ગોઠવ્યાં હતાં. એ પરીઓનું છેલ્લું દર્શન કરીને અમે ઊપડ્યાં. જમણી બાજુ ગઈ કાલનું બુન્યોની સરોવર પથરાયેલું હતું. સરોવરની ખરી શોભા કાં તો હોડીમાં બેસીને વિહાર કરતાં માણવી જોઈએ અથવા ટેકરી કે પહાડની ઊંચાઈ એથી એના ચળકતાં મોઢાનું દર્શન કરતાં પી જવી જોઈએ. કવિ વાલ્મીકિએ સરોવરના સ્વચ્છ જળને સજ્જનોના પારદર્શક, નિર્મળ ચારિત્ર્યની ઉપમા આપી છે. ચારિત્ર્યને ગંગાજળની ઉપમા આપનારા કવિઓ ઘણા છે પણ ઉપમાન અને ઉપમેય બન્નેની ફેરબદલી કરવાનું તો વાલ્મીકિ જેવા કવીશ્વરને જ સૂઝે. બુન્યોનીનાં પ્રસન્ન દર્શન કર્યાં પછી મનમાં વિચાર આવ્યો કે આ સરોવરનું વર્ણન કરનાર કોઈ વાલ્મીકિ કે બાણભટ્ટ ક્યારે પેદા થશે ?

આગળ જતાં ખેતીવાળી પ્રચંડ ટેકરીઓના ઘાટ પૂરા થયા અને ઊંચા ઊંચા પણ પાતળા એવા વાંસનું વિશાળ વન શરૂ થયું. બેળગાંવ અને બેળગુંદી એ મારા નાનપણનાં બન્ને સ્થાનોનું નામ બાંબુ એટલે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંસ પરથી જ પડયું છે. કન્નડ ભાષામાં બેળ એટલે વાંસ. છેક નાનપણથી કુવારા જેવા વાંસના 'બેટો' જોતો આવ્યો છું. વાંસના થાંભલા, વાંસની દીવાલો, વાંસનાં છાંપરાં, વાંસની સાદડીઓ, વાંસનાં વાસણો, વાંસનાં વાદ્યો અને ઓજારો, એટલું જ નહીં પણ વાંસનું શાક અને વાંસનું અથાણું! એવી સંસ્કૃતિમાં ઊછરેલો હું વાંસનાં જંગલો જોઈ ગાંડોતૂર થઈ ગયો હોઉં તો આશ્ચર્ય શું? બેલગામ, ધારવાર, કારવાર વગેરે અનેક ઠેકાણે વાંસનાં જંગલોમાં ફર્યો છું. જીવતા વાંસની દીવાલવાળાં ગામડાંઓની સુરક્ષિતતા મેં નિહાળી છે. પાતળામાં પાતળા અને જાડામાં જાડા વાંસનાં દર્શન છેક લંકામાં કર્યાં છે અને દોડતી ટ્રેનમાં કલાકો સુધી ન ખૂટનારા વેણુવનનો વિસ્તાર પૂર્વ બંગાળથી આસામ જતાં આવતાં મેં જોયો છે. એ બધાં સંસ્મરણોને તાજાં કરનારું આ વેણુ-વન કલ્પનાને કેટલું પૌષ્ટિક નીવડયું હશે એનો ખ્યાલ મારા જેવા આરણ્યકો જ કરી શકે.

બપોર થયા અને અમે કિસોલો અથવા કિસોરો પહોંચ્યાં. શ્રી મહેતાને ત્યાં જમીને અમે આગળ ચાલ્યાં. કંપાલાથી કમ્પાલે સુધી અમારો આખો રસ્તો દક્ષિણ-પશ્ચિમ તરફ જતો હતો. કમ્પાલેથી કિસોલો સુધી અમે લગભગ પશ્ચિમ તરફ જ જતાં હતાં. આવા પહાડી પ્રદેશમાં કોઈ પણ રસ્તો સીધો તો હોય જ નહીં. પણ કિસોલો કમ્પાલેની પશ્ચિમમાં છે એટલું જ કહેવાનો આશય છે. અમારા સાથીઓ ખીમજીભાઈ ને વ્રજલાલભાઈ કમ્પાલેમાં આરામ લેવાને બદલે સહેંગેરી ગયા હતા. તેઓ ત્યાંથી પાછા આવીને અમને અહીં મળ્યા. અમારા શરદ પંડયા પણ એમની સાથે જ ગયેલા. એમણે ત્યાંની સુંદરતાનું વર્ણન મોઢું ભરીને કર્યું. પણ રુઆન્ડા-ઉરુન્ડીની અમારી મુસાફરી એ રસ્તે પૂરી થતી હોવાથી ત્યાં પ્રત્યક્ષ જોયેલાનું જ યથાસ્થળે વર્ણન કરવું સારું.

હવે અમે બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા છોડીને બેલ્જિયન કોંગોમાં પ્રવેશ કર્યો. ખરું જોતાં બેલ્જિયન કોંગોમાં નહીં પણ બેલ્જિયન કોંગોને હસ્તક આવેલા રુઆન્ડા-ઉરુન્ડી પ્રદેશમાં પ્રવેશ કર્યો. છેલ્લાં મહાયુદ્ધને અંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુનો તરફથી યુરોપિયન રાષ્ટ્રોને જે મેન્ડેટેડ મુલકો મળ્યા છે તેમાં ટાંગાનિકા બ્રિટિશને ભાગે ગયું અને રુઆન્ડા-ઉરુન્ડી બેલ્જિયન કોંગોને મળ્યું. આટલા સુંદર પ્રદેશની મિરાત બેલ્જિયમને મળી એ માટે કોઈ પણ એ દેશની અદેખાઈ જ કરશે.

હવે પછી રાજ્ય અંગ્રેજોનું નથી પણ બેલ્જિયન લોકોનું છે અને નવા જ મુલકમાં આપણે પ્રવેશ કરીએ છીએ એના ત્રણ પુરાવા અમને અહીં તરત મળ્યા. અત્યાર સુધી મોટરો અને બીજાં વાહનો રસ્તાની ડાબી બાજુ ચલાવવાનો નિયમ હતો. હવે જમણી બાજુનો નિયમ શરૂ થયો. એ નિયમ જો દરેક ક્ષણે યાદ ન રાખ્યો હોય અને જૂની ટેવને અનુસરીને માણસ જાય તો ડગલે ને પગલે અકસ્માત જ થવાના. શ્રી કમલનયને વ્રજલાલભાઈને વિનંતી કરી કે, "તમારી મોટર હું ચલાવું પણ કૃપા કરીને તમે મારી પડખે બેસો અને દરેક પ્રસંગે મને ચેતવતા જાઓ કે મોટર જમણી બાજુએ ચલાવવાની છે."

બીજો પુરાવો તે માઈલને બદલે મિટરનું માપ શરૂ થયું. બે ગામ વચ્ચેનું અંતર કિલોમિટરમાં જ મળે. એક કિલોમિટર એટલે લગભગ પાંચ ફર્લાંગ.

આ પ્રદેશમાં અમે પ્રવેશ કર્યો અને અમારે અમારાં બધાં ઘડિયાળો એક કલાક પાછળ બસેડવાં પડ્યાં. અમે હવે આફ્રિકા ખંડના લગભગ મધ્ય સુધી પહોંચી ગયાં હતાં. આગળ જતાં જ્યારે નાણાંનો વહેવાર કરવો પડ્યો ત્યારે બબર પડી કે હવે શિલિંગનો વહેવાર નથી પણ ફ્રેન્કનો છે. અને ફ્રેન્કનો વહેવાર એટલે મોટી મોટી સંખ્યાનો હિસાબ. અહીંની સરકારે મોંઘવારી ઠીક ઠીક રહેવા દીધી છે. અને તેમાં વળી ફ્રેન્કની ગણતરી ! સો સો ફ્રેન્ક, બસો બસો ફ્રેન્કનો વહેવાર કરતાં 'આપણે કેટલા ઉડાઉ છીએ' એનો ખ્યાલ દરેક વખતે રહેતો.

જ્યાં સરહદ ઓળંગી હતી ત્યાં પણ અમને ગુજરાતી ભાઈઓ જ મળ્યા. બ્રિટિશ હદ પર છગનભાઈ શાહ કરીને એક કચ્છી ભાઈ કસ્ટમ્સ ઑફિસર હતા. એમણે મારું નામ સાંભળ્યું હતું. ખૂબ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતપૂર્વક એમણે અમને મોટરની પરમિટ વગેરે કઢાવવામાં મદદ કરી. એ ઉપરાંત એમણે પોતાની પાસેનો આ પ્રદેશનો એક સુંદર નકશો અમને વાપરવા આપ્યો. એથી અમને ઘણી ઘણી મદદ થઈ.

આ પ્રદેશમાં જ્યારે જ્યારે રસ્તાઓ જમણી કે ડાબી બાજુએ વળાંક લે છે ત્યારે ત્યારે રસ્તાની વચ્ચોવચ્ચ ખૂંટીઓ બેસાડી અથવા નાના નાના છોડ ઉગાડી રસ્તાના બે ભાગ પાડેલા હોય છે, જેથી સામસામે આવતી મોટરો ટક્કર ખાતી બચી જાય.

હવે ઠીક ઠીક દૂર સુધી એક સપાટ મેદાન આવ્યું. સવારથી ગોળમટોળ ટેકરીઓ દેખાતી હતી. ધીમે ધીમે એ ટેકરીઓ સુધી અમે પહોંચ્યાં. અમે એટલે ઊંચે પહોંચ્યાં કે એનું અભિમાન થવા લાગ્યું. આઠ કે સાડા આઠ હજાર ફૂટની ઊંચાઈએ મોટર લઈ ને દોડવું એ કાંઈ નાનીસૂની વાત છે! આટલી ઊંચાઈ તો પૂર્વ આફ્રિકાની મુસાફરી પૂરી કરી અમે જ્યારે ઈથિયોપિયાની રાજધાની એડિસઅબાબા ગયાં ત્યારે જ મળી હતી.

અભિમાન કર્યા પછી નીચે ઊતરવું પડે જ. 'ધિ ગ્રેટ રૅપ' નામે ઓળખાતી ખીણમાં થઈ ને અમે એટલાં ઝપાટાભેર ઊતર્યાં કે એને માટે અધઃપાત સિવાય બીજો શબ્દ ન જ વપરાય! યુદ્ધના દિવસોમાં કરેલી કમાણી, મંદીના દિવસો આવતાંવેંત કોઈ વેપારી ખોઈ બેસે તેવી અમારી સ્થિતિ થઈ.

હવે અમે ઉત્તરની દિશા પકડી અને રુટશુરૂ પહોંચ્યાં. પણ રુઈન્ડીના અભયારણ્ય તરફ જવાને અમે એટલાં ઉતાવળાં થયાં હતાં કે રુટશુરૂ ન થોભતાં આગળ જ ગયાં. અહીં અમે રુટશુરૂ નામની નદી ઓળંગી. એ નદી એડવર્ડ સરોવર અને ભુન્યોની સરોવર એ બેને સાંધે છે. અત્યાર સુધી અમે આંબોસેલી અને નૈરોબી એ બે જ અભયારણ્યો જોયાં હતાં. હુંગોરોંગોરો જતાં મનિયારાના ખારા સરોવરને કિનારે પણ અમે અસંખ્ય શ્વાપદો જોયાં હતાં. પણ રુઈન્ડીના જંગલમાં શ્વાપદોની જે સમૃદ્ધિ છે તે બીજે કયાં મળવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી? અભયારણ્યમાં પ્રવેશ કર્યો અને દિલ ઊંચાંનીચાં થવા લાગ્યાં. જમણી બાજુ જોતાં ડાબી બાજુનું કોઈ શ્વાપદ અણજોયું રહી જાય તો? અને ડાબી બાજુ જોઈએ તો જમણી બાજુ આપણને છેતરે તો?— એવી બીકને કારણે ક્ષણે ક્ષણે માથું ફેરવતાં અમે આગળ ચાલ્યાં. રસ્તામાં હાથીની લાદ દેખાઈ એટલે ખાતરી થઈ કે આસપાસ હાથીનું આગમન થયું હતું. પછી તો અમે લાદ સૂકી છે કે તાજી લીલી છે એની જ તપાસ કરવા લાગ્યાં.

રસ્તા પર જ્યાં ત્યાં ફ્રેંચમાં અને ક્યાંક વાર અંગ્રેજીમાં ત્યાં નોટિસો હતી કે મોટરમાંથી બહાર નીકળવું જોખમભરેલું છે. પણ જ્યારે રસ્તાની જમણી બાજુ અમે ગરમ પાણીનાં ઝરણાં ઊકળતાં અને ફુત્કાર કરતાં જોયાં ત્યારે અમારાથી અંદર કેમ રહેવાય? ઝરણાં નાનાં મોટાં અનેક હતાં. ગંધાતાં હતાં. થોડોક વખત એની વચ્ચે ફરતાં વરાળવાળી હવા ભેજ સુધી પહોંચી અસ્વસ્થ કરતી હતી. મેં એક ઠેકાણે જોયું કે ઊકળતું ગરમ પાણી ભેગું થયું છે પણ એની નીચે લીલ બાઝી હોય એવો લીલો રંગ દેખાતો હતો. લાકડીનો છેડો પાણીમાં નાખી એ લીલ બહાર કાઢી જોવાનું મન થયું, એટલામાં કોઈ સાથીએ બીજે જ ધ્યાન ખેંચ્યું અને એ વાત રહી ગઈ.

આસપાસ જોતાં ખાતરી થઈ કે આ ભાગ એક ફાટ (રિફ્ટ)નો જ અવશેષ છે. અમે મોટરમાં બેસતાં હતાં એટલામાં અમારી પાછળની મોટરવાળા મોટર દોડાવતા આવી પહોંચ્યા. એમણે કહ્યું કે, 'અમે એક હાથી દૂર જોયો. અમારા તરફ ધસી આવશે એમ લાગવાથી અમે દોટ મૂકી છે. તમે પણ અહીં વધારે વખત થોભશો નહીં.' અમે ઊપડ્યાં જ હતાં. ખરું જોતાં અહીંના હાથીઓ માણસ પાછળ દૂર સુધી ધસી આવ્યા હોય એવો દાખલો હજી બન્યો નથી. નજીક જઈને છંડીએ, અથવા માણસની ગંધ એમને અસહ્ય થાય ત્યારે જ તે હુમલો કરે છે.

સાંજ થવા આવી અને અમે એલ્બર્ટ પાર્કના રુઈન્ડી કેમ્પમાં પહોંચી ગયાં. પથરાની ઊંચી દીવાલથી ઘેરાયેલી આ જગામાં એક હોટેલ અને બાર-પંદર ગોળ ગોળ ઝૂંપડીઓ હતી. દરેકમાં ખાટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેની સગવડ હતી. વીજળીનો ડામનેમો અમુક વાગ્યા સુધી જ ચાલતો. ઝૂંપડીની શેરી વચ્ચે થોરનાં ઝાડની હાર સુંદર રીતે ગોઠવેલી હતી. કૅમ્પના બે ત્રણ છેડા ઉપર હાથીના મોઢાનાં હાડકાં ગોઠવ્યાં હતાં. વરંડા પરથી દૂરના ખીડમાં બે ત્રણ જંગલી ભેંસો ચરતી દેખાઈ. અહીંની ભાષામાં એને ભોગો કહે છે. અહીંના જંગલમાં વસનારા લોકો અને શિકારીઓ જંગલી ભેંસથી જેટલા ડરે છે તેટલા તો હાથી અને સિંહથી પણ ડરતા નથી — અક્કલ ઓછી અને કીનો અનહદ.

રાત્રે મોટરો લઈને જંગલમાં ફરી આવવાનો અમારો વિચાર હતો. અંબોસેલીમાં તેમ જ નૈરોબીમાં અમે નિશાચર થવાનો આનંદ અનુભવ્યો હતો. પણ અમને કહેવામાં આવ્યું કે, 'રાત્રે તો શું, સવારે આઠ વાગ્યા સુધી કૅમ્પ બહાર જવાની તમને રજા નથી.'

આટલી નિરાશા થયા પછી ખાવાપીવાનું અને નિરાંતે સૂવાનું જ સૂઝે ને?

૩૧

ભોગો અને કિબોકોનું અભયારણ્ય

દરેક દિવસ ચોવીસ કલાકનો જ હોય છે. છતાં બધા દિવસો સરખા નથી હોતા. એ ચોવીસ કલાકમાં કેટલા અને કેવા અનુભવો મવડાવાય છે તે પરથી એ દિવસ નાનો કે મોટો એ નક્કી થાય છે. આફ્રિકાની આખી મુસાફરીમાં જંગલનાં જનવરો જોવાના દિવસો પાંચ છ જ હશે. એ જનવરોના કોઈ સવાલનો ઉકેલ આણવા માટે અમે ત્યાં ગયાં ન હતાં. અમારાં જોવાંથી એ વન્ય પ્રાણીઓને લાભ-હાનિ કશું જ ન હતું. એમને માટે થોડી હેરાનગત ગણાય પણ એ અનુભવ એમને હમેશનો હતો. અમે જો માંસાહારી હોત, શિકારના શોખીન હોત અથવા સ્થાનિક ખેતીવાડીના રક્ષણની જવાબદારી અમારે માથે હોત તો આ જનવરો, એમનો સ્વભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જીવનક્રમ જાણીને અમને કંઈક વહેવારુ લાભ થાત. અમારે માટે એમાંનું કશું કારણ ન હતું છતાં આટલે દૂર આવીને પૈસા, વખત અને લાગવગ વાપરીને અમે આ શ્વાપદોનાં અને એમના રહેઠાણનાં દર્શન માટે ઉત્સુક થયાં હતાં. અને માનતાં હતાં કે આ રીતે અમારી જીવનાનુભૂતિમાં કીમતી ઉમેરો થવાનો છે. આ ઉત્કંઠામાં જીવનું જોખમ પણ પોતાનો ભાગ ભજવતું હતું. જોકે હજારો લોકોનો અનુભવ જોતાં એ જોખમને કશું જ મહત્ત્વ ન અપાય. જહાજની કે એરોપ્લેનની મુસાફરીમાં જોખમ કયાં નથી હોતું? અને જે પ્રદેશમાં કોક કોક વાર ભૂકંપ થામ છે અથવા જ્વાળામુખી ફાટી નીકળે છે ત્યાં પણ ગમે ત્યારે જોખમ ઉત્પન્ન થઈ શકે છે. અવારનવાર એના દાખલાઓ પણ નથી બનતા એમ નથી અને છતાં આપણે એ જોખમને હિસાબમાં લેતા નથી. અહીંનું પણ એમ જ ગણામ.

આઠમી જુલાઈનો દિવસ ઊગ્યો. અમારી મોટર-યાત્રા શરૂ થવાને વાર હતી. સાડા છ પોણા સાત થયા હશે. પૂર્વ દિશાની લાલિમા એટલી આકર્ષક હતી કે કૅમ્પમાં બેસી રહેવું અશક્ય થઈ પડયું. મેં સરોજને કહ્યું, "ચાલ આપણે કૅમ્પ બહાર જરા ફરી આવીએ. હમણાં સૂર્યોદય થશે." મારું વાકય પૂરું પણ ન થયું અને દૂર ક્ષિતિજ ઉપર રક્ત સૂર્યનું ચળકતું બિંબ પ્રગટ થવા માંડયું. પૂર્વ ૮૦° રેખાંશની આસપાસ રહેનારાં અમે આજે પૂર્વ ૩૦ રેખાંશની આસપાસ ઊભાં રહીને સૂર્યનું દર્શન કરતાં હતાં! વીસથી ચોવીસ ઉત્તર અક્ષાંશથી ટેવાયેલાં અમે ભૂમધ્ય રેષાની દક્ષિણે પહોંચ્યાં હતાં એ વસ્તુનું ભાન જ એ સૂર્યોદયને વધારે કીમતી અને વધારે દુર્લભ બનાવતું હતું. એ સૂર્યદર્શનથી ઉત્તેજિત થઈને હું ઉતાવળે પગલે આગળ ચાલવા લાગ્યો. મારી આવી ઉત્તેજના પ્રત્યે સરોજનો હમેશાં સહકાર જ હોય છે. એનામાં પણ નિસર્ગની સુંદરતા તેમ જ ભવ્યતાનું આકર્ષણ ઓછું નથી. પણ અમે કૅમ્પથી દૂર જઈએ છીએ એ તરફ એનું ધ્યાન ગયું. મારો ઉત્સાહ મોળો પાડયા વગર એને મારું ધ્યાન ખેંચવું હતું કે આપણે સલામતીના ક્ષેત્રથી બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈએ છીએ. એણે હસતાં હસતાં મને પૂછ્યું, "Have you an immediate appointment with lions?"–"અત્યારે સિંહો જોડે કોઈ અગત્યની મુલાકાત ગોઠવાઈ છે કે શું?"

હું હસી પડ્યો અને થોભીને આગળ જોવા લાગ્યો. તો શું — ચાર અલમસ્ત ભેંગો (વનમહિષ) અમારી મુલાકાતે હાજર! અમે કુતૂહલથી અને કંઈક આશ્ચર્યથી એમના તરફ જોવા લાગ્યા. એમનું પણ ધ્યાન અમારી તરફ ગયું. પોતાના રૂપાળા કાન અમારા તરફ ફેરવીને તેઓ અમારા જેટલા જ કુતૂહલ અને આશ્ચર્યથી અમને જોવા લાગ્યા. પહેલી ક્ષણે અમારી પેઠે તેઓ પણ અંદાજવા લાગ્યા કે સામા પક્ષનો મનસૂબો શો છે. આ એક ક્ષણમાં જ યુદ્ધ કે સંધિ એનો નિર્ણય થઈ જાય છે. અમે અમારી નજર બિલકુલ અક્ષુબ્ધ, અહિંસક અને મિત્રાચારીભરી રાખી. એમણે પણ પોતાના મોઢા પરની ગભરામણ ઉતારી નાખી. પછી તો કેવળ ઉભયપક્ષે દર્શનાનંદ જ રહ્યો. એમના મનમાં કેવા વ્યાપાર ચાલતા હશે, આપણે શું જાણીએ? ધરાઈને જોયા પછી એમણે ફરી ચરવા તરફ મન વાળ્યું અને અમે પાછાં કેમ્પ તરફ વળ્યાં. ડગોરેંગોરો જતાં રાત્રે એક ભેંગો નજીકથી જોયો હતો. પણ તે વખતે મોટરના દીવાની મદદથી જેટલું દેખાયું તેટલું ખરું. અત્યારે તો સૂર્યભગવાન આખા પ્રદેશને પ્રજ્વલિત કરતા હતા અને અમને કહેતા હતા, પશ્યાદ્ય સચરાચરમ્ અને ખરેખર તે દિવસે અમે બહુનિ અદૃષ્ટ પૂર્વાણિ આશ્ચર્યાણિ સૂર્ય ભગવાનની કૃપાથી જોઈ લીધાં.

આટલા શુભ શુકનથી અમારો દિવસ શરૂ થયો. એક એક મોટરમાં એક એક અસકારી (સિપાઈ)ને લઈ ને અમે ઊપડ્યાં. આજે કેટલું ફરાશે એનો હિસાબ નહીં હોવાથી અમારી મોટરોને અમે એમનું પીણું આકંઠ પિવડાવ્યું હતું. ઘણો વખત અમારે એમ ને એમ જ ફરવું પડ્યું. પછી દૂર એક જનવર દેખાયું. પાછળના ભાગ પરથી ખાતરી થતી ન હતી કે એ હાથી છે કે ગેંડો? અહીંની ભાષામાં કહીએ તો ટેંબો કે ફારુ? અમે થોડાંક આગળ નીકળ્યાં ત્યારે જોયું કે એ બેમાંથી એકે ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હતો કિબોકો (હિપ્પોપોટેમસ). ગેંડો (કારુ) ત્યાર પછી દેખાયો. ત્યાર પછી ઠેકઠેકાણે અનેક જનવરો દેખાયાં. એક હાથી ઘાસ ઉખેડી એનાં મૂળિયાંની માટી પોતાના માથા ઉપર ખંખેરી લેવામાં આનંદ માનતો હતો. વખતે માખોને હાંકી કાઢતો હશે. ત્યાર પછી એક જાતનાં ભૂંડ દેખાયાં. એના બે બાજુના બહાર આવેલા દાંત સીધા આવવાને બદલે કૌંસ જેવા બિલકુલ વાંકા હતા.

નૈરોબીના અભયારણ્યમાં હિપ્પો બહુ ઓછા છે. એક જ ઠેકાણે પાણીમાં આળોટતા એક હિપ્પોનું મોઢું અને એના ગુલાબી કાન મેં જોયા હતા તેથી 'હિપ્પો ક્યારે જોવાશે—ક્યારે જોવાશે' એમ લાગતું હતું. અહીંના અભયારણ્યમાં એટલા બધા હિપ્પો જોવાને મળ્યા કે અમારા કુતૂહલમાં એમનો ભાવ એકદમ ઘટી ગયો. પણ એ ફરી વધ્યો — જ્યારે અમે આ અભયારણ્યના એકદમ છેડે પહોંચી ગયાં અને ત્યાંની નદીમાં સંખ્યાબંધ હિપ્પો જળક્રીડા કરતા જોવા મળ્યા ત્યારે.

આ જનવર પણ મનમાં આવે ત્યારે ગાંડો હુમલો કરે છે તેથી એમનાથી બીને જ ચાલવું પડે છે. આ લોકોને નજીકથી જોવા માટે અમારે અમારી મોટરોમાંથી ઊતરી નદીના કાંઠા સુધી પહોંચતાં ઠીક ઠીક ચાલવું પડ્યું અને તે પણ ઊંચેથી નીચે ઊતરવાનું હતું. હિપ્પો હુમલો કરે તો મોટર સુધી સલામતપણે દોડાય કે નહીં એનો હિસાબ ક્ષણે ક્ષણે કરવો પડતો. મેં સરોજને કહ્યું, "તું ઉપરથી જ જોજે. અમને નીચે જવા દે." પણ કમલનયને મારો એ વિચાર ફેરવ્યો. એણે કહ્યું, 'આપણે આવે ઠેકાણે જિંદગીમાં એક જ વાર આવવાના. થોડું કે જોખમ ખેડીએ અને સરોજબહેનને સાથે લઈ જઈએ.' હિંમત કર્યાં સુધી કરાય, જોખમ કેટલી હદે ખેડાય એ બાબતમાં કમલનયનની દૃષ્ટિ વિષે મને વિશ્વાસ હોવાથી એની વાત મેં ઝટ સ્વીકારી અને સરોજને સાથે લીધી. અમારી બાજુના હિપ્પો પાણીમાં લગભગ સૂઈ ગયા હતા. એકાદ હિપ્પોને પડખું ફેરવવાનું કે સ્થાનાંતર કરવાનું મન થાય તો બાકીનાને એ ગમતું ન હતું. તેઓ એને જરાય મદદ કરતા નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીના સામા કાંઠા તરફ જે હિપ્પો પાણીમાં આળોટતા હતા તે ઘણાખરા ઉત્પાતિયા હતા. એમની ક્રીડા જોવાનું જ વધારે મજાનું હતું. સામા કાંઠાના ઊંચા ઝાડ ઉપર એક ધોળું પક્ષી હતું તે પણ અમારી પેઠે જ તટસ્થ ભાવે એ ક્રીડા જોતું હતું, અને માણતું હતું.

અમે અસકારીને કહી રાખ્યું હતું કે આકીનાં જનવર ગમે તેટલાં દેખાશે, અમારે. આફ્રિકાનો સારો સરખો સિંહ જોવો છે. અને એ પણ સિંહણ નહીં પણ યાળવાળો મોટો સિંઓ. અમારી આ ખ્વાહિશ સાંભળ્યા પછી અસકારીઓની તીણી નજરો બધે ફરવા લાગી. અમુક ઠેકાણે અમે પહોંચ્યાં અને બન્ને અસકારીઓ ગરજી ઊઠ્યા, 'સિંઆ, સિંઆ, સિંઆ.' દૂર, દૂર – એ ત્રણ ફર્લાંગ દૂર, ઝાડી વચ્ચેની એક ખુલ્લી જગા તરફ એમણે આંગળી ચીંધી. પહેલાં તો કશું દેખાયું નહીં. પણ પેલા લોકો ખાતરીથી કહે કે ત્યાં મોટો સિંહ છે જ. ધીમે ધીમે ઘાસમાં માટીના ઢગલા જેવું કાંઈક દેખાયું. એક ટપકા કરતાં વધારે મોટું ન હતું. અમે બાયનોકયુલરથી જોવા લાગ્યાં. એટલામાં શંકા ગઈ કે એ ટપકું માથું હલાવે છે. પછી તો છાતી ઊંચી કાઢીને બેઠેલા સિંહની આખી ભવ્ય આકૃતિ વરતાઈ ગઈ. એ વચમાં વચમાં માથું ફેરવીને જોતો હતો. મોટર લઈને એ બાજુ જવાય એમ હતું જ નહીં. એટલે આટલે દૂરથી એ વનરાજને જોઈને સંતોષ માનવો પડ્યો. એને ધરાઈને જોયા પછી અમે બીજે જોવા લાગ્યાં. એટલામાં બાયનોકયુલરથી તાકીને જોનાર શરદ પંડ્યાએ જાહેર કર્યું કે, સિંહ ઊઠ્યો છે, હવે ચાલવા માંડ્યો છે. મેં તરત મારું બાયનોકયુલર ચઢાવ્યું. શી શોભા અને શાન હતી એ સિંહના ચાલવામાં!

વાંદરાઓ, હરણો, હરણગાયો, જાતજાતનાં પ્રાણીઓ જોતાં જોતાં અમે આખું અભયારણ્ય ફરી વળ્યાં. ખરી શોભા તો હાથીઓની જ. અનેક ઠેકાણે અમે અનેક જંગલી હાથીઓ જોયા. અને બધી રીતે ધરાયા પછી પાછાં ફર્યાં. થોરનાં ઝાડોની શોભા આ અરણ્યની ખાસિયતમાં ઉમેરો કરતી હતી. જલદી પાછાં જવા માટે અમે વચલી દિશા લીધી —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તો લીધો એમ કહેવામ જ કેમ? અમારા પહેલાં ગયેલી કોઈ મોટરના ચીલાને રસ્તો કહીએ તો રસ્તો હતો ખરો. અમારી મોટર આગળ હતી, સાવચેતી અને ઉતાવળ વચ્ચે રસ્તો કાપતી હતી. એટલામાં સામે ડાબી બાજુથી રસ્તો ઓળંગતું વનમહિષનું – ભોગોનું – એક ટોળું દેખાયું. દોઢસો બસો જરૂર હશે. અમે એકદમ થોભી ગયાં. થીજી ગયાં એમ પણ કહેવાય. આ લોકો જો ધારે તો એક ક્ષણમાં અમારી બન્ને મોટરોનો ચૂરો કરી નાખે. એમનું વલણ પણ દોસ્તાના લાગતું ન હતું. મેં કમલનયનને કહ્યું, "કટોકટીનો પ્રસંગ છે. હૉર્ન તો વગાડાય જ નહીં. એ ધણમાં નાનાં મોટાં એમનાં બચ્ચાં છે. બચ્ચાં જોખમમાં છે એવી એમને જરા પણ શંકા આવે તો આખું ધણ આપણા ઉપર ધસી જ આવવાનું. અમારી પાછળની મોટર પણ નજીક આવી પહોંચી હતી. એને થોભી જવાનો અમે ઇસારો કર્યો. તેઓ પણ સમજી ગયા કે હવે થોભ્યે જ છૂટકો! એ વખતની દરેક ક્ષણ કેટલી બધી લાંબી હતી!

અમને નિશ્ચળ જોઈ મોટા મોટા ભોગોએ રસ્તા ઉપર પોતાની હાર ઊભી કરી. શિંગડાંવાળી એ ફોજ જોઈ મોટા સિંહના પણ હાંજા ગગડી જાય. એ ગોઠવેલી હાર પાછળથી બીજા બધા ભોગો અને એમનાં બચ્ચાં રસ્તો ઓળંગી જમણી બાજુ દૂર સુધી પહોંચી ગયાં એટલે રક્ષક વીરોની હાર જરા ઢીલી થઈ. એ લોકો પણ રસ્તો છોડીને જમણી બાજુ પહોંચી ગયાં. રસ્તાની ડાબી બાજુએ એક પણ પ્રાણી રહ્યું નથી એની અમને જ્યારે ખાતરી થઈ ત્યારે જ અમે આગળ વધ્યાં અને તરત એવી તો દોટ મૂકી કે એ આખું ટોળું અમારી પાછળ પડત તોય અમને પહોંચી ન વળત.

આવે વખતે રસ્તામાં કોઈ ખાડો ન આવ્યો, એન્જિન ન ખોટકયું અથવા સામેથી કોઈ હાથી ન આવ્યો એ ઈશ્વરની ઓછી કૃપા ન હતી. ખરેખર આજે અમે વન્ય શ્વાપદો જોઈ ધરાયાં હતાં. પશુઓ કેવી પરિસ્થિતિમાં રહે છે, જોખમ વિષે પોતે કેટલાં બેદરકાર રહે છે અને ખાવાની તેમ જ જીવવાની મુશ્કેલી વચ્ચે જીવનનો આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ માણે છે એ જોઈને ખરેખર જ અમારી જીવનાનુભૂતિમાં એક અપૂર્વ ઉમેરો થયો હતો. આટલાં બધાં પ્રાણીઓ કોઈ પણ નિયમ વગર, રાજ્ય કે સંરક્ષક દળ વગર અહીં રહે છે, વધે છે, ઘટે છે; અને કુદરતની યોજના પાર પાડે છે. નથી એમની પાસે કોઈ ઇતિહાસ, નથી કોઈ પરંપરાનું સ્મૃતિશાસ્ત્ર. કુદરત જેવી પ્રેરણા આપે અને સગવડ કે અગવડ ઊભી કરે એને વશ થાય છે. કુદરતથી નોખો ક્રમ ઉપજાવી કાઢવાની એમને અક્કળખા નથી. જીવવા વિષે એમને વિષાદ કે થાક કે નિર્વેદ નથી. આ શ્વાપદોનું કોઈ કમિશન માણસજાત વિષેના પોતાના અભિપ્રાયો ભેગા કરી ને નોંધી રાખે તો એમાં આપણે વિષે શું શું આવે?

અનુભવનાં ભારેમાં ભારે ઝૂમખાં ઊંચકી લઈને અમે એલ્બર્ટ નેશનલ પાર્કથી પાછાં ફર્યાં. રુઈન્ડી અને રુટશુરૂ બન્ને નદીઓ પાછી ઓળંગી. એડવર્ડ સરોવર દેખાયું નહીં એનો ખરખરો કર્યો. આસપાસના પહાડોને પુનરાગમનાય કહીને નમસ્કાર કર્યા. નાની 'રિફ્ટ' વટાવી દીધી. ગંધકના ઝરણાને 'કેમ છો?' કરીને પૂછ્યું અને જોતજોતામાં રુટશુરૂ ગામ સુધી આવી પહોંચ્યાં. અહીંથી અમારે તિલોત્તમા કે ઉર્વશી સમા કીવૂ સરોવર તરફ જવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

કીવૂસરની અડધી પ્રદક્ષિણા

હવે પછીનો પ્રવાસ એટલે ખરેખર એક સુંદર સરોવરની અવળી પ્રદક્ષિણા હતી. એને માટે અમે પ્રથમ રુટશુરૂથી ગોમા ગયાં. ત્યાં કીવૂ સરોવરનાં પ્રથમ દર્શન થયાં. ગોમા પાસે જ કિસેની નામનું એક નાનકડું સુંદર સ્થાન કીવૂને ધાવે છે. ત્યાં એક દિવસ આનંદ કરી અમે અમારી અવળી પ્રદક્ષિણા કરવા પાછાં ગોમા આવ્યાં અને સરોવરની જમણી બાજુ આખી પૂરી કરી કાલેહે થઈને કૉસ્ટરમન-વીલ સુધી ગયાં અને ત્યાંથી રુઝીઝી નદીની આખી જમણી બાજુ થઈને ટાંગાનિકા સરોવર સુધી પહોંચ્યાં. જેમ કીવૂને કિનારે કિસેની છે તેમ જ ટાંગાનિકાને કિનારે ઉસુંમરા છે. ત્યાં એક દિવસ રહી અમે પાછાં ફર્યાં અને ફરી ઉત્તરની દિશા લઈ કીવ સરોવરને ડાબી બાજુ રાખી, નવા નવા સુંદર પ્રદેશોમાંથી કુદરતનું અદ્‌ભુત દર્શન કરતાં કમાલે પાછાં ફર્યાં. આ રીતે અમારી વિશાળ પરક્રમા પૂરી થઈ.

રુટશુરૂથી ગોમા સુધીનો રસ્તો ઘણો જ રળિયામણો હતો. વનશ્રી એટલી ગીચ હતી કે એમાંથી રસ્તો કેમ તૈયાર કર્યો હશે એનું આપણને આશ્ચર્ય થાય. કોણ જાણે કયાંથી પણ આખા રસ્તામાં પીળાં પતંગિયાં આમતેમ દોડતાં હતાં. આ રસ્તે એક બીજું મોટું અભયારણ્ય છે. અને સાંભળ્યા પ્રમાણે એને એક છેડે ગોરીલા વાંદરા રહે છે. ટેકરીઓની શોભા વચ્ચે કૉફીનું વાવેતર શોભતું હતું અને વચ્ચે વચ્ચે પૅરેથ્રમનાં સૌમ્ય ધોળાં ફૂલો અમાસની રાતના તારાઓની પેઠે ગીચ વસ્તી કરીને ઊગ્યાં હતાં. આ ફૂલ ચામડાં રંગવા માટે અને કેળવવા માટે કામ આવે છે એટલે અહીંની સરકારે એના વાવેતરને ઘણું પ્રોત્સાહન આપ્યું છે.

જેમાંથી ક્વિનાઈન મળે છે એ સિંકોનાનાં ઝાડ પણ અહીંની સરકારે આ તરફ ખૂબ વાવ્યાં છે. આ નયન-મનોહર રસ્તાનો છેડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર નગરિકા ગોમાનાં દર્શનથી આવ્યો. ગોમાની ટેકરી પરથી કીવૂ સરોવરનો વિસ્તાર સરસ દેખાય છે. અહીંનાં મકાનો પણ ઘણાં સુંદર છે.

ગોમાની પડખે જો એનું હરીફ કિસેની ફેલાયું ન હોત તો ગોમાની જાહોજલાલી હમેશાં વધતી જ રહેત. રૂપાળાં ઘરો, સારા રસ્તા, જાતજાતનાં ફૂલો અને હોડીમાં બેસી સરોવરમાં ફરવાનો આનંદ — આ બધું કિસેનીનું આકર્ષણ છે. વચમાં વચમાં સીધાં ઉપર જનારાં ઝાડો આ સ્થાનના લાલિત્યમાં ગાંભીર્યનો ઉમેરો કરે છે.

વ્હાઈટ રશિયાની એક મહિલા, ફ્રાન્સમાં રહી ફ્રેન્ચ થઈ હશે. ત્યાંની સરકાર વતી એ કલકત્તામાં રહી ચૂકી હતી. એ મહિલા કિસેનીમાં બુગોયી કરીને એક હોટેલ ચલાવે છે. એમાં અમે ઊતર્યાં હતાં. અહીં પણ બધી સગવડવાળી ગોળ ઝૂંપડીઓ બાંધીને મુસાફરોને એમાં રાખે છે. એ બાઈ અનેક યુરોપિયન ભાષા જાણે છે. ફરી વાર હિંદુસ્તાન આવવાની અને હિંદુસ્તાનના પરદેશ-ખાતામાં કામ કરવાની એની ઘણી ઇચ્છા છે. બીજે દિવસે આ સ્થાનના ગોરા અમલદારો અમને મળવા આવ્યા હતા. સ્થાનિક હિંદીઓએ એમને ચાપાટી આપી હતી. ગોરાઓ ફક્ત ફ્રેન્ચ જાણે. હું જેટલું અંગ્રેજીમાં બોલ્યો તે એ બાઈ એ તેમને માટે ફ્રેન્ચમાં કરી સંભળાવ્યું. સરોજને થોડુંઘણું ફ્રેન્ચ આવડતું હોવાથી એ ભાષાંતર કેવું થયું એનો એણે મને ખ્યાલ આપ્યો.

અહીંના હિંદીઓને અમે આવવાનાં છીએ એની ખબર હતી એટલે હિંદુઓ અને મુસલમાનો બન્ને ભેગા થઈને મળવા આવ્યા. એમની સાથે ઘણી વાતો થઈ. હિંદુમુસલમાનોના સખ્ય વિષે, અહીંની સરકાર સાથે સારા સંબંધો રાખવા વિષે અને આફ્રિકન લોકોની સારામાં સારી સેવા કરવા વિષે વાતો કરી.

અમને ખબર હતી કે કિસેની પાસે એક જીવતો જ્વાળામુખી છે, ત્યાં સુધી જવાય કે કેમ એ ની તપાસ અમે કરી. એ અમારા કાર્યક્રમમાં એસે એમ ન હતું; એટલે રાત્રે, અંધારું થયા પછી ગામના અન્તરમાંથી અમે એ જ્વાળામુખીનું શિખર જોયું. અંધારામાં ભૂતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે પોતાનું શિખર ઊંચું કરી એના ઉપર એક વિરાટ સગડી એણે ધારણ કરી હોય એવું એ દૃશ્ય હતું! જ્વાળાને કારણે આસપાસનું આકાશ પણ લાલ લાલ દેખાતું હતું.

સાંભળ્યા પ્રમાણે આફ્રિકામાં આવા બે ત્રણ જ્વાળામુખીઓ છે. બાકીના બધા કાં તો મરેલા કાં તો સૂતેલા છે. દરેકને માથે ઊંડો વિશાળ દ્રોણ તો હોય જ. એવાં સુપ્ત-શીતળ શિખરોની શોભા પણ ઓછી નથી હોતી. આવાં શિખરોનાં દર્શન મારે મન કેવળ પ્રાકૃતિક શોભા નથી હોતી, ભગવાનની વિભૂતિનાં દર્શન જ હોય છે. તે દિવસે સાંજે, સરોવરને કિનારે કરેલી પ્રાર્થનામાં જેમ પ્રશાંત સરોવરે પોતાનો ભાગ ભજવ્યો હતો તેમ બીજે દિવસે સવારે એ જ ઠેકાણે પ્રાર્થના કરવા ગયાં ત્યારે પ્રાર્થનામાં સરોવર ઉપરાંત રાતનો જ્વાળામુખી પણ હાજર થયો હતો. ખરેખર, પ્રાર્થના દ્વારા જ ચેતન અને અચેતન વચ્ચેનું ઐક્ય અનુભવી શકાય છે.

પ્રાર્થના અને નાસ્તામાંથી પરવાર્યા પછી અમે સ્થાનિક માર્કેટ જોવા ગયાં. ત્યાં અમે જોયું કે આપણા લોકો આફ્રિકન લોકોને જાત-જાતનાં કપડાં અને પરદેશી ચીજો વેચે છે. ખુલ્લાં મેદાનમાં જ્યાં આફ્રિકન લોકો વચ્ચે જ લેવડદેવડ થતી હતી ત્યાં બધી વસ્તુઓ એટલી થોડી અને સાદી કે આટલા માટે બજાર સુધી એ શા માટે આવતાં હશે, એમ જ આપણને થાય. કેટલીક આફ્રિકન છોકરીઓ રંગ-બેરંગી ભાતવાળાં કપડાં અને માંડ બે ત્રણ દિવસ ટકી શકે એવાં સસ્તાં ઘરેણાં પહેરીને ફરતી હતી. ભગવાને એમને જેવા વાળ આપ્યા છે તેની અંદર અસ્ત્રા અને કાતરની મદદથી જાતજાતની શોભા ઉપજાવવા પણ એ મથતી હતી. કેશરીઓ બધી જૂની ઢબની. એમના પોશાક અને વહેવાર પરથી જ આફ્રિકન લોકોની જૂની રૂઢ સંસ્કૃતિનો ખ્યાલ આવી શકતો. એક વૃદ્ધ આફ્રિકને પોતાના કાનની બૂટ એટલી મોટી કરી હતી કે એની અગવડ ટાળવા માટે એ બૂટ ઊંચકી, જનોઈની પેઠે કાન ઉપર એ મૂકી શકતો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા આફ્રિકન લોકો વચ્ચે ઊભા રહી અમે ફોટા પડાવ્યા. એવા ફોટા તરફ આપણે એક નજરે જોઈએ છીએ. આફ્રિકન લોકોની નજર જુદી જ હોય.

આ બધું જોયા પછી એક વાર મોટરમાં બેસી કિસેનીનો આખો કિનારો જોવાનું મન થયું. પહેલાં અમે ડાબી બાજુ તરફ રસ્તો જઈ શકતો હતો ત્યાં સુધી ગયાં. પછી જમણી બાજુ ગોમાના અંદર સુધી ગયાં. ત્યાંથી પાસેની ટેકરી ઉપર જઈ આખું દૃશ્ય ધરાઈને જોયું. એથી વધારે કશું કરી શકાય એમ હતું નહીં એટલે જ અમે પાછાં આવ્યાં.

હવે પછી અમારી કીવૂ સરોવરની પરકમ્મા શરૂ થઈ. ગોમા સુધી ઉત્તરે જઈને અમે દક્ષિણનો રસ્તો લીધો. ચડઊતર તો હોય જ. ઘડીકમાં રસ્તો સરોવર પાસે આવતો. ઘડીકમાં દૂર જતો. જમણી બાજુની ટેકરીઓ, સરોવર સુધી નહાવા આવતું નથી એનું દુઃખ કરતી હોય એમ લાગતું હતું.

થોડાંક આગળ ગયાં અને અમે જોયું કે બે અઢી જ વરસ પહેલાં (સન ૧૯૪૮માં) એક જ્વાળામુખીએ સરોવર સુધી ઊકળી આવવાનો પ્રયત્ન કર્યો હતો. ધગધગતા લાવાનો ધસારો એટલે દૂરથી અને એટલા જોરથી આવ્યો કે એનો એક મોટો રાક્ષસી જથ્થો સરોવરમાં ઊતરી પડ્યો. સરોવરનાં પાણી દાઝી ગયાં. એમણે હાહાકાર કર્યો પણ લાવાએ સરોવરનો એક સારોસરખો કકડો મૂળ સરોવરથી નોખો પાડ્યો ત્યારે જ એને સંતોષ થયો. કોલસાની પેઠે કાળો ચળકતો લાવાનો એ જથ્થો જોઈ દિલ ગભરાઈ ગયું. સળગતા રસનાં મોજાં એક પછી એક આવે. સુકાય તે પહેલાં એમાં કરચળીઓ પડે. કોક કોક ઠેકાણે એ રસ ઘૂમરી ખાય અને જ્યાં ત્યાં ફાટી જાય. આખું દૃશ્ય ભયાનક અને વિષાદ પેદા કરનારું હતું. ઝાડ, પાન, સાદી માટી કે પથરો કશું દેખાય નહીં. બધે કાળો મેશ લાવા અને એમાંથી પસાર થતો અમારો રસ્તો.

અમે વિષણ્ણ મને આગળ વધ્યાં. ત્યાં આવું જ પણ બીજી જાતનું દૃશ્ય જોવાને મળ્યું. ઈ. સ. ૧૯૩૮માં બીજો એક લાવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધસારો કીવૂમાં નાહવા આવ્યો હતો. એનો પણ વિસ્તાર પહેલા જેવો જ પથરાયો હતો; પણ બાર વરસમાં તડકો, વરસાદ અને પવનથી તેના ચૂરા થયા હતા. એના ઉપર ઠેકઠેકાણે માટીએ પોતાનું રાજ્ય જમાવ્યું હતું. અને માટી આવી એટલે વનસ્પતિએ એના ઉપર પોતાની લીલી લીલી ધજાઓ ફરકાવી જ છે. મનમાં વિચાર આવ્યો — મરણ અને વિનાશ ગમે તેટલાં ભીષણ, દુર્ધર હોય પણ જીવન એના ઉપર વિજય મેળવે જ છે. વિનાશ ઉત્પાતી પણ ક્ષણજીવી છે, જ્યારે જીવન સૌમ્ય-સનાતન છે.

સરોવરની શોભા જોઈને ગમે તેટલાં ધરામાં હોઈએ પણ એટલેથી પેટ કાંઈ શાંત નહીં થાય. એટલે અમે કાલેહેમાં ખાધું પીધું અને આગળ ચાલ્યાં. સાંજે સાડા છ વાગ્યે અમે ગંધર્વનગરી સમા એક શહેરમાં આવી પહોંચ્યાં. એનું જૂનું નામ મુકાકુ હતું. આજે એને કોસ્ટરમનવીલ કહે છે.

૩૩

બચ્ચું શહેર અને પ્રવાહી દીકરી

મહાત્મા ગાંધીજીએ એક ઠેકાણે લખ્યું છે કે આકાશના તારાઓ જ્યાં છે ત્યાં ભયંકર ગરમ છે. એમાં બધી જ વસ્તુ ઓગળીને દ્રવરૂપ અને વાયુરૂપ થઈ જાય છે. હજારો ડિગ્રીની એમની ઉષ્ણતા આપણે કલ્પી પણ શકતા નથી. પણ એ જ તારાઓનો પ્રકાશ જ્યારે કરોડો માઈલની મુસાફરી કરી આપણી પાસે આવે છે ત્યારે કેટલી બધી શીતળતા આપે છે! આવું જ આશ્ચર્ય આપણી પૃથ્વી ઉપર પણ જ્યાં ત્યાં પથરાયેલું છે. આફ્રિકાના બધા જ પહાડો, બધાં જ સરોવરો અને ફાટવાળી બીજો બધું ભયાનક જ્વાળામુખીને આભારી છે. કીવૂ નું સરોવર સમુદ્રની સપાટીથી ૪૮૨૯ ફૂટ ઊંચું છે. આટલું ઊંચું સરોવર દુનિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું નથી. ઉપર કહ્યું છે તેમ જ્વાળામુખીની આ સરોવર સાથે બાસ દોસ્તી છે. તેઓ અવારનવાર એમાં નાહવા ઊતરે છે.

પ્રાચીન કાળમાં, — કયારે તે બબર નથી, — આવી જ રીતે કોઈ જ્વાળામુખી દોડી આવ્યો હશે. એણે કીવૂ સરોવરને દક્ષિણે એક મોટી ટેકરી સરોવરમાં ધુસાડી દીધી છે. એ ટેકરી પર વનસ્પતિએ પોતાની વસ્તી કરી. ત્યાર પછી માણસને એમની વચ્ચે જઈને રહેવાનું સૂઝયું. આ રીતે બુકાકુનું ગામડું જન્મ્યું. આટલું રળિયામણું સ્થાન ગોરાઓની નજરમાંથી બચી શકે? સરસ પાણી, નરવી હવા, રળિયામણું દૃશ્ય અને સગવડવાળું અંદર — આ બધું જોઈને એમણે અહીં કોસ્ટરમન-વીલની સ્થાપના કરી. મધ્ય આફ્રિકામાં આટલું નાનું અને આટલું સુંદર શહેર બીજું ભાગ્યે જ હોય. આફ્રિકામાં અમે વધારેમાં વધારે પશ્ચિમે પહોંચ્યાં હોઈએ તો તે પણ આ જ સ્થાને. લગભગ ૨૮ રેખાંશ પર એ આવ્યું છે.

અમે એક સારામાં સારી એટલે કે મોંઘામાં મોંઘી હોટેલમાં જઈને રહ્યાં. આપણા દેશી લોકોમાંથી ઓળખાણવાળા કોઈ અહીં હતા નહીં. હોટેલમાં જઈ અમે એ લોકોને સમજાવ્યું કે અમે માંસ બાતાં નથી, મરઘાં બાતાં નથી, માછલી બાતાં નથી, ઈંડાં પણ નહીં અને ચરબી પણ અમને ન બપે. જો અભક્ષ્યભક્ષણથી બચવું હોય તો આટલી વિગતો કહ્યા વગર છૂટકો નથી હોતો. અમારી સેવા માટે તત્પર રહેલો, ચહેરામાં અને કપડાંમાં અત્યંત હાવકો માણસ અમારી વાત સાંભળી આભો જ બની ગયો. મોંઘામાં મોંઘી હોટેલનું બર્ચ આપીને આ લોકો એક રાત રહેવા આવ્યાં છે અને કહે છે કે આટલી આટલી વરતુ બાવી નથી. તો એમને બાવું છે શું? શરાબ? તે પણ આ લોકોને પીવા નથી! એને થયું હશે કે આખું ટોળું ગાંડાની બસ્પિતાલમાંથી નાસી છૂટીને અહીં આવ્યું હશે. એણે અમારા મિ. શહાણેને પૂછ્યું, "આ બધી વરતુઓ તમે કેમ ન બાઓ? કોઈને જ એ માફક નથી આવતી?" શહાણેએ કહ્યું કે, "અમારા ધર્મ પ્રમાણે એ બવાય નહીં." બિચારા શહાણે! અમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે એમને પણ આ પરહેજ પાળવી પડી! અધૂરામાં પૂરું મેં કહ્યું કે, "હું ચીઝ પણ ન ખાઉં." શહાણેએ કહ્યું, "હું તો ખાઈશ." હોટેલવાળાઓને થયું કે આ વળી આ લોકોને ધર્મ કેવો? એ મનમાં ચિડાયો. પણ કંઈક ખાવાનું આપ્યા વગર છૂટકો ન હતો. અને અમે ઉધરાણું કરવા બેઠેલા પહાણુની પેઠે ટેબલની આસપાસ ગોઠવાઈને બેઠાં. ઊઠવાનું નામ જ ન લઈએ. કકડતી ભૂખને અને ખાવાની હોડમારીને પહોંચી વળવા અમારામાંના કેટલાક વિનોદ કરી હસવા લાગ્યા. પેલો વધારે ચિડાયો. ફક્ત સોડા કે ઑરેંજ સ્કવૉશ લઈએ તોપણ રૂપિયા બે રૂપિયા આપવા પડે.

ખેર, અમે જેમ તેમ ખાધું અને થાક ઉતારવા અમારી ઓરડીઓમાં ગયાં. નાહવા સૂવાની બધી સગવડો બાદશાહી હતી. અમારે મન ખાવાની સગવડ કરતાં નાહવા કરવાની સગવડ વધારે મહત્ત્વની હતી. માણસ પોતાના ગજા કરતાં વધારે ખર્ચ કરે છે ત્યારે એ સગવડોનો વધારેમાં વધારે ઉપભોગ કરી 'આપણે બાદશાહ છીએ' એવું ક્ષણ માટે માની લેવાનું એને મન થાય છે. અરેબિયન નાઈટ્સ વાળા અબૂહસનની મનોદશા સમજવા માટે આ અનુભવ પૂરતો હતો.

સવારે વહેલાં ઊઠી સરોજ અને હું ફરવા નીકળ્યાં. અમારા સાથીઓ નિદ્રાનંદનું સુખ માણતા હતા. શરદ પંડ્યાને પણ ઉઠાડ્યા વગર અમે ચૂપચાપ બહાર નીકળ્યાં, અને આખો બેટ ફરી વળ્યાં. નીચે પાણીના કિનારા સુધી ગયાં ત્યાં કેટલાક આફ્રિકનો નાનકડી હોડીમાં આવતા હતા. આશ્ચર્યચકિત થઈને તેઓ અમારા તરફ જોતા હતા. તેમની કલ્પના એવી કે ગરીબીનું દુર્દૈવ જેને વેઠવું પડે છે તેઓ જ આટલા વહેલા ઊઠી શકે. ઊંચાં ઊંચાં ઝાડો વચ્ચે ફરતાં ફરતાં એક જૂના ચર્ચ કે મહેલ પાસે અમે પહોંચી ગયાં. એક ખૂણામાં, રસ્તાની બાજુએ, એક થાંભલા પર માતા મરિયમનું નાનકડું દેરું હતું. પરમ ભાગવત બાલ બ્રહ્મચારી ઈશુની માતા મરિયમને અમે પ્રણામ કર્યા અને પાસેનાં મોટાં મોટાં પગથિયાં ઊતરી ફરી સરોવર પાસે ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં સરોજને કહ્યું કે, "મધરાત પછી અહીં સહેજ ભૂકંપ થયો હશે. ઊંઘમાંથી હું ઝબકીને જાગ્યો હતો. પ્રથમ લાગ્યું કે કોઈ મોટર પસાર થઈ હશે." સરોજે કહ્યું કે, "મારી ઓરડીમાં પણ મને એવો જ અનુભવ થયો." એ આંચકો અમારા કુંભકર્ણની જ્ઞાતના સાથીઓની ઊંઘ ભાંગી ન શકયો એટલે તેમની પાસેથી અમારા અનુભવને ટેકો ન મળી શકયો.

સવારનો વખત આસપાસ બધે ફરીને અનેક સ્થાનો જોયાં અને અમે આગળ વધ્યાં.

કીવૂ સરોવરની લંબાઈ ૬૨ માઈલની છે. જ્યારે એની દક્ષિણે આવેલા ટાંગાનિકા સરોવરની લંબાઈ ૪૫૦ માઈલની છે. એની ઊંચાઈ વચ્ચેનું અંતર પણ એક હજાર ત્રણસો ફૂટનું છે. અને કુદરતની ખૂબી એવી કે એક સુંદર નદી કીવૂની દક્ષિણથી નીકળીને ટાંગાનિકા સરોવરને ઉત્તરને છેડે જઈને મળે છે. જે નદીને લગભગ બેંસી માઈલની અંદર તેરસો ફૂટ નીચે ઊતરવું પડે છે! તેનો પ્રવાહ કેટલો વેગવાળો હોવો જોઈએ? આ રુઝીઝી નદીનો ઊગમ અમારી હોટેલથી બહુ દૂર ન હતો પણ ત્યાં સુધી જવા માટે એક ખૂબ મોટું ચક્કર લેવાની જરૂર પડતી હતી.

કીવૂના કિનારામાંથી રસ્તો કાઢી જ્યાં રુઝીઝી ભૂસકો મારે છે એ જ જગ્યાએ એક ઊંચો પુલ છે ત્યાં અમે ગયાં. નદીનો ઊગમ એટલે પવિત્રમાં પવિત્ર સ્થાન. કેટલી ઉત્સુકતાથી એનું દર્શન કરવા અમે ગયાં! પણ અમારો ઉત્સાહ એક ક્ષણમાં વિષાદમાં ફેરવાઈ ગયો. એક રૂપાળી, ચળકતી પુષ્ટ ગાય એ પુલ પરથી જતી હશે. સામેથી કોઈ મોટી લોરી આવી હશે. જાન બચાવવા માટે પુલની બાજુએ જવાનો એણે પ્રયત્ન કર્યો. ત્યાં પુલની કિનારી હતી. પાછી વળે તો ચગદાઈ જાય. આગળ વધે તો આટલી ઊંચાઈએથી પાણીમાં ભૂસકો જ મારવો પડે. એ જાનવરને શું સૂઝયું ભગવાન જાણે. એણે ભૂસકો મારીને પોતાનું નસીબ અજમાવવાનો વિચાર કર્યો હશે. 'કાં તો બચી જઈએ, કાં તો નીચેના પાણીમાં સંતાઈ રહેલા પથરા ઉપર ભટકાઈને ચૂરેચૂરા થઈ જઈએ.' બિચારી ગાયના નસીબમાં એમાંથી એકે અંત ન હતો. એણે ભૂસકો માર્યો. એવામાં પુલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિનારીનાં લોઢાનાં જાડાં બે પાટિયાં વચ્ચે એનો પાછળનો પગ ફસાયો. એ પાછળના એક પગે ત્યાં લટકતી જ રહી. આ સ્થિતિમાં એણે કેટલી વેદના ભોગવી અને એ કચારે મરી ગઈ કોણ જાણે. અમે ગયાં ત્યારે એ ગાય પુલની ઊંચાઈથી નીચેની નદી તરફ મોઢું કરીને નિશ્ચેષ્ટ લટકતી હતી. કોઈ પણ જનવરની આવી દશા જોઈને પેટમાં ફાળ પડે; તેમાં આ તો એક ગાય હતી. એને જોઈને એટલું માઠું લાગ્યું! અમે પુલ ઉપર ગયાં. નજીકથી જોયું કે પગ કેમ ફસાયો છે. ગાય મરી ગઈ હતી એટલે એને મદદ કરવા માટે ચાર લોકોને ભેગા કરવાનો સવાલ જ ન હતો. પુલને બન્ને છેડેથી અને બરાબર વચ્ચેથી નીચેની નદી અમે જોઈ. ઉત્સવને દિવસે સૂતક આવ્યું હોય એવા વિષાદથી અમે પાછાં ફર્યાં.

હવે અમારી મુસાફરી એ જ રુઝીઝી નદીની દિશાએ, એના ઊગમથી એના મુખ સુધી હતી. કિનારે કિનારે જવાની વાત હતી જ નહીં. પણ નદીની જમણી બાજુના નાના મોટા ખડબચડા પહાડો વચ્ચે થઈને જે જોખમકારક રસ્તો તૈયાર કરેલો હતો, એ રસ્તે અમે ઊતર્યાં. એકલું ઊતરવાનું ન હતું. અનેક વાર ચડીએ, અનેક વાર ઊતરીએ. અનેક વાર જીવ મુઠ્ઠીમાં લઈને 'હવે શું થશે' એવો વિચાર કરીએ. એમ કરતાં કરતાં અમે ઉવીરાને રસ્તે ચાલ્યાં. વચમાં વચમાં રુઝીઝીનાં દર્શન થતાં ત્યારે દાર્જિલિંગ કાલિંપોંગ તરફની તિસ્તા નદીનું સ્મરણ થતું. આવા રસ્તા પર શ્રી કમલનયનની સારથ્ય કળાની ઉત્તમ પરીક્ષા થતી. ખરેખર એ એક બાહોશ સારથિ છે.

આ રસ્તામાં અમુક ભાગ એટલો સાંકડો છે કે બે મોટરો એક બીજીને વટાવીને જઈ ન શકે. એટલે ત્યાં 'વન વે ટ્રાફિક'ની ગોઠવણ છે. અમુક મોટરોને ઉત્તરથી દક્ષિણ જવા દે, એ છેડે પહોંચી જાય એટલે દક્ષિણની મોટરોને ઉત્તર તરફ જવા દે. કેટલી મોટરો છૂટી છે અને કચાં સુધી આવી છે એનો રિપોર્ટ બન્ને છેડે પહોંચાડવા માટે અહીં ટેલિફોનની સગવડ છે જ નહીં. એટલે જંગલના લોકોને બેસાડીને એમની પદ્ધતિએ જ સમાચાર પહોંચાડાય છે. અનુકૂળ જગાએ લોઢાના મોટા મોટા ડબ્બા અથવા પીપો રાખીને એના ઉપર નગારાની પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ કરે છે. એ અવાજ અમુક માઇલ સુધી પહોંચે છે. ત્યાંથી એવા જ સમાચારની આપ લે કરાય છે. અને એ જંગલી રીતે સુધરેલી મોટરોને અને એમના મુસાફરોને સલામત રાખવામાં આવે છે. આવી રીતે પહાડ ઊતરી ગયા પછી સીધી ભૂમિ આવી. ત્યાં ડાબી બાજુ નદીને કિનારે એક નાનકડી રેલવે જતી જોઈ અમને ઘણું આશ્ચર્ય થયું. રુઝીઝી નદી પહાડમાંથી નીકળ્યા પછી જે ખીણમાં પ્રવેશ કરે છે, ત્યાંની ભૂમિની ઊપજ એ રેલવે લુવુંગી સ્ટેશને ચડાવી ઉવીરા સુધી લઈ જાય છે. અને ત્યાં જહાજ પર ચડાવી કિગોમા, આલબર્ટ-નીલ અથવા છેક દક્ષિણે કાસંગા સુધી લઈ જાય છે. કિગોમાથી એક રેલવે છેક દારેસ્સલામના બંદર સુધી જાય છે. આપણા લોકોને આ રેલવે ઘણી મદદગાર છે, એ મેં આના પહેલાં લખ્યું જ છે.

પહાડ પરથી ઊતરતાં ઊતરતાં જ્યારે ટાંગાનિકા સરોવરનાં પ્રથમ દર્શન થયાં ત્યારે આ બાજુ આવેલા બરટન અને સ્પીક મુસાફરોને જેવો આનંદ થયો હશે, લગભગ તેવો જ આનંદ અમને થયો. અમે માન્યું હતું કે ઉવીરા સુધી પહોંચ્યા પછી જ ઉસુંબરા જવાશે. પણ સાથેના નકશાએ અમારી ભ્રમણા ભાંગી. ઉવીરાનું બંદર બે એક માઇલ દૂર રહ્યું હશે એટલામાં એક રસ્તો ડાબી તરફ ફંટાયો. એણે અમને ઉસુંબરા સુધી પહોંચાડવાનું માથે લીધું — માથે શું છાતીએ લીધું. આ રસ્તો ટાંગાનિકા સરોવરને ઉત્તર કિનારે જતો હતો અને સરોવરની સપાટીથી બહુ ઊંચો હતો જ નહીં. સરોવરનું પાણી ચાર છ ફૂટ વધે તો આ રસ્તો ડૂબી જ જવાનો.

એક બે નાના પ્રવાહો પુલની મદદથી ઓળંગ્યા પછી રુઝીઝી નદીનો મોટો પુલ આવ્યો. સવારે જે સરોજા નદીના ઊગમ તરફનાં વિષાદમય દર્શન કર્યાં હતાં તે જ નદીને અહીં સરોગામિની થતી જોઈ મન બહુ જ પ્રસન્ન થયું. પાણી પણ નાચતાં કૂદતાં દોડતાં હતાં અને ટાંગાનિકા સરોવર પ્રસન્ન શાન્ત વદને એનું સ્વાગત કરતું હતું. સરોવરસુતા અને સરોવરકાન્તા આ રુઝીઝી નદીને કેમ ભુલાય? થોડા જ સમયમાં અમે ઉસુંબરા જઈ પહોંચ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

ઉસુંબરા અને પછી

અમે સાંજે ઉસુંબરા પહોંચ્યાં. રુઆન્ડાઉરુન્ડીની મુસાફરીમાં અમારું આ સૌથી છેડાનું એટલે કે દક્ષિણનું સ્થાન હતું. ઉસુંબરાનું આમંત્રણ અમને લગભગ એક મહિના પહેલાં દારેસ્સલામમાં જ મળ્યું હતું. જો કેવળ ઉસુંબરા જ જવાની વાત હોત તો સહેલો રસ્તો હતો. દારેસ્સલામથી કિગોમા ટ્રેન વાટે અને ત્યાંથી સ્ટીમર વાટે ઉસુંબરા. આપણા લોકો જ્યારે મુંબઈથી આવે છે ત્યારે કહે છે કે ઉસુંબરા ભલે દૂર હોય પણ જવાની કડાકૂટ ઓછી. મુંબઈ જહાજમાં બેઠા તે દારેસ્સલામ ઊતર્યા. ત્યાંથી ટ્રેન લીધી કે કિગોમા ઊતર્યા. ફરી જહાજમાં બેઠા કે ઘેર. પણ અમારે કંપાલેથી ઉસુંબરા સુધીનો મુલક જોવો હતો. અમારે માટે પહોંચવાનું મહત્ત્વનું ન હતું. આનંદ તો જવાનો અને જોવાનો જ હતો.

આ શહેર એક પહાડની તળેટીમાં, અતિ દીર્ઘ સરોવરને કિનારે વસેલું છે. પ્રાગ્ઐતિહાસિક કાળની એક ફાટમાંથી આ સરોવર બનેલું હોવાથી એનું ઊંડાણ બીજા કોઈ પણ સરોવર કરતાં વધે એવું છે. એક ઠેકાણે તો એનું ઊંડાણ ત્રણ હજાર એકસો નેવું ફૂટ છે. ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે કે આ સરોવરનો પૃષ્ઠ ભાગ આજે છે એના કરતાં હજાર સવા હજાર ફૂટ વધારે ઊંચો હતો. એટલે કે કીવૂ સરોવર અને ટાંગાનિકા સરોવરના પૃષ્ઠભાગ વચ્ચે ઝાઝો ફરક ન હતો.

આ સરોવર જેમ રુઝીઝી પાસેથી પાણી લે છે તેમ લુકુગા નદીને પાણી આપે છે.

ઉસુંબરામાં અમે દોઢ દિવસ રહ્યાં. અમારા મેજબાન શ્રી જૂહાભાઈ વેલજીનાં પુત્રવધૂ પ્રતિભા નાનાં હતાં ત્યારે કરાંચીમાં અમને મળ્યાં હતાં. હિંદુસ્તાનને એક છેડે જે બાળાને મેં સ્વાક્ષરી આપી હતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જ ઉસુંબરા જેવા દૂરને ઠેકાણે ફરી વાર નવેસર સ્વાક્ષરી આપતાં આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. પછી મેં જોયું કે આ જૂહાભાઈ વેલજીનાં દીકરીએ જ જંગબારના મણિભાઈ મૂળજી વેલજીનાં પત્ની તરીકે અમારું આતિથ્ય કર્યું હતું. આવા આવા સંબંધોને કારણે આ ઘરમાં પ્રવેશ કરતાંવેંત અમે ઘરના જેવાં થઈ ગયાં. રાત્રે મળવા આવેલા લોકો સાથે જ બધો વખત પૂરો થયો. આ શહેરમાં નીચલી વસ્તી અને ઉપરની વસ્તી એવો ભેદ છે. ગોરાઓ બધા ઉપરની વસ્તીમાં રહે છે. આપણા લોકો સરોવરકિનારે નીચલી વસ્તીમાં રહેવામાં સગવડ માને છે અને બિચારા આફ્રિકન લોકોની ઝૂંપડીઓ તો પાસેની એક ટેકરી ઉપર આમતેમ પથરાયેલી દેખાય છે.

સવારે ઊઠીને અમારું પહેલું કામ સરોવરને કિનારે બેસી પ્રાર્થના કરવાનું હતું. બંદર સહેજ દૂર હતું. અમારી સાથે પ્રતિભા, સુલભા, કમલા વગેરે ઘરની બહેનો પ્રાર્થનામાં ભળી હતી. એમણે પ્રાર્થનાને અંતે જે ભજન ગાયું એમાં નિરાશાના વિષાદમય સૂર એટલા બધા હતા કે મને લાગ્યું કે જાણે આફ્રિકાની તમામ કોમો ભેગી થઈને પોતાનો છેલ્લાં સો બસો વરસના અનુભવોનો નિચોડ અહીં ઠાલવે છે. પોતાની સંતોષ અને સાદગીવાળી સંસ્કૃતિમાંથી નીકળી આવી પશ્ચિમની પ્રગતિશીલ પણ ઉત્પાતપરાયણ સંસ્કૃતિની જબરદસ્તીથી દીક્ષા લેતાં એમને કેટલું વેઠવું પડે છે એ જ જાણે અમારી આગળ રજૂ કરતી હતી.

જૂહાભાઈને ત્યાં નિરંજન ભટ્ટ કરીને એક શિક્ષક અમને મળ્યા. તેઓ દારેસ્સલામમાં રહે છે. આફ્રિકા વિષે એમણે ઘણું સાહિત્ય વાંચ્યું છે; ઘણા અભ્યાસી છે. ઘણું જાણે છે અને પોતાની પાસેની માહિતી વ્યવસ્થિત રીતે રજૂ કરી શકે છે. એવા લોકો આપણી ભાષામાં મુસાફરીનું સાહિત્ય વધારતા નથી, આ ખંડના આદિમનિવાસી જાતિઓનો જીવનક્રમ આપણને સમજાવતા નથી એ દુર્દૈવની વાત છે. એવા લોકોની કદર કરવાની વાત તો દૂર રહી, કેટલાક ગૃહસ્થાશ્રમી લોકો એમણે ભેગું કરેલું સાહિત્ય પણ ખોઈ બેસે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે અહીંની નિશાળ જોવા ગયાં. આપણા લોકોના કેળવણીના પ્રશ્નોની ચર્ચા કરી. આપણા લોકો વર્તમાન પરિસ્થિતિ સમજી, ભવિષ્યના કાળપ્રવાહની દિશા ઓળખી, યોજનાપૂર્વક જીવનક્રમ ઘડતા નથી. જૂનું તેટલું, ભલુંબૂરું બધું જ, સાચવવાનો પ્રયત્ન કરે છે એની પાછળ પણ તત્ત્વનિષ્ઠા ઓછી હોય છે. પડી ગયેલી રૂઢિ સાચવી રાખવી, તેમ કરતાં કષ્ટ વેઠવાં પડે તે વેઠવાં, પણ પરિવર્તનનો પુરુષાર્થ બનતા સુધી આદરવો નહીં એ આપણા લોકોનો સ્વભાવ. પરિસ્થિતિ ફરજ પાડે ત્યારે અમુક ફેરફારો કરે ખરા. પણ તક ગમા પછી જ એ બધું સૂઝતું હોવાથી એમાંથી લાભ મેળવી શકતા નથી.

જૂહાભાઈએ સમાજમાં થતા પરિવર્તનનું વર્ણન એક જ વાક્યમાં કર્યું. એમણે કહ્યું કે, "જૂના વખતમાં આપણા લોકો બહુ અભડાતા હતા. હવે અભડાતા નથી."

લોકોને ધર્મની પડી હોય તો તે નિશાળમાં બોલાતી પ્રાર્થનામાં જ દેખાઈ આવે છે. એમાંથી હિંદુમુસલમાન વગેરે કોમી ઝઘડા પેદા થાય છે. મુસલમાન નિશાળોમાં જો આપણાં બાળકોને કોઈ કુરાન સંભળાવે તો આપણે ચિડાઈએ છીએ. પણ આપણી નિશાળમાં મુસલમાન બાળકોને આપણે આપણી પ્રાર્થના શીખવીએ છીએ અને આ બાળકોને કશી મુશ્કેલી આવતી નથી એ માટે આનંદ વ્યક્ત કરીએ છીએ. મુસલમાનોમાં પણ એ જ દોષ દેખાઈ આવે છે. ઈશ્વરભક્તિ અને સદાચાર આ બે મુખ્ય વસ્તુ બધા જ ધર્મોમાં સરખી રીતે હોય છે પણ આપણે મન એ વસ્તુ ગૌણ છે. આપણને આપણા ચોકઠાની અને આપણા લેબલની જ પડેલી હોય છે. આપણા લોકોમાં એ દોષ પહેલાં એટલો બધો ન હતો. રાજદ્વારી અસ્મિતા જેમ વધી તેમ આવા ઝઘડા વધી પડ્યા.

ભિન્ન જાતિના, ભિન્ન ધર્મના અને ભિન્ન વંશના લોકો સાથે ભળવાની આવશ્યકતા વિષે અહીંના લોકો સાથે મેં ઘણી વાતો કરી. આફ્રિકાના મૂળ વતનીઓનો મૂળ ધર્મ કેવો હતો, એના ઉપર ઇસ્લામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શી અસર થઈ, મિશનરી લોકોએ ખ્રિસ્તી ધર્મ સાથે કેવી સંસ્કૃતિ ફેલાવી છે એની પણ ચર્ચા કરી.

બપોરે બજારમાં જઈ કેટલાંક ચિત્રો અને એલ્જિયન કોંગો વિષેની એક સુંદર ફ્રેન્ચ ચોપડી ખરીદી લીધી. જાહેર બગીચામાં જઈ ચિમ્પાન્ઝી જેવા વાનરો, મોર જેવાં દેખાતાં વિચિત્ર પ્રાણીઓ, મગરો વગેરે જોયું. પહાડ ઉપર જઈ શહેરની તેમ જ સરોવરની શોભા જોઈ. સાંજે પાકીદાસ હોટેલ નામની યુરોપિયન હોટલમાં એક મોટી પાર્ટી ગોઠવાઈ હતી. પ્રાંત-કમિશનર વગેરે ગોરા અમલદારોને આમંત્ર્યા હતા. આરબો અને ખોજાઓ પણ હતા. ન હતા ફક્ત આફ્રિકનો. આફ્રિકનોને આવા સમાજ-વહેવારમાં ભેળવવાની અમે ઘણી વાતો કરી હતી પણ ફાવ્યાં નહીં.

અહીંના આપણા લોકોને ગોરા અમલદારો જોડે ભળવાનો ઝાઝો મહાવરો દેખાયો નહીં. જોકે સરકારમાં જૂહાભાઈની પ્રતિષ્ઠા સારી હતી. આરબો તટસ્થ હતા. ગોરા અમલદારો ફક્ત ફ્રેન્ચ જાણે. અંગ્રેજી નહીં જેવું, અને પરદેશથી આવેલા આ પ્રતિષ્ઠિત મહેમાનો આપણે વિષે શું લખશે એ વિષે મનમાં બીક રાખનારા.

રાત્રે નિશાળમાં એક સભા થઈ. એમાં ઘણા મુસલમાનો આવ્યા હતા. બહેનો પણ ઘણી આવી હતી. આપણે બધાં એશિયન છીએ, આપણને હળીમળીને એક થતાં અવડવું જોઈએ, એ વિષે મેં વિસ્તારપૂર્વક કહ્યું. પ્રશ્નોત્તરીને અંતે મુસલમાનભાઈઓ રાજી થયેલા જણાયા.

કિસેનીથી ઉસુંબરા સુધી એક જ સવાલ આપણા લોકોને ચિંતિત કરતો દેખાયો. અહીંની સરકાર આપણા લોકોને અહીંથી કાઢી મૂકવા માગે છે. જેને ફ્રેન્ચ આવડે એને જ કાયમ વસવાટનું સર્ટિફિકેટ મળી શકે વગેરે અનેક હાડમારીઓ છે. કોક કોક ઠેકાણે આપણા લોકોને એક જગાએ લાંબા વખત સુધી રહેવા દેતા નથી. અહીંથી ઊઠો અને બીજે જઈને વસો, એવા હુકમ નીકળતા હોવાથી લોકોની સારાં મકાનો બાંધવાની હિંમત પણ ચાલતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજ લોકો જાતજાતના વિચિત્ર કાયદા ઘડીને આપણા લોકોને ખૂબ હેરાન કરે છે. અહીંની સરકાર એ બુદ્ધિ વાપરતી નથી પણ અમલદારો મનમાં આવે તેવો હુકમ કાઢીને એનો અમલ કરે છે. શરાબ પ્રત્યે અમલદારોની નબળાઈ, લાંચરુશવતની શકયતા વગેરે ઘણી ઘણી વાતો સાંભળવાને મળતી. આપણામાંના કેટલાક સ્પષ્ટવક્તા લોકો આપણા લોકોના દોષોની પણ છૂટથી વાતો કરતા. ખરેખર બધી જાતનાં લોકો મળીને દુનિયા બને છે. અહીંના પ્રાંતના ગવર્નરે જ્યારે જોયું કે રુઆન્ડાઉરુન્ડી વિષે મને જોઈતી માહિતી મળતી નથી, ત્યારે એણે એક ખાસ ચોપડી મોનોગ્રાફી એથ્રિકોલ દ્યુ રુઆન્ડા–ઉરુન્ડી શ્રી જૂહાભાઈ મારફતે મને મોકલી. મને જો ફ્રેન્ચ આવડત તો મેં એનો ઘણો ઉપયોગ કર્યો હોત. નકશા, ચિત્રો અને આંકડાઓ એમાં ભરપૂર છે. આ પ્રદેશમાં મોટી મોટી હોટેલોમાં પાર્ટીઓ આપવાથી આપણા લોકોની પ્રતિષ્ઠા વધે છે એમ મેં જોયું. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ નામદાર ગોખલે માટે જે અનેક ખાણાં ગોઠવ્યાં હતાં એનું મહત્ત્વ આફ્રિકા આવ્યા પછી જ હું સમજી શકયો.

તેરમી જુલાઈની સવારે અમે ઉસુંબરા છોડયું, અને એક નવો જ રસ્તો લઈને અસ્ટ્રીડા, કમગયે, રુહેંગેરી આદિ સુંદરમાં સુંદર પ્રદેશોમાં થઈને પાછાં કમાલે પહોંચ્યાં. પણ એનો આનંદ અહીં નોંધ્યા વગર એ મુસાફરીની વિદાય ન જ લેવાય.

સવારે વહેલાં એટલે સાડા છએ અમે નીકળ્યાં. અહીંની શોભા કંઈક અલૌકિક જ હતી. સરકારી ખાતાએ અહીંના રસ્તાઓ તરફ ખાસ ધ્યાન આપેલું છે. પહાડની કેડીએ જ્યારે રસ્તો જાય છે ત્યારે એક બાજુએ પહાડ અને બીજી બાજુ ખીણ, એવી સ્થિતિમાં ગાડીઓ અને મોટરો ખીણમાં પડી જવાની બીક રહે છે. વરસાદ પડે એટલે ખીણ તરફના રસ્તાની માટી ધોવાઈ જઈને રસ્તામાં મોટું ગાબડું પડે છે. એ જોખમ સૌથી મોટું. ખીણની બાજુએ બે ખૂબ ઊંચી દીવાલ બાંધવાનો રિવાજ હોય છે, પણ સેંકડો માઈલ સુધી દીવાલ બાંધવાનો ખરચ કેમ પોસાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચમાં વચમાં પથરા એસાડવાથી પણ સલામતી ન સધાય. અને દીવાલ તળેની માટી જો ધોવાઈ જાય તો દીવાલની જ સલામતી નહીં. આ બધી મુશ્કેલી સામે એક સારો ઉપાય શોધી કાઢ્યો છે. સીધાં ઊંચાં ઊગી શકે એવાં ચીડ જેવાં ઝાડ ખીણની બાજુએ નજીક નજીક વાવ્યાં હોય તો શોભાની શોભા વધે અને મૂળિયાં માટીને એવી તો પકડી રાખે કે રસ્તો હંમેશને માટે સલામત.

રસ્તો વળાંક લેતો લેતો એટલો તો ઊંચે ચડ્યો કે મોટા મોટા પહાડો, ટેકરીઓની પેઠે ખીણોમાં સંતાતા દેખાવા લાગ્યા. આ બાજુ પણ પહાડની બાજુ પર ખેતી થાય છે. ખીણમાંથી વહેતા પાણીનો પણ આ લોકો વધારેમાં વધારે ઉપયોગ કરે છે.

અહીંની મુસાફરીમાં એક વસ્તુ જોઈને અમને ગ્લાનિ થઈ. રસ્તા પરથી કોઈ પણ આફ્રિકન જતો હોય તો મોટરમાં બેઠેલા બધા લોકોને સલામ ભરવાનો જ. આપણા જેવા મુસાફરો, સજ્જનતા હોય તો, સલામ સામે સલામ ભરે. કેટલાક તો આફ્રિકનો પ્રત્યે તુચ્છતાની નજર નાખીને આગળ જાય છે. આ રિવાજ પાછળનો ઇતિહાસ સમજવા જેવો છે.

પશ્ચિમના લોકો વ્યક્તિના અધિકારનો અને તેની સ્વતંત્રતાનો વધારે ખ્યાલ રાખે છે. આપણા લોકો નમ્રતામાં જ સંસ્કારિતાની નિશાની જુએ છે. એટલે કોઈ અજાણ્યો માણસ સામેથી દેખાયો તો ભગવાન તરફથી આવેલો એ એક ફિરસ્તો ન હોય એવી રીતે આપણા લોકો એને નમસ્કાર કરવાના. એ જો ઘરમાં અતિથિ તરીકે આવે તો એણે આપણા ઉપર અનુગ્રહ કર્યો છે એવી વૃત્તિથી, ધન્યતા બતાવી એની સેવા કરવાના. એ જ જાતની ભલાઈ આ આફ્રિકન લોકોમાં પણ હશે. અંગ્રેજ લોકો જ્યાં જાય ત્યાં પોતાનો ધાક બેસાડવાનો પ્રયત્ન કરે. કોઈ એમને 'સાહબ' ન કહે તો એને મારે. જે સલામ ન ભરે તે 'કિતૂરી' કરે છે એમ હરાવી દે. ધાક બેસાડવા ખાતર લોકોને પેટે પણ ચલાવે. જે સલામ પહેલાં સંસ્કારિતાની નિશાની હતી તે હવે ગુલામીની નિશાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગઈ. આગળ જતાં જ્યારે સ્વમાનની લાગણી વધી ત્યારે લોકોએ આવી રીતે સલામ ભરવાનું છોડી દીધું.

આપણા દેશમાં કેટલાક સજ્જન અંગ્રેજોને આ સલામની પ્રથા ગમતી ન હતી. કર્ણાટકમાં એક કલેક્ટર પોતાને બંગલેથી રોજ સાંજે પગપાળો ફરવા નીકળતો અને પોતાને ગમતો રસ્તો લઈને ફરી આવતો. થોડા દિવસ પછી એણે એ રસ્તો છોડી દીધો અને ઊતરતી શોભાવાળે રસ્તે જવા લાગ્યો. એના એક અંગ્રેજ દોસ્તે રસ્તો ફેરવવાનું કારણ પૂછ્યું. એણે કહ્યું, "જૂને રસ્તે જતાં વચમાં ફલાણા રાવબહાદુરનું ઘર આવે છે. મારો વખત જાણી એ રોજ અચૂક એ જ સમયે રસ્તા ઉપર આવીને ઊભો રહે છે. મને જોતાંવેંત જમીન સુધી ઝૂકીને સલામ ભરે છે અને પોતે ધન્ય થયો હોય એવું મોઢું કરીને પાછો જાય છે. રોજની આ કવાયતથી હું ત્રાસી ગયો. એટલે મેં એ રસ્તો જ છોડી દીધો!"

બપોર સુધી અમે આસ્ટ્રિડા પહોંચ્યાં. ત્યાં ખાધું અને આગળ ન્યાંઝા વટાવી કમગયે સુધી પહોંચ્યાં. અહીં મિશનરી લોકોનું એક મોટું થાણું છે. કમગયેથી અમે મોટો રસ્તો જમણી બાજુ છોડી દીધો અને કાચે રસ્તે રુહેંગેરી તરફ વળ્યાં. આ રસ્તો જેટલો રળિયામણો હતો તેટલો જ જોખમકારક પણ ખરો.

રુહેંગેરીમાં પોપટભાઈ કરીને એક દુકાનદાર રહેતા હતા. એમને ત્યાં અમે થોડોક આરામ કર્યો, ખાધું અને આગળ ચાલ્યાં. એ ભાઈને ત્યાં કેટલીક સાહિત્યિક ચોપડીઓ જોઈ. એમણે ઘણીખરી વાંચી પણ હતી. એમની પાસેથી જાણ્યું કે અનેક આફ્રિકન લોકોને પોતાની દુકાન પર બેસાડી એમણે કેળવ્યા છે અને વિશ્વાસ બેઠા પછી, પોતાની દુકાનની શાખાઓ ખોલીને ત્યાં એમને બેસાડી દીધા છે. અમુક પગાર અને અમુક ટકા નફો—એ શરતે આ શાખા દુકાનો સરસ ચાલે છે.

અહીંથી થોડે દૂર સોડા વૉટરનું ઝરણું જોવા અમે ગયાં. ભાંગી ગયેલા હોજ જેવું એ સ્થાન હતું. ઊકળતા પાણીમાંથી પરપોટા નીકળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોમ એવું લાગતું પાણી બિલકુલ ઠંડું હતું. અમે કપ ભરી ભરીને પાણી પીધું. મને બીક હતી કે એ પાણીમાં બીજા ક્ષાર હશે એટલે સ્વાદ વિચિત્ર લાગશે. થોડુંક પીતાંવેંત મોઢામાંથી ઉદ્‌ગાર નીકળ્યો કે આના કરતાં વધારે સારું સોડા વૉટર કયાંય પીધાનું સ્મરણ નથી.

અહીંથી આગળ જતાં ત્રણ મોટા સુપ્ત જ્વાળામુખીઓ પોતાનાં રૂપાળાં શિખરો ઊંચાં કરી હારબંધ ઊભેલા દેખાયા. એકનું નામ મુહાવુરા, બીજાનું નામ સેમ્બિનિયો અને ત્રીજાનું ગહિંગા. સાંજ પડી, અંધારું થવા લાગ્યું અને એ ત્રણે જ્વાળામુખીઓ ભયાનક રાક્ષસ જેવા દેખાવા લાગ્યા. અમારે એકની તળેટીમાં થઈને જ પસાર થવાનું હતું. ચોક્કસ યાદ નથી પણ એ મુહાવુરા હશે. એને ડાબી બાજુએ છોડીને અમે આગળ વધ્યાં. હવે તો મોટરનો દીવો બતાવે તેટલો જ રસ્તો દેખાય. આખો પ્રદેશ એટલો બિહામણો હતો કે ધાડ પાડવા ડાકુઓ પણ અહીં આવવાનું પસંદ ન કરે.

અંતે અમે કસ્ટમ્સની હદ ઓળંગી. પેલા કચ્છી ભાઈનો નકશો, અનેક ધન્યવાદ સાથે પાછો આપ્યો. અમારી ઘડિયાળોને ચાબુક મારી એક કલાક આગળ દોડાવી અને મોટરોને જમણી બાજુ સાચવવાનો નિયમ ભુલાવી ડાબી બાજુ પકડી અને જેમતેમ બાકીનો રસ્તો કાપી કાઢી સાડા નવ દસ વાગ્યે કમ્પાલેની હોટેલ ભેગાં થઈ ગયાં. ત્યાંની ભલી બાઈએ અમારે માટે ખાવાનું સરસ રાંધીને રાખ્યું હતું. પથારી પણ તૈયાર કરી રાખી હતી. આટલી લાંબી મુસાફરીને અંતે આટલી સરસ સગવડ મળ્યા પછીની ઊંઘમાં સ્વપ્નાં પણ આવવાની હિંમત કરે ખરાં? મડદાં પણ અમારી અદેખાઈ કરે એટલા જોરથી અમે ઊંઘ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

કબાલેથી કંપાલા

જે રસ્તે ગયા હોઈએ એ જ રસ્તે પાછા વળતાં શોભા ઓછી નથી હોતી. એકેએક દૃશ્ય અવળી દિશાએથી જોવાને મળતું હોવાથી નવા જેવું જ લાગે છે. આગળ શું શું આવવાનું છે એનો ખ્યાલ હોવાથી નવીનતા ભલે ન હોય પણ ઉત્સુકતા મરેલી નથી હોતી. એટલે રસની દૃષ્ટિએ એ પ્રવાસ જરાય ઊતરતો નથી હોતો અને છતાં મન તો કહ્યા જ કરે છે 'આ તો બધું એક વાર થઈ ચૂકયું છે.' અને તેથી ધ્યાનની કમાન ઢીલી થઈ જ જાય છે.

રુઆન્ડા ઉરુન્ડીવાળી આ છેલ્લી મુસાફરીમાં શ્રીમતી યમુનાતાઈ શહાણે અમારી સાથે હતાં. એમને જાતજાતના સવાલો છેડવામાં રસ આવતો. મહારાષ્ટ્રની સામાજિક પરિસ્થિતિને અંગેના શ્રી મોહનરાવ શહાણેના અને મારા વિચારો મળતા આવતા. તેથી અમે થોડાક અનુભવોની આપલે કરવા ઉપરાંત વિશેષ ચર્ચા કરી શકતા નહીં. યમુનાતાઈ તો વિદ્વાન પતિનાં બહુશ્રુત પત્ની. અનેક લોકોના અનેક અભિપ્રાયો રજૂ કરી તેને અંગે માહિતી મેળવવાની અને ચર્ચા દ્વારા નવી નવી જીવનદૃષ્ટિ કેળવવાની એમને ઘણી હોશ. એટલે ચર્ચા ખૂબ ચાલતી. બ્રાહ્મણ જાતિના ગુણદોષો, એનું થયેલું પતન, એ જાતિના ઉદ્ધાર માટેની યોજનાઓ ઇત્યાદિ ઘણા પ્રશ્નોની ચર્ચા ચાલતી. રસ્તો ખુટાડવા માટે સૌથી ઉપયોગી હલાજ ચર્ચા જ છે. અગિયાર વાગ્યે કબાલે છોડીને બે વાગ્યે અમે મ્બરારા પહોંચ્યાં. ત્યાં અમારા મેજબાન શ્રી છગનભાઈ હક્કરે અમને રહી જવાને ઘણું વીનવ્યાં પણ અમે જવાનો જ આગ્રહ રાખ્યો. એટલામાં વફાદારીપૂર્વક અમારી સાથે આખી મુસાફરી કરેલી મોટરે જાહેર કર્યું કે, 'મારાં ગાત્ર હવે નથી ચાલતાં.' આખી લડાઈ લડી લીધા પછી, છેલ્લે દિવસે સેનાપતિનો ઘોડો ઘાયલ થાય એના જેવી એ સ્થિતિ થઈ.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા કોઈ મોટું એવું શહેર નહીં કે ગરાજમાં મોકલીને એને તરત સમી કરાવાય. પૈડા પાસેની એક ક્લિપ જ તૂટી ગઈ હતી. સ્થાનિક કારીગરે કહ્યું કે, અઢી કલાકમાં મોટર તૈયાર થશે. અઢી કલાકને અંતે જોયું તો એણે અમારું કામ હાથમાં પણ લીધું ન હતું! જેનો પ્રારંભ જ થયો નથી તેનો અંત કયારે થશે એ પ્રશ્નનો જવાબ કોઈ વેદાંતી પણ આપી ન શકે! આને અંગેની જાતજાતની વિટંબણાનું વર્ણન કર્યે લાભ શો? શ્રી કમલનયનનો રસોઇયો ગોપી માંદો પડ્યો. એને ચક્કર આવ્યાં. બીજું કશું ન સૂઝવાથી કોકે એને બ્રાન્ડી પાઈ. એને પાછળ રાખીને કમલનયન આગળ જવા તૈયાર થાત પણ શહાણેએ તેમ કરવા ન દીધું. ઘણી ચર્ચાને અંતે અમે નક્કી કર્યું કે જે એક મોટર સેવા આપવા હજી તૈયાર છે એને લઈ ને થોડાક જણ આગળ જાય. કમલનયન, યમુનાતાઈ, શરદ પંડ્યા, ગોપી એ ચાર જણને સાથે લઈ શાહબંધુઓ પોતાની મોટરમાં ઊપડ્યા. અને અમે અમારી માંદી મોટર સાજી થવાની રાહ જોતાં થાકતાં રહ્યાં.

પછી તો સ્થાનિક શાળાના વ્યવસ્થાપકોમાં મતભેદ કેમ શરૂ થયો, એમાંથી બે અલગ અલગ નિશાળો કેમ બની, એ બધી હકીકત વિસ્તારપૂર્વક અમે સાંભળી. લિંડીથી અમે આવાં પ્રકરણો સાંભળતાં આવ્યાં હતાં. સવાલ એક જ હોય તોયે સ્થાનિક વિગતોમાં નવીનતા હોવાની જ. આફ્રિકામાં ઇસ્લામનું સ્થાન શું છે એને વિષે મેં લાંબું વિવેચન કર્યું. છતાં મોટર સાજી થાય નહીં. સવારે નાસ્તો કરીને જવા તૈયાર થયેલાં અમે રાત્રે સાડાઆઠ વાગ્યે જેમતેમ ચાલતાં થયાં. પણ તે અમારી મોટરમાં નહીં. અમારી સાથે આખો દિવસ દોડમદોડા કરીને થાકેલા છગનભાઈની મોટરમાં. એ જો સાજી હોત તો અમે કચારનાં અમરારાથી નીકળ્યાં હોત. ગમે તે જોખમે ગતવાસો ટાળવો જ જોઈએ એવો અમારો આગ્રહ જોઈને છગનભાઈએ પોતાની મોટર તૈયાર કરી. એને તૈયાર થતાં પણ વાર તો લાગી જ. અમરારાથી બહાર નીકળ્યાં. જમણી બાજુ પહાડમાં ભારે દવ લાગ્યો હતો. એનો પ્રકાશ અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તા સુધી આવ્યો હતો. અમારી મોટર ઘણી બહાદુરીથી ત્રીસ માઈલ સુધી ચાલી અને એ ખોટકી. એને થયું હશે કે ઘરમાં એક માંદી મહેમાન મોટરને છોડીને આપણે આમ જઈએ એ અજુગતું છે.

એનું પંક્ચર સમું કરવા માટે અમે જૅક શોધ્યો. અમારા પરગજુ શૉફરે માંદી મહેમાન મોટરની સેવામાં એ પાછળ રહેવા દીધો હતો! હવે શું થાય? આખી રાત વગડામાં ગાળ્યા વગર છૂટકો ન હતો. કોકે કહ્યું કે, અહીંના જંગલમાં સિંહ તો હોય જ છે. રાત્રે એકાદનો ભેટો થાય તો નવાઈ નહીં. સિંહની મુલાકાતથી અમે ટેવામાં હતાં. મોટરનાં બારીબારણાં બંધ કરીને અમે બેસી શકત. પણ આખી રાત મોટરમાં બેઠાં બેઠાં હાથપગ રહી જાય એનું શું?

ઘણી રાહ જોયા પછી સામી બાજુથી એક મોટર આવી. એ લોકોને અમુક વાગ્યા સુધીમાં કંપાલે પહોંચવું હતું. અમારી વિનંતી તેઓ સ્વીકારી શકે એમ ન હતું. અમે કહ્યું, 'જાઓ ત્યારે, જે થવાનું હશે તે થશે.' આ છેલ્લા વચનની એ લોકો ઉપર અસર થઈ. અમે કોણ છીએ એનો પણ એમને ખ્યાલ આવ્યો. અમારી મોટરનો લંગડાતો પગ જૅકની મદદથી ઊંચો કરી એને ઠેકાણે બીજું પૈડું બેસાડ્યું. પણ અમારો શૉફર કહે, 'હજી ૬૦ માઈલની મુસાફરી છે. મારી હિંમત નથી કે હું તમને સહીસલામત આગળ લઈ જઈ શકીશ.' અમારી આગળ એક કોયડો ઊભો થયો. પાછા વળીએ તો મોટર સારી રીતે ચાલશે જ એની ખાતરી શી? એ કંઈ જાનવર ન હતું કે ઘરનો રસ્તો જોઈને ઉમંગમાં આવે. છતાં અમે હિસાબ કર્યો કે ૬૦ માઈલના જોખમ કરતાં ૩૦ માઈલનું જોખમ ઓછું. અમે પાછાં ફર્યાં. એટલામાં અમારી પોતાની મોટર પણ સાજી થઈને આવી પહોંચી. હવે મસાકા જવાને વાંધો ન હતો. પણ બધા જ સારથિઓ હિંમત હારેલા. અમે જુદો જ હિસાબ કર્યો. પાછા જઈએ તો ત્યાંના ગૃહપતિને અગિયાર વાગ્યા પહેલાં જ જગાડવા પડે. મસાકા જઈએ તો અપરાત્રીએ બે અઢી કે ત્રણ વાગ્યે ત્યાંના ગૃહપતિને અણુધાર્યા જગાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે. પાછા જવામાં જ ઓછી હિંસા હતી. અમે પાછી પાની કરી. જઈને સૂતાં બાર વાગી ગયા. એ આખો દિવસ અમને બહુ મોંઘો પડ્યો. મસાકા જવા માટે અમને ભાઈ હસનઅલી અને ભાઈ રજબઅલીનો સથવારો મળ્યો કેમ કે એમની જ મોટરમાં અમે જઈ શકયાં. આમાંના હસનઅલી ભાઈ મુંબઈ પાસેની ઘોલવડ–ઓરડીની સ્કૂલમાં ભણેલા હતા. પોતે રાષ્ટ્રીય વૃત્તિના છે એ સિદ્ધ કરવા માટે એમણે ભારપૂર્વક કહ્યું કે, "હું ઓરડી સ્કૂલનો વિદ્યાર્થી છું." એમની પાસેથી મ્બરારા સ્કૂલના ભાગલા કેમ થયા એની બીજી બાજુ સાંભળી. મસાકા પહોંચતાંવેંત અમે કંપાલા ફોન કરવાનો પ્રયત્ન કર્યો પણ એમાં ન ફાવ્યાં. એટલામાં ત્યાંથી કમલનયનનો ફોન આવ્યો કે અમે મરચ્યુસન ફૉલ્સ જોવા જઈએ છીએ. વધારે લોકોની સગવડ થાય એમ નથી. તમારે માટે મોટર મોકલીએ છીએ.

હવે એ મોટર માટે થોભ્યે જ છૂટકો હતો. અમે વિચાર કર્યો, "ઐડે સે બેગાર ભલી! મસાકાનાં લોકોની હંમેશની તકરાર છે કે જેટલા નેતાઓ, મહેમાનો અને હોંસીલા યાત્રીઓ આ બાજુ આવે છે તે બધા મસાકા માત્ર જમવા પૂરતા જ થોભે છે. જીભનો બીજો ઉપયોગ આપતા નથી." અમે પણ જતાં એમ જ કર્યું હતું. કમલનયનની મોટર મ્બરારાથી અમે ન્યારે આગળ મોકલી ત્યારે આશા રાખી હતી કે કમલનયન મસાકામાં દોઢ બે કલાકનું ભાષણ આપીને લોકોને સંતુષ્ટ કરશે. પણ એમણે મારો હવાલો આપી કંપાલાનો રસ્તો પકડ્યો હતો. પરિણામે મસાકાનું મહેણું મોળું પાડવાની ફરજ મારે માથે આવી પડી. ગામ ભેગું થતાં વાર ન લાગી. શ્રી અમૃતલાલભાઈ શામાણી બાહોશ માણસ છે. કેવળ મસાકાના જ નહીં પણ આસપાસના આખા પ્રદેશના લોકો એમના અભિપ્રાયને આદરથી સ્વીકારે છે. ત્રણ વાગ્યે સિનેમા હોલમાં સભા થઈ. "આપણે બધા એશિયન છીએ. આપણામાં એકતા હોવી જોઈએ. ગાંધી કેળવણી દ્વારા આપણે આફ્રિકન લોકોની સેવા કરવા જોઈએ." વગેરે મેં વિગતવાર સમજાવ્યું. લોકોને મારું ભાષણ ગમ્યું. મુસલમાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ રાજી થયા. એમાં એક અલીભક્ત કેાઈ ઇસ્માઈલી ભાઈ હતા. એણે અલી માહાત્મ્ય વિષે થેાડું ભાષણ કર્યું.

ખીમજીભાઈ અને વ્રજલાલભાઈના ભાઈ હીરાચંદ અમારે માટે કંપાલાથી મેાટર લઈ આવ્યા. મેાટરના અકસ્માતથી ગઈ કાલે અમે એટલાં ટેવાઈ ગયાં હતાં કે આ નવી મેાટરે કંપાલા સુધીની ૮૨ માઈલની મુસાફરી વગર ખટકે પૂરી કરી એનું અમને આશ્ચર્ય થયું. અપેક્ષા-ભંગ થયેા એમ કહીએ તેાપણ ચાલે. કંપાલા જઈને છેાટાભાઈ પટેલને ત્યાં અમે જમ્યાં અને રાત્રે નાનજીભાઈને ત્યાં આરામ કર્યો.

લાંબી યાત્રા પૂરી કર્યાનેા સંતેાષ લઈને સૂવું હતું પણ તે અમારા નસીબમાં ન હતું. 'શ્રી આર. એસ. શાહનાં બહેનની નાની દીકરી ક્વિનાઈનની ઘણી ગેાળીઓ ખાઈ ગઈ અને ડેાક્ટરી ઇલાજ થઈ શકે તે પહેલાં જ એનેા દેહાંત થયેા' એવા સમાચાર મળવાથી મન ગમગીન થયું. વર્ધા-સેવાગ્રામમાં અમારા આર્યનાયકમ્ના બાળકનેા એવેા જ કિસ્સેા માદ આવી મન તે તરફ દેાડ્યું અને મરણ માટે કેવાં સાદાં કારણેા પણ બસ થાય છે, તેમ જ ગફલતેા ઘણી વાર કેટલી મેાંઘી પડે છે એ વિચારે લાંબા વખત સુધી ઊંઘ ન આવી.

રવિવારનેા દિવસ જૂનું દેવું ચૂકવવા પાછળ અને જૂના સંકલ્પેા પાર પાડવા પાછળ ગાળવાનેા હતેા. છેાટાભાઈ તેમ જ છેાટુભાઈને સાથે લઈ અમે પેલી મસ્જિદ જેાઈ આવ્યાં. એ મસ્જિદ દૂરથી જ બહુ સારી લાગી હતી. ઉપર ચડ્યા પછી આસપાસનેા પ્રદેશ દૂર દૂર સુધી જેાવાનેા આનંદ મળ્યેા બરેા. એ મસ્જિદ અમને બતાવવા માટે મેજર દીન અમારી સાથે આવવાના હતા પણ તેમની તબિયત સારી ન હેાવાથી અમે જ તેમને મળવા ગયાં. એમની સજ્જનતા, સંસ્કારિતા અને મળતાવડાપણું ત્રણે સામાન્ય કરતાં વિશેષ હતાં.

બપેારે જમેાજ સહી કરીને એક આફ્રિકન યુવાન અમને મળવા આવ્યા. એમની સાથે એમના મેાટાભાઈ અને પિતા પણ હતા. હિંદુસ્તાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકાર તરફથી એમને સ્કૉલરશિપ મળી છે. દક્ષિણ આફ્રિકાની પોતાની પત્નીને પણ હિંદુસ્તાન લઈ જવાનો એમનો વિચાર હતો.

રુઆન્ડા ઉરુન્ડીની આખી મુસાફરીમાં પોતાની મોટર લઈને સેવાભાવથી અમારી સાથે ફરેલા શાહ બંધુને ત્યાં અમે જમવા ગયાં. ઘરનાં લોકોને મળતાં અમને ઘણો આનંદ આવ્યો. એ કુટુંબ બહોળું છે. બધાં મળીને બાવનની સંખ્યા છે. આટલાં લોકો એકસંપથી રહે છે એની પાછળ કેટલી બધી સંસ્કારિતા અને કુનેહ હોવી જોઈએ! શ્રી ખીમજીભાઈએ ગેંડાનું એક મોટું શીંગડું મને ભેટ આપ્યું. મારી સાથે હું એ આણી ન શકયો. પાછળથી એને માટેની બધી વ્યવસ્થા કરવી પડી હતી.

કંપાલાના મહારાષ્ટ્ર મંડળની મુલાકાત મારે કયારની લેવી જોઈતી હતી. પણ તે ગફલતથી રહી ગઈ હતી. મહારાષ્ટ્ર મંડળનો કાર્યક્રમ ઘણો જ રસિક હતો. સંગીત તો એમાં હોય જ. શ્રી ગોંધળેકર પાસેથી બેલ્જિયમ વિષે અમે કેટલીક માહિતી મેળવી. મારા ભાષણ પછી થોડીક પ્રશ્નોત્તરી થઈ. એમાં હિંદુસ્તાનના જ સવાલો પૂછામા હતા. "ભાષાવાર પ્રાન્તરચના થશે ત્યારે મુંબઈનું શું થશે?" એ એક સવાલ અને "હિંદુસ્તાનની રાજદ્વારી પ્રવૃત્તિમાં મહારાષ્ટ્રનું સ્થાન કયાં છે?" એ બીજો સવાલ. બન્ને સવાલ પાછળ શુદ્ધ જિજ્ઞાસા અને હિતેચ્છા હતી એટલે મેં પણ વિસ્તારથી જવાબ આપી એ લોકોની ચિંતા દૂર કરી.

કંપાલામાં જે એક ભાઈને મળવાનું રહી ગયું હતું તે હતા ધીરુભાઈ મારફતિયા. હિંદુસ્તાનથી તાજેતરમાં જ પાછા ફરેલા. પોતાની દીકરી આશાની કેળવણી પાછળ તેઓ ઠીક મહેનત લે છે. અહીંના જાહેર-જીવનમાં પણ એમનો ભાગ છે. તેઓ અમારી સાથે લુગાસી સુધી આવ્યા. રસ્તામાં ગાંધી સ્મારક કૉલેજ વિષે અમે ઘણી ઘણી ચર્ચા કરી. શ્રી ધીરુભાઈ મારફતિયા ધારે તો કૉલેજની યોજનામાં ઘણા મદદગાર થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

માગી લીધેલી મીઠી કેદ

બે મહિનાની અદ્‌ભુત મુસાફરી પૂરી કરી અમે એટલા બધા સંસ્કારો મેળવ્યા હતા કે એમનો સંગ્રહ ન કરીએ તો તે વાદળાંની પેઠે ઊડી જશે એ બીક હવે મનમાં પેસી ગઈ. રુઆન્ડા ઉરુન્ડી જતાં પહેલાં જ મેં છોટુભાઈને કહ્યું હતું કે આફ્રિકા છોડતાં પહેલાં જ મુસાફરીનું બયાન લખી ન કાઢું તો હિંદુસ્તાનમાં ગયા પછી એ નથી થવાનું. ત્યાં ગયા એટલે ત્યાંનાં કામો અને ત્યાંની ચિંતા વળગશે. મને કોઈ એવે એકાંતને ઠેકાણે પુરાઈ રહેવા દો કે જેથી નિરાંતે કાંઈક લખી શકું. છોટુભાઈએ એ જવાબદારી માથે લીધી અને મારે શ્રી નાનજી શેઠના લુગાસીના ભવનમાં આઠ દિવસ ગાળવા એમ એમણે નક્કી કર્યું. તેવામાં શ્રી અપ્પાસાહેબે વાંધો ઉઠાવ્યો : "નૈરોબીમાં કમિશનરની ઑફિસ નવા બાંધેલા ઘરમાં જવાની છે એનો પ્રવેશસમારંભ તમારે હાથે થવાનો છે એ ભૂલતા નહીં. નૈરોબીમાં પણ અમે તમને શાન્તિ આપી શકીશું." હમેશ મુજબ એ બન્ને મેનેજમેન્ટોએ ત્વયાર્ધમ્ મયાર્ધમ્નો ન્યાય વાપરી સમાધાન કર્યું. ચાર દિવસ લુગાસી રહીને નૈરોબી જવું એમ નક્કી થયું. એ નિર્ણય પ્રમાણે કંપાલાથી અમે લુગાસી પહોંચ્યાં. કમલનયને મરચ્યુસનથી પાછા આવી નૈરોબીનો રસ્તો લીધો. ચિ. સરોજિની, હું, શરદ પંડ્યા અને અમારું હિંદી કરમુદ્રણ યંત્ર એટલાં લુગાસી રહ્યાં. ત્યાં જતાંવેંત શ્રી આનંદજીભાઈએ અમારો કબજો લીધો. અમારી રહેવા કરવાની બધી સગવડ ગોઠવી અને અમને ગમે ત્યારે કોઈ મળવા ન આવે એની ચોકીદારી પોતાના હાથમાં લીધી. છતાં કંપાલાથી કે બીજેથી કોઈ ને કોઈ મળવા આવતા જ. એમને માટે આનંદજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈએ જમવાનો વખત છૂટો રાખ્યો. આટલી 'કેદ'માં અમે રહ્યાં તેથી જ ઠીક ઠીક લખી શકયાં.

લુગાસી સ્થાન જ એવું છે કે એક વાર જોયા પછી મન પર એનું ચિત્ર ઠસી જ જાય. કકીરા અને લુગાસી સુંદર જોડી છે, એ બેમાં કોણે કોનું અનુકરણ કર્યું છે એ મેં પૂછ્યું નથી. લુગાસીની ટેકરી ઉપર બે મકાનો છે. એક જૂનું; તે નાનું પણ છે અને સાદી સગવડોવાળું છે. બીજું નવું બેશઆરામવાળું. પહેલું મકાન પુરુષાર્થી માણસની સાદી અભિરુચિવાળું છે. બીજું મકાન ધની પિતાના ભાગ્યશાળી દીકરાઓને રહેવા લાયક છે. અમે નાના (અલબત્ત, પ્રમાણમાં નાના) મકાનમાં રહીને એકાગ્રતાથી લખવાનું પસંદ કર્યું. રોજ સવારે અને સાંજે અમે આસપાસના દૃશ્યનું—સૂર્યોદય સૂર્યાસ્તનું સૌન્દર્ય જોઈ અને બન્ને સંધ્યાએ સૂર્યનારાયણનું ઉપસ્થાન કરતાં પક્ષીઓનું ગાન સાંભળી, હૃદયને એનો ખોરાક આપતાં અને બાકીનો બધો વખત લખવામાં ગાળતાં.

પહેલો દિવસ એક બે કાગળો લખવામાં, વર્ણનનાં પ્રકરણો પાડવામાં અને પ્રસ્તાવના લખવામાં ગયો. રાત્રે જમ્યા પછી શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડે સહેજ વાર્તાલાપ થયો. 'ગુજરાતી નિશાળમાં આફ્રિકન વિદ્યાર્થીઓ તમારી ભાષા શીખવા આવે તો તમે એમને લેવા તૈયાર થશો કે કેમ?' એ સવાલ મેં પૂછ્યો. મારે એ બાબતમાં વિદ્યાર્થીઓનો અભિપ્રાય જાણવો હતો. શિક્ષકોને એ સવાલ પૂછવામાં કાંઈ અર્થ ન હતો કેમ કે આવા કારખાનાની નિશાળની બધી વ્યવસ્થા મૅનેજરના જ હાથમાં હોય છે. ભાઈ જજલ અહીંના જનરલ મૅનેજર છે. એમણે પરિસ્થિતિ પરત્વે ઘણી ચોખવટ કરી. મારે જે કહેવું હતું તે બધું ચર્ચા દ્વારા હું કહી શકયો. તાત્યાનો એક કાગળ લઈને શ્રી છોટાભાઈ કંપાલાથી આવ્યા. અમે નૈરોબી કયારે પહોંચીશું એ અને એમણે ગોઠવેલો આગળનો કાર્યક્રમ અમને મંજૂર છે કે નહીં એ પણ એમને જાણવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા સ્વભાવ પ્રમાણે મેં એમનો કાર્યક્રમ મંજૂર રાખ્યો કેમ કે કામની દૃષ્ટિએ એ બરાબર હતો. એનું એક પરિણામ એ આવ્યું કે મરચ્યુસન ફૉલ્સ જોવા જવાની તક મારે જતી કરવી પડી અને વિક્ટોરિયા સરોવરના કિનારાનું મશહૂર બંદર કિસુમુ જોવાની ઇચ્છા પણ દબાવવી પડી.

શ્રી નાનજીભાઈએ પોતાના કારખાનામાં ઠેકઠેકાણેથી લોકો આણીને વસાવ્યા છે. એમાંના એક મહારાષ્ટ્રી ભાઈ શ્રી ભોમે છે. એ મૂળે ફલટણ સતારા તરફના. ખાંડની બાબતમાં નિષ્ણાત છે. અહીં એમણે ત્રણ વરસ કામ કર્યું છે. દીકરો હવે ઘરનું બધું સાચવી શકે એવો થયો છે એટલે નિવૃત્ત થઈ, પેટ પૂરતું લઈને રાષ્ટ્રસેવા કરવા માગે છે. એમની બાસિયત મેં એ જોઈ કે સિદ્ધાન્ત કે વ્યક્તિગત સંબંધ જળવતાં વ્યાવહારિક નુકસાન થઈ જાય તો એમને એનો જરા સરખો ખરખરો થતો નથી. એમની માતૃભક્તિ જોઈને મને એમના પ્રત્યે વિશેષ આકર્ષણ થયું. એ જ રાત્રે કમલનયન અને શહાણે દંપતી મરચ્યુસન ફૉલ્સની યાત્રા પૂરી કરી મોટરને રસ્તે નૈરોબી જવા આ તરફ આવ્યાં. રાત્રે લુગાસી આવ્યા પછી કાચા રસ્તા ઉપર કાદવમાં ફસાઈને ખૂબ હેરાન થયાં. બીજે દિવસે સવારે તેની વાતો જ વિનોદનો વિષય થઈ ગયો.

ત્રીજે દિવસે કિસુમુથી ત્યાંના લોકોનો લાંબો તાર આવ્યો કે 'અમારે ત્યાં જરૂર આવો.' મસાકાનું વળતર વાળવાનું નક્કી કરી મેં કમલનયનને એ કામ સોંપ્યું અને કિસુમુના લોકોને એક મીઠો કાગળ લખી માફી માગી. કમલનયન વ્યાખ્યાનમાં હારે એવા છે જ નહીં અને વિનોદના ફુવારા એમની પાસે હમેશાં હાજર. એમણે જતાંવેંત કહ્યું કે, "મહાદેવ પોતે નથી આવી શકયા એટલે એમનો પોઠિયો આવ્યો છે." પોતાની જ મશ્કરી કરીને એમણે જે વાતાવરણ ઉત્પન્ન કર્યું એટલાથી એ લોકોમાં માનીતા થઈ પડ્યા. એક વાર પોતાની જ મશ્કરી કરી લીધી, એટલે એ બીજા ઉપર અજમાવવાની છૂટ મળી જ જાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમલનયન સાથે લુગાસીમાં જ અમે નક્કી કર્યું કે મારે પણ ઇજિપ્ત ન જતાં એડિસ-અબાબા સુધી જઈને જિબુટી એડનને રસ્તે પાછા હિંદુસ્તાન જવું.

ઇજિપ્ત જવાનું મેં માંડી વાળ્યું એનું ઘણાને આશ્ચર્ય થયું. ખર્ચની મુશ્કેલી હતી નહીં. નાનજી શેઠ તરફથી એ સહેજે મળી જાત. પણ આટલા દિવસ સાથે મુસાફરી કરી ત્યાં છેલ્લી ઘડીએ કમલનયનને છોડી દઈ આગળ જવાનું મને ગમ્યું નહીં. અને એથીય વિશેષ અથવા મુખ્ય વિચાર એ હતો કે ઇજિપ્તની સંસ્કૃતિ જુદી. એના સવાલો જુદા. ત્યાંના પિરામિડ જોઈશ, કાયરોનું અદ્‌ભુત સંગ્રહાલય નિહાળીશ અને અલ અજહારની યુનિવર્સિટીની મુલાકાત લઈશ તો એટલા બધા ભિન્ન અને વિવિધ સંસ્કારો મન પર થશે કે ઈસ્ટ આફ્રિકાના સંસ્કારો દબાઈ જશે. મારે એમ થવા દેવું ન હતું. હિંદુસ્તાનનો પૂર્વ આફ્રિકા સાથે જે જાતનો સંબંધ છે તેવો ઇજિપ્ત સાથે નથી. પૂર્વ આફ્રિકામાં સેવાની હાકલ હતી. ઇજિપ્તમાં સંસ્કારસમૃદ્ધિનું અને અદ્‌ભુત પરંપરાનું આકર્ષણ હતું. નાઈલ નદીનું જીવનચરિત્ર વાંચ્યા વગર, ઇજિપ્તની મિશ્ર સંસ્કૃતિ વિષેનું જ્ઞાન તાજું કર્યા વગર અને ઇજિપ્તમાં નેપોલિયનથી માંડીને પશ્ચિમના અનેક લોકોએ જે પુરુષાર્થ પાથર્યો છે તેની માહિતી મેળવ્યા વગર ઇજિપ્તમાં જવું એ મને કંઈક ઉતાવળિયું પગલું લાગ્યું. સગવડ છે એટલા જ માટે જઈ આવું તો હીરો ઘોઘે જઈ આવ્યા જેવી વાત થાય. ખ્રિસ્તી ધર્મના પ્રારંભના દિવસોમાં ઇજિપ્તે એ ધર્મને જે આશ્રય આપ્યો તેનો ઇતિહાસ પણ ફરી યાદ કરવા જેવો હતો જ. આ બધું ક્યારે કરીશ અને ઇજિપ્ત ક્યારે જઈશ એ હું જાણતો નથી. અને જઈશ ત્યારે આ બધી તૈયારી કરવાનો વખત મળશે કે કેમ એ વિષે પણ મને શંકા છે. આપણા ભાગ્યમાં જેટલું હોય છે તેટલું જ આપણાથી થાય છે અને તેના પ્રમાણમાં જ આપણને લાભ મળે છે એ મારો વિશ્વાસ દૈવવાદમાંથી નથી ઉત્પન્ન થયો પણ જીવન-પરિચયમાંથી ઉત્પન્ન થયો છે — જેને લોકો કર્મનો સિદ્ધાન્ત કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ દિવસે એક સજ્જન, સેવાપરાયણ વૃદ્ધ વ્યક્તિનો પરિચય થયો. ડૉ. હંટર એમની યુવાવસ્થામાં અમારા બેલગામ તરફ રહેલા હતા. એમના પિતા પણ ત્યાં જ હતા. બેલગામ પાસે જે હિંડલગા જેલમાં હું રહ્યો હતો, એના જ ગામડામાં એમણે એક કુષ્ઠાશ્રમ ચલાવ્યો હતો. બેલગામ તરફથી ડૉ. હંટર આફ્રિકા કેમ આવ્યા, કયારે આવ્યા, તે મેં એમને પૂછ્યું નહીં. એમણે કહ્યું હોય તો યાદ નથી. આજે એમની ઉંમર ૭૨ વરસની છે. થોડા જ વરસ ઉપર એમનાં પત્ની અને એમનો દીકરો, પૂર્વ આફ્રિકામાં જ ગુજરી ગયાં. હવે એકલા જ છે. નાનજી શેઠ એમને ખરચ જોગું આપે છે પણ એ રકમ પેન્શન તરીકે ન સ્વીકારતાં, લુગાસીના કારખાનામાં મજૂરોની તબીબી સેવા કરી તેઓ સંતોષ માને છે. "આટલી ઉંમરે તમે કામ કરો છો એ આશ્ચર્યકારક છે." એમ જ્યારે મેં કહ્યું ત્યારે એ વૃદ્ધે બિલકુલ મુગ્ધ ભાવે કહ્યું, "After all it is better to wear away than to rust away." (કટાઈ જવા કરતાં ઘસાઈ જવું સારું.)

એવા સત્પુરુષને શ્રી આનંદજી મારી પાસે લઈ આવ્યા એટલા માટે મેં એમનો ઉપકાર માન્યો. આફ્રિકાથી સ્વદેશ પાછા આવ્યા પછી ખબર મળ્યા કે એ ડૉ. હંટર જ્યાં એમનાં પત્ની અને દીકરો ગયાં છે ત્યાં પહોંચી ગયા. પણ કેટલી સુવાસ પાછળ છોડી ગયા!

આખો દિવસ લખ્યા પછી વિનોદ તરીકે આનંદજીભાઈ પાસેથી પૂર્વ આફ્રિકાના એમિગ્રેશન કાનૂનની ઘણી આંટીઘૂંટીઓ જાણી લીધી. રાત્રે લુગાસીની સંસ્થા તરફથી રિક્રિયેશન કલબમાં થોડી પ્રશ્નોત્તરી થઈ.

છેલ્લે દિવસે કંપાલાથી શ્રી કાકુભાઈ અને રમાકાન્ત આવ્યા. એમની સાથે અનેક વાતો થઈ.

૨૧મી જુલાઈએ અમે લુગાસી છોડી કંપાલા અને એન્ટેબે થઈને ચાર વાગ્યે વિમાન માર્ગે નૈરોબી પહોંચી ગયાં.

પણ કંપાલા અમને સહેજે છોડે એમ હતું નહીં. ખીમજીભાઈ કહેવા લાગ્યા કે, "તમે મારા ભાઈને ત્યાં જમ્યા છો; મારું ઘર તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયાં જોયું છે?" એટલે ૨૧મી એ એમને ત્યાં અમે નાસ્તો કર્યો. સરવિસ સ્ટોર્સમાં જઈને કંપાલાવાળા બધા ભાઈઓને મળ્યા. એ બધા હવે ઘરના લોકો જેવા થઈ ગયા હતા. શ્રી શાહ, કાકુભાઈ, રામજીભાઈ લહ્યા — બધાએ કંપાલાની યાદગીરી તરીકે અનેક ફોટા આપ્યા. રામજીભાઈ તો એટલા હેતાળ કે એન્ટેબે જઈને અમે વિમાનમાં પ્રવેશ કર્યો ત્યાં સુધી એમણે જાતજાતના ફોટા લેવાનું ચાલુ જ રાખ્યું. કોઈ ખાસ શબ્દો વાપર્યા વગર આતિથ્ય અને સ્નેહ બતાવવાની એમની કળા ખરેખર અનેરી જ છે. એમણે અમને તદ્દન અપનાવી જ દીધાં.

એ બધા મિત્રો સાથે અમે એન્ટેબે જવા ઊપડ્યાં. ૧૯ માઈલનો રસ્તો હતો. અમારું વિમાન ૧૧–૨૦ વાગ્યે ઊપડ્યું અને ૧–૧૦ વાગ્યે નૈરોબી પહોંચ્યું. આ વખતે અમે વિશાળ વિક્ટોરિયા સરોવરનું છેલ્લું દર્શન કર્યું. એની અંદર દેખાતા એકે એક બેટ ઉપર કલ્પનાથી ઘર બાંધીને રહ્યાં. સરોવર પરથી દોડતાં વાદળો સાથે મુરબ્બી ભાવે વાતો કરી — કેમ કે અમે એમનાથીય ઊંચે હતાં. પછી કેનિયાની અસંખ્ય ટેકરીઓ જોઈ. ગોરાઓ અને આફ્રિકન લોકો એ ટેકરીઓને કેમ સેવે છે એ ધ્યાનપૂર્વક જોયું. છેલ્લે છેલ્લે અમારું વિમાન ખૂબ હાલ્યું. વિમાન જ્યારે આમ હાલે છે ત્યારે મને એ વધારે જીવતું લાગે છે. અને એની સાથે મારી કલ્પના પણ ડોલવા માંડે છે. નહીં તો આખો પ્રવાસ અલૂણો જ હોય છે. મુસાફરોને ઊંઘવા ન દેવાય એટલા પૂરતા જ વિમાન થોડાક ઉપર નીચે આંચકા આપે એટલાથી શું થાય?

નૈરોબી ઊતરતાંવેંત તાત્યા ઇનામદાર અમને મળ્યા અને પોતાને ઘેર લઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭

ઉત્કટ અને સમસ્ત

પૂર્વ આફ્રિકાની આખી મુસાફરીના નિચોડરૂપે નૈરોબીમાં અમે અગિયાર દિવસ ગાળ્યા. એ દિવસોમાં ધાર્યા જેટલું લખાયું નહીં પણ અગિયારે અગિયાર દિવસ અનુભવ, સંસ્કાર, માહિતી, ઓળખાણો અને સેવાની દૃષ્ટિએ પૂરેપૂરા ભરેલા હતા. આ અગિયાર દિવસોમાં મુસાફરીનાં બધાં જ તત્ત્વો એકત્ર થયાં હતાં. જમીનની રચનાનું અધ્યયન, ઘોધ જેવાં પ્રાકૃતિક દૃશ્યોનાં દર્શન, વન્ય શ્વાપદોની મુલાકાત, ગામડાંઓનાં દર્શન, આફ્રિકન નેતાઓની મુલાકાતો, ગામડાંઓમાં એમણે બાંધેલાં સમૃદ્ધિશાળી ઘરો, આફ્રિકન જનતા, એમનાં નૃત્યો, એમની મહેચ્છાઓ, આપણી સંસ્થાઓ, હિંદુ-મુસ્લિમ પ્રશ્નો અને રાજદ્વારી વિષ્ટિઓ, હિંદુસ્તાન ગયા પછી કરવાનાં કામોની આંકણી, સંસ્કૃતિનાં અધ્યયન અને પ્રચાર માટે કેળવણી વિષયક અને ધર્મ-પ્રચારક કામો, મહારાષ્ટ્રીઓની મીઠી ઓળખાણો, એમના પુરુષાર્થનો પરિચય, મિશનરીઓએ ચલાવેલી સંસ્થાઓ અને એની પાછળની એમની ઊંડી નીતિ, આગાખાનની તેમ જ આર્યસમાજની કેળવણી વિષયક પ્રવૃત્તિઓ, આફ્રિકનો માટે સાહિત્યનિર્માણનો પ્રારંભ, ખાદી અને રેંટિયાનો પ્રચાર અને નવા મેળવેલા મિત્રો સાથે પ્રેમના વાર્તાલાપ — બધી જ વસ્તુઓ આ અગિયાર દિવસોમાં ઉત્કટતાથી ભેગી થઈ હતી. મને હજી લાગે છે કે આ અગિયાર દિવસોમાં હું એક વરસ જેટલું જીવ્યો હઈશ.

સાંજે થિયોસોફિકલ લૉજમાં આમંત્રણ હતું. ધનની કમાણી અને જીવનની ઉજાણી — એના કરતાં કંઈક વધારે વિચાર કરનારા લોકો ભેગા મળે ત્યારે સારું તો લાગે જ. મોમ્બાસામાં શ્રી માસ્ટર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારેસ્સલામમાં શ્રી જયંતીલાલ દ્વારકાદાસ શાહ અને નૈરોબીમાં શ્રી શિવાભાઈ અમીન અને પારસી ભાઈ બહેરામજી જેવા લોકોએ સાત્ત્વિક આધ્યાત્મિક વાતાવરણ ઉત્પન્ન કરવાનો અને જાળવવાને સારો પ્રયત્ન ચલાવ્યો છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે સામાજિક, આર્થિક અને રાજદ્વારી જીવનની ધમાલમાં આવા લોકો કેન્દ્રમાં નથી હોતા પણ એ બધી પ્રવૃત્તિની કિનારી ઉપર ગોઠવાઈ જાય છે અને લોકોની સત્-પ્રવૃત્તિનું સંગઠન કરી ધાર્મિક સુવાસ ફેલાવે છે. જે પ્રદેશમાં આપણા લોકોએ મોટી મોટી હાઈસ્કૂલો બાંધી છે, હૉસ્પિટલો અને ટાઉનહૉલ ઊભા કર્યા છે અને ન્યાતદીઠ મોટા મોટા હૉલ પણ ચણ્યા છે, એટલું જ નહીં પણ મંદિરો અને ગુરુદ્વારાઓ પણ સ્થાપ્યાં છે, એ પ્રદેશમાં થિયૉસૉફિકલ સોસાયટીનું પોતાનું એવું એક પણ મકાન નથી એ વસ્તુ ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. એ પ્રવૃત્તિમાં તેજ જ નથી, કે એ અતિ સાત્ત્વિક છે? મધ્યમ વર્ગના ગરીબ લોકોની એ સાત્ત્વિક પ્રવૃત્તિ હોય છે. એ લોકોને આવે ઠેકાણે હૃદયનું આશ્વાસન મળે છે એ વિષે શંકા નથી. અને ચારિત્ર્યનો સારોસરખો આદર્શ મન પર ઠસાવવામાં પણ આ સ્થાનો ઉપયોગી જ છે. અસાધારણ સ્વાર્થત્યાગ, જાતિ આપભોગ અથવા રજોગુણી વૈભવ — આમાંથી એકેનો સંપર્ક ન હોવાથી આ પ્રવૃત્તિ બહુ ખીલતી નથી એમ હું માનું છું.

એક નાનકડા ઘરમાં થોડાક લોકો ભેગા થયા હતા. એ બધાની ઓળખાણ સાંભળી એમના પ્રત્યે મનમાં સદ્‌ભાવ જાગ્યો. એટલે મેં ઘણી ઉત્કટતાથી અહીં વાતો કરી. સત્ય વિષે, સર્વધર્મસમભાવ વિષે, બધા ધર્મોના લઘુતમ સાધારણ ભાજ્ય (L. C. M.) અને દૃઢ ભાજક (G. C. M.) કાઢવાના પ્રયત્નો વિષે તેમ જ જાપ અને પ્રાર્થના વિષે વિગતવાર વાતો કરી. મન કેળવતાં જે ગૂઢ શક્તિઓ ('ઑકલ્ટ પાવર્સ') પ્રગટ થાય છે તે સ્વાભાવિક હોવા છતાં એમની પાછળ પડવાના જોખમ વિષે પણ મેં ઇશારો કર્યો. એ શક્તિઓ પાછળ પડવાથી મનમાં વિકૃતિ આવે છે, સમતુલા રહેતી નથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યેયમાંથી ખસી જવાય છે એ જોખમો બતાવ્યાં. રાત્રે શ્રી હાકોરને ત્યાં ખાણું હતું ત્યારે કોણ જાણે કેમ મેસ્મેરિઝમ અને બીજા એવા જ વિષયોની ચર્ચા ચાલી હતી.

પૂર્વ આફ્રિકાની આખી મુસાફરી પૂરી કરી અમે નૈરોબીમાં દસ દિવસ ગાળ્યા એ એક રીતે સારું જ થયું. બેઅઢી મહિનાની મુસાફરીને અંતે નૈરોબીની અનેક આફ્રિકન નિશાળો જોઈ લીધી. સરકારે અથવા મિશનરીઓએ ચલાવેલી કેટલીક અને બીજી કેટલીક આફ્રિકન આગેવાનોએ પોતાના જ પુરુષાર્થથી ચલાવેલી. બન્ને પ્રકારની નિશાળોની ખાસિયતો જુદી જુદી હતી. આ સંસ્થાઓ જોયા પછી આફ્રિકન લોકોનું ભાવિ કેમ ઘડાય છે એનો ઠીક ઠીક ખ્યાલ આવ્યો. એક રીતે આ દસ દિવસ અઢી મહિનાની આખી મુસાફરીની સંક્ષિપ્ત આવૃત્તિ જેવા હતા. કેમ કે અઢી મહિનામાં જેટલી વિવિધતા અનુભવી હતી તે બધીનું પ્રતિનિધિત્વ આ દસ દિવસમાં રજૂ થયું હતું. દાખલા તરીકે, આફ્રિકાનાં વન્ય પશુઓનું દર્શન. અમે બે દિવસ લાગલાગટ અભયારણ્યમાં જઈ આવ્યાં. હવે તો એ આખો પ્રદેશ અને એની અંદરના સ્વતંત્ર જીવો પરિચિત જેવા લાગતા હતા. અને ત્યાંનાં દીર્ઘગ્રીવ જિરાફો તો અમને ખાસ ઓળખતાં હોય એવી રીતે અમારી મોટર સામે ફોટાના પોઝ માટે આવીને ઊભાં રહેતાં. આફ્રિકા આવીને નૈરોબીના સિંહદર્શનથી અમે વંચિત ન રહીએ એની શ્રી જશભાઈ ને ઇંતેજારી હતી.

એક વાર સાંજે ગયાં ત્યારે સિંહ કયાં છે એની ચોક્કસ ભાળ લાગ્યા છતાં વનરાજ સાથે અમારી મુલાકાત ન થઈ શકી. એમના રહસ્યમંત્રીઓએ અમને કહ્યું કે, "મહારાજને ત્યાં આજે સરસ ઉજાણી થઈ છે એટલે તેઓશ્રી કયાંક આરામમાં પોઢ્યા છે. આજે તમને દર્શન નહીં થાય." અમે કલાકો સુધી ખૂબ ફાંફાં માર્યાં. બીજા મુસાફરો પણ અનેક મોટરોમાં રખડી અમારી પેઠે જ ફાંફાં મારતા હતા. પણ મહારાજનાં દર્શન કોઈને ન થયાં તે ન જ થયાં. બીજાં અસંખ્ય પશુઓને એમની પ્રાકૃતિક અવસ્થામાં અમે જોયાં હશે પણ મુખ્ય મુલાકાતને અભાવે મનમાં ગ્લાનિ જ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે સવારે એનું સાટું વળ્યું. અમે બહુ વહેલાં આવીને અભયારણ્યમાં પહોંચી ગયાં. એક અસકારી સાથે ગોઠવણ કરી રાખી હતી. આ અસકારીઓ બેપગા માણસ ખરા, પણ પશુઓની રીતભાત વગેરે બધું આત્મસાદ જાણે અને જ્યાં આપણી નજર ન પહોંચે ત્યાં અચૂક ગમે તે પશુને શોધી કાઢે. હવા કેમ વહે છે એનું જ્ઞાન પશુઓ નસકોરાં ફુલાવી મેળવે છે. આ લોકો થોડી ધૂળ ઉડાડી એ જ્ઞાન મેળવે છે, એટલો જ ફરક. અમારો અસકારી પાંચ દસ માઈલની દોડમાં જ અમને સિંહની બે રાણીઓ આગળ લઈ ગયો. સુકાઈ ગયેલા ઘાસમાં પીળી ચામડીવાળા સિંહો સહેજે નજરે ચડતા નથી, પણ એક વાર ચડ્યા પછી તમે એમના ઉપરથી નજર હટાવી જ ન શકો. સિંહ પ્રાણી, ખાસ કરીને માદા દેખાવે અસાધારણ નથી હોતી પણ એમની ચાલચલન જોયા પછી તરત ખાતરી થાય છે કે એ રાજવંશી પ્રાણી છે.

મોટર લઈને અમે ઠીક ઠીક નજીક ગયાં. બન્ને રાણીઓએ અમારી તરફ જરાક નજર ફેંકી અને 'હશે કોઈ માનવી જીવડા' એવી બેદરકારીથી નજર ફેરવી લીધી. એક ક્ષણ માટે પણ અમારો વિચાર કરવા જેટલું મહત્ત્વ એમને ન લાગ્યું. બન્ને રાણીઓ એક જ ફોટામાં આવી શકે એટલા માટે અમે અમારી મોટર બીજી બાજુએ લઈ ગયાં. ત્યાં, અમારી એ ધૃષ્ટતા પ્રત્યે તિરસ્કાર બતાવવા માટે એક રાણીએ અમારી તરફ એક બગાસું મોકલ્યું. માણસ તરીકે આવું અપમાન સહન કરવું કોને ગમે ? પણ અભયારણ્યમાં એ બધું સહન કર્યા સિવાય અમે બીજું શું કરી શકત ? અમે હતાં ત્યાંથી આગળ જવાય એમ હતું નહીં એટલે પાછાં વળીને અર્ધ ચંદ્રાકાર રસ્તો કાઢીને અમે એ જ સિંહણોને બીજી બાજુથી જોવા પહોંચ્યાં. અમને ઘડી ઘડી આમ પાસે આવતાં જોઈ એ સિંહણોને ન કાંઈ આશ્ચર્ય થયું ન સતામણીની ચીડ ચડી. એમને મન અમારું કશું જ મહત્ત્વ ન હતું. એક સિંહણ ધીમે ધીમે ત્યાંથી ચાલી ગઈ અને બીજી આડી થઈને સૂઈ ગઈ ! આવી રીતે એમની આગળ અમારી પ્રતિષ્ઠા ખોઈ અમે પાછાં ફર્યાં. સિંહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયાનકતા વિષે કેટલી બધી વાર્તાઓ વાંચી હતી અને અજાયબ-ઘરે ાં પ્રાણીઘરોમાં બંદી થઈને પડેલા સિંહોને માણસ ઉપર ચિડાતા જોયા હતા. પણ અહીં તો એ પ્રાણીઓની બેદરકારી અને બેપરવાહી જ જોવાને મળી. એનો વિચાર કરતાં રતાં અમે દસ વીસ માઈલ દોડી જંગલને બીજે છેડે પહોચ્યાં. ત્યાં અચાનક, લાંબા લાંબા વાળવાળો એક સિંહ દેખાયો. ઊભીને ચાલતો હતો. 'થોભ, થોભ' એમ અમે ઘણું કહ્યું પણ એને કયાંક વખતસર જવાનું હશે. એ ચાલ્યો જ ગયો. પણ જે બે ચાર પળ અમે એને જોઈ શકયાં, તેટલામાં એની છબી અમારા મન પર આખી ને આખી રીતે કોતરાઈ ગઈ. 'આ આખું રાજ મારું જ છે,' એવા સ્વાભાવિક દમામથી સિંહો જ્યારે લાંબાં લાંબાં ડગલાં ભરે છે ત્યારે એમને જોવા આદર ઊપજ્યા વિના રહેતો નથી.

મેં કહ્યું 'સિંહ કંઈક ઘરડો દેખાય છે.'

એ ઉપર ચર્ચા ચાલી. 'તમે શા રીતે જાણ્યું?' એમ સાથીઓ પૂછવા લાગ્યા. જશભાઈએ પણ મારી સાથે પોતાનો મતભેદ જણાવ્યો. છેવટે એણે સાથેના અસકારીને અની ભાષામાં પૂછ્યું. જવાબ મળ્યો કે, 'વાત સાચી છે. સિંહ ઘરડો છે. વીસ વરસથી અમે જોઈએ છીએ. એ અહીં જ છે. પહેલાં જેવો હવે એ ઉત્સાહી નથી.' બધાએ મને પૂછ્યું કે, 'તમને કેમ ખબર પડી?' મેં કહ્યું કે, 'જાનવરો જુવાન હોય છે ત્યારે તેમના વાળ ઉપર તેલિયો ચળકાટ હોય છે. એ ઘરડા થાય એટલે એમના વાળ સુકાઈ ગયેલા ઘાસ જેવા, ચળકાટ વિનાના બની જાય છે. આ સિંહના વાળના ચળકાટનાં વળતાં પાણી દેખાયાં. એ ઉપરાંત આ સિંહના ગળા પાસેની યાળના કેટલાક વાળ ખરી પડેલા મેં જોયા, એટલે અનુમાન બાંધ્યું કે એ સિંહનું ઘડપણ શરૂ થયું છે.' તે દિવસે કૃતાર્થ થઈને અમે પાછાં વળ્યાં. રાજા અને રાણીઓ બન્નેની મુલાકાત થઈ. અને છતાં પાછાં વળતાં તરસોના એક મોટા ઝુંડની મુલાકાત અમે સાધી લીધી. ચિત્રાશ્વ, ક્ષુદ્ર અને એવાં ગમે તેટલાં જાનવરો દેખાય તોય હવે ત્યાં ધ્યાન શાનું ચોંટે? અમારી આ તૃપ્તિ ઉપર આશીર્વાદની મહેર મારવા કિલિમાંજારોએ અમને છેલ્લાં દર્શન દીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજદ્વારી ગણી શકાય એવી ત્રણ પ્રવૃત્તિઓ અહીં નોંધવી જોઈએ. ૨૩મી જુલાઈએ શ્રી અપ્પાસાહેબની કચેરી, એને માટે ખાસ બાંધેલા મકાનમાં પહોંચી ગઈ. નૈરોબીના મુખ્ય બે રસ્તાઓના ખૂણા ઉપર પંજાબી કૉન્ટ્રાક્ટર શ્રી મંગતે એક ભવ્ય મકાન બાંધીને એનો ઉપલો આખો માળ અપ્પાસાહેબના લિગેશન માટે ભાડે આપ્યો છે. એ મકાનનું નામ 'ઇન્ડિયા ઑફિસ' રાખવામાં આવ્યું છે. એ મકાનનું ઉદ્‌ઘાટન મારે હાથે થયું. ૧૬મીએ થવાનું હતું તે ૨૩મી એ થયું. એટલે આરસપહાણના લખાણમાં તારીખનો ગોટાળો રહ્યો જ છે. આ શુભ પ્રસંગ માટે દૂર દૂરથી લોકો આવ્યા હતા. ભારત સ્વતંત્ર થયું એટલે જ અહીંના હિંદીઓને એક કમિશનર મળ્યા. અને તે પણ અપ્પાસાહેબ જેવા! એટલે લોકો અનહદ ખુશ હતા. એક જણે પ્રાસંગિક કવિતા ગાઈ. શ્રી મંગતનું, અપ્પાસાહેબનું અને મારું, એમ ત્રણ ભાષણો થયાં. એ તક લઈને અપ્પાસાહેબ વિષે એમનાં વૃત્તાંતમંત્રી (ઇન્ફર્મેશન ઑફિસર) શ્રી શહાણે વિષે અને એમના રહસ્યમંત્રી શ્રી તાત્યાસાહેબ ઇનામદાર વિષે હું થોડુંક બોલી શકયો. રાત્રે શ્રી મંગતને ત્યાં જ ભોજન કર્યું. આ ભાઈની બાહોશી અનેક ક્ષેત્રોમાં કામ કરી રહી છે.

બીજે દિવસે અહીંના અમેરિકન કૉન્સલ જનરલ મિસ્ટર ગ્રોથને ત્યાં અમે બપોરે જમવા ગયાં. હળવી હળવી વાતોમાં અને વાર્તાવિનોદમાં દરેક માણસનું વલણ પારખવાની અને જોઈતી માહિતી કાઢી લેવાની કળા આ લોકોને કેળવવી પડે છે. હિંદુસ્તાનના લોકો ધર્મચર્ચામાં ચગે છે, યોગ વિષે એમને આસ્થા હોય છે, ઇત્યાદિ આપણી ખ્યાતિ અમેરિકા સુધી પહોંચેલી હોવાથી અમેરિકન લોકો આપણી સાથેની વાતોમાં એ વિષય આણવાના જ. પણ મને લાગ્યું કે મિ. ગ્રોથને એ વિષયમાં ખરેખર જ રસ હશે. આફ્રિકનોની સેવા કરતા મિશનરીઓ વિષે, કૉમ્યુનિસ્ટ લોકો વિષે, સ્વીડન વિષે, એવી અનેક વાતો થઈ. અમે માંસાદિ ખાતાં નથી એટલે અમારે માટે અન્નાહારી રોચક આહાર તૈયાર કરાવવા પાછળ મિ. ગ્રોથે ઠીક ઠીક ધ્યાન આપ્યું હતું. સામાજિક સમાનતાની અસરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણે અમેરિકન લોકો અંગ્રેજો કરતાં વધારે મિલનસાર હોય છે. એક વાર અમે નૈરોબીમાં નહોતાં ત્યારે મિ. ગ્રોથે અમારા શરદ પંડ્યાને પોતાને ત્યાં નાસ્તા માટે બોલાવ્યો હતો અને એની સાથે પણ યોગ, પ્રાણાયામ અને સૂર્યનમસ્કાર વિષે ઘણી વાતો કરી હતી.

ત્રીજો રાજદ્વારી પ્રસંગ ૨૮ મીએ આવ્યો. શ્રી કુરેશી કરીને પંજાબના એક પાકિસ્તાની ભાઈ તે દિવસે મળવા આવ્યા. તાજા તાજા જ કરાંચીથી પાછા ફર્યા હતા. એક વખતના શિક્ષક, હવે રાજદ્વારી વાતો-માં આગળપડતો ભાગ લે છે. એમણે પૂર્વ આફ્રિકાના હિંદુ-મુસ્લિમ ઝઘડા વિષેનો આખો ઇતિહાસ પોતાની દૃષ્ટિએ, વિગતવાર, આપ્યો. એમની મોટી ફરિયાદ આર્યસમાજીઓ સામે હતી. ઝઘડો એમણે શરૂ કર્યો. વાર્યા માને નહીં એટલે મુસલમાનોએ ઓબ્ઝર્વર નામનું છાપું કાઢ્યું. એમણે પણ એટલું જ બગાડ્યું. કુરેશી પોતે તટસ્થ રહ્યા. પછી છૂટા થયા — વગેરે પ્રારંભિક હકીકત એમણે આપી. આગળ જતાં સંબંધો કેમ બગડતા ગયા, પોતે સમજૂતી કરવા માટે કેવા કેવા નિષ્ફળ પ્રયત્નો કર્યા એ પણ કહ્યું. અંતે એમણે સરકાર પાસે મુસલમાનોનું નોખું મતદારમંડળ તૈયાર કરવાની માગણી કરી છે. 'તમે ગાંધીજીના માણસ, તટસ્થ અને દેવતાઈ પુરુષ છો. તમે વચ્ચે પડીને હિંદુઓને સમજાવો તો અમારો ઝઘડો પતી જશે.' વગેરે એમણે ઘણી વાતો કરી. મેં એમને પૂછ્યું કે, "અપ્પાસાહેબને મળ્યા હશો જ. એ પણ હિંદુ-મુસ્લિમ એકતા માટે મથી રહ્યા છે. એમણે તમને શું કહ્યું?" "અપ્પાસાહેબ તો ઉચ્ચ કોટીની ('હાયર લેવલ'ની) વાતો કરે છે. મારે તો તુરતનું સમાધાન જોઈએ છે." મેં એમને કહ્યું કે, "સાચી અને કાયમી એકતા 'હાયર લેવલ' પર જ થવાની છે. બીજી રીતે કામચલાઉ દોસ્તી ન જ થઈ શકે એમ નથી. સ્વાર્થી લોકો પણ ઘણી વાર સંતલસ અને સહકાર કરે જ છે. પણ તે માટે નોખા લોકો જોઈએ છે. હું ગાંધીજીનો માણસ છું. સર્વધર્મી છું. કેવળ હિંદુઓની આગેવાનીમાં માનતો નથી. પૂર્વ આફ્રિકામાં હિંદુના અને મુસલમાનોના હિતસંબંધોમાં કાંઈ જ ફેર નથી. કશું વેચી ખાવાની પણ વાત નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી મેં આગળ ચલાવ્યું, "મને એક અત્યંત વ્યવહારુ ઉપાય સૂઝે છે. હિંદુસ્તાનથી આવેલા આપણે હિંદુ-મુસલમાનો બધા અહીંની સરકાર સાથે લડી લડીને અહીંના રાજકાજમાં કેટલાં સ્થાનો મેળવી શકવાના હતા? અંગ્રેજોની સત્તા અને આફ્રિકનોની સંખ્યા બન્ને આગળ આપણે શા વિસાતમાં? આપણે અહીંની રાજ્યવ્યવસ્થા પર અસર પાડી શકીએ એવી છાપ આપણી પાસે છે જ નહીં, ત્યાં અંદર અંદર ખેંચમતાણી કરવા કરતાં એમ નક્કી કેમ ન કરીએ કે હિંદી લોકોને જેટલી સીટો (સ્થાનો) મળે તેને માટે આપણે સારા આફ્રિકન લે કો જ ચૂંટી મોકલીએ? આમ કરવાથી આપણે આફ્રિકન લોકોને સિદ્ધ કરી આપીશું કે એમના પર આપણો વિશ્વાસ છે, એમના હાથમા આપણે પોતાને સુરક્ષિત માનીએ છીએ અને એમના દેશમાં તેઓ રાખે તેમ આપણે રહેવા તૈયાર છીએ. આપણે અહીંની ધારાસભામાં આપણા જ લોકો મોકલીશું તો આપણે દરિયામાં ખસખસ જેવા ખોવાઈ જઈશું. તેમાંય અંદર અંદર લડ્યા તો દુનિયામાં હાંસીપાત્ર બનીશું. એના કરતાં આફ્રિકનોને જ આપણા પ્રતિનિધિ બનાવીશું તો બધા જ આફ્રિકન મત (વોટ) આપણા પ્રત્યે અનુકૂળ થશે. આપણા મત આપીને એના બદલામાં આફ્રિકન મત મેળવી લેવા એ સાટું કાંઈ ખોટું નથી.

"હું એમ નથી કહેતો કે આપણે ધારાસભામાં ન જ જવું. જો આફ્રિકન લોકો, પોતાના પ્રતિનિધિ તરીકે આપણામાંથી કોઈ ને ચૂંટે તો તે વસ્તુ આપણે જરૂર વધાવીએ. દક્ષિણ આફ્રિકામાં કાયદાની રૂએ કાફરાઓને તેમ જ હિંદીઓને પોતાના પ્રતિનિધિ તરીકે ગોરાઓ જ ચૂંટવા પડે છે. એના બદલામાં જો આફ્રિકન લોકો, સ્વેચ્છાએ, આપણામાંથી કોઈ ને, સેવાને કારણે ચૂંટી કાઢે તો તે નવી જ ભાત પડશે."

મારી વાત ભાઈ કુરેશીને ગળે ઊતરી નહીં. આજની સ્થિતિમાં કોઈનેયે ન ઊતરે એ હું જાણું છું કેમ કે એને માટે ઉચ્ચ ભૂમિકાની કલ્પનાશક્તિ જોઈએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી હિંદુસ્તાનની સ્થિતિ વિષે વાતો થઈ. એમણે કહ્યું કે, "હિંદુસ્તાન પાકિસ્તાન એક થાય એમ તો આપ જરૂર ઇચ્છો." મેં કહ્યું, "ના. હિંદુસ્તાન પાકિસ્તાનનું એક રાજ્ય થાય કે ન થાય એની મને પડી નથી. મારે એકદિલી જોઈએ છે. ભારત અને પાકિસ્તાનનું એક રાજ્ય થાય એને માટે હું પ્રયત્ન ન કરું એટલું જ નહીં પણ એવી પ્રાર્થના પણ કરતો નથી. જે એક વાર આપ્યું તે આપ્યું. હવે જો પાકિસ્તાનના મુસલમાનો જ એકતાનો વિચાર કરે અને એવી સૂચના મારી આગળ લઈ આવે તો જ એ દિશામાં મારું મગજ કામ કરશે. એકતા જાળવવા માટે ઘણા પ્રયાસો કર્યા. તે તમે માન્યા નહીં. હવે પ્રયાસો કરીશું તો તમે કહેવાના કે જુઓ આ લોકો પાકિસ્તાનની હસ્તીના દુશ્મન છે. અને એવી શંકા તમે સેવો એટલે દિલની એકતા થાય નહીં."

ભાઈ કુરેશી વિદાય લઈને જાય તે પહેલાં કેનિયાની કિકૂયુ કોમના બે આફ્રિકન આગેવાનો — શ્રી જોમો કેન્યાટા અને શ્રી પીટર કોમનાંગે મને મળવા આવ્યા. મેં એમને અમારી વચ્ચે થયેલા સંવાદનો સાર કહ્યો. મારી સૂચનાનો સ્વીકાર થાય કે ન થાય પણ ત્રણ મહાપ્રજ્ઞ વચ્ચે માનભર્યો સંપ પેદા કરવો હોય તો કઈ દિશામાં પ્રયત્ન કરવો જોઈએ એનો એક નમૂનો રજૂ કર્યાનો સંતોષ મને મળ્યો. કેરોબીના અનેક આગેવાનો આગળ મારો એ વિચાર મેં મૂક્યો. અને આજે એટલું જ કહી શકું કે મેં એમને વિચાર કરતા કર્યા.

ત્યાર પછી જોમો કેન્યાટા અને પીટર કોમનાંગે સાથે ઘણી વાતો થઈ, પણ એ બધી ખાસ કરીને કેળવણી વિષે અને રચનાત્મક પ્રવૃત્તિ વિષે હતી. મેં એમને મારો રેંટિયો ચલાવી બતાવ્યો અને એમને ભેટ આપ્યો. વપરાશમાં ન હોવાથી એ જરા ભારે ચાલતો હતો. શ્રીમતી તાઈ ઇનામદારે તે હળવો કરી આપવાનું માથે લીધું. સમાજસેવાના કાર્યમાં (૧) કષ્ટ-નિવારણનું કામ અને (૨) સમાજ બંધારણનું રચનાત્મક કામ એ બે વચ્ચે ગાંધીજી જે ભેદ બતાવે છે તેની વાત પણ મેં કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકામાં 'ઇન્ડિપેન્ડન્ટ આફ્રિકન્સ' કરીને એક પ્રવૃત્તિ ચાલે છે. એ ચલાવનાર લોકો આફ્રિકન ખ્રિસ્તી હોય છે. ગોરા મિશનરીઓ પ્રત્યે કૃતજ્ઞતા જાળવવા છતાં તેમની સામે આ લોકોનું એક રુસણું હોય છે. તેઓ કહે છે : "આપણે બધા ક્રિશ્ચિયન ખરા પણ જ્યાં સુધી અમારી સામેના બે અન્યાયો તમે દૂર ન કરાવી શકો ત્યાં સુધી આપણે ભેળા બેસીને પ્રાર્થના શી રીતે કરી શકીએ ?

"ચામડીના રંગ પરત્વે ધોળા અને કાળા એવો વર્ણભેદ તમારા લોકો કરે છે તે દૂર કરાવી આપો એ એક; અને અમારી સારામાં સારી ઉપજાઉ જમીન અને ઠંડી આબોહવા ગોરાઓ પચાવી બેઠા છે તેમાં અમને પાછો પ્રવેશ અપાવો એ બીજું. આટલું પ્રાયશ્ચિત્ત કરો પછી જ આપણે સાથે પ્રાર્થના કરી શકવાના."

આફ્રિકાની ભૂમિના પુત્રોનો હૈયાકકળાટ ગોરાઓ કેમ સમજી શકતા નહીં હોય? અન્યાયના પાયા ઉપર ઊભી કરેલી એમની સભ્યતા અને સંસ્કૃતિ કેટલે દરજ્જે કલ્યાણકારી નીવડવાની? જ્યારે જ્યારે ગોરાઓને મળવાની તક મળી ત્યારે ત્યારે 'હિંદુસ્તાનમાં ઉચ્ચવર્ણીઓ-એ એમના જેવી જ ભૂલો કરી હતી અને એનાં માઠાં ફળ અમે ભોગવીએ છીએ, એનો ઇતિહાસ તમે તપાસો અને એમાંથી કાંઈક બોધ લો;' એવી વિનંતી મેં એમને કરી જ છે.

એક દિવસ અપ્પાસાહેબ સાથે આખી મુસાફરીનો સાંસ્કૃતિક સરવાળો કાઢવામાં મેં ગાળ્યો. અમારી ચિંતાના ત્રણ ચાર વિષયો હતા. આફ્રિકામાં શું શું કરવું જોઈએ એને અંગે; અને હિંદુસ્તાનમાં શું શું થવું જોઈએ એ એને વિષે.

સ્કૉલરશિપ મેળવીને જે આફ્રિકન વિદ્યાર્થીઓ હિંદુસ્તાનમાં જાય છે તેમને યોગ્ય રીતે દોરી એમને અહીંનાં સારાંસારાં કુટુંબોમાં રહેવાની તક મેળવી આપવી, આપણી સંસ્કૃતિનો એમને પરિચય થાય એવા પ્રસંગો ગોઠવવા, રચનાત્મક કાર્યનું સ્વરૂપ અને એની પાછળની દૃષ્ટિ તેઓ સમજી શકે એટલા માટે તેમને આપણી સંસ્થાઓમાં ફેરવવા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા લોકોને આફ્રિકાની સ્થિતિ વિષે વાકેફ કરવા વગેરે ઘણી વાતો એમાં આવી ગઈ. આફ્રિકામાં કૉલેજ કાઢવાની વાત સૌથી મુખ્ય હતી. એની દરેક બાજુ અમે ચર્ચી.

અમે એમ પણ વિચાર્યું કે આ દેશમાં આપણા તરફથી આશ્રમ બોલવા ન બેસીએ. આપણા આશ્રમો જોઈ આવેલા આફ્રિકન લોકો પોતાના દેશને અનુકૂળ એવી આશ્રમ જેવી સંસ્થાઓ બોલે એ જ યોગ્ય છે. ગાંધીજીના વિચારો, એમના કાર્યક્રમો એ બધું અહીંના આગેવાનો અને મહત્ત્વાકાંક્ષી યુવાનો જાણી લે એટલાથી આપણે સંતોષ માનીએ; પછી એનો લાભ અહીંની પ્રજાને મળે એને માટે શું શું કરવું જોઈએ એ તો એ લોકો પોતે જ નક્કી કરે અને ચલાવે એ સારું છે. બહારથી લાદેલું બોજારૂપ થાય છે. અંદરથી ઊગેલું જ પ્રાણદાયી હોય છે. આફ્રિકન લોકોની ભાષામાં સાહિત્ય પેદા કરવા વિષે પણ આપણી એ જ દૃષ્ટિ હોવી જોઈએ. જેમ અંગ્રેજી ભણતર દ્વારા યુરોપિયન સંસ્કૃતિનો પરિચય આફ્રિકનોને થાય છે તેમ જ એશિયાની સંસ્કૃતિ વિષે પણ એમને જ્ઞાન થવું જોઈએ. અત્યારે એ અંગ્રેજી મારફતે જ થઈ શકે છે. આપણા દેશની થોડીક સારી ચોપડીઓનું સ્વાહિલીમાં ભાષાંતર કરાવી એ વસ્તુનો સ્વાદ એ લોકોને ચખાડીએ. ત્યાર પછી ઇચ્છા થાય તો એ લોકો ભલે હિંદી વગેરે ભાષા શીખે. કોક દિવસે સંસ્કૃત પણ શીખશે. હમણાં હિંદી અને ગુજરાતી એ ભાષા શીખી લેવાની સ્વાભાવિક સગવડ એમની પાસે છે. આપણે આપણી ભાષાનો ખાસ પ્રચાર કરવા ન જઈએ. પણ જે લોકોને શીખવી હોય તેમને શીખવવાની આપણી સંસ્થાઓએ તૈયારી રાખવી જોઈએ. આપણા લોકો અહીં જે ઇન્ડિયન ઍસોસિયેશન ચલાવે છે એને ફેરવીને એશિયન ઍસોસિયેશન કરી હોય તો હિંદુસ્તાન – પાકિસ્તાનનો ભેદ અહીં નહીં રહે. અરબસ્તાનના લોકો પણ આપણી સાથે ભળી શકે. ગોવાના લોકોને પણ આપણે સુખેથી લઈ શકીશું અને કોઈ એકાદ ચીનો હોય તો તે પણ સંસ્થા વગરનો નહીં રહે. આફ્રિકાની પરિસ્થિતિ બરાબર જાણી લેવા માટે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી સેવાશક્તિ વધારવા માટે આપણા લોકોનું એક મોટું સેક્રેટેરિયેટ અહીં હોવું જોઈએ. જેમાં બધી જાતની ચોપડીઓ, માસિકો, રિપોર્ટો, વસ્તીગણતરીના અહેવાલો વગેરે બધું રાખવામાં આવે, અને અહીંની ત્રણે પ્રજાને લગતા સવાલોનું ઊંડું અધ્યયન કરનારા કેટલાક નિષ્ણાતો તૈયાર કરવામાં આવે.

પીટર કોયનાંગેને હસ્તક ચાલતી અનેક શાળાઓમાં પાયાની કેળવણી દાખલ કેમ કરી શકાય એની પણ અમે ચર્ચા કરી. એ ચર્ચામાંથી શું શું અમલમાં આવે છે અને શું શું હવામાં જ રહી જાય છે એ તો ભગવાન જાણે. આપણા દેશની કાર્યશક્તિ વધવી જોઈએ અને કોઈ કામ કરવા માગતો હોય તો એનો વિરોધ કરવાને બદલે એને બનતી મદદ કરવાની નીતિ બધા ધારણ કરે તો જ આપણો દેશ બીજા દેશોની હારમાં ઊભો રહી શકશે અને પરદેશમાં ત્યાંના લોકોની સેવા કરવાને સમર્થ થશે.

૨૩મી જુલાઈએ ડૉ. કારમન કરીને એક ખૂબ પ્રખ્યાત ડૉક્ટર મળવા આવ્યા. ક્લોરોફૉર્મ વગેરે ઘેનની દવાઓ સફળ રીતે આપવામાં એ માણસની ખ્યાતિ વિશેષ છે. એની સાથે અઢી કલાક વાતો થઈ. યુદ્ધવિરોધી શાંતતાવાદ, સામ્યવાદ, ગરીબોની થતી વિટંબણા, અંગ્રેજોનું આફ્રિકા બાતેનું મિશન વગેરે અનેક વિષયો પર અમે ચર્ચા કરી. માણસ ઘણા જ સજ્જન પણ બાઇબલના અક્ષરાર્થને વળગી રહેનારા. ઈશુ ખ્રિસ્ત પાછા આ દુનિયામાં આવશે અને આખી પૃથ્વીના રાજા થઈને સર્વત્ર શાંતતા અને બંધુતા ફેલાવશે એવી ખ્રિસ્તી લોકોની એક આગાહી છે એમાં એમને ઘણો વિશ્વાસ છે. ચર્ચામાં પોતાની દૃષ્ટિ ક્ષણ માટે પણ કોરે મૂકવાની એમની તૈયારી ન હતી.

આ જ દિવસે એક મહારાષ્ટ્ર કુટુંબમાં ભોજન કરવા જવાનું હતું. ત્યાં પણ લોકોએ ભાષાનો પ્રશ્ન છેડ્યો. હિંદીને બદલે હું ગુજરાતીનો આટલો પુરસ્કાર કેમ કરું છું એ વિષે મને પૂછ્યું. મેં ફરી વાર સમજાવ્યું કે હિંદીનો પ્રચાર તો હું કરું જ છું. પણ અહીંના હિંદીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૦ ટકા લોકોની જન્મભાષા ગુજરાતી છે. એ ભાષા મારફતે જ અહીંનું વિવિધ ધર્મી સામાજિક જીવન વગર ઝઘડાએ ખીલવી શકાય.

અનેક મિશનોએ મળીને આફ્રિકનો માટે ચલાવેલી એક અલાયન્સ હાઇસ્કૂલ અમે જોઈ આવ્યાં. સરકાર તરફથી એને ગ્રાન્ટ મળે છે. વિદ્યાર્થી દીઠ વરસના સાઠ પાઉન્ડ ખર્ચ આવે છે. એમાં બધું આવી જાય છે. આ સ્કૂલની ખાસિયત એ હતી કે અહીંના વિદ્યાર્થીઓ અંગ્રેજ સંગીત તો શીખતા જ હતા, પણ એમણે શુદ્ધ આફ્રિકન સંગીતના કેટલાક રાગો ભેળવીને એવું તો સુંદર સંગીત તૈયાર કર્યું છે કે, એમાં યુરોપિયન સંગીતની બધી ભવ્યતા આવી ગઈ છે અને છતાં એ આફ્રિકન ભાવો વ્યક્ત કરી શકે છે. બે સંસ્કૃતિના સમન્વયની એ અસર જોઈ મને મદુરાનો તિરુમલ-નાઈકનો રાજમહેલ યાદ આવ્યો જેમાં હિંદુ, ઇસ્લામી અને ખ્રિસ્તી એમ ત્રણે સ્થાપત્યનો સુમેળ થયેલો છે. સ્વાભિમાન અને આત્મીયતા નષ્ટ કર્યા વગર જ્યારે એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિ પર અસર પાડે છે ત્યારે જ આવાં સુંદર પરિણામો નીપજે છે. આવા અનેરા પ્રયોગ કરવા માટે મેં એ આફ્રિકન ગાયકોનાં વખાણ કર્યાં અને એ પ્રયોગ ઉત્સાહપૂર્વક આગળ ચલાવવાનું સૂચવ્યું.

તે જ રાત્રે ઇન્ડિયન જિમખાનામાં ખાણું હતું. અહીં જ્ઞાતજ્ઞાત કે ધર્મના ભેદ વગર લોકો સભ્ય બને છે અને, જિમખાનું જ છે એટલે મોજમજા કરે છે. દરેક ઠેકાણે જ્ઞાત પરત્વેનાં સંગઠનોથી અકળાયેલાં અમે અહીં રાજી થયાં અને છૂટથી બોલ્યાં. કમલનયનનું અહીંનું ભાષણ વિનોદપૂર્ણ ટીકાવાળું હતું. તે બધાને જ ગમ્યું.

બીજે દિવસે અમે જીન સ્કૂલ જોઈ આવ્યાં. ફ્રેમેટવાળી સરકારી સંસ્થા સાથે આનો સંબંધ છે. પ્રિન્સિપાલ મિ. એસ્કીથ આફ્રિકન લોકો પ્રત્યે સદ્‌ભાવ ધરાવે છે. આફ્રિકન જીવનનો એણે ઊંડો અભ્યાસ કર્યો છે. સંસ્થાની બધી વ્યવસ્થા અમે જોઈ લીધી. બહુ ઓછી સંસ્થાઓમાં આટલી સુંદર વ્યવસ્થા અને આટલી સગવડો હોય છે. પોતાની જ મોટરબસ રાખીને વિદ્યાર્થીઓને અનેક પ્રવૃત્તિઓ બતાવવા લઈ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ સંસ્થાની ખાસિયત એ છે કે આફ્રિકન લોકોના મુખીઓ, એમની પત્નીઓ અને એમનાં બાળકો અહીં કેળવાય છે. કુટુંબીજનો નોખાં પડ્યા વગર અહીં કેળવામ છે તેથી અહીં થયેલો જીવનપલટો કાયમને માટે ટકે છે. પ્રિન્સિપાલ એસ્કવીથ ધુરંધર વિદ્વાન અને સમાજશાસ્ત્રના અભ્યાસી હોવાથી એની સાથે ચર્ચા કરવામાં ઘણો આનંદ આવ્યો. આફ્રિકન ભાષાઓના વિકાસ વિષે અને અંગ્રેજીને બદલે સ્વાહિલી મારફતે કયારે ભણાવી શકાય એ વિષે ઘણી ઘણી વાતો કરી.

યુરોપિયન લોકોએ ચલાવેલી આવી સંસ્થાઓ જોયા પછી આપણા લોકો પોતાનાં જ બાળકો માટે પણ આવી વ્યવસ્થા કેમ કરતા નથી એવો વિચાર મનમાં આવ્યા વગર રહેતો નથી.

આર્યસમાજી લોકોનો કેળવણી વિષેનો ઉત્સાહ પ્રશંસાપાત્ર હોય છે. આગાખાની સંસ્થાઓમાં અનેક ઠેકાણે યુરોપિયન શિક્ષકો અને વ્યવસ્થાપકો રાખવામાં આવે છે અને તેથી અમુક વ્યવસ્થા, ટાપટીપ અને દક્ષતા દાખલ થાય જ છે. અને છતાં કહેવું પડે છે કે હિંદી સંસ્થાના વ્યવસ્થાપકોની દૃષ્ટિ સંકુચિત હોવાથી અને તેમની દખલગીરી નડતી હોવાથી, જોઈએ તેવી પ્રગતિ થતી નથી. શિક્ષકો જ્યારે જ્યારે દિલ ખોલીને વાતો કરે છે ત્યારે બધી પરિસ્થિતિ ધ્યાનમાં આવે છે. અને પછી – આપણે જ આપણી કેળવણીના શત્રુ છીએ – એમ કહ્યા વગર રહેવાતું નથી.

આર્ય કન્યાશાળામાં મેં આર્યસમાજનું નવું વલણ કેવું હોવું જોઈએ એ વિષે ખાસ વાતો કરી. કેમ કે ત્યાંના શિક્ષકો અને વ્યવસ્થાપકો એ બધી વસ્તુ ગ્રહણ કરી શકે એવા હતા. તે જ દિવસે આગાખાની કન્યાશાળામાં અમે ગયાં હતાં. બાળાઓએ અમારા દેખતાં કેટલીક સુંદર વાનીઓ તૈયાર કરી અમને ખવડાવી. ડ્રૉલ, કવાયત, સંગીત વગેરે બધી પ્રવૃત્તિઓ અને વર્ગો વિગતવાર બતાવ્યા. અને ખૂબી એ કે એમણે અમને કોઈને ભાષણ આપવાનો આગ્રહ ન કર્યો. અહીંની મૉન્ટેસોરી પદ્ધતિની નાનકડી બાળવાડી ઘણી આકર્ષક હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૈરોબીના જે મહારાષ્ટ્ર મંડળના મકાનનો પાયો મેં નાખ્યો હતો તેનું મકાન હવે લગભગ પૂરું થવા આવ્યું. અહીંના મહારાષ્ટ્રીઓની કાર્યદક્ષતાની એ સારી નિશાની ગણાય.

એ જ સ્થાનની પાછળ શ્રી શિવાભાઈ અમીન રહેતા હતા. મારે એમને નિરાંતે મળવું હતું કેમ કે પૂર્વ આફ્રિકા તરફ મારું ધ્યાન પહેલ-વહેલું ખેંચનારા એ જ હતા. શરૂઆતના દિવસોમાં આપણા લોકોને દોરવાનું કામ અને એમની તરફેણમાં છાપાંઓમાં લખવાનું કામ શિવાભાઈએ જ કર્યું હતું. એટલે રહીએ એમને ત્યાં જમવાનું આમંત્રણ સ્વીકાર્યું. અમારે ઘણી ઘણી વાતો કરવી હતી પણ બન્ને રહ્યા સ્વભાવે હિંદુ! એમના ઘરમાં એક યુરોપિયન મહિલા મહેમાન તરીકે આવ્યાં હતાં. તેઓ માંદગીની નબળાઈ ઉતારતાં હતાં. અમે એમની સાથે જ વાતો કરવામાં વખત ગાળ્યો. તેઓ સારાં કેળવણીકાર અને માનસશાસ્ત્રજ્ઞ હોવાથી વાતો જામી અને અમારે જે વિચારવિનિમય કરવો હતો તે તો રહી જ ગયો. એમણે અમને એટલી ચેતવણી આપી કે પૂર્વ આફ્રિકાના હિંદીઓના મનમાં કેળવણીનું મહત્ત્વ વસી તો ગયું છે પણ હમણાં આ મુલકમાં આર્થિક મંદી છે. સામાન્ય માણસ છૂટે હાથે નાણાં ન આપી શકે.

જેમ વિક્ટોરિયા સરોવરના કિનારા ઉપર આવેલું કિસુમુ જોવાનું રહી જ ગયું તેમ રિફ્ટ વૅલીમાં આવેલું નકુરુ રહી જશે એવી મને બીક હતી. પણ અમારું હવાઈ જહાજ અમને પહેલી ઑગસ્ટ પહેલાં લઈ જાય એમ હતું નહીં. એટલે છેલ્લે છેલ્લે, ૨૯મી જુલાઈએ તાત્યા સાથે અમે નકુરુ જઈ આવ્યાં. માણસ આફ્રિકા જાય અને આ રિફ્ટ વૅલી ન જુએ તો એણે ઘણું ગુમાવ્યું કહેવાય. નૈરોબીથી અમે બેએઢી હજાર ફૂટ ઉતાર પૂરો કરી રિફ્ટ વૅલીમાં પહોંચ્યાં. એક વાર નીચે ઊતર્યા પછી આખો રસ્તો સીધો સપાટ છે. આવડી મોટી પહોળી ખીણમાં, સુંદરમાં સુંદર રસ્તા પર પસાર થવું એ જ એક આનંદનો વિષય હતો. આસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસની ટેકરીઓને માથે અનેક 'દ્રોણ' હતા. દ્રોણ ઓળખવાની કળા અમારા હાથમાં — અથવા ખરું જોતાં આંખમાં — આવી ગઈ હતી. રસ્તામાં એક પછી એક ત્રણ સરોવરો અમે જોયાં — નૈવાશા, ગિલગિલ અને નકુરુ. ચળકતા પાણીનું પ્રસન્ન વદન ગમે તે માણસને, અ પશુ-પક્ષીઓને પણ, પ્રસન્ન કરે જ છે. સપાટ ભૂમિ પર આવેલાં આ સરોવરો જોતજોતામાં પોતાનો સંકોચ સાધી શકે છે અને વિસ્તાર પણ કરી શકે છે. સંકોચ કરે ત્યારે એનું ઉઘાડું પડેલું તળિયું અભ્યાસીઓ માટે ઘણું આકર્ષક હોય છે. લોભી માણસ ત્યાંથી જાતજાતના ક્ષાર પણ મેળવી શકે છે. નૈવાશા વિષે બીજું આકર્ષણ એ હતું કે આફ્રિકા અને યુરોપ વચ્ચે આવ-જા કરનાર સમુદ્રી વિમાનો અહીંથી જ ઊપડે છે. સમુદ્રી વિમાનો જમીન ઉપર પગ મૂકતાં નથી. આ સરોવર જેવા પાણીના વિસ્તારો જ એમને માટે મથકનું કામ આપે છે. પાણીમાં તરતાં તરતાં પાંખ ફફડાવી ઊડી જનારાં બતક, બગલા, હંસ કે રાજહંસની જાતનાં આ સમુદ્રી વિમાનો જોવાની ખૂબ મજા આવે છે. ચડે છે ત્યારે નાહીને નીકળેલાં પ્રાણીની પેઠે પાણીના રેલા નીચે છોડે છે. પણ જ્યારે ઉપરથી આવીને પાણી પર ઊતરે છે ત્યારે શાન્ત પાણી એવાં તો વલોવે છે કે માછલાંઓને થતું હશે કે, આ તે શું સંકટ આવ્યું!

નકુરુમાં અમે શ્રી મગનલાલ હાકરને ત્યાં પહોંચ્યાં. વખત થોડો હતો છતાં અમારે બે ઠેકાણે કંઈક ખાવું પડ્યું. શીખ ગુરુદ્વારામાં સભા રાખી હતી. એમાં થોડાક ગોવન ભાઈઓ હતા. એમનું નામ આગળ કરી લોકોએ મારી પાસે અંગ્રેજી ભાષણની માગણી કરી. હું પ્રથમ હિંદીમાં બોલ્યો, પછી અંગ્રેજીમાં. બધે હોય છે તેમ અહીં પણ આપણા લોકોની અંદર બે પક્ષ છે. ખાસિયત એટલી જ કે એમણે એ પક્ષ માટે અદ્યતન નામો રાખ્યાં છે — એક પૈસાદારનો પક્ષ અને બીજો મજૂર પક્ષ. હું નથી માનતો કે પૈસાદાર પક્ષમાં બધા લક્ષાધીશ છે. મજૂર પક્ષમાં થોડા પણ જો હાથે કામ કરતા હોય તો હું તેમનું અભિનંદન કરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા ઘેર આવતાં રાતના પોણાનવ થયા. છતાં શ્રી ગુલાબભાઈ દેસાઈ અને લલિતાબહેનની મહેમાનગીરી સ્વીકારવાની બાકી જ હતી. જમતાં જમતાં ભગિની સમાજ વિષે થોડીક વાતો કરી. શ્રી કુરેશી સાથે થયેલી ચર્ચાનો સાર ડૉ. અડાલજાને કહ્યો અને એ પણ કહ્યું કે મારી સૂચના અત્યંત વ્યવહારુ હોવા છતાં એનો અમલ આજે થઈ શકે એવી મારી અપેક્ષા નથી.

શ્રી તાત્યા ઇનામદાર અને એમના કુટુંબ સાથે અમે આટલા દિવસ રહ્યાં પણ એમની સાથે એકાદ દિવસ નિરાંતે ગાળવાની ભૂખ રહી જ ગઈ હતી. એટલે જાહેર કાર્યક્રમોમાંથી પૂરેપૂરી છુટ્ટી લઈ, રવિવારને દિવસે અમે 'ચૌદ ધોધ'વાળી જગ્યાએ ઉજાણી કરવા ઊપડ્યાં. વિનયકુમાર (ભાઉ) અમારી સાથે આવી ન શક્યા. તાત્યાના કુટુંબનાં બાકી બધાં સાથે અમે ઊપડ્યાં. શ્રી સૂર્યકાન્ત પટેલ અને એમનાં પત્ની ભારતી પણ સાથે હતાં. ઘેરથી બેંતાળીસ માઈલ દૂર આ સ્થાન આવેલું છે. થીકાથી ચૌદ માઈલ. ત્યાંની જ એક નદી અહીં ખડકના અર્ધચંદ્રમાં ચૌદ પ્રવાહે ભૂસકો મારે છે, અને આસપાસના પ્રદેશના લોકોને વિનોદ કરવા આમંત્રણ આપે છે. થાકા અને ચનિમા આ બે નદીઓ એટલી નાની છે કે આપણે ત્યાં એમને કોઈ નદીનું નામ ભાગ્યે જ આપે. ચૌદ ધોધને ઠેકાણે અમને ઘણી શાન્તિ મળી. અમે નીચે ઊતર્યાં, ઉપર ચડ્યાં, અનેક ખડક ખૂંદ્યા, ફોટા લીધા, ધરાઈને ખાધું, સંદર્ભ વિનાની વાતો કરી અને ત્યાં રહેવાય એમ ન હોવાથી જ આખરે પાછાં આવ્યાં.

પૂર્વ આફ્રિકાની આખી મુસાફરીમાં જે વસ્તુ મને સૌથી આકર્ષક અને સૌથી મહત્ત્વની લાગી તે હતી પીટર ક્રોયનાંગેના ઘરમાં એમના પિતાની અને બીજાં કુટુંબીઓની મુલાકાત અને ગિથુંગુરી તેમ જ બીજે એક ઠેકાણે પીટર તરફથી ચાલતી નિશાળોની મુલાકાત. ગિથુંગુરીની મુલાકાત કેવળ એક શાળાની મુલાકાત ન હતી. પણ આફ્રિકન સમાજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસ્ત જીવનનું, એમનાં ભૂત, વર્તમાન અને ભવિષ્યનું એ શુદ્ધ દર્શન હતું. શ્રી પીટર કેાયનાંગે, એમના વૃદ્ધ પિતા, એમના સાથી લેાકનેતા જોમેા કેન્યાટા અને બીજા ઘણા ઘણા આફ્રિકન વૃદ્ધો અને તરુણેા અહીં ભેગા થયા હતા. અનેક નિશાળના વિદ્યાર્થીઓની ભવ્ય મેદની વચ્ચે અમે જાતજાતનાં આફ્રિકન નૃત્યો જોયાં. દરેક જાતિના વિદ્યાર્થીઓ પેાત-પેાતાનાં અલગ અલગ નૃત્યો બતાવે, ગમે ત્યારે છૂટા પડે, અવ્યવસ્થિત રીતે હરતા ફરતા વાતે ચડે, અને જોતજોતામાં કેાઈ કેપ્ટનના હુકમ વગર સુંદર રચનામાં ગેાઠવાઈ જાય. કેટલાક વિદ્યાર્થીઓ કિકુયુ જાતિના હતા. કેટલાક કુંબા જાતિના હતા. બાકીની જાતિઓની સંખ્યા ઓછી હતી. આ બધા નર્તકેાએ એમની પ્રાચીન સંસ્કૃતિની પ્રણાલી પ્રમાણે વિચિત્રવિચિત્ર પેાષાક પહેર્યા હતા. જાતજાતનાં ટપકાંથી મેાઢાં રંગ્યાં હતાં. ઘૂંટણે ટિનના ડબ્બામાં કાંકરા મૂકી બનાવેલા ઘુંઘરુ બાંધ્યા હતા. ઠેકેા દઈને નાચે ત્યારે એ ઘુંઘરુની મન ઉપર ભારે અસર થતી હતી. એ બધા નાચનેા કેફ એટલેા તેા ચડયેા કે અમે બધાં પેાતપેાતાનાં આસનેા છેાડી એમની વચ્ચે જઈને ઊભાં. તાત્યાની ઉષા અને લતા સ્ત્રીઓ વચ્ચે ભળીને પેાતે પણ નાચવા લાગી!

એ છેલ્લેા નાચ વૃદ્ધાઓનેા હતેા. નિયમ પ્રમાણે સાઠ વરસથી ઓછી ઉંમર જેની હેાય તે આમાં ભળી ન શકે. એ બધી બહેનેાએ જૂની ઢબના રંગબેરંગી પેાશાક પહેર્યા હતા. જાતજાતનાં પીછાં બાંધ્યાં હતાં. અસ્ત્રા વતી માથું સાફ કરી, તેલ લગાડી ચળકતું કર્યું હતું. ગળાના હાર છાતી ઉપર જ નહીં પણ પીઠ ઉપર પણ લટકતા હતા. કેડે આગળ પાછળ કેલેાબસનાં ચામડાં બાંધ્યાં હતાં. એ નૃત્ય પ્રાર્થના નૃત્ય હતું. વૃદ્ધાના નૃત્યનેા એક નિયમ એ હતેા કે તેઓ ગમે તેટલાં નાચે તેાપણ પગના અંગૂઠા જમીનને અડેલા જ હેાવા જોઈએ. (મને તરત સ્મરણ થયું કે આપણે ત્યાંના સતાર વગાડનારા ખાનદાન લેાકેા હાથનેા અંગૂઠેા સતારને અડેલેા જ રાખે છે.) એક વૃદ્ધાની ઉંમર નેવું કરતાં વધારે હતી. પણ નાચવામાં એનેા ઉત્સાહ જરાય ઓછેા ન હતેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લોકોનો એક નિયમ બહુ રમૂજી લાગ્યો. જો કોઈ છોકરી કોઈ ઘરડા ડોસાને પરણી હોય તો એની ઉંમર ઓછી હોવા છતાં એને પણ આ વૃદ્ધાના નૃત્યમાં ભાગ લેવાની પ્રતિષ્ઠા મળે છે! નૃત્યમાં ભાગ લેનાર ડોસીઓમાં એવી 'વૃદ્ધ યુવતી' કોઈ છે કે નહીં એ અમે પૂછ્યું નહીં. અમને જ લાગ્યું કે એ અવિવેક ગણાય.

આવાં બધાં રાષ્ટ્રીય નૃત્યોને અંતે બે ઝાડ વાવવાનો ધર્મવિધિ થયો. એ વિધિની અમારાં મન ઉપર ઘણી ઊંડી અસર થઈ. ખુલ્લા મેદાનમાં નાના નાના પથરા ગોઠવીને એક બાજુ આફ્રિકા ખંડની એક મોટી આકૃતિ દોરી હતી અને થોડે અંતરે, યોગ્ય દિશામાં, એવા જ પથરાઓ વડે, હિંદુસ્તાનની આકૃતિ દોરી હતી. હિંદુસ્તાનથી આવેલા બે મહેમાનોને હાથે, આ બે આકૃતિઓની અંદર બે ધર્મવૃક્ષો ('સેરિમોનિયલ ટ્રીઝ') વાવવાનાં હતાં. એ આખી કલ્પના જોઈ હું ગદ્‌ગદ થઈ ગયો. આફ્રિકાની આકૃતિમાં ઝાડ વાવવાનું મારે ભાગે આવ્યું. હિંદુસ્તાનની આકૃતિમાં કમલનયને વાવ્યું. આફ્રિકન નેતાઓએ અમને કહ્યું કે, "બે દેશ વચ્ચે સૌહાર્દ અને શાન્તિ રહે એનાં દ્યોતક એ બે વૃક્ષો છે. ઉત્સાહ અને ખંતથી આ ઝાડો અમે ઉગાડીશું કેમ કે મહાત્મા ગાંધી સાથે રહેલા લોકોને હાથે આ વૃક્ષો વવાય છે."

આ વિધિ પૂરો થયા પછી હું જે બોલ્યો તેનો વાક્યેવાક્ય અનુવાદ શ્રી જોમો કેન્યાટાએ પોતે કર્યો. એમની જાતિમાં એ મોટો વક્તા ગણાય છે એટલે એણે અમારી વાતો થોડીક વિસ્તારીને લોકોને સમજાવી. મનગમતું વાક્ય આવે એટલે વૃદ્ધાઓ પોતાના ગાલ વગાડી હુલુલુ ધ્વનિ કરે. જે લોકો પૂર્વ ભારતમાં ફર્યા હોય તેમને હુલુલુના જયધ્વનિ વિષે વિસ્તારથી કહેવાની જરૂર નથી. મેં અંતે જ્યારે એ વૃદ્ધાઓ પાસેથી હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચેના હાર્દિક ઐક્ય માટે એમના આશીર્વાદની યાચના કરી ત્યારે તેમણે ઘણા જ ઉત્સાહથી મિનિટ બે મિનિટ ચાલે એવો લાંબો હુલુલુ ધ્વનિ કર્યો. એ પ્રસંગ કોઈ કાળે ભુલાય એમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ ઠેકાણે કમલનયને પોતાના ભાષણને અંતે 'જય આફ્રિકા'નો નવો જયઘોષ ચાલુ કર્યો જે ત્યાંના યુવાન, વૃદ્ધ, સ્ત્રીપુરુષ બધાએ ઉત્સાહભેર ઝીલી લીધો. એ જયઘોષ એ ખંડમાં ચાલુ થાય તો એને ગાંધીજીના વિશ્વપ્રેમી અહિંસાધર્મનું પ્રતીક ગણાય.

ગિથુંગુરીના આ અનુભવથી અમે એટલાં બધાં પ્રભાવિત થયાં કે અમે શ્રી પીટર કેમનાંગે પાસે એમની બીજી કોઈ શાળા ચાલતી જોવાની માગણી કરી. એ પ્રમાણે અમે ૨૭મીએ ઊપડ્યાં. પીટર પોતે અમને સાથે લઈ ગયા. અહીં છોકરા-છોકરીઓ સાથે ભણે છે. બધાં મળીને ૧૦૩૦ વિદ્યાર્થીઓ ભણતાં હતાં. અમે અનેક વર્ગોમાં જઈને એમનું કામ જોયું. અહીં પણ બધા જ વિદ્યાર્થીઓના અક્ષર સારા હતા. વ્યાખ્યાન સાંભળવા જ્યારે વિદ્યાર્થીઓ સામે ગોઠવાયા ત્યારે મેં માગણી કરી કે છોકરીઓ પાછળ બેઠી છે તે આગળ આવે. એ વાત અલબત્ત, એ છોકરીઓને બૂબ ગમી. જે છોકરાઓ જૂની ઢબના પોશાક પહેરીને નૃત્ય કરતા હતા, તે જ તરત શર્ટ અને હાફપેન્ટ પહેરીને અને માથાના વાળ ઠીક કરીને સામે આવીને ઊભા થયા અને અંગ્રેજીમાં જવાબ આપવા લાગ્યા, ત્યારે બે યુગ વચ્ચેનું અંતર આ લોકોએ કેટલી ઝડપથી કાપ્યું છે એનો ખ્યાલ મને આવ્યો. સુથારી કામનો વર્ગ ચલાવનાર ભાઈનો પરિચય કરાવતાં શ્રી પીટરે કહ્યું કે, 'આ ભાઈ અમારા સુથાર પણ છે, કડિયા પણ છે અને ધર્મોપદેશક ('પ્રિસ્ટ') પણ છે.' મહેનત મજૂરી કરનાર આ પાદરીને જોઈ મને સેન્ટ પૉલનું સ્મરણ થયું.

આ ઠેકાણે આફ્રિકન લોકોને ઉદ્દેશીને મેં કહ્યું કે, 'અન્ન, વસ્ત્ર અને ઘર આ માણસની મુખ્ય હાજતોમાં, અન્ન અને ઘરની બાબતમાં તમે સ્વાવલંબી છો. તમે જ્યારે પોતે કેળવેલાં વલ્કલ અને ચામડાં પહેરીને ફરતા હતા ત્યારે તમે સ્વાવલંબી એટલે સુધરેલા હતા. આજે સારામાં સારું રૂ પેદા કરતા છતાં વસ્ત્રની બાબતમાં તમે પરાવલંબી છો એ દયામણી સ્થિતિ છે. તમે રેંટિયો ચલાવી હાથસાળ દ્વારા કપડું તૈયાર કરશો તે દિવસે તમે સ્વાવલંબી થશો. તેમ થાય તો અમારા દેશનું એક મોટું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાક અમે ખોઈ બેસીશું એ ખરું, પણ અપંગ પાડોશી સાથે વેપાર કરી ધનવાન થવા કરતાં, સ્વાવલંબી અને સમર્થ પાડોશી સાથે દોસ્તી કેળવવી એ, બન્ને માટે શ્રેયસ્કર છે.' મારી પાસેનો રેંટિયો એમને આપી દેવાની વાત મેં અહીં જ કરી, જેનું મહત્ત્વ પીટર કેયનાંગેએ વિદ્યાર્થી અને શિક્ષકોને વિસ્તારપૂર્વક સમજાવ્યું.

આ બે અને આવી બીજી ઘણી નિશાળો કશી સરકારી મદદ વગર શ્રી પીટર ચલાવે છે. એની કાર્યપદ્ધતિનો નમૂનો નીચેના કિસ્સા પરથી ધ્યાનમાં આવશે.

એક ઠેકાણે ભાઈ પીટર શાળા માટે નાણાં ઉઘરાવતા હતા. ત્યાં હાજર રહેલી ગામડાની એક ડોસી પાસે આપવા જેવું કશું ન હતું. એટલે એણે આગળ આવી, દાણાની એક શિંગ કોળામાં આપી. પીટરે એની એ લાગણીનું ગૌરવ કરી ત્યાં ને ત્યાં જ એ શિંગનું લિલામ પોકાર્યું. (બાપુજીની એ કળા આ દેશમાં પણ ઊગી ખરી!) હરાજીમાં એક ભાઈએ સારી રકમ આપી એ શિંગ ખરીદી લીધી! પણ ખૂબી તો ત્યાર પછી જ છે. શ્રી પીટરે એ રકમની રસીદ ફાડી તે પેલા ભાઈને નામે નહીં પણ ડોસીને નામે! અને સભામાં જ એમણે એને કહ્યું કે, 'હવે તમને અમારી સંસ્થાના હિસાબ ગમે ત્યારે આવીને તપાસવાનો અધિકાર છે.'

અહીંથી અમે શ્રી જેમો કેન્યાટાનું ઘર જોવા ગયાં. એની પાસે ઘણી જમીન છે. પાસે જ એના સસરાની પણ જમીન છે. કોલોબ્સ કરીને એક જાતના કાળા અને લાંબા વાળવાળા વાંદરા હોય છે. એમનાં કેળવેલાં ચામડાં ઘરમાં જમીન પર પાથરેલાં હતાં. એમાંનું એક સરસ ચામડું એમણે મને ભેટ આપ્યું. એક વાર આ પ્રદેશમાં આફ્રિકન લોકોએ અકળાઈને બે યુરોપિયનોને અને પોલીસોને માર્યા હતા. એનો મોટો કાંડ થયો હતો. એ જ ઠેકાણે લોકોએ વાવેલાં બે ઝાડ અમને બતાવવામાં આવ્યાં.

આફ્રિકન લોકો સાથેની આ જાતની દોસ્તી અને ઓનરેબલ માથૂને ત્યાં આફ્રિકન યુવકો સાથે થયેલી મુલાકાત, એ મારે મન પૂર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આફ્રિકાની મુસાફરીના વધારેમાં વધારે હાર્દિક આનંદ આપનારા પ્રસંગો છે. કિલિમાંજારોની કેડ પર મુખી પેટ્રોને ત્યાં ગમાં હતાં એ પ્રસંગ પણ એટલો જ મહત્ત્વનો ગણું છું.

નૈરોબીના દસ દિવસના અનુભવની કેટલીય વિગતો મેં જાણી જોઈ ને જવા દીધી છે. ભાઈ જલે અમારા માનમાં ગોઠવેલું શરાબ વગરનું ખાણું, 'ફ્રેન્ડ્ઝ સરકલ' (મિત્રમંડળ)માં થયેલો વાર્તાલાપ, શ્રીમાન અને શ્રીમતી કૌલને ત્યાં ચાખેલી કાશ્મીરી વાનીઓ, અરુશાવાળા નરસીભાઈ સાથે થયેલી ચર્ચાઓ, વગેરે અનેક મીઠા પ્રસંગો મેં છોડી દીધા છે. જોકે ભાઈ જલે આપેલા ખાણા વખતનાં નૃત્યોની સુંદર કળા વિષે ઘણું લખી શકત. જવાનો દિવસ જેમ જેમ નજીક આવવા લાગ્યો તેમ તેમ જાણે એ સજાનો દિવસ આવે છે એમ જ અમને લાગવા માંડયું. કોક દિવસે યમુનાતાઈનું ગાંધી આલબમ જોયા કરું, કોક દિવસે તાત્યાનાં કુટુંબી જનોના કોંગોના પોપટ કિસુકુ સાથે ફોટો પડાવું, કોક દિવસે સૂર્યકાન્ત અને એમના ડૉક્ટર ભાઈ સાથે જાતજાતની વાતો કરું. ભાઈ બહેરામજી સાથે એમનું સમાજસેવાનું કામ જોઈ આવું, એંડિસઅબાબાની હુંડીથી બીને થોડાં ગરમ કપડાં ખરીદી લઉં, એમ કરતાં કરતાં જવાનો દિવસ અચૂક આવી જ પહોંચ્યો. મન ઉદાસ થયું. ગુલાબી સ્વભાવવાળા અપ્પાસાહેબ પણ ગમગીન દેખાવા લાગ્યા. આમ જુલાઈ મહિનો વિદાય લઈ ને ચાલ્યો અને પહેલી ઑગસ્ટ ઊઘડી.

જે એરોડ્રોમ નજીક રેડિયો ઉપર હું એક ભાષણ આપી આવ્યો હતો એ જ એરોડ્રોમથી અમારે ઊપડવાનું હતું. સવારે વહેલા ઊઠીને અમે તૈયાર થયાં. અમને કલ્પના નહીં કે એરોડ્રોમ ઉપર એટલા બધા લોકો ભેગા થશે. ફક્ત નૈરોબીના જ નહીં પણ કંપાલાના પણ કેટલાક ભાઈઓ અચાનક આવી ચડ્યા હતા. દરેક મુસાફરના નસીબમાં વિદાયના પ્રસંગો હોય જ છે. નવે ઠેકાણે નવા મિત્રો અને નવા અનુભવો મળશે એવી ઉત્સુકતામાં વિદાયનું દુઃખ માણસ ભૂલી જાય છે. આજે તેમ ન થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે અમે પહેલવહેલાં નૈરોબી પહોંચ્યાં હતાં ત્યારે હિંદુસ્તાનથી આવેલા મહેમાન તરીકે અમારા માનમાં ઘણા લોકો સ્ટેશને ભેગા થયા હતા. આજે જ્યારે અમે નૈરોબી છોડીને જતાં હતાં ત્યારે એથીયે વધુ લોકો એરોડ્રોમ પર ભેગા થયા, પણ તે માન આપવાની લાગણીથી નહીં પણ પ્રેમના ખેંચાણથી. કેટલાયે લોકો અમારા કાયમના મિત્ર જેવા થયા હતા. કેટલાંય કુટુંબોમાં અમે સ્વજન જેવાં થયાં હતાં. સવારે સવા સાતથી તે આઠ વાગતા સુધીનો આખો વખત વિદાયની વાતો કરવામાં અને જુદા જુદા ગ્રૂપના ફોટા લેવામાં જ અમે ગાળ્યો. અનેક લોકોએ પ્રેમની નિશાની તરીકે અમને ફૂલો અને ફોટા આપ્યા. પણ અડાલજ્જ દંપતીએ ધ અકિકુયુ એ કીમતી ચોપડી મને ભેટ આપી. પીટર કેનાંગે, જોમો કેન્યાટા વગેરે પૂર્વ આફ્રિકાના આગેવાનો આ કીકુયુ વંશના જ છે. કૅથલિક મિશનરીઓ તરફથી લખાયેલી આ ચોપડીમાં એ કોમનું આખું જીવન સુંદર રીતે પ્રતિબિંબિત થયું છે અને ચિત્રો એટલાં બધાં છે કે આખું જીવન પ્રત્યક્ષ થતાં વાર લાગતી નથી. એ લોકોનાં ઘરમાં જઈ ને અમે જે પ્રત્યક્ષ જોયું એની અસર સૌથી વધારે હતી. એમની નિશાળોમાં અને એમના મ્યૂઝિયમમાં અમે જે જોઈ શકયાં એ એમાં કીમતી ઉમેરો હતો. અને એમાં જે કાંઈ ઊણપ રહી હોય તે આ ચોપડી મારફતે પૂરી થતી હતી. અમારી યાત્રાની સફળતાં ઇચ્છવા માટે આના કરતાં વધારે સુંદર ભેટ કઈ હોઈ શકત ?

ભારે હૈયે અમે પૂર્વ આફ્રિકાની વિદાય લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮

જૂડા કેસરીના દેશમાં

જો અમે ઇજિપ્ત ગયાં હોત તો રસ્તામાં ઇથિયોપિયાની રાજધાની એડિસઅબાબા (નવપુષ્પ) જવું ક્રમપ્રાપ્ત હતું. ઇજિપ્ત જવાનું માંડી વાળ્યા પછી એડિસઅબાબા જવાનું વિશેષ પ્રયોજન ન હતું. પણ કમલનયનની ઇચ્છા હતી કે આપણે એડિસઅબાબા થઈને જઈએ.

આખા આફ્રિકા ખંડમાં યુરોપિયન લોકોનું જ રાજ્ય અથવા આધિરાજ્ય છે. ફક્ત ઇથિયોપિયા અથવા એબિસિનિયા એમાં અપવાદ છે. અહીંનો રાજા અથવા બાદશાહ ધર્મે ખ્રિસ્તી છે એ કારણ હશે અથવા અહીંનો મુલક પહાડી અને દુર્ગમ હોવાથી ફોજ કે વેપાર અહીં સુધી લઈ જવાની મુશ્કેલી હશે. પણ આ રાજ્ય સ્વતંત્ર રહ્યું ખરું. વચમાં ઇટાલીની દાનત બગડી. એણે ૧૯૩૫ના અરસામાં ઇથિયોપિયા ઉપર ચઢાઈ કરી અને એ દેશ જીતી લીધો. ત્યાંના બાદશાહને સ્વદેશ છોડી ઇંગલંડમાં જઈને રહેવું પડ્યું. યુરોપનું બીજું મહાયુદ્ધ શરૂ થતાંવેંત ઇંગલંડે ઇટાલીને હરાવીને ઇથિયોપિયાનું રાજ્ય ત્યાંના બાદશાહને પાછું આપ્યું અને પોતાની રીતિનીતિ પ્રમાણે એના દરેક ખાતામાં એક એક બ્રિટિશ સલાહકાર નીમ્યો. બાદશાહે આ વ્યવસ્થા ત્રણ વરસ સુધી ચલાવી લીધી. ત્યાર પછી એણે દરેક ખાતા માટે યુરોપના તેમ જ અમેરિકામાંથી અલગ અલગ દેશના ગોરાઓને સલાહકાર તરીકે નીમ્યા છે. આ રીતે પશ્ચિમના બાહોશ લોકોની સલાહ પણ એને મળે છે અને કોઈ એક દેશના પ્રભાવ તળે એનું રાજ્ય આવતું નથી. ઇથિયોપિયામાં ત્યાંના બાદશાહે રશિયનોને બાતલ રાખ્યા નથી એટલા ખાતર અંગ્રેજો એના ઉપર ચિડાયેલા રહે છે. પણ આજની સ્થિતિમાં કશું કરી શકતા નથી. ઇથિયોપિયાના બાદશાહ હાઈલે સેલાસી કેળવણીને એટલું બધું મહત્ત્વ આપે છે કે એણે એ ખાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસ પોતાના હસ્તક જ રાખ્યું છે. આ ખાતામાં પણ પરદેશીઓની મદદ પૂરતા પ્રમાણમાં લેવાય છે. તેમાં હિંદી શિક્ષકોની સંખ્યા ઠીક ઠીક છે.

ઇથિયોપિયા દેશ એટલો બધો પછાત છે કે આખા દેશમાં એક પણ કૉલેજ નથી. એડિસઅબાબામાં બાદશાહ તરફથી પોતાને ખરચે એક હાઈસ્કૂલ ચલાવવામાં આવે છે. બીજાં બે ચાર શહેરોમાં નાની નાની હાઈસ્કૂલો છે. કેળવણી ત્યાંની ભાષા અમ્હારિક અને અંગ્રેજી મારફતે અપાય છે. મેં માન્યું હતું કે અમ્હારિક ભાષા માટે ઉર્દૂ જેવી જ કોઈ લિપિ હશે. પણ અમ્હારિક લિપિ નાગરી કે રોમનની પેઠે ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખાય છે.

આખા આફ્રિકા ખંડમાં ઇથિયોપિયા એ એક જ દેશ સ્વતંત્ર હોવાથી હું માનતો હતો કે આફ્રિકન લોકો વચ્ચે જે સ્વતંત્રતાની ભૂખ જાગી છે અને ગોરાઓની ધૂંસરી ફગાવી દેવાની તમન્ના કેટલાક આફ્રિકન લોકો સેવે છે તેની આગેવાની પ્રગટ કે છૂપી રીતે ઇથિયોપિયન લોકો કરતા હશે. પણ એ પ્રદેશમાં પ્રત્યક્ષ પહોંચ્યા પછી એવું કશું લાગ્યું નહીં. ઇથિયોપિયન લોકો પોતાના જ સવાલો તળે દબાઈ ગયા છે. પૂર્વ, પશ્ચિમ કે દક્ષિણ આફ્રિકાના લોકો સાથે ઇથિયોપિયન લોકોના વંશનો મેળ પણ નહીં હોય. જ્યારે ઇજિપ્ત જઈશ અને ત્યાંની પરિસ્થિતિ તપાસીશ ત્યારે આ સવાલ ઉપર વધારે પ્રકાશ પડશે.

ઇથિયોપિયાનું હાલનું રાજ્ય ૩૫૦૦૦ ચોરસ માઈલનું છે. અને લોકસંખ્યા પોણા કરોડ કરતાં સહેજ વધારે છે. એ હિસાબે દર ચોરસ માઈલે લોકવસતીનું પ્રમાણ બાવીસ જેટલું પણ નથી. છતાં અહીંની સરકાર બહારના લોકોને પોતાના રાજ્યમાં આવી વસવા દેવાને રાજી નથી. યુરોપિયન લોકોએ દુનિયામાં જ્યાં ત્યાં જેવો પગપેસારો કર્યો છે તે જોતાં બધા જ લોકો બીજા દેશો પ્રત્યે સાશંક રહે એમાં નવાઈ નથી.

ઇટાલિયન લોકોએ ઇથિયોપિયા જીત્યું તે પહેલાં એ દેશમાં આપણા હિંદુસ્તાની લોકોની સંખ્યા લગભગ ચાર હજારની હતી. ઇટાલિયન લોકોએ એ બધાને ત્યાંથી હાંકી કાઢ્યા. આજે એ દેશમાં આપણા લોકોની સંખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચસો કરતાં વધારે નથી. એમાંના સાડા ત્રણસો તો એડિસઅબાબામાં જ રહે છે. એમાંના ઘણાખરા ગુજરાત કાઠિયાવાડ તરફના હિંદુ મુસલમાનો જ છે. શિક્ષકોમાં કેટલાક મહારાષ્ટ્રી છે, જ્યારે ઘણાખરા ગોવા કે કોચીન તરફના ખ્રિસ્તી છે. બધા મળીને સિત્તેર કરતાં વધારે નથી. અહીંનો સાઠથી સિત્તેર ટકા વેપાર આપણા લોકોના હાથમાં છે. જ્યારે ઉદ્યોગહુન્નરમાં ગોરાઓનું પ્રમાણ વધારે છે. ત્યાંની સરકાર ઘણું ઇચ્છે છે કે હિંદી લોકો પોતાની મૂડી રોકીને ઇથિયોપિયાની ખેતીવાડી, એનો વેપાર અને એના ઉદ્યોગ હુન્નર વધારવામાં મદદ કરે. કાપડની મિલો, ખાંડનાં કારખાનાં, સિમેંટ, દીવાસળી, ચામડાં કેળવવાનું કામ, વગેરે ઘણા ઉદ્યોગો ખીલવવાની ત્યાં સગવડ છે. મકાઈ, કૉફી, મધ, મીણ અને જાત જાતનાં ફળોના બગીચા — એ બધાં કમાણીનાં ઉત્તમ ક્ષેત્રો છે. મુશ્કેલી એક જ છે કે ત્યાં કાયદાનું નહીં પણ બાદશાહ અને એમના અમલદારોની મરજીનું રાજ્ય છે. તેથી આપણા લોકો અહીં મૂડી રોકતાં સંકોચાય તો તેમાં જરાય આશ્ચર્ય નથી.

આવા આ દેશ માટે અમે પહેલી ઑગસ્ટે નૈરોબી છોડ્યું. નૈરોબીથી એડિસઅબાબા, ત્યાંથી દિરેદવા, જીબુટી, એડન, કરાંચી અને મુંબઈ એટલા હવાઈ જહાજના પ્રવાસની ટિકિટ ૬૯૦૦ શિલિંગની હતી.

અમારું હવાઈ જહાજ બરાબર આઠ વાગ્યે ઊડ્યું. અમારે ૭૬૨ માઈલ જવાનું હતું. અમે જેવાં ઊડ્યાં કે થોડા જ વખતમાં વાદળાંમાં સપડાયાં. ઉપર નીચે આસપાસ — બધે ક્ષીરસાગર. આ સ્થિતિની અદ્‌ભુતતાથી ટેવાયા પછી એમાં બહુ મઝા રહેતી નથી. માટે જ્યારે અમારું વિમાન આ વાદળામાંથી ઉપર નીકળ્યું ત્યારે અમને હાશ જેવું થયું. પછી તો અમારું વિમાન જાણે વાદળોની ગાદી ઉપર આળોટતું ચાલ્યું — પણ ગાદીની કિનારેથી. જમણી બાજુ બધાં વાદળો હતાં ત્યારે ડાબી બાજુ કેનિયાની ફળદ્રુપ જમીન દેખાતી હતી.

થોડાક વખત પછી જમણી બાજુએ માઉન્ટ કેનિયાનું ગર્વોન્નત શિખર પોતાના પહોળા આસન પર વિરાજમાન દેખાયું. એ શિખર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ અનેક વાદળાં હોવાથી આખું દૃશ્ય ઘણું જ ઉદ્ગારવાચક દેખાતું હતું. જે પર્વત અમે નેરી તરફ જઈને જોવાનાં હતાં તે પર્વત હવે અમે વિમાનમાં બેસીને આખરે જોઈ શકયાં. કિલિમાંજારોની ઊંચાઈ ૧૯,૦૦૦ ફૂટ કરતાં વધારે છે, કેનિયા ૧૭૦૦૦થી ઓછો નથી. એરોપ્લેનમાંથી જ્યાં સુધી કેનિયાનાં શિખરો દેખાયાં ત્યાં સુધી બીજું કશું જોવાનું મન થાય એમ હતું જ નહીં. અનેક નાનાં મોટાં શિખરો વચ્ચે એકદમ આકાશ વીંધનારું કેનિયાનું મુખ્ય શિખર સામાન્ય માનવીઓ વચ્ચે કોઈ મહાત્માની વિભૂતિ ઊભી હોય એવું લાગતું હતું. દુનિયાના મોટા મોટા પહાડોમાં પણ કેનિયાનો પર્વત પુરાણપુરુષ લેખાય. એ એટલો જૂનો છે કે એનું માથું ઘસાતાં ઘસાતાં એની ઊંચાઈ ત્રણ હજાર ફૂટ જેટલી ઓછી થઈ છે. એને માથે જ્વાળામુખીનો જે દ્રોણ હતો એ પણ કયારનો ઘસાઈ ગયો અને છતાં આજે એ ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ દાખવી શકે છે. એવા એ પહાડનું જ નામ આસપાસના મુલકને અપાયું એમાં આશ્ચર્ય શું ? ગોરા લોકો તો આ પહાડની બધી બાજુએ વીંટળાઈ વળ્યા છે.

અંતે મહાન કેનિયા પણ પાછળ રહ્યો અને છેવટે અલોપ થયો અને ફક્ત વાદળાં જ રહ્યાં. ત્યાર પછી સાદી જમીન આવી. એ બધું જોઈને આંખો થાકી ગઈ અને એમણે વગર પૂછ્યે ઊંઘી લીધું.

તાજા થઈને આસપાસ જોયું તો દારેસ્સલામ તરફનો એક ગોરો વકીલ હિંદુસ્તાન વિષેની કોઈ ચોપડી વાંચતો હતો. એની સાથે વાતો શરૂ થઈ. ધાંધાને અંગે એ કરાંચી અને પર્શિયન ગલ્ફ (ઈરાની અખાત) તરફ જઈને પાછો આવવાનો હતો.

બીજું કશું ન સૂઝવાથી એરોપ્લેનમાં મેં ફરી વાર નાસ્તો કર્યો. એટલામાં જમણી બાજુ સુંદર સુંદર સરોવરો એક પછી એક છતાં થવા લાગ્યાં. બધાં મળીને અમે પાંચેક સરોવરો પસાર કર્યાં હશે. નકશામાં જોતાં એમનાં નામો – મામો, અમાયા, ઔસા, શાલા, લાંગાના અને ઝવાઈ એવાં હતાં. એ સરોવરો પાછળ મેન્ડેબો પહાડની હાર દેખાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. સરોવરોને કારણે ઇથિયોપિયાની ભૂમિ વિષે મનમાં આકર્ષણ જાગ્યું. નકશામાં સરોવરોનાં નામો શોધતાં શોધતાં અચાનક ન પડી કે અમે એડિસઅબાબાની નજીક પહોંચીએ છીએ. પણ એરોપ્લેન ઝપાટાભેર ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું ત્યારે ખાતરી થઈ કે એડિસઅબાબા હવે આવવું જ જોઈએ. દુનિયાનાં ઊંચામાં ઊંચાં શહેરોમાંનું આ એક છે. સમુદ્રની સપાટીથી નવ હજાર ફૂટ ઊંચાઈએ વસેલાં શહેરો દુનિયામાં કેટલાં હશે? અરેઅર એડિસઅબાબા એ એન્ટોટો પહાડ ઉપર ખીલેલું રૂપાળું અને ખુશબોદાર નવું ફૂલ જ છે. એડિસઅબાબાનો, ત્યાંની ભાષામાં અર્થ થાય છે — નવું ફૂલ. ખુશબોદાર એટલા માટે કે આખા શહેરમાં જ્યાં ત્યાં યુકેલિપ્ટસનાં ઊંચાં ઊંચાં ઝાડો છે.

બરાબર સાડા બારે અમે એડિસઅબાબાના વિમાન મથકે પહોંચ્યાં. આપણી સરકાર તરફથી એલચી તરીકે હમણાં જ નિમાયેલા સરદાર સંતસિંગ, એમનાં પત્ની અને ઘણા હિંદીઓ અમને લેવા આવ્યાં હતાં. સરદાર સાહેબે પૂછ્યું કે, 'મારા મહેમાન તરીકે મારે ત્યાં રહેશો કે અહીંની સારામાં સારી હોટેલમાં રહેવું છે? બન્ને માટેની તૈયારી રાખી છે.' મેં કહ્યું, 'હું તો આશ્રમવાસી છું. ગમે ત્યાં એક ખૂણો મળે તો આરામથી રહી શકું અને અમે અગવડરૂપ મહેમાનો નહીં નીવડીએ. શાકાહારી છીએ.' આટલા વિનોદ સાથે અમે નક્કી કર્યું કે સરદાર સંતસિંગને ત્યાં જ રહેવું. એમનાં પત્ની પોતે અન્નાહારી જ હતાં. એટલે ખોરાકની બાબતમાં કશી મુશ્કેલી ન હતી. અમારા દોઢ દિવસના મુકામ દરમિયાન ત્રણ ચાર ઠેકાણે ખાવાનું હતું એટલે હોટેલમાં ઊતરવામાં અર્થ ન હતો. અને હોટેલમાં રહેવાથી પ્રતિષ્ઠાનો અહિષ્કાર આવી પડે છે. કોઈની સાથે છૂટથી વાતો કરવાનો વખત જ મળતો નથી.

મારે સરદાર સંતસિંગ સાથે ઇથિયોપિયા વિષે જ નહીં પણ હિંદુસ્તાનની સ્વરાજની લડત વિષે પણ ઘણી વાતો કરવી હતી. તેઓ દિલ્હીની વડી ધારાસભાના એક સભાસદ હતા. આઠ વરસ સુધી સરકાર-વિરોધી દળના નેતા હતા. અંગ્રેજ અમલદારો સાથેની ઝપાઝપીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવેલી તેમની બુદ્ધિની તીક્ષ્ણતા હું છાપાંઓમાં રસપૂર્વક વાંચતો. એટલે એ બધા પ્રસંગો ફરી વાર માદ કરવામાં ભારે રસ પડે એમ હતું.

ઇથિયોપિયામાં તેઓ ભારતના એલચી નિમાયા તે પહેલાં ૧૯૪૮માં હિંદુસ્તાન સરકાર તરફથી આ દેશમાં એક સૌહાર્દ મંડળ ('ગુડ વિલ મિશન') મોકલવામાં આવ્યું હતું તેના તેઓ પ્રમુખ હતા.

અમારા કાર્યક્રમમાં ખાવાનું, બોલવાનું, જોવાનું અને બાનગીમાં ચર્ચા કરવાનું એટલું જ હતું. સાંજે ઇન્ડિયન એસોસિયેશન તરફથી મ્યુનિસિપલ હૉલમાં મોટી સભા ગોઠવવામાં આવી હતી. જ્યાં ત્યાં ઇથિયોપિયાના વાવટાઓ દીવાલ ઉપર શોભતા હતા. ઇથિયોપિયાના વાવટાના રંગો અને હિંદુસ્તાનના વાવટાના રંગો લગભગ સરખા જ છે. સરદાર સાહેબ પોતે જ એ સભાના અધ્યક્ષ હતા. હું ઇરાદાપૂર્વક ગુજરાતીમાં બોલ્યો કેમ કે શ્રોતાઓમાં લગભગ બધાં જ સ્ત્રીપુરુષો — હિંદુ અને મુસલમાન — ગુજરાતી હતાં. બીજી લોકો જોડે બાનગીમાં અંગ્રેજીમાં બોલીને ચલાવાય એમ હતું. સરદાર સંતસિંગ ગુજરાતી વિશેષ સમજતા ન હતા. પણ મારા પછી શ્રી કમલનયન બજાજનું ભાષણ હિંદીમાં થયું. સરદાર સાહેબને તે ઘણું જ ગમ્યું. સભા પછી ઇન્ડિયન એસોસિયેશન તરફથી ઇમ્પિરિયલ હોટેલમાં બાણું હતું. વીસેક માણસો હશે. શાકાહારી ખોરાક ત્યાં સરસ તૈયાર કરવામાં આવ્યો હતો.

એડિસઅબાબામાં પહોંચતાંવેંત મને વિશેષ આનંદ એ થયો કે અહીંની હિંદી કોમના એક બાહોશ સેવક તરીકે જે રતિલાલ શેઠનું નામ મેં અનેકને મોઢે સાંભળ્યું હતું તે મારા એક જૂના જુવાન મિત્ર નીકળ્યા. એક વાર હું કરાંચી ગયો હતો ત્યારે કરસનદાસ માણેક, ફોટોગ્રાફર જીવરાજ મહેતા વગેરે મારા એક વખતના વિદ્યાર્થીઓ સાથે જુવાન રતિલાલ શેઠ પણ મનોરાની સહેલ પર આવ્યા હતા. આટલા જૂના સંબંધ પછી દિલ બોલીને વાત કરવામાં મુશ્કેલી શી હોય? એમની પાસેથી ત્યાંની બધી પરિસ્થિતિ વિષે ઘણી વસ્તુઓ સત્તાવાર રીતે જાણી શકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો એક એવો જ આનંદનો વિષય એ હતો કે સરદાર સાહેબના મંત્રી શ્રી ગુણવંતસિંહ મલિક એ પણ ચિ. સરોજિનીના બાળપણના મિત્ર નીકળ્યા. એ લોકો પણ બાળપણમાં સિંધમાં જ એકબીજાને મળ્યાં હતાં. માણસનો સ્વભાવ એવો વિચિત્ર છે કે નવા અનુભવો મેળવવાની એની જેટલી તાલાવેલી હોય છે એટલી જ જૂનાં સંસ્મરણો તાજાં કરવાની હોય છે. નવકુસુમપુરમાં અમને બન્નેને બન્ને જાતનો આનંદ પૂરેપૂરો મળ્યો.

હિમાલયની નિવૃત્તિ છોડ્યા પછીની મારી તમામ મુસાફરીઓ હમેશાં ઉતાવળમાં જ થઈ છે. કયાંય જવું હોય તો પહેલેથી એ સ્થાન વિષે જે વાંચ્યું હોય તેટલું જ. તે તે પ્રદેશમાં બેસીને એને વિષે નિરાંતે વાંચવાનો વખત જ નથી મળતો. એડિસઅબાબા કે બ્રથિયોપિયા જવાનો વિચાર જ ન હતો એટલે એને વિષે કશું જ વાંચ્યું ન હતું. સરકારી દૃષ્ટિએ લખેલી, પણ ઘણી સારી એવી બેએક ચોપડીઓ સરદાર સંતસિંગે મને આપી. પણ તે વાંચું કયારે? સમયદારિદ્રની ચીડમાં સવારે ત્રણ વાગ્યે જાગ્યો અને જેટલું વંચાય તેટલું વાંચ્યું. આપણા ઋષિમુનિઓએ એક ડહાપણભર્યો નિયમ કર્યો છે કે સવારના બ્રાહ્મમુહૂર્તે ઊઠીને વેદબ્રહ્મનું અધ્યયન કર્યા પછી, થાકયા છીએ એટલા માટે ફરી સૂવું ન જોઈએ. न निशान्ते परिश्रान्तो ब्रह्माधीत्य पुनः स्वपेत्। કારણ સ્પષ્ટ છે. સવારના વાચન પછી સૂઈ ગયા એટલે વાંચેલી વસ્તુઓ પણ સૂઈ જાય છે. આ નિયમ જાણતો હોવાથી ફરી સૂવાનું માંડી વાળી પ્રાર્થના વગેરેથી પરવારી અમે અહીંની ગુજરાતી સ્કૂલ જોવા ગયાં. મુખ્ય શિક્ષક પધારીવશ હતા. એમનાં પત્નીએ નિશાળ બતાવી. મને લાગે છે કે આપણી નિશાળોમાં સારા શિક્ષકો રાખવાથી કામ સરતું નથી. બાળકો માટે ઘરનું વાતાવરણ સુધરે અને ઘેર સારા સંસ્કારો જડ પકડે તો જ શાળા પાછળની મહેનત લેખે લાગે. હવે પછીની નિશાળોમાં વર્ગશિક્ષકો ઉપરાંત એક વધારે શિક્ષક રાખવાનો નિયમ થવો જોઈએ. એનું કામ બાળકોનાં માબાપોને મળી, એમને વધુ ખર્ચમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતાર્યા વગર, ઘરનું વાતાવરણ ફેરવવામાં મદદ કરવાનું હોય. અહીંથી અમે એ મોટરોમાં ફરવા નીકળ્યાં. એડિસઅબાબાથી એડિસઆલમ — જૂની રાજધાનીને રસ્તે દૂર સુધી, ખુલ્લા પ્રદેશમાં અમે ફરી આવ્યાં. રસ્તાની હરિયાળી, આસપાસના પહાડો, એમાંયે ડાબી બાજુના એક મોટા પહાડનો ઘાટદાર આકાર — બધું જ આકર્ષક હતું. સરદાર સંતસિંગની મોટર ઉપરનો ત્રિરંગી વાવટો ઇથિયોપિયન વાવટા જેવો જ દૂરથી લાગતો હોવાથી રસ્તા પરની ભોળી પ્રજા નીચે નમીને એ વાવટાને સલામ ભરતી હતી. એ સલામ પાછળ સરકારી તંત્રની બીક નહીં પણ પોતાના રાજ્ય પ્રત્યે અને રાજપુરુષો પ્રત્યેની ભક્તિ સ્પષ્ટ દેખાતી હતી.

રસ્તામાં પણ સરદાર સાહેબ સાથે મોટે ભાગે હિંદુસ્તાન વિષે જ વાતો થઈ. આટલો સુંદર અને આટલો વિસ્તૃત રળિયામણો પ્રદેશ આટલી ઊંચાઈએ છે એની અદેખાઈ તો મનમાં થતી જ હતી. અહીંના લોકો ધારે તો અહીંની જમીન અને અહીંની આબોહવાની આ સગવડથી ઉત્તમ કોટિની સમૃદ્ધિ મેળવી શકે.

બપોરે સરદાર સાહેબ તરફથી રાસ હોટેલમાં ખાણું હતું. એમાં ઇથિયોપિયન સરકારના મુખ્ય મુખ્ય મંત્રીઓ હતા. બાદશાહ હાઈલે સેલાસી બહારગામ ગયેલા હોવાથી એમને મળી શકાયું નહીં. એમના પ્રાઇવેટ સેક્રેટરી આવ્યા હતા. નાણાપ્રધાન તેમ જ વેપાર ઉદ્યોગના પ્રધાન સાથે થોડીક વાતો થઈ. આ દેશમાં મધ અને મીણ પણ આવકનાં સારાં સરખાં સાધનો છે એ મેં સવારે જ વાંચ્યું હતું એટલે એની પણ મેં અહીં વાતો કરી. હિંદુસ્તાન અને એના સ્વરાજ વિષે એ લોકો વાતો કરે અને અનેક સવાલો પૂછે એ સ્વાભાવિક હતું. બે મંત્રીઓ પોતપોતાની પત્નીઓ સાથે આવ્યા હતા. અંગ્રેજી ભાષા અને રીતરિવાજથી તેઓ પરિચિત હોવાથી એમની સાથે વાતો કરતાં મુશ્કેલી આવી નહીં. એમાંથી બહેન એલિઝાબેથ એટલાં મામાળુ હતાં કે એમણે અમને એડિસઅબાબાનાં મોટાં મોટાં પ્રખ્યાત ખ્રિસ્તી દેવળો બતાવવાનું માથે લીધું. શહેરની અંદર એક મોટું દેવળ અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારથી જ જોયું. બીજું અંદરથી જોયું. એનાં પૂજા અને ઉપદેશનાં સ્થાનો અને બેસવાની સગવડો તદ્દન જૂદી ઢબની હોવાથી મને ઘણી આકર્ષક લાગી. આવી રચના આપણે ત્યાં દાખલ કેમ ન કરીએ એવો પણ વિચાર આવ્યો.

એડિસઅબાબા પાસેની એક ઊંચી ટેકરી ઉપર એક જૂનું ખ્રિસ્તી દેવળ અને એની સાથે એક મઠ છે. આપણે ત્યાંના જંગલમાં આવેલા કોઈ મંગલમંદિર જેવું એનું વાતાવરણ હતું. ઉપરથી આસપાસનો પ્રદેશ દૂર દૂર સુધી દેખાતો હોવાથી મંદિરની ઊંચાઈ ભવ્ય લાગતી હતી. અમે અંદર જઈને પ્રદક્ષિણા કરી. દીવાલ ઉપરનાં ચિત્રો — ઈશુ ખ્રિસ્તનાં તેમ જ એના અનેક શિષ્યોનાં અને સંતોનાં — સાવ હિંદુ પદ્ધતિનાં હતાં. મંદિરના ઉત્સવો, પૂજાવિધિઓ વગેરે ઘણું આપણી જ પદ્ધતિનું છે એટલે આ દેશના કૉપ્ટિક ચર્ચનો ઇતિહાસ જાણી લેવાનું કુતૂહલ વધ્યું.

ખ્રિસ્તી લોકોની આધુનિક સંસ્કૃતિ મોટે ભાગે વિજ્ઞાન અને વિશાળ સંગઠનને આભારી છે. એના પાયામાં ખ્રિસ્તી ધર્મ કરતાં ગ્રીક લોકોનું તત્ત્વજ્ઞાન અને રોમન લોકોની સામ્રાજ્યપ્રિયતા જ છે. ખરો ખ્રિસ્તી ધર્મ એશિયાઈ વૃત્તિનો છે. એની પણ કેટલીયે નવી નવી આવૃત્તિઓ થઈ ગઈ છે. પીટર, મૅથ્યુ, જૉન વગેરે શિષ્યોને કોરે મૂકી સેન્ટ પૉલે ખ્રિસ્તી ધર્મને નવું જ રૂપ આપ્યું. ત્યાર પછી એની અનેક આવૃત્તિઓ થતી ગઈ. હું તો માનું છું કે ખ્રિસ્તી ધર્મનું અસલી સ્વરૂપ બરાબર સમજી, એને વેદાંતના અને અભેદ ભક્તિના પાયા આપવાનું કામ કોક દિવસે હિંદુસ્તાનના ખ્રિસ્તીઓ જ કરશે. બંગાળના બ્રહ્મબાંધવ ઉપાધ્યાયે એવો થોડો પ્રયત્ન કર્યો હતો. અહીંના મઠમાં રહેનાર એક ખ્રિસ્તી સાધુ ત્યાં આવ્યો, એનાં કપડાં, એની દાઢી, વાતો કરવાની ઢબ બધું આપણે ત્યાંના કોઈ ગામડિયા સાધુ જેવું જ હતું. આસપાસના લોકોના મનમાં આ સાધુ પ્રત્યે ઘણો આદર હતો. સાધુના વર્તનમાં એ આદરની જરાય કદર દેખાતી ન હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતનું ભોજન ઘેર જ હતું એટલે વહેલો જમીને હું તો સૂઈ જ ગયો. કમલનયને આફ્રિકાના વન્ય જીવન વિષેની પોતે આણેલી ફિલ્મો બતાવી અને ઇથિયોપિયામાં વસતા આપણા લોકોને આનંદ આપ્યો.

આટલે દૂર પરદેશમાં વસતા આપણા હિંદી લોકોને જ્યારે ખબર પડે છે કે સ્વદેશથી કોઈ આવ્યું છે ત્યારે તેઓ તેમને મળવા ઘણા જ આતુર હોય છે અને આમંત્રણ મોકલવાની ધમાલ કરે છે. એડિસ-અબાબામાં જ દિવેદવાના હિંદીઓના કાગળો આવ્યા હતા. અમારો કાર્યક્રમ પહેલેથી જ નક્કી થયેલો હોવાથી દિવેદવામાં એક દિવસ ગાળવાનું પણ અશકય હતું. અમે એમને એટલું જ કહ્યું કે હવાઈ જહાજને મથકે જે પાંચ-દસ મિનિટ મળી શકે તેટલામાં સ્વદેશના ભાઈઓને મળવાનો આનંદ મેળવીશું.

ત્રીજી ઑગસ્ટે અમે એડિસઅબાબા છોડ્યું. પણ એ રાજધાનીની દાનત અમને સહેજે જવા દેવાની ન હતી. સવારે વહેલાં ઊઠી, નાસ્તો વગેરે કરીને નીકળ્યાં. સરદાર સાહેબની તબિયત સારી ન હતી. એમને મથક સુધી ન આવવા મેં ઘણું કહ્યું પણ તેઓ શાના માને? મથક ઉપર બધા સાથે આનંદથી વાતો કરી. ભાઈ રતિલાલ શેઠે અહીંની યાદગીરી તરીકે એક લાકડી મને આપી. અહીંના ખુશબૂદાર યુકેલિપ્ટસની જ એ પાતળી લાકડી અને એની હાથીદાંતની મૂઠ. બિલકુલ સાદી લાકડી પણ રૂપાળી હતી અને હેતની ખુશબૂ ધારણ કરતી હતી.

અમારું હવાઈ જહાજ ઊપડ્યું. એ કાંઈ મુસાફરો માટેનું આરામની બેઠકોવાળું જહાજ ન હતું. ભારબ્બાનું પણ ન કહેવાય. એક બાજુ પર કોથળાઓ અને જાતજાતનો માલ બંડકેલો હતો અને મોટાં મોટાં રાંઢવાંથી બાંધી રાખેલો હતો અને સામી બાજુ, પતરાના બાંકડા ઉપર અમે ચૌદ મુસાફરો બેઠા હતા. મેલગાડીમાં બેસવાને ટેવાયેલા લોકોને માલગાડીના ડબ્બામાં કોઈ બંડકી મૂકે ત્યારે એમના ચહેરા જેવા દેખાય તેવા અમારા થયા હતા! અમે ઊપડ્યાં અને અમારા મેજબાનો પોતપોતાને ઘેર ગયા. અમારું જહાજ પચીસેક મિનિટ ચાલીને નીચે ઊતર્યું. રસ્તામાં ખૂબ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદળાં હોવાથી કમા વાદળા ઉપર સૂર્યપ્રકાશ વધારે છે એટલું જ જોઈ શકાતું હતું. સૂર્યપ્રકાશની દિશા બદલાઈ ત્યારે મને જરા અડવું અડવું લાગ્યું પણ મારું ધ્યાન એ તરફ ન હતું. દિરેદવા આટલું જલદી આવે એમ હતું નહીં. હું ચિંતામાં પડ્યો કે વચમાં કોઈ નાનકડું સ્ટેશન છે કે શું. વિમાન થોભ્યું અને પગથિયાં ઊતરીને બહાર જોઉં છું તો સામે એડિસઅબાબા !! જાગતા છીએ કે સ્વપ્નામાં છીએ ? આ થયું શું ! . . .

એટલામાં વિમાનવાળાઓએ કહ્યું કે, "અમે પચાસેક માઈલ ગયા એટલામાં અમારું એંજિન જરા અવાજ કરવા લાગ્યું. અમને વિશ્વાસ ન રહ્યો કે આ જહાજ દિરેદવા સુધી સલામત જશે. એડન સુધી પહોંચવાની તો હિંમત જ કેમ કરાય ? એટલે આગળ સો માઈલ જવાને બદલે પાછળ પચાસ માઈલ જવું એ જ ડહાપણભરેલું છે એમ નક્કી કરી અમે ગોળ ચક્કર લઈ પાછાં ફર્યાં. મુસાફરોને જોખમમાં કેમ મુકાય ? પચીસ મિનિટની સહેલ કરીને અમે હતાં ત્યાં ને ત્યાં જ આવી પહોંચ્યાં ! કંપનીએ બીજું હવાઈ જહાજ આણ્યું અને એમાં બધો માલ ફેરવીને ગોઠવ્યો અને અમે બીજી વાર ઊપડ્યાં. એ જહાજ પણ કેવું ? તમે કહો એટલું જમીન ઉપર દોડવા તૈયાર હતું, મથકના મેદાનમાં એણે બે આંટા માર્યા પણ ઊડવાનું નામ જ લે નહીં ! વિમાનીઓએ એની ઘણી ખુશામત કરી પણ એ માને જ નહીં. અમે ફરી નીચે ઊતર્યાં. કંપનીવાળાઓએ અમને કહ્યું કે 'હવે તમે જરા નિરાંતે નાસ્તો કરો, એના પૈસા અમારી કંપની આપશે.' સિલકમાં હવે એક જ વિમાન હતું. એને બરાબર તપાસી, સાજું છે એની ખાતરી કરી લઈ આવ્યા. માલના ઢગલા એમાં ગોઠવાયા અને પછી અમે પણ ત્રીજી વાર સવાર થયાં. વિશ્વાસ બેસતો ન હતો કે આ જહાજ ઊપડશે. પણ બરાબર સાડા નવ વાગ્યે આ જહાજ ઊપડ્યું અને કશી આનાકાની કર્યા વગર દોઢ કલાકની અંદર દિરેદવા પહોંચ્યું.

ત્યાંના લોકોએ મથકનો એક હૉલ ગાલીચા, ઝંડા વગેરેથી ખૂબ શણગાર્યો હતો. મથક ગામથી ઠીક ઠીક દૂર હતું. ત્યાંથી આ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુઓ આણવી સહેલી ન હતી. દિરેદવાના બધા જ હિંદીઓ ભેગા થયા હતા. અને બે કલાકથી અમારી રાહ જોતા બેઠા હતા. ઈશ્વરે ખાવા માટે અને બોલવા માટે એક જ ઇન્દ્રિય આપણને આપી છે એની અગવડ અહીં સ્પષ્ટ દેખાતી હતી. લોકોનો ઘણો આગ્રહ કે અમે કાંઈક ખાઈએ. અને ચાર શબ્દ બોલીએ એને માટે પણ તેઓ ઇંતેજાર. સારું થયું કે અમે મુખ્ય મહેમાનો બે હતાં. સરોજિની પાસે ખાવાનો કે બોલવાનો એકકે ઉત્સાહ ન મળે! અમે શ્રમવિભાગ કર્યો. કમલનયને નગરવાસીઓની મહેમાનગીરીનો સ્વીકાર કર્યો અને મેં એમના કાન ભરી દીધા.

દિરેદવાથી એકાદ કલાક આગળ ઊડ્યાં અને જીબુટી પહોંચ્યાં. આફ્રિકાનો આ છેડો કહેવાય. વિમાનમાંથી ઊતરતાંવેંત એક મોટરમાં બેસી એકાદ ફર્લાંગ ગયાં. ત્યાંના લોકો આગળ પણ મેં દસેક મિનિટનું ગુજરાતી ભાષણ કર્યું. લોકોએ કહ્યું કે, "અહીંના મુસલમાનો અમારી સાથે ભળતા નથી. પાકિસ્તાની મનોવૃત્તિ ધરાવે છે." મેં એમને આપણી વૃત્તિ કેવી હોવી જોઈએ તે સમજાવ્યું. મેં જોયું છે કે ગમે ત્યાંના હો, ગુજરાતીઓ ગાંધીજીની દૃષ્ટિ સહેજે સમજી જાય છે અને યથાશક્તિ એનો અમલ પણ કરે છે.

જીબુટીથી ઊપડ્યાં અને મારી ઉત્કંઠા ખૂબ જ ઊંચે ચડી કેમ કે એડનનો અખ્યાત ઓળંગતાં અમે એવે ઠેકાણે પહોંચ્યાં કે જ્યાંથી એક બાજુ આફ્રિકાખંડની ભૂમિ દેખાતી હતી અને બીજી બાજુ એશિયાની. અને નીચે નાના નાના બેટોથી શણગારેલું લીલું પાણી! હવાઈ જહાજની શોધ ન થઈ હોત તો આવું વિરાટ-ભવ્ય કાવ્ય નજરે જોવાનું મને કયાંથી મળત! મેં મનમાં પ્રાર્થના શરૂ કરી કે ભગવાન! બે ખંડનું એક સામટું દર્શન કરવા જેટલી ઊંચાઈએ હું પહોંચ્યો છું. બન્ને ખંડની પક્ષપાત રહિત સેવા કરવાની વૃત્તિ અને શક્તિ મને આપજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રની શોભા જોતાં જોતાં અમે આગળ ચાલ્યાં. આફ્રિકાએ — અઢી મહિનાથી પરિચિત એવા આફ્રિકાએ — અમારી વિદાય લીધી અને અમે એશિયાનાં મહેમાન બન્યાં.

આપણે મન બે ખંડ એટલે બે અલગ દુનિયા. પણ બે ખંડ જ્યાં પાસે આવે છે ત્યાં રહેનાર લોકોને માટે એ બે નામો સાંભળીને ભારે અંતર કે ફરક જેવું લાગતું નથી. જીબુટીના લોકો અને એડનના લોકો એટલા નજીક છે, એમનું જીવન એટલું બધું ઓતપ્રોત છે કે અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં આવતાં આપણે કાંઈ ભારે ખંડાંતર કર્યું છે એવું એમને લાગતું જ નથી. અને માણસનું જીવન રાજદ્વારી સંગઠનથી વિભક્ત ન હોત તો આજે જે સહેજ અંતરાય છે, કોર્ટોનો, કેળવણીની સંસ્થાનો અને કાયદાનો, તે પણ નહીં રહેત. આ વિચાર આવ્યો અને મારું મન જે ખંડાંતર કર્યાની કલ્પનાથી ઊંચે ઊડ્યું હતું તે પણ માનવતાની ભૂમિકા પર નીચે ઊતર્યું. એડનને માથે આવતાં, નીચે મીઠું પકવવાના મીઠાગર દેખાવા લાગ્યા. એડનના વનસ્પતિહીન પહાડો, એમની વચ્ચે આવેલો મોટો દ્રોણ અને અરબસ્તાન સાથે એડનને જોડી દેતી રેતાળ સંયોગીભૂમિ — એ બધું જોતાં જોતાં અઢી વાગ્યે અમે અરબસ્તાનની જમીનનો સ્પર્શ કરી શકયાં, અને જોતજોતામાં અહીંના ભારતવાસીઓ અમને વીંટળાઈ વળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯

પેગંબર સાહેબના દેશમાં

એડનની ભૂમિ પર પગ મૂકતા પહેલાં મનમાં બેચાર વિચાર આવ્યા. સૌથી પહેલો એ કે આપણું કેટલું ભાગ્ય કે જે ભૂમિ પર મહમ્મદ પેગંબરે દીન અને ઈમાનનો પ્રચાર કર્યો તે ભૂમિ પર પગ મૂકવાનાં છીએ. બીજો વિચાર આવ્યો કે એડનની ભૂમિ અરબસ્તાનના ખંડ સાથે પહેલેથી જોડાઈ હતી કે બન્ને બાજુના સમુદ્રનાં મોજાંઓએ રેતી ફેંકવાની રમત રમતાં આ સંયોગભૂમિ તૈયાર કરી? એડનના દ્રોણો જોતાં એમ જ લાગે છે કે મૂળે આ બેટ આફ્રિકાનો ભાગ હશે. આફ્રિકાની ભૂમિમાં પ્રાગ્‌ઐતિહાસિક કાળમાં જે બે ફાટ પડી એનો જ એક છેડો લાલ સમુદ્ર થઈને જૉર્ડન નદી સુધી પહોંચ્યો હશે. અને ત્રીજો વિચાર એ આવ્યો કે રાજકીય દૃષ્ટિએ એડનની ભૂમિ એક વખતે આપણા મુંબઈ ઇલાકાનો જ એક ભાગ હતી. તે દિવસોમાં હું કહી શકત કે હું સ્વદેશની ભૂમિ ઉપર જ પગ મૂકું છું. અમેરિકા અને યુરોપની મુસાફરી પૂરી કરી, સ્વામી વિવેકાનંદ જ્યારે સ્વદેશ પાછા ફરતા હતા, ત્યારે એડનમાં આવતાંવેંત સ્વદેશની ભાષા હિંદુસ્તાનીમાં બોલવાનો લહાવો મેળવવા માટે એક પાનવાળાની દુકાન આગળ બેસી ગયા હતા અને પાન ખાતાં ખાતાં એમણે પોતાના યુરોપિયન શિષ્યોને કહ્યું હતું કે, આટલા દિવસ પછી સ્વદેશના માણસ જોડે વાતો કરતાં અનેરો આનંદ આવે છે.

વિમાનમાંથી બહાર આવતાંવેંત શ્રી સબનીસ, જોશી, ભટ વગેરે સ્વકીય લોકો મળ્યા. હિંદુસ્તાન સરકાર વતી અહીં રહેલા આપણા કમિશનર શ્રી થડાણી, એમનાં પત્ની સાવિત્રી અને દીકરી શીલા બધાં મળ્યાં. વિમાનમાંથી સામાનનો કબજો લેવો, કસ્ટમવાળાઓની તપાસમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસાર થવું વગેરે બધી કડાકૂટમાંથી અમે આબાદ બચી ગયાં. મિત્રોએ એ બધું કામ પોતાને માથે લીધું.

અહીંના ઇન્ડિયન એસોસિયેશનના પ્રેસિડેન્ટ શ્રી દિનશા એડનવાલા અહીંના જૂના વતની છે. ચિ. સરોજ અઢાર વર્ષ પહેલાં જ્યારે પિતા સાથે યુરોપ ગઈ હતી ત્યારે આ જ ભાઈના પિતાએ એમનું સ્વાગત કર્યું હતું. એમણે જાણે સરોજનો કબજો જ લીધો !

અરબી સમુદ્ર અહીંથી શરૂ થતો હોવાથી એને પોતાના બધા રંગો અહીં ખીલવી બતાવવાનો ખાસ શોખ હોય એમ લાગતું હતું. નવી અથવા પ્રતિષ્ઠિત વસ્તી સમુદ્રને કિનારે પથરાયેલી છે. જ્યારે જૂની, સામાન્ય લોકોની 'નેટિવ' વસ્તી દ્વીપની અંદર, ગીચ ઘરોમાં ગોઠવાઈ છે. એ આખો ભાગ અહીં ક્રેટર તરીકે જ ઓળખાય છે. અમારો મુકામ અહીંની સારામાં સારી સમુદ્રકિનારાની ક્રેસેન્ટ હોટેલમાં અમારે રાખવો પડ્યો. આટલા બધા આતિથ્યશીલ સ્વદેશી લોકો હોવા છતાં ફક્ત પ્રતિષ્ઠા જાળવવાની દૃષ્ટિએ અમને હોટેલમાં ધકેલ્યાં એ મને ગમ્યું નહીં. પણ આપણા કમિશનર એ જ હોટેલમાં રહેતા હોવાથી એમની સૂચનાને વશ થવું શહેરીઓ માટે અપરિહાર્ય હતું.

એડનમાં અમારે છવ્વીસ કલાક જ ગાળવા હતા. નાહીને તૈયાર થઈએ એટલામાં થડાણીને ત્યાં ચાની વ્યવસ્થા તૈયાર થઈ. ચુનંદા આરબ અને હિંદી — હિંદુ, મુસલમાન, પારસી, અને ખ્રિસ્તી આગેવાનો ભેગા થયા હતા.

જાહેર સભા માટે અમે તૈયાર હઈશું કે કેમ એ વિષે શંકા હોવા છતાં અહીંના લોકોએ સભાની જાહેરાત કરી જ હતી.

દ્વીપના એક ખૂણામાં ઇંગલાજ દેવીનું મંદિર છે. એ મંદિર આગળ મોટી સભા ભેગી થઈ હતી. લોકોની સંખ્યા જોઈને હું તો દંગ જ થયો. ઘણાંખરાં ગુજરાતી ભાઈબહેનો જ હતાં. થોડાક આરબો અને ખીજા. મેં ગુજરાતીમાં અને અંગ્રેજીમાં એમ બે કટકે ભાષણ કર્યું અને હિંદીમાં બોલવાની જવાબદારી કમલનયન પર છોડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું કે, "એડન આવવાનું અણધાર્યું, અનાયાસે થયું છે પણ પેગંબરની ભૂમિ પર પગ મૂકતાં ધન્યતા અનુભવું છું. આજકાલ દેશ દેશ વચ્ચે અવિશ્વાસ વધ્યો છે. અને લોકો સ્વ–પર–ભાવ પ્રયત્ન-પૂર્વક કેળવે છે. હિંદુસ્તાનનો સ્વભાવ એથી જુદો છે. અમે અરબસ્તાન-માંથી આવેલા ઇસ્લામને વધાવી લીધો. હિંદુસ્તાનમાં જે ઇસ્લામ ખીલ્યો છે તે બીજા ધર્મો સાથે દોસ્તીની ભાવના સેવે છે. અમારી સ્વરાજ માટેની લડત જ્યારે પૂરજોસમાં ચાલતી હતી, તેવે વખતે અરબસ્તાનથી આવેલા એક વિદ્વાન મુસલમાનને અમે અમારી કોંગ્રેસના અધ્યક્ષ સ્થાને સ્થાપ્યા હતા. આજે અમારા દેશનું કેળવણી ખાતું અમે એમના હાથમાં સોંપ્યું છે. અરબસ્તાન સાથે અમારી હંમેશ દોસ્તી રહે અને વધતી જાય એમ અમે ઇચ્છીએ છીએ. અહીં રહેનારા હિંદીઓને મહાત્માજીનો સંદેશો છે કે તેમણે અહીંના લોકો સાથે એવી રીતે ભળી જવું કે જાણે દૂધમાં સાકર."

સભા પછી રાત્રે સબનીસને ત્યાં અમે જમ્યાં. એમને ત્યાં ખૂબ ખૂબ વાતો થઈ. ભૂગોળની શોખીન મારી આંખ એમની દીવાલ પરના એક નકશા ઉપર પડી. અરબી સમુદ્રનો એ નકશો હતો. એક છેડે આફ્રિકાનું શિંગડું અને બીજે છેડે હિંદુસ્તાન. ઉપરની બાજુએ વિશાળ અરબસ્તાન અને વચમાં બધો પશ્ચિમ મહાસાગર. એવો સુંદર નકશો જોઈને મારી મતિ બગડી. આજે એ નકશો મારી ઓરડીમાં, દીવાલ પર રહીને, એડનમાં ગાળેલા એક દિવસની અનંદદાયી ઘડીઓનું સ્મરણ કરાવે છે.

ક્રેસેન્ટ હોટેલમાં અમે ફક્ત એક રાત જ ગાળી અને બે વાર નાહ્યાં. જમવાનું તો મિત્રોને ત્યાં જ હતું. અને છતાં રહેવા માટેના ૨૫ રૂપિયા આપવા પડ્યા. સવારે શ્રી જોશીને ત્યાં નાસ્તો કર્યો. એમનું ઘર સમુદ્રની બિલકુલ કિનારી ઉપર જાણે લટકતું હતું. મહારાષ્ટ્રીઓ સાથે ખાવામાં વાનીઓની વિવિધતા તો હોય જ છે પણ જોતજોતામાં બધા લોકો એકબીજા સાથે ભળી જઈને વિનોદ મશ્કરી સુધી પહોંચી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારનો આખો વખત એડનનું પરિભ્રમણ કરવાનું હોવાથી અમે એની પૂર્વતૈયારી કરી અને ઊપડ્યાં. મુખ્ય વસ્તી ક્રેટરના દ્રોણમાં જ છે. આ નીચલો ક્રેટર છે. એની આસપાસ જે પહાડી દીવાલ છે એના ઉપર એક બીજો ક્રેટર છે. ક્રેટરમાંથી બહાર નીકળવા માટે એક બાણ અને બે બોગદાં છે. પહાડની બાજુએ જૂના કાળના રાજાઓએ મોટાં મોટાં તળાવ બાંધ્યાં છે. આ પ્રદેશમાં પાણીનો સંગ્રહ કરવો એ જ જીવવાનું એકમાત્ર સાધન છે. તેથી જ આ તળાવોનું મહત્ત્વ છે. અહીંથી દસબાર માઈલ ઉપર શેખ ઉસમાન કરીને એક જગ્યા છે, ત્યાં હાલની સરકારે 'ટયૂબ વેલ'— પાતાળ કૂવા બોદ્યા છે તે પણ અમે જોઈ આવ્યાં. એ બાજુ એક સાદો બગીચો છે. અહીંના ઉજ્જડ પ્રદેશમાં એવા બગીચાની પ્રતિષ્ઠા અને કદર નાનીસૂની નથી.

ક્રેટરમાં દેશી લોકોની જૂની ઢબની વસ્તી અમે જોતાં હતાં ત્યાં વચમાં વચમાં કેટલાંક ઘરો સાવ બળી ગયેલાં અને લૂંટાયેલાં લાગતાં હતાં. મને આશ્ચર્ય થયું. તપાસ કરતાં જણાયું કે થોડા જ વખત પહેલાં અહીંના આરબ લોકોએ યહૂદી લોકો ઉપર ચિડાઈને એમને અહીંથી હાંકી કાઢ્યા. એમનાં ઘરો બાળ્યાં. એ અત્યાચારનો આ અવશેષ છે. હવે એડનમાં યહૂદીઓ રહ્યા નથી. બે ચાર રડ્યાખડ્યા હશે તે જીવ મૂઠીમાં લઈને રહે છે.

હિંદુસ્તાન–પાકિસ્તાનની તાણાતાણીનો ભયાનક અનુભવ હોવાથી આ દૃશ્ય મને આશ્ચર્યકારક ન લાગ્યું. દુઃખ ઘણું થયું. મુસાફરોએ જોવું બધું પણ એને વિષે બનતાં સુધી બોલવું નહીં એ સૂત્રનું પાલન કરવામાં જ શ્રેય હતું.

અમારું બપોરનું ખાણું કેટલાક મિત્રોએ ગોઠવ્યું હતું અને તે પણ પારસીઓની એક અગિયારીના હોલમાં. મેં ધાર્યું ન હતું કે આટલા બધા લોકો ભેગા થશે. ચોવીસ કલાકની અંદર કેટલું બધું અમે જોઈ શકયાં, કેટલા સંસ્કારો મેળવી શકયાં! એડનના લોકજીવનનાં લગભગ બધાં પાસાં સાથે અમારો પરિચય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાન જવા માટે હવે અમે ચાર વાગ્યે ઊપડ્યાં. એરોડ્રોમ પર ઘણા લોકો આવ્યા હતા. ત્યાં સ્થાનિક અરબ લોકો તરફથી એક સંદેશો મળ્યો કે, "કાલના તમારા જાહેર વ્યાખ્યાનની અમને ઘણાખરાને ખબર ન હતી. જે થોડાક અરબો હાજર રહેવા પામ્યા હતા તેમને મોઢે તમારા વ્યાખ્યાનનો સાર સાંભળ્યો. અમને એ ખૂબ જ ગમ્યો. અમે તમારું એક વ્યાખ્યાન ગોઠવવા માગીએ છીએ. આજનો દિવસ રહી જાઓ તો સારું."

રહેવાય એમ હતું જ નહીં. "હિંદુસ્તાનના ખનિયા અમને લૂંટે છે. બ્રિટિશ સરકારે એમની સામે અમારું રક્ષણ કરવું જોઈએ" એ જાતની હિલચાલ કેટલાક અરબો તરફથી ચાલે છે. એવે વખતે આરબ લોકોનું એ આમંત્રણ! રહી શકાત તો અહીંના આરબો સાથે જરૂર પરિચય કેળવત. મેં એટલું જ કહ્યું કે, "ઇજિપ્ત જોવા જવાનો સંકલ્પ છે. તે વખતે એડન એક દિવસ થોભીશ અને તમને ખાસ મળીશ."

અમે ચાર વાગ્યે જમીન છોડી. અમારું હવાઈ જહાજ પ્રકાશ હતો ત્યાં સુધી અરબસ્તાનના દક્ષિણ ભાગ ઉપરથી જતું હતું. નીચેના ભાગમાં ઉજ્જડ ટેકરીઓ જ હતી. ન મળે ઝાડ કે ઘાસ કે માટી. ખડક અને રેતી સિવાય કશું દેખાય જ નહીં. ક્વચિત વખતે, એકાદ ખીણમાં પાણીની લીટી દેખાતી. એને કિનારે થોડીક ઝૂંપડીઓ અને હરિયાળી ટેકરીઓની ભાત ઘણી જ રૂપાળી લાગતી. તડકાની છાયા જેમ જેમ લંબાતી ગઈ, તેમ તેમ એ ભાત વધારે ઉઠાવદાર દેખાવા લાગી.

અમે પશ્ચિમથી પૂર્વ તરફ જતાં હતાં એટલે અમારે અમારાં ઘડિયાળો એકદમ અઢી કલાક આગળ કરવાં પડ્યાં. ઇંગ્લંડમાં એક વાર, પંચાંગ સુધારવા માટે, ત્યાંની સરકારે એક મહિનામાં અગિયાર દિવસનો ભૂસકો માર્યો, (૨જી તારીખ પછી તરત ૧૩મી કરી) ત્યારે અભણ લોકોએ તોફાન મચાવ્યું અને 'અમને અમારા અગિયાર દિવસો પાછા આપો'ના નારા ચલાવ્યા. મારું ઘડિયાળ આગળ દોડાવતી વખતે મને એ પ્રસંગનું સ્મરણ થયું પણ તે સૂર્યાસ્ત પછીના અંધારામાં ડૂબી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારું હવાઈ જહાજ ટાટા કંપનીનું એર ઇન્ડિયા કૉન્સ્ટેલેશનવાળું હતું એટલે કે દુનિયાનાં ઉત્તમમાં ઉત્તમ હવાઈ જહાજમાંનું એક. ઉતારૂઓની ભીડ ન હતી. ટાટા કંપનીના નૈરોબીના એજન્ટની ભલામણથી કૉન્સ્ટેલેશનમાં મારી સૂવાની સગવડ ઘણી સારી કરવામાં આવી હતી. જમીન અને પાણીથી હજારો ફૂટની ઊંચાઈએ, કોઈ ફિરસ્તા કે ગંધર્વની પેઠે, હવામાં અધ્ધર સૂઈ જવું એ અનુભવ અનેરો હતો.

રાત્રે દોઢ વાગ્યે કરાંચી પહોંચ્યાં. હવે એ અમારું જૂનું કરાંચી રહ્યું ન હતું પણ પાકિસ્તાનની રાજધાની હતી. દોઢેક કલાક ત્યાં ગાળી અમે ફરી ઊપડ્યાં અને પાંચમી ઑગસ્ટે (૧૯૫૦) સવારે બરાબર ૫–૨૦ વાગ્યે સ્વરાજ્યનગરી મુંબઈમાં આવી પહોંચ્યાં. ત્રણ મહિનામાં ત્રણ દિવસ ઓછા–એટલો વખત સ્વદેશથી દૂર રહ્યાં. પણ એટલા વખતમાં એટલા બધા અનુભવો અને સંસ્મરણો ભેગાં થયાં હતાં કે જાણે વર્ષો વીતી ગયાં હોય!

મુંબઈ પહોંચતાં ઘણો આનંદ થયો. મારી સાથે હાથીદાંતની આફ્રિકન કારીગરીની ત્રણેક વસ્તુઓ હતી એના ઉપર મારે સેંકડે પંચોતેર ટકા જકાત આપવી પડી. સ્વરાજ સરકારના જ ખજાનામાં એ પૈસા જાય છે એ જાણતો હોવાથી પંચોતેર રૂપિયા આપતાં મને જરાય માઠું ન લાગ્યું.

જિંદગીમાં પહેલી જ વાર પરદેશ જઈ આવ્યો હતો. સ્વતંત્ર હિંદુસ્તાનના સ્વતંત્ર શહેરી તરીકે પૂર્વ આફ્રિકામાં ફરી શકયો હતો. ત્યાંના હિંદવાસીઓની મહેમાનગીરી ચાખી શકયો હતો. ત્યાંના રાજ્યકર્તા અંગ્રેજો સાથે વિચારવિનિમય કરી શકયો હતો. અને ખાસ કરીને આફ્રિકાના વતની આફ્રિકન લોકોના કેટલાક આગેવાનોનો વિશ્વાસ મેળવી શકયો હતો. એ બધા જ ધન્યતાના વિષયો હતા. હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચે સ્નેહ સંબંધ વધારવાની જવાબદારી માથે લઈને સ્વદેશ આવ્યો છું તેથી હિંદુસ્તાનની આઝાદીનું ઊંડાણ વધારે અનુભવતો થયો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળોપયોગી પુસ્તકો

	કિંમત
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦
જીવતા તહેવારો	૨-૦-૦
બાપુની ઝાંખી	૧-૦-૦
લોકમાતા	૧-૪-૦
સ્મરણમાત્રા	૨-૦-૦
હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
સદ્‌બોધશતકમ્	૦-૧૨-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦
બાપુ – મારી મા	૦-૮-૦
અમારાં બા	૧-૮-૦
મધપૂડો	૧-૪-૦
કરંડિયો	૧-૪-૦
પ્રહ્‌લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦
ગ્રામભજન મંડળી	૦-૧૦-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦
સુદામાચરિત	૦-૧૪-૦
આહાર અને પોષણ ભાગ પહેલો	૦-૧૦-૦
આહાર અને પોષણ ભાગ બીજો	૦-૧૨-૦
સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
સીતાહરણ	૧-૦-૦
કાવ્યપરિચય ભાગ ૧	૧-૮-૦
કાવ્યપરિચય ભાગ ૨	૧-૮-૦
હિંદુસ્તાની વ્યાકરણપ્રવેશ	૦-૬-૦
ખિસ્સાકોશ	૧-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar